ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 8 • NOVEMBER : 2018 • PAGES : 60 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક - ૮ • નવેમ્બર ૨૦૧૮ • પાનાં - ૬૦ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

अमणुन्नसमुप्पायं दुक्खमेव विजाणिया।

समुप्पायमजाणंता कहं नायंति संवरं।।

One must know that unhappiness arises from one's own evil deeds. How can those who do not know the cause of unhappiness, determine the ways to prevent it?

जानना चाहिए कि अशुभ कर्म से ही दुःख उत्पन्न होता है। जो दुःख की उत्पत्ति का कारण ही नहीं जानते वह दुःख के निवारण का उपाय कैसे जानेंगे ?

અશુભ કર્મથી દુઃખ ઉત્પન્ન થાય છે એમ જાણવું જોઈએ. જેઓ દુઃખની ઉત્પત્તિનું કારણ જાણતા નથી તેઓ દુઃખના નિવારણનો ઉપાય કેવી રીતે જાણી શકે?

**ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલાવવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મળ્યા પછી મળતાં રહીએ...(તંત્રી સ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | અગિયારમી દિશાની શોધ | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૬ |
| ૩. | ઉપનિષદમાં હૃદયવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૮ |
| ૪. | શ્રી જૈનશાસનમાં દિવંગત શ્રમણીજીઓનું યશસ્વી પ્રદાન | ભારતી દિપક મહેતા | ૧૦ |
| ૫. | વિપશ્યનાની સાધના પદ્ધતિ | તત્વચિંતક વિઠ્ઠલભાઈ પટેલ | ૧૫ |
| ૬. | મહાભારતનાં અલ્પચર્ચિત સ્ત્રીપાત્રો | માલિની શ્રોફ | ૧૮ |
| ૭. | એક હિન્દી ઉપન્યાસનું અવલોકન | આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિ | ૨૩ |
| ૮. | સંલેખના વ્રત (અણસણ) | સુબોધી સતીશ મસાલીયા | ૨૬ |
| ૯. | 'બાપુ કુટીર'નો સંદેશ | શ્રી ઈવાન ઈલિચ – અનુવાદ : વાસુદેવ વોરા | ૨૮ |
| ૧૦. | કલકત્તાનું સુવિખ્યાત શ્રી પાર્શ્વનાથ જૈન મંદિર - દાદાવાડી | જયકાન્ત એસ. ઘેલાણી | ૩૦ |
| ૧૧. | જીવનપંથ : આપણને દર્દ ગમે છે એટલે ડૉક્ટર ગમે છે! | ભદ્રાયુ વછરાજાની | ૩૨ |
| ૧૨. | ગાંધી વાચનયાત્રા : 'મિ. ગાંધી ધ મૅન' નાના પ્રસંગોમાંથી ઊભરતી વિરાટ છબિ | સોનલ પરીખ | ૩૩ |
| ૧૩. | શ્રી ભક્તામર સ્તોત્ર - ગાથા : ૫ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૩૫ |
| ૧૪. | જૈન પરંપરાના પુનરુધ્ધારકો : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૭ |
| ૧૫. | પંથે પંથે પાથેય : પરોપકારથી ભાગીદારી સુધીનો પ્રવાસ : દીપક ફાઉન્ડેશન | | ૩૮ |
| ૧૬. | જ્ઞાન સંવાદ | ડૉ.પાર્વતી નેણશી ખીરાણી | ૪૪ |
| ૧૭. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૪૫ |
| ૧૮. | ઑક્ટોબર અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે | સોનલ પરીખ | ૪૮ |
| ૧૯. | ભાવ - પ્રતિભાવ | | ૫૦ |
| ૨૦. | An Erstwhile but a Eloquent Eponym - "Iconic Shri Virchand Gandhi" | Prachi Dhanvant Shah | ૫૩ |
| ૨૧. | Jainism Through Ages | Kamini Gogri | ૫૪ |
| ૨૨. | Ahimsa Yatra of Chitrabhanuji | Dilip V. Shah | ૫૫ |
| ૨૩. | જો હોય મારો અંતિમ પત્ર તો... | કીર્તિચંદ્ર શાહ | ૬૦ |


આ અંકના મુખપૃષ્ઠ પર મુકાયેલ સરસ્વતી માતાનું પેન્ટીંગ ફાલ્ગુની શાહે દોર્યું છે અને પોતાની પીંછીના રંગોથી ચેતનવંત કર્યું છે. ફાલ્ગુનીબેન પેન્ટર છે ઉપરાંત કવિતા લખે છે. સુંદર પેન્ટીંગ દોરી પોતાના ભાવથી ચિત્રને જીવંત કરે છે, જે મુખપૃષ્ઠ પરના પેન્ટીંગ પરથી અનુભવી શકશે. તેમને અહીં બારીકાઈથી કાર્ય કર્યું છે, તે તેમની કુશળતા દર્શાવે છે આ પેન્ટીંગ પ્રગટ કરવાની તેમને પરવાનગી આપી, એ માટે પ્રબુદ્ધ જીવન તેમનું આભારી છે. સંપર્ક નંબર : ૯૮૯૨૪૫૧૩૫૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • આસો સુદ -નોમ

માનદ્ તંત્રી : સેજલ શાહ

## તંત્રી સ્થાનેથી...

# મળ્યા પછી મળતાં રહીએ...

નવા વર્ષમાં આવનારા મંગળમય સમયની શુભેચ્છા.

પ્રબુદ્ધ વાચકો, આપના વિશાળ હૃદય અને ઉદાર દૃષ્ટિકોણને કારણે આજે અનેક નવી ઊંચાઈઓ સર કરવાની તક પ્રબુદ્ધ જીવનને મળી રહી છે. નવા વિચારો અને સંકલ્પો લેવાની શક્તિ મળે છે. તારીખ સાથે મન અને સંજોગો નથી બદલાતા પણ કેલેન્ડરનું નવું પાનું આવનારા ૩૬૫ દિવસોનો આશાવાદ આપે છે. નવા પંચાંગમાં આવનારા શુભ અને મહત્વના દિવસો જોઈ લેવાનું ગમે છે અને નવી તારીખો સાથે નવા પ્લાન પણ મન ઘડવા માંડે છે.

ઉત્સવો આપણી જિંદગીના સકારાત્મક સમયને પોષે છે, દરેક પોતાની શક્તિ મુજબ દીવા પ્રગટાવે છે, કોઈ બે પ્રગટાવે તો કોઈક સો,મહત્વ સંખ્યાનું નહીં, પ્રકાશનું છે. પ્રભુનો નિર્વાણ દિવસ, ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન અને પછી આવતી જ્ઞાનપંચમી અને આ બધા સાથે આપણા ઘરના દીવાને જોડો, તો પ્રકાશ અને અંધકાર વચ્ચેનો પ્રવાસ આપોઆપ ખૂલી જશે.

એક કલ્પના કરો, એક તરફ ઘરના વડીલો પંચાગ લઈને બેઠા હશે તો બીજી તરફ યુવા વર્ગ મોબાઈલમાં પોતાની તારીખો જોતું હશે. ભલે, એક જ-સમાન, દિવસ પર પહોંચવાનું હોય પરંતુ માર્ગ જુદો છે, અન્તર વર્તાય છે, બે પેઢી અને બે વર્ગ વચ્ચે- વૈચારિક અને સામાજિક અન્તર. આ પરિસ્થિતિ સમાજમાં જોવા મળે ત્યારે વિચારવું પડે, આ અંતર માત્ર 'જોવાની રીતિ' પુરતું જ સીમિત છે કે હવે મૂળ ધ્યેય પણ બદલાઈ રહ્યો છે? એક પેઢી પોતાના વારસદારને માત્ર સંપત્તિ અને પ્રોપર્ટી જ નથી આપતી, પણ સાથે આપતી હોય છે એક સામાજિક ઓળખ અને કોઈ એક જૂથમાં રહેવા માટેનો અધિકાર, જે મનુષ્યના વિકાસ માટે અત્યંત આવશ્યક છે, જેમ જેમ મનુષ્યની આયુ વધે છે, તેમ તેમ તે પોતાને મળેલ જૂથનો સભ્ય-અસભ્ય પોતાની પસંદગી મુજબ રહે છે. અને પોતાના પછીની પેઢીને એ મુજબનો વારસો આપે છે. અત્યારના સમયમાં મોટા ભાગના યુવાનો- પોતાને વારસામાં મળેલા જૂથને બદલે, પોતાની સમાન પસંદગી મુજબના લોકોના સમૂહ સાથે રહે છે, એટલે ધર્મ-સમાજ-સંસ્કૃતિની સમાનતા ત્યાં ન હોય એમ બને. હવે એને કારણે મુશ્કેલી એ થાય છે કે તે પોતાના પરિવેશને સન્માન નથી આપી શકતો, એક તરફ પોતાના વડીલો પાસેથી સંપત્તિ/પ્રોપર્ટીનો વારસો લે છે પણ જીવવાની રીતિમાં 'સ્વતંત્રતા'ને નામે એક એવા જૂથમાં રહે છે, જેને કારણે એ સહજ જ/જાણબહાર જુદી ઓળખમાં અટવાય છે, જે નથી પૂરી એની, અને નથી એ બીજી ઓળખનો થઇ શકતો. ધર્મ-સંસ્કૃતિ-રિવાજો-પરંપરા વગેરે, જે આપણી ઓળખનો એક ભાગ છે, આજે તેને ટકાવવાનો વિચાર કરવો પડે છે, ત્યારે એ આપણા માટે જ શરમની વાત કહેવાય. આપણે આપણી પેઢીને એના પ્રભાવોનો વારસો પૂરતો ન આપી શક્યા. અહીં હું ધાર્મિક જડતાની વાત નથી કરતી પણ જે ઓળખ વારસામાં મળી છે તેને ખંડિત કરી એવી છિન્નભિન્ન કરી નખાઈ છે, કે હજુ આપણે નહીં જાગીએ તો આવનારા સમયમાં માત્ર વૃધ્ધાશ્રમોની જ સંખ્યા નહીં વધે પણ બાળ ઉછેર કેન્દ્ર અને

આ અંકના સૌજન્યદાતા

રૂપ માણેક ભણશાલી ચેરિટેબલ ટ્રસ્ટ

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનેડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જૂની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

સામાજિક સંબંધ-હૂંફ કેન્દ્રો પણ ખોલવા પડશે.

ભૌતિકતાની સમૃધ્ધિમાં એવા તો ખોવાઈ ગયા કે એના તોરમાં, એનો નશો જ વારસામાં આપ્યો અને સાથે આપી, એવી સમજ કે **ભૌતિકતા જ સમગ્ર છે**, એટલે એક આખો પ્રજાનો સમૂહ, એ શીખને આધારે માત્રને માત્ર તેને મેળવવાના ધખારામાં પડી ગયા.લાગણી, સંવેદના, ભાવ એ સાધનો દ્વારા પૂરા પડાય છે. કરુણતા એ છે કે ભૌતિકતાના માપદંડો આજે મનુષ્યની સફળતા નક્કી કરે છે ! હવે આપણે જયારે આ વાત કરીએ છીએ ત્યારે બીજો એક એ પણ પ્રશ્ન સામે આવે છે કે સુખ માટે તો આ બધું જરૂરી છે, તો પછી એનો વિરોધ કેમ ? ગરમ હોલમાં પ્રવચન સાંભળવાને બદલે ઠંડા હોલમાં એ સાંભળવાની વધુ મઝા આવે. એવે સમયે શરીરની સગવડને નજરઅંદાજ નથી કરી શકાતી. શરીરને શાતા આપવા આ સાધનો જરૂરી અને ઉપયોગી લાગે છે. મુદ્દો એ છે કે ઉપયોગીતા મેળવવા માટે, અનુકુળતા મેળવવા માટે આ બાબત આપણા પર હાવી ન બનવી જોઈએ. સગવડ આપણને કાબૂમાં ન રાખી શકે, હું સગવડની આદતનો શિકાર ન બનું, પણ એ મારી મરજી મુજબ ઉપયોગમાં લેવાય. સગવડ વાપરવાની હોય, સગવડ આપણને વાપરી ન શકે- બસ, એ જ જરૂરી.

મળવાનું સુખ અને ન મળવાનું દુઃખ , એ રાજ કરે ત્યારે સમજવું કે પગ લપસી ગયો છે. હવે, આપણે આપણું જીવન નથી જીવતા, કોઈ બીજું આપણી પાસે જીવડાવી રહ્યું છે, બસ, આટલી જ વાત છે, સમજણ સાથેની જાગૃતિ અને સમજણ સાથેની સમૃધ્ધિ મનુષ્યને- મનુષ્ય બનાવી રાખે છે. એ માટે સતત જીવનના બધા જ પગલે માત્ર અને માત્ર સજાગતા અને આંતર-સ્થિતિ પર પોતાનું નિયંત્રણ જરૂરી છે. મારા શ્વાસ એ મારી જાણ બહાર જો શ્વાસ લે, તો મારી સચેતન અવસ્થા નબળી ન કહેવાય ?

***

ખેર, મૂળ વાત તો પછીની પેઢીના ટકી રહેનાર સંસ્કાર/ સંસ્કૃતિ/ધર્મ અંગેની હતી. પ્રબુદ્ધ વાચક પોતે જ જોઈ શકશે કે આજના સંતાનો આસ્થા કે શ્રધ્ધા ધરાવતાં નથી. કદાચ ક્યાંક કશુક ખૂટી રહ્યું છે, આજથી અમુક વર્ષો પછી ધર્મનું સ્વરૂપ જુદું હશે અને હશે તો કેવું હશે ? આ સંદર્ભે જૈન આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કર્યું હતું, જેનો મૂળ વિષય હતો જૈનીઝમની આવતીકાલની કલ્પના અને આવનારા સમયના જે પડકારો વર્તાય છે, તેની કાળજી કઈ રીતે લેવી ? અથવા ભવિષ્યના પડકારોને કઈ રીતે નિવારી શકાય વગેરે. આવા એક દિવસના સંકલ્પો કામે નથી જ લાગતા, પણ મહત્વનું એ છે કે એ દિશામાં વિચારતા થવું, એ દિશા ભણીની બારી ખોલવી. જો બારી ખુલે તો પ્રજા એ તરફ જોતી થાય. હજારોના સમૂહમાંથી કોઈ એક જ વ્યક્તિ કદાચ એ તરફ વિચારશે, પણ એ જરૂરી છે, કારણ જો એકને વિચાર આવશે તો અનેકના મનમાં એની વહેંચણી અને વિસ્તાર થશે. પરિસંવાદમાં જે મુખ્ય બાબત હતી તે વિવિધતાને એક જ સાથે આણીને, ઐક્ય જાળવીને આવનારા પડકારો વિષે વિચારવું.

હવે મહત્વની બાબત એ છે કે આપણી સમક્ષ પડકારો કયા છે ?

સૌથી મોટો પ્રશ્ન ધર્મ અને તત્વ વચ્ચે જે ભેદરેખા આવી ગઈ છે તે છે, બંને એકબીજાથી ભિન્ન નથી. ક્રિયાનો તર્ક અને અર્થ સાથે જોડાણ હોવું જરૂરી છે, કારણ જો એમ નહીં થાય તો શ્રધ્ધાના મોજા ઓસરી જતાં, ક્રિયાથી અંતર કેળવાશે અને પછી જોડાઈ રહેવા માટે ત્યારે મગજ સવાલ પૂછશે તો કોઈ ઉત્તર નહીં હોય અને કારણ પણ નહીં હોય.

કારણ વગરના/તર્ક વગરના એ આકર્ષણ છૂટી જશે. તર્ક સાથે ગળે ઊતરેલી બાબતનું આયુષ્ય લાંબુ હોય છે. હવે બીજો પ્રશ્ન લિપી જ્ઞાનનો છે અને એની જ સાથે જે અમૂલ્ય સાહિત્યનો ભંડાર છે, જ્યાં સુધી આ અમૂલ્ય સાહિત્યની કિમત નહીં સમજાય ત્યાં સુધી તેને જાળવી લેવા માટેની તરસ નહીં જાગે. આ સાહિત્ય અને હસ્તપ્રતો બહુ જ કાળજીથી આટલા વર્ષો જળવાઈ છે, જેનું સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય મૂલ્ય છે, અને એ હવે સમજવાની આવશ્યકતા છે. આ હસ્તપ્રતોને ઊકેલવી અન અને ડીજીટલ રૂપમાં મૂકીને સાચવવાની આવશ્યકતા છે. સરકાર આ તરફ મદદ ત્યારે જ કરી શકે જયારે કામ કરનાર વ્યક્તિ પાસે એ કાર્યનું મૂલ્ય સમજવાની અને સમજાવવાની તાકાત હોય. ફરી એકવાર તર્કબુધ્ધિ અને તેની આવશ્યકતા અહીં કામ લાગશે. કોઈ પણ કાર્ય માત્ર ભાવાવેશથી કરીને મૂકી દઈએ ત્યારે તેના લાંબા અને સજ્જડ આધારો મળતાં નથી. તે કાર્યનું આંતરિક મૂલ્યને સમજ્યાં પછી એ કાર્યનું મૂલ્ય માત્ર નથી વધતું પણ એમાં કરનારનું મૂલ્ય વધે છે અને કાર્યની ગરિમાપણ.

***

જીવવા માટે પ્રવાસ કરવો સતત આવશ્યક છે, આ પ્રવાસ કોઈ મંજિલ પર લઇ જવા આવશ્યક હોય એ જરૂરી નથી. કઈ કેટલાયે પ્રવાસ ચાલતાં હોય છે-આપણી અંદર અને બહાર. મોટાભાગના પ્રવાસનો હેતુ પ્રાપ્તિ જ હોય છે ?પ્રાપ્તિ જો હોય તો એક, પછી બે અને પછી ત્રણ, સંખ્યા વધ્યા જ કરે, પૂર્ણવિરામ વગર, કારણ પૂર્ણવિરામ મૂકવાની સમજ જ નથી કેળવાઈ, માત્ર વધતાં ક્રમ શીખ્યા પણ વધતી ઘનતા કે પરિપ્રેક્ષ્ય ક્યાં જોયો ?આ ભૂખ વસ્તુની હોય છે, એ જેમ મળતું જાય તેમ સમાજમાં પ્રાપ્તિ મળે, લોકપ્રિય થવાય, બે-ચાર લોકો માનથી બોલાવે. અને સમાજમાં થોડું નામ પણ થાય, પછી એ ગળચટ્ટ નામ જીભે ચડે, ખુબ ગમે અને આદતનું શું કહેવું, લાગતાં વાર ક્યાં લાગે ? જે ન લાગવી જોઈએ તેવી આદતો સહેજે શરીરે વીંટળાઈ જતી હોય છે. શરીરને પણ કોઈ એક આદત મળી જાય પછી તેને રવાડે, એવું ચડે કે ભાન પણ ન રહે કે સાચું શું અને ખોટું શું ?

ઘરમાં કેટલાક લોકો એવા હોય જેને ખૂણામાં જ ગમે, તો કેટલાક લોકો એવા હોય જે કેન્દ્રમાં રહે. હવે ઘરની દીવાલોને પણ એવી આદત પડી જાય કે અમુક જગ્યાએ અમુક જ વ્યક્તિને જુએ. પણ દિવાલ તો નિર્જીવ છે તેને આવી આદત પોષવાનું પરવડે પણ જયારે મનુષ્ય આદત પોષે ત્યારે તેનું પરાવર્તન પણ નિર્જીવમાં થવા માંડે. સચેતન જીવને નિર્જીવ કરે એવી આદતોને આપણે પોષીને શું કરવાની ?

છેવટે આપણે, આપણાથી આ આદતોને મુક્ત કરાવવાની છે, આદતો આપણને ચડી બેસે તે પહેલાં આદતો પર મનુષ્ય સવાર થવો જોઈએ. પણ પોતાના ભ્રમિત વિસ્તારમાં મગ્ન મનુષ્ય આ આદતને પોતાનો અહંકાર કે પ્રતિષ્ઠાનું પ્રતિક બનાવી દે છે અને તે આદતને પોતાનું સર્વસ્વ સમજીને ચાલે છે. કેવું છે ને ? જેને અસત્ય માનવું જોઈએ, તેમાં જ પોતાનું સર્વસ્વ સમજીને બેસે છે તો બીજી તરફ જ્યાં સત્યનો તેજપુંજ છે ત્યાં જોવાનું વિસરી જાય છે અથવા તેને એ બાબત અવગણે છે.

થોડા દિવસો પહેલાં પૂ. ડો. તરુલતાજી મહાસતીજીને મળવાનું થયું. તેમને મારી રુચિને સમજીને મને કહ્યું કે ઊંડા અંધારેથી પ્રભુ પરમતેજે તું લઈ જા..એ પ્રાર્થના પર લખવું જોઈએ, વિચારીને લખજો. પહેલાં એમની વાતનો સંદર્ભ સામાન્ય સમજીને મેં સ્વીકારી લીધો પણ પછી એ પ્રાર્થના વાંચતાં મારું જે રીતે ખૂલવા માંડ્યું, ખુબ આનંદ થયો. પોતાના આત્મામાં માત્ર રમમાણ રહેનાર આ મહાસતીજી પાસે બીજાને તૈયાર કરવાની જુદી જ દ્દષ્ટિ છે. એક તરફ પોતે વધુને વધુ આંતર તરફ વળી રહ્યા છે તો બીજી તરફ પોતાના શિષ્યોને ભણાવવા પણ એટલા જ તત્પર છે. બાહ્ય જ્ઞાનથી, આંતર જ્ઞાન તરફની તેમની કેડી ગમી ગઈ. એમના વિષે વધુ વાત ફરી ક્યારેક. પણ નિવૃત્તિના ભિન્ન અર્થો આ સાધુ-સંતોના વાત્સલ્યમાંથી પ્રાપ્ત થાય છે. આ નિવૃત્તિનો અર્થ કાર્યમાંથી છુટકારો એ નથી પણ યોગ્ય કાર્ય પસંદગી, એની રીતિ, એ તરફનો દ્દષ્ટિકોણ અને એની તત્પરતા અને બીજું ઘણું...

નિયોન લાઈટના તેજથી મારી આંખો ઝંખવાઈ ગઈ છે ત્યારે મને જે દોરે છે અને મને જે દેખાય છે તે કોની દ્દષ્ટિનો પ્રભાવ છે, મળ્યા પછી મળતાં રહીએ એનો જ વળી.

***

ઊઠતી બજારે હાટ હવે કેટલો વખત
આ ત્રાજવું ને બાટ હવે કેટલો વખત.

પગની અધૂરી ઠેસ મૂકી ઠેઠ જઈ ચડ્યા,
અમથી કિચૂડશે ખાટ હવે કેટલો વખત.

ઊડતા દૂલીચા જેવી મિજાજી મઝર હો
જીવતરનો રઝળપાટ હવે કેટલો વખત.

રણ છે તો ક્યાંક નિશ્ચે હશે ગુપ્ત સરસતી,
મૃગજળનો ઘૂઘવાટ હવે કેટલો વખત

છે ખિન્ન સૂત્રધાર અને આંગળીયો છિન્ન છે
પૂતળીનો થનગનાટ હવે કેટલો વખત

પંખી શીખી ગયું છે હવે ઈંડામાં ઉડ્ડયન,
આકાશ પણ અફાટ હવે કેટલો વખત

અંદરથી કોક બોલે સતત : ચેત મછંદર
રહેવાનાં રાજપાટ હવે કેટલો વખત.

પિંજર, ખૂલી જા : ભાષા તું મ્હાલ મોકળે
શૂકપાઠ કડકડાટ હવે કેટલો વખત

**મકરન્દ દવે**

ઘણીવાર તેઓ પૂછે છે કે સેજલ, હવે તો તમે સાહિત્ય સર્જનથી દુર થઇ ગયા છો, પણ સાચું પૂછો તો સાહિત્ય-અધ્યાત્મ-જીવન એ કોઈ જુદાં જુદાં પેકેટ નથી, જેને અલગ અલગ કરી શકાય,એ બધું એકબીજામાં ગળતું રહ્યું છે, સતત, એકબીજામાં ભળતું રહ્યું છે, મનને મૂંઝવનાર અલગ અલગ પ્રશ્નોની દવા છે, પ્રકાશનો પુંજ જયારે મારી ભણી આવે છે, ત્યારે મને જે કોઈ એ ઝીલવામાં મદદ કરે છે, તેને હું એ નથી પૂછતી કે તમારું કુળ અને મૂળ શું છે, જે વાત મને એક ગુરૂ સમજાવે છે, જે વાત મને એક કૃતિ સમજાવે છે, જે વાત મહાસતીજી માથે હાથ મુકે છે અને જે કઈ અનુભવ થાય છે, તે બધું જ એકાકાર થાય છે, મારા સમગ્ર પ્રદેશમાં. મારો આ પ્રદેશ એક તરફ બાહ્ય આલંબનને જે રીતે ઝીલે છે તેમ જ આંતર ઉથલપાથલ પણ એને ગ્રહે છે.

પ્રબુદ્ધ વાચકો, આપની સાથેનો મારો આ અવિરત પ્રવાસ સતત ચાલ્યા કરે છે, હું એ નથી જે થોડા વર્ષો પહેલાં હતી અને તમે પણ એ નથી જ. પણ આજે પણ આપણે એ પરિચયની ડાળને પકડીને ચાલી રહ્યા છીએ. આપણી વચ્ચે એક સમાન સેતુ છે, જે આપણી સમજે વિકસાવ્યો છે. એને કારણે આપણે એકબીજાની વાતને સમજી શકીએ છીએ અને જયારે મળીએ ત્યારે એને આધારે આ સંબંધ આગળ વધારીએ છીએ. આપણે એકબીજાના ચહેરાથી પરિચિત નથી, છતાં મળીએ છીએ, ત્યારે અજાણ્યું નથી લાગતું. શબ્દની અપ્રિતમ શક્તિનું જોડાણ છે આ. આ બધું જ ક્ષણિક અને પરિસ્થિતિવશ છે, અને છતાં તત્કાલીન સમયને આગળ વધારવા મદદરૂપ છે. કેવી સમજ છે, કે જે ક્ષણિક છે તેમાંથી જ આપણે નિરંતરની શોધ કરીએ છીએ. અને જે નિરંતર મળશે એમ માની ચાલીએ છીએ , એ નિરંતર છે કે નહીં , એ એક બીજો પ્રશ્ન છે. પરંતુ જો આ ભ્રમણા ન હોત તો જીવી કઈ રીતે શકાત. દરેક આવા સત્યો/વાસ્તવિકતા પહેલાં થોડા આવા ભ્રમિત પ્રદેશો આવશ્યક ખરાં !! મને બંને પ્રદેશો મળતાં રહે અને સતત મળતાં રહે , એ જ ઈચ્છા છે !

❑ **ડૉ. સેજલ શાહ**
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

'યોં કથિ કહૈ કબીર' – (૧)

# અગિયારમી દિશાની શોધ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

'**ક**બીર' શબ્દનો અર્થ છે 'મહાન', પરંતુ સંત કબીરના (ઈ. સ. ૧૪૪૦થી ૧૫૧૮) ગહન તત્ત્વજ્ઞાનના બોધને પૂર્ણ રૂપે સમજવાનું અને પામવાનું આટલા સૈકા પછી પણ હજી બાકી છે. સંત કબીરને સદ્ગુરુના મહિમા કે અંધશ્રદ્ધાના વિરોધને માટે વિશેષે યાદ કરાય છે, પરંતુ ભારતીય પરંપરાના એક મહાન તત્ત્વજ્ઞાની તરીકે પામવાનો ક્વચિત જ પ્રયાસ થયો છે.

આનું કારણ એ છે કે સંત કબીરના 'બીજક'માં આ ગહન અનુભવ અત્યંત લાઘવથી આલેખાયો છે, આથી સાધક સંત કબીરના ગહન અનુભવ પાસે જાય, ત્યારે સૌપ્રથમ તો એણે એના શબ્દ, અર્થ અને ઉપમાને પામવાના હોય છે અને પછી એની ભીતરમાં રહેલા તત્ત્વજ્ઞાનને અનુભવવાનું હોય છે. નાળિયેરની ઉપરનું કઠણ કોચલું તોડીએ પછી જેમ નાળિયેરનું સ્વાદિષ્ટ મીઠું-મધુરું જળ પ્રાપ્ત થાય, એ જ રીતે સંત કબીરની 'બિરહુલી'માં પ્રગટતું તત્ત્વજ્ઞાન પામવાને માટે જિજ્ઞાસુએ, સાધકે પ્રબળ જ્ઞાનપુરુષાર્થ કરવો પડે છે.

આખુંય આકાશ આંખોમાં ભરી લઈને વિરાટનો ભેદ ઉકેલતા હોય તેમ સંત કબીર વિરચિત 'બીજક'માં અંધશ્રદ્ધામાં ઘેરાયેલા સમાજને ચાબખા મારવાથી માંડીને ધ્યાન, યોગ અને અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાનાં દર્શન થાય છે. ભારતીય સંતપરંપરામાં સંત કબીર એક એવા સંત છે કે જે રમતાં રમતાં, ક્યારેક હસતાં હસતાં કે પછી કોઈ ઘરગથ્થુ દૃષ્ટાંત આપીને ગહન સત્યનું પ્રાગટ્ય કરતા હોય છે. વળી સરળ અને સુગમ શબ્દો પ્રયોજીને એ અગમને પકડે છે.

સહુ દસ દિશાઓને સારી પેઠે જાણે છે. ચારે બાજુની આઠ દિશાઓ અને પછી ઉપર અને નીચે – એમ કુલ મળીને દસ દિશાઓ થાય. માનવી મહદ્અંશે એનું જીવન આ દસે દિશાઓ તરફની અહીં-તહીં દોડધામમાં વ્યતીત કરે છે, પરંતુ અગિયારમી દિશાથી અજ્ઞાત છે.

આ અગિયારમી દિશા એ પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ બાજુ નથી. એ માનવીની ઉપર કે માનવીની નીચે આવેલી નથી. આ અગિયારમી દિશા ભીતરમાં છે.

જીવન આખું સમાપ્ત થઈ જાય અને છતાં એ આ દશ દિશાઓમાં અહીં-તહીં ભ્રમણ કરતો ઘૂમતો રહે છે. બહાર ભ્રમણ કરવાથી બાહ્ય ચીજ-વસ્તુ કે ભૌતિક પદાર્થની પ્રાપ્તિ થાય છે, ભીતરની અગિયારમી દિશામાં જવાથી એ સ્વયંનું સરનામું મેળવે છે. મન માનવીને સદૈવ બાહ્ય પ્રતિ દોડાવે છે. સ્વપ્ન એ બહારની વસ્તુ છે અને એને સિદ્ધ કરવા માટેની દોડ એ માયા છે. માયાને કારણે બહાર દોડધામ કરતા માણસને જીવનની કોઈ ઘડીએ એવો ખ્યાલ નથી આવતો કે એની આખી દોટ અવળી ચાલે છે. એને જવાનું હતું ભીતરમાં અને ગયો, ચાલ્યો, દોડ્યો, પડ્યો, આથડ્યો, પછડાયો બહાર તરફ. પામવાની હતી ભીતરની આધ્યાત્મિકતાને અને પામ્યો બાહ્યની ભૌતિકતાને.

એની બહારની દોડે, એને આધિ, વ્યાધિ અને ઉપાધિમાં ડુબાડેલો રાખ્યો, પરંતુ આ સઘળું થયું શા માટે? એને માટે અન્ય કોઈ દોષિત નથી, કિંતુ વ્યક્તિ પોતે જ દોષિત છે. વ્યક્તિ પોતાને કારણે જ પોતાના જીવનમાં સૌથી વધુ દુઃખી થતી હોય છે. ભીતરના અંધાપાનું નામ છે માયા. આ માયા અતિ છલનામયી છે. એનું કોઈ એક રૂપ નથી, એની કોઈ માગ નથી કે એની કોઈ એક ઓળખ નથી. તમારું મન જેની તૃષ્ણા સેવે, તેવો આકાર ધારણ કરે છે. તમારા ચિત્તની ઇચ્છા એ એનો ચહેરો રચે છે અને તમારી કલ્પના પ્રમાણે રૂપ લે છે.

આવી અનેક વેષધારી, બહુરૂપી માયામાં જીવતા માનવીને પળની પણ નિરાંત નથી અને છતાં અધ્યાત્મની દૃષ્ટિએ એ કશું પ્રાપ્ત કરતો નથી, કારણ કે માયા એ તો વ્યક્તિએ પોતાના મનમાં સર્જેલું સ્વપ્ન છે. માયા એ એની મીઠી ધારણા છે અને માયા એ નવ નવ રૂપધારિણી કલ્પના છે. આ માયા કોઈ નિશ્ચિત રૂપ, સ્પષ્ટ આકાર કે કોઈ પદાર્થ નથી. એ માણસને બહાર દોડાવે રાખે છે. આથી જ કબીરસાહેબ એમની આગવી છટાથી કહે છે,

'આ મોહિની માયાએ તો ભલભલા બુદ્ધિમાનોને મોહમાં નાખ્યા છે. કોઈ એ માયાથી થોડા ઘણા લપેટાય, તો પણ એમાંથી બચી શકતા નથી, એનાથી ઊગરી શકતા નથી. એ તો પ્રલોભનના ધનુષ પર લોભનું બાણ ચડાવીને માણસને ભટકાવે છે. માયા કલ્યાણમાર્ગનો સૌથી મોટો અવરોધ છે. સંત કબીરે માયાનું રૂપ આલેખતાં એમની માર્મિક વાણીમાં કહ્યું,

*'માયા મુઈ ન મન મુવા, મરિ મરિ ગયા શરીર!*
*આશા તૃષ્ણા ન મુઈ, યોં કથિ કહૈ કબીરા!'*

'માયાનું રૂપ કેવું છે? શરીર વારંવાર મૃત્યુ પામતું રહ્યું, તો પણ માયા કે મન મળ્યાં નહીં અને આશા-તૃષ્ણા પણ સમાપ્ત થઈ નહીં.'

જ્યાં સુધી વ્યક્તિ માયા, મન, મોહ અને તૃષ્ણાથી ઘેરાયેલી છે, ત્યાં સુધી એની દોડ ચોપાસની દસ દિશાઓ ભણી હોય છે. એની અગિયારમી દિશા, જે ભીતરમાં આવેલી છે, તે ખૂલતી નથી. માનવીને દસે દિશામાં દોડાવનારી માયાને સંત કબીરે અંધારી રાત કહી છે, તો વળી ક્યાંક શાકિની અને ડાકિની તરીકે વર્ણવી

છે. એને મનુષ્યરૂપી પતંગિયાનો નાશ કરનારી દીપકની ઝાળ કહી છે, તો સમગ્ર સંસારને પેદા કરનારી ઠગિણી કહી છે. આવી માયાનું ક્ષણિક સુખ ચાર દિવસનું હોવા છતાં માણસ એને પામવા-પકડવા માટે એની પાછળ દોડે છે. માણસને સપનાની જેમ રાજ્ય, ધન વગેરે મળ્યું છે, પણ એ જતાં શી વાર લાગવાની? સંત કબીરને મન માયા એ મનનો મોહ છે અને સાથોસાથ મોહનું આલંબન પણ છે. માયા એ મનને દોડાવનારી છે અને એ જ માયા માનવીને ધન, સંપત્તિ, સત્તા, પદ, સન્માન વગેરે મોહનું આલંબન અને આધાર પણ બને છે. જો માનવી મોહ કરે જ નહીં, તો એને કોઈ પણ ચીજવસ્તુઓની માયા જાગશે નહીં. આથી જ્યારે એ મોહ કરે, ત્યારે માયા જાગે છે અને પછી એ અજાગૃત હોવાને કારણે એને ધન, સંપત્તિ, કીર્તિ અને જમીન-મકાન સહુનો મોહ જાગે છે અને એને કારણે અનર્થ આચરે છે. વળી બને છે એવું કે આ મોહિની માયાને પ્રાપ્ત કરવાના લોભમાં માણસ દોડે છે ખરો, પરંતુ એની ઈચ્છા પ્રમાણે કશું પામતો નથી. એણે ધાર્યું હોય છે તે ભોગ પ્રાપ્ત થતા નથી અને એ બિચારો અધૂરપ અને અતૃપ્તિમાં જ સળગતો રહીને જીવન પૂર્ણ કરે છે.

સંત કબીર સતત એ ભેદ બતાવે છે કે માયા તરફ મુખ રાખનાર અને માયાથી વિમુખ રહેનાર બંનેની પ્રકૃતિ અને પરિણામ જુદાં છે. એમના મતે માયા અને છાયા સમાન હોવા છતાં બહુ વિરલ માણસો જ એને સમજતા હોય છે. એ કહે છે કે માયા તો એવી છે કે જે એના તરફ પીઠ રાખે છે, એની પાછળ પાછળ આવે છે અર્થાત્ માયા પ્રત્યે બેપરવા હોય, તેને બધું પ્રાપ્ત થાય છે અને જે માયાના પડછાયાની પાછળ અહર્નિશ ચાલતા હોય છે, તેની આગળ ને આગળ ભાગતી માયા માનવીને દોડાવતી હોય છે.

અંધારી રાત જેવી માયાને કારણે મોહ અને લોભમાં નિદ્રાધીન થયેલા લોકોની કામ અને ક્રોધ જેવા ડાકુઓ દ્વારા લૂંટ ચલાવે છે. સંત કબીર એથીય આગળ વધીને કહે છે કે આ માયા એ તો સૂકાં હાડકાંના ઢગલા જેવી છે અને લોભી મનુષ્ય એ શિયાળ કે કૂતરા જેવો છે. જેમ સૂકાં હાડકાંને પ્રાણીઓ સામસામે ખેંચે છે, એ જ રીતે માયાગ્રસ્ત માનવી પોતાની તરફ વસ્તુઓને ખેંચતા ખેંચતા મરણને શરણ થાય છે.

માનવદેહ મૃત્ય પામે છે, કિંતુ એનું મન, આશા, તૃષ્ણા કે માયા એ સાથે મૃત્યુ પામતો નથી, આથી કષ્ટના ઉત્પત્તિસ્થાન જેવી માયા એક અર્થમાં ત્રણ શાખાઓવાળું વૃક્ષ છે અને એ શાખાઓનું નામ છે શોક, દુઃખ અને સંતાપ. આ શાખાઓ વિકસતી વ્યક્તિને સ્વપ્નમાં પણ શીતળતા સાંપડતી નથી અને અંતે એને એના ફળરૂપે નિરાશા અને દુઃખ મળે છે.

સંત કબીરે દર્શાવ્યું કે મનુષ્યને આકર્ષક લાગતા ભોગો એ હકીકતમાં પતનકારી છે અને કડવો લાગતો ત્યાગ એ વાસ્તવમાં કલ્યાણકારી છે. એક સુંદર દૃષ્ટાંત દ્વારા તેઓ કહે છે કે સહુને મીઠાઈ ખાવાનું મન થાય છે, પરંતુ એ મીઠાઈ શરીરમાં રોગ પેદા કરનારા ઝેર સમાન હોય છે. એટલે લોકો લીમડો વાટીને પીતા જેનાથી બધા રોગ દૂર થઈ જાય છે.

આ રીતે માયાના ક્ષણભંગુર સુખમાં જગત નિમગ્ન રહે છે. જ્યાં મોહ જાય છે, ત્યાં માયા સદા હાજરાહજૂર થઈ જાય છે. માયાના આ સ્વરૂપને સર્વાંગી રીતે દર્શાવતાં સંત કબીર કહે છે,

'મન તે માયા ઊપજૈ, માયા તિરગુણ રૂપ,
પૌંચ તત્ત્વ કે મેલ મેં, બાંધે સકલ સરૂપ.'

આનો અર્થ એ કે મનના મોહમાંથી જ માયા જાગે છે. એ મનથી ઉત્પન્ન થાય છે અને એમાં સત્, રજ્ અને તમ્ – એ ત્રણેય ભેગા થયેલાં હોય છે. પૃથ્વી, જળ વગેરે જળતત્ત્વોના મેળમાં જ મનોમય માયાએ સંપૂર્ણ શરીરોનું નિર્માણ કરી રાખ્યું છે. માયામાંથી મુક્તિ મેળવવાના ઉપાય રૂપે સંત કબીર સદ્ગુરુશરણને બતાવે છે. જ્યાં સંતો વારંવાર ભ્રમણ કરવા આવતા હોય, ત્યાં માયા આવી શકતી નથી. આ રીતે માયાનું સ્વરૂપ દર્શાવીને દસ દિશામાં ઘૂમતા માણસને અગિયારમી દિશા વિશે જિકર કરી.

આ અગિયારમી દિશાનાં દ્વાર ખૂલે કઈ રીતે? બાહ્ય જગતની દશે દિશાઓની દોડમાં એ પદાર્થને શોધે છે, જ્યારે અગિયારમી દિશાની શોધમાં એ પરમાત્માને શોધે છે. બાહ્ય માયા ત્યજીને એ મોહની ગાઢ નિદ્રામાંથી જાગૃત થઈને ભીતર ભણી જાય છે, ત્યારે એની સુષુપ્તિ ચાલી જાય છે અને સહજતાથી આત્મબોધ જાગે છે. આને સચોટ દૃષ્ટાંતથી દર્શાવતાં સંત કબીર કહે છે કે જેમ જળની વચ્ચે કમળ હોય છે અને કમળની વચ્ચે કળીઓ હોય છે અને કળીઓની વચ્ચે ભમરો નિવાસ કરે છે, એ જ રીતે આપણા દેહમાં હૃદય છે, એ હૃદયમાં વૃત્તિઓનો વાસ છે અને વૃત્તિઓમાં આત્મા નિવાસ કરે છે. આ આત્મા આમ તો બાદશાહ જેવો છે. સ્વામી જેવો અતિ સમર્થ છે. માત્ર અફસોસ એ વાતનો છે કે એ પોતાના મનનો ગુલામ થઈને અન્યત્ર ભટકે છે. (ક્રમશઃ)

(વધુ આવતા અંકે) ❑❑❑

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.*
*ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫*

**'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.**

**સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.**

# ઉપનિષદમાં હૃદયવિદ્યા

ડૉ. નરેશ વેદ

ઉપનિષદોમાં રજૂ થયેલી અનેક વિદ્યાઓ પૈકીની એક મહત્ત્વની વિદ્યા હૃદયવિદ્યા છે. આ વિદ્યાનું નિરૂપણ મુખ્યત્વે 'છાંદોગ્ય' અને 'બૃહદારણ્યક' એ બે ઉપનિષદોમાં થયું છે. 'છાદોગ્ય' ઉપનિષદના ત્રીજા અધ્યાયના તેરમા ખંડમાં અને 'બૃહદારણ્યક' ઉપનિષદના પાંચમા અધ્યાયના ત્રીજા અને ચોથા ખંડમાં આ વિદ્યાનું નિરુપણ થયેલું છે.

ગાયત્રી વડે બ્રહ્મની ઉપાસના કરવાનું સમજાવતાં ઉપનિષદના ઋષિ એક મહત્ત્વનું વિધાન કરે છે, હૃદયની અંદર જે આકાશ છે, તે આત્મા જ છે. એ આત્મા બધેય વ્યાપીને રહ્યો છે અને તેનો ક્યારેક નાથ નથી. પછી આ હૃદયમાં રહેલા બ્રહ્મની ઉપાસના કેવી રીતે કરવી એની વિગતો આપે છે, તેમાં હૃદય વિશે વધુ જાણવા મળે છે. તેઓ કહે છે આ હૃદયનાં પાંચ દિવ્ય બારણાં છે. એમાંથી જે ઉગમણું બારણું છે, તે પ્રાણ છે. તેનો આંખ સાથે સંબંધ છે. તે આંખનો દેવ સૂર્ય છે. આ હૃદયનું જે દક્ષિણનું બારણું છે, તે વ્યાન છે. એનો કાન સાથે સંબંધ છે. એના દેવ ચંદ્ર છે. આ હૃદયનું આથમણું બારણું છે, તે અપાન છે, એનો વાણી સાથે સંબંધ છે. એના દેવ અગ્નિ છે. આ હૃદયનું જે ઉત્તરનું બારણું છે, તે સમાન છે. એનો અંતઃકરણ સાથે સંબંધ છે. એના દેવ પર્જન્ય છે. આ હૃદયનું જે ઉપલું બારણું છે, તે ઉદાન છે. એ વાયુ છે. એ આકાશ છે.

હૃદયમાં રહેલા આ પાંચ એ સ્વર્ગલોકના દ્વારપાળો છે. સ્વર્ગલોકની ઉપર જે તેજ છે અને જે તેજ આખી દુનિયા ઉપર અને સત્યલોક વગેરે ઊંચા લોકોમાં છે, એ જ તેજ પુરૂષના હૃદયમાં રહેલું છે. એ તેજનું - એ જ્યોતિનું એ પ્રત્યક્ષ પ્રમાણ છે કે જ્યાં સુધી શરીરમાં ગરમી જણાય ત્યાં સુધી શરીરમાં જીવ છે એમ સમજવું. એ જ્યોતિનું અવાજરૂપ પ્રમાણ એ છે કે કાન બંધ કર્યા પછી રથના અવાજ જેવો, બળદના અવાજ જેવો અને બળતા અગ્નિના અવાજ જેવો અવાજ સંભળાય છે.

જોઈ શકાશે કે અહીં પાંચ પ્રાણને હૃદય અથવા અવ્યક્ત કેન્દ્રનાં પાંચ છિદ્રો તરીકે બતાવ્યાં છે. તેમને પાંચ બ્રહ્મપુરુષ કહેવામાં આવ્યા છે. તેઓ સ્વર્ગલોકના પાંચ દ્વારોના લોકપાલ છે, એમ પણ કહેવામાં આવ્યું છે, પુરુષ (આત્મા) ક્રતુમય એટલે કે સંકલ્પમય છે. તેનું કેન્દ્ર સમષ્ટિમાં મનોમય અને પ્રાણમય જ્યોતિરૂપ વિરાટ આકાશમાં છે અને બીજી બાજુ વ્યકિતમાં શરીરની અંદર અધ્યાત્મહૃદયમાં છે. તેને જ તેઓ અંતરહૃદય અથવા આત્મા કહે છે.

આ રીતે જોતાં આત્મા હૃદયમાં રહે છે અને પાંચ પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન - એવા પાંચ પ્રાણો દ્વારા આપણા શરીરનું કાર્ય ચલાવે છે અને એ પ્રાણો પોતપોતાની શક્તિ ક્યાંથી મેળવે છે એની સમજૂતિ મેળવે છે. આપણા શરીરમાંથી પ્રાણ ચાલ્યો જાય ત્યારે તેની ખાત્રી ડૉક્ટર આંખ, કાન, વાણી વગેરે કાર્યશીલ છે કે બંધ પડી ગયાં છે, એના ઉપરથી કરે છે, એ આપણે જાણીએ છીએ. પરંતુ આપણા મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે હૃદય શું છે?

એનો ઉત્તર 'બૃહદારણ્યક' ઉપનિષદના ઋષિ આપે છે. પાંચમા અધ્યાયના ત્રીજા બ્રાહ્મણમાં તેઓ સૌ પ્રથમ 'હૃદય' એ સંજ્ઞા સમજાવે છે. આ શબ્દ ત્રણ અક્ષર હૃદ અને ય થી બનેલો છે. હૃ હઞ ધાતુમાંથી બનેલો છે જેનો ધ્યાત્વાર્થ હરણશીલ એવો થાય. જે આ જાણે છે, એના માટે પોતાના તેમ જ બીજા પ્રાણ પ્રવાહનું અભિહરણ કરે છે. મતલબ કે ગમે ત્યાંથી અભિષ્ટ પદાર્થ મેળવીને આપે છે. બીજો અક્ષર 'દ' છે. આ 'દ' દાનાર્થ ધાતુથી બનેલો છે. જે આ જાણ છે, એના માટે પોતાના અને અન્ય બધાય દાન કરે છે. મતલબ કે સ્નેહપૂર્વક પોતાની પાસેના પદાર્થ આપે છે. ત્રીજો અક્ષર 'યમ્' છે. તે 'ઈણ' એવા ગત્યર્થક ધાતુથી બનેલો છે. તેનો ભાવાર્થ છે ગતિશીલતા. આથી 'હૃદય'ના ત્રણ ભાવ છે : જે આવશ્યક છે, પણ પોતાની પાસે નથી, એને મેળવવું, જે છે એનો ઉત્તમ - શ્રેષ્ઠ કાર્ય માટે આપવું અને પોતાના શ્રેષ્ઠ લક્ષ્ય તરફ ગતિશીલ રહેવું.

ત્યાર બાદ તેઓ હૃદયનું સ્વરુપ અને કાર્ય સમજાવે છે. એમ કરતાં તેઓ કહે છે કે હૃદય સર્વનું આયાતન છે અને હૃદય જ સર્વની પ્રતિષ્ઠા છે. મનુષ્ય પાસે જે કાંઈ મૂલ્યવાન છે તે આ હૃદય છે, કેમકે એમાં જ ચૈતન્યશક્તિરુપ આત્મા રહે છે. તેઓ સૂચવે છે કે બ્રહ્મ કહો કે પ્રજાપતિ કહો એ બંને હૃદયના જ સમાનાર્થી શબ્દો છે. આ હૃદયમાં ત્રણ પ્રાણાત્મક અક્ષર દેવતાઓ એક સાથે નિવાસ કરે છે. તેમના નામ છે, બ્રહ્મા, ઈન્દ્ર અને વિષ્ણુ. આ ત્રણેય અક્ષરોમાં 'य' હૃદયના કેન્દ્રબિંદુમાં રહેલું પ્રતિષ્ઠાતત્ત્વ છે અને એ બ્રહ્માનું પ્રતીક છે. તેના છેલ્લા અક્ષર 'यम्'માં નિયમન કરનાર અર્થનો સંકેત છે, પછી વર્તુળનું ઉદાહરણ લઈ આખી વાત સમજાવે છે. વર્તુળના કેન્દ્રથી બહાર પરિધિ તરફ જે ગતિ થાય છે તેના પ્રતીક રૂપ 'द' અક્ષર છે. એ ઈન્દ્રનું પ્રતીક છે. કેન્દ્રથી આજુબાજુની તરફ ગતિ કરવાની ક્રિયાનો સંકેત 'द' છે. જ્યારે પરિધિ તરફથી કેન્દ્ર તરફ આવવાની ક્રિયાનું પ્રતીક 'ह' છે. એનું પ્રતીક છે વિષ્ણુ. આ બધી વાતનો અર્થ એ થાય કે ઈન્દ્ર કેન્દ્રની આધારભૂમિ ઉપરની શક્તિને બહારની બાજુ ફેંકે છે અને વિષ્ણુશક્તિ બહારથી કેન્દ્ર તરફ લાવનાર છે. શક્તિને બહારની તરફ ફેંકવી અને શક્તિને કેન્દ્ર તરફ લઈ આવવી, એમ ઈન્દ્ર અને વિષ્ણુની સદા સ્પર્ધા

ચાલ્યા કરે છે. આ બંનેમાંથી કોઈ જીતતું પણ નથી ને કોઈ હારતું પણ નથી. જો કે એટલું ખરું કે મનુષ્યની બાલ્યાવસ્થા અને યૌવનાવસ્થામાં શરીરમાં શક્તિનો સંચય કરનાર વિષ્ણુ અધિક શક્તિશાળી રહે છે અને તે પછી શક્તિનો વિક્ષેપ કરનાર ઈન્દ્ર વધારે બળવાન થઈ જાય છે. ઈન્દ્ર અને વિષ્ણુના સંઘર્ષથી મનની સાહસ્ત્રી, પ્રાણસાહસ્ત્રી અને ભૂત સાહસ્ત્રી આ ત્રણ સાહસ્ત્રીઓ એટલે કે અનંતતાઓનો જન્મ થાય છે. ત્રણ અક્ષર દેવતાઓનું સાથે રહેવાપણું, વૈજ્ઞાનિક શબ્દોમાં કહીએ તો ગતિ, આગતિ અને સ્થિતિ આ ત્રણની પરસ્પર સમતુલા જળવાવી જોઈએ. ગતિ એટલે બહારની તરફ જવું, આગતિ એટલે અંદરની તરફ આવવું. શ્વાસ બહાર નીકળે તે ઉચ્છવાસ, અંદર લઈએ તે શ્વાસ. યોગની પરિભાષામાં કહીએ તો પૂરક, રેચક અને કુંભક એવી શ્વાસ (પ્રાણ) ની ત્રણ ગતિ હૃદયસ્થિત આત્મા દ્વારા ચાલ્યા કરે છે.

ઋષિના જણાવ્યા અનુસાર આ હૃદય સર્વથા અદશ્ય અને અવ્યક્ત તત્ત્વ છે ભૂમિતિના આદર્શ બિંદુના જેવું હૃદયનું સ્વરુપ છે. તેનું કંઈ માપ કે રુપ નથી. જેમ રેખાગણિતમાં વિચારની વ્યવસ્થા અને અભ્યાસની સુગમતા ખાતર અવ્યક્ત અને અદશ્ય કેન્દ્ર લેવામાં આવે છે, તેવું જ હૃદય પણ સૌનું અવ્યક્ત અને અદશ્ય કેન્દ્ર છે. આ હૃદય જ પરમબ્રહ્મ છે. માટે જ તેને ઈશ્વરનો નિવાસ કહેવામાં આવ્યું છે. મનના તમામ વેગનો સૂક્ષ્મ કે અવ્યક્ત આધાર હૃદય છે. તેથી 'હૃદય' એ વ્યક્તિના અધ્યાત્મની કેન્દ્રની સંજ્ઞા છે. પ્રત્યેક વ્યક્તિના વ્યક્તિત્વનું આધ્યાત્મિક કેન્દ્ર હૃદય છે. આ હૃદયના આધારે જ પાંચે પ્રાણ જન્મ લઈને પોતાનું કાર્ય કરે છે. સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો હૃદય તરફ આવનારી અને તેમાંથી નીકળનારી સેંકડો નાડીઓ છે તેમને ઉપનિષદમાં 'હિતા' કહેવામાં આવી છે. આ નાડીઓ શરીરમાં બધી તરફ પ્રાણની ધારાઓને પ્રવાહિત કરે છે; પરંતુ આ નાડીઓમાં જે પ્રાણપ્રદ રસ પ્રવાહિત થાય છે તેનો સ્ત્રોત હૃદયમાં જ્યાંથી નીકળે છે તે નેતિ નેતિની નેતિની માફક અગ્રાહ્ય, અક્ષય અને અસંગ આત્માનું જ રુપ છે. 'કૌષીતકી' ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે હૃદયની હિતા નામની નાડીઓ વાળના હજારમા ભાગ જેટલી સૂક્ષ્મ હોવા છતાં તેઓ બધી સૌથી વધારે સૂક્ષ્મ અને અવ્યક્ત એવી 'પૂરીતત' નામની નાડી સાથે જોડાયેલી છે અને તેમાંથી જ રસ ગ્રહણ કરે છે.

ઉપનિષદોની ભાષામાં ભૌતિક પુરુષને ચાક્ષુસ પુરુષ કહ્યો છે અને અભૌતિક અધ્યાત્મ પુરુષને અંગુષ્ઠપુરુષ કહ્યો છે. પણ આપણે અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે હૃદય, અંગુષ્ઠ પુરુષ, અંતરાત્મા અને ઈશ્વર આ બધાં સહચારી અધ્યાત્મ તત્ત્વો છે. અંગુષ્ઠ પુરુષ અને ચાક્ષુસપુરુષ આ બંને સંજ્ઞાઓ સૂક્ષ્મ અંતરાત્માની તેમજ સ્થૂળ દેહની વાચક છે. એને પરોક્ષ અને પ્રત્યક્ષ અથવા પ્રાણ અને શરીર કહી શકાય. આંખોથી જોઈ શકાતા (ચાક્ષુસ) પુરુષ એટલે કે ભૌતિક શરીર માટે ઉપનિષદમાં બીજી એક સંજ્ઞા 'ઈન્દ્ર' એવી પણ વપરાયેલી છે. જમણી આંખની કીકીમાં દેખાતા ભૌતિક શરીરના પડછાયાને ઈન્દ્ર અને ડાબી આંખની કીકીમાં દેખાતા પડછાયાને ઈન્દ્રાણી કહે છે. શક્તિવિના શક્તિમાનનું અસ્તિત્વ હોઈ શકે નહીં. એવી રીતે ઈન્દ્ર અને ઈન્દ્રાણીનું જોડું છે. ઈન્દ્રની શક્તિ એજ ઈન્દ્રાણી છે. મનુષ્ય શરીરમાં જમણી બાજુ ઈન્દ્ર અને ડાબી બાજુ ઈન્દ્રાણી છે એમ તેઓએ બતાવ્યું છે, તેનો મતલબ એ છે કે, શરીરમાં જમણી અને ડાબી બાજુની નાડીઓના સંમિલનથી જ શક્તિનું વર્તુળ (Circuit) પૂર્ણ બને છે. શક્તિ (ઉર્જા) હમેશાં ધનભાવ અને ઋણભાવના દ્વંદ્વભાવના રૂપમાં રહે છે. મધ્યપ્રાણ ઈન્દ્રએ ધનભાવ છે અને ઈન્દ્રાણી તેના ઋણભાવનું પ્રતીક છે. શરીરની અંદરના મધ્ય પ્રાણને ઈન્દ્ર એટલા માટે કહેવામાં આવ્યો છે કે તે 'ઈંધણાત્મક' છે. એટલે કે પ્રાણોના રૂપમાં પ્રજ્વલિત રહેનારો છે. આપણા શરીરમાં પ્રાણાગ્નિ જ પ્રાણ અને અપાનરૂપે (શ્વાસોચ્છવાસરૂપે) સંચાર કરી રહ્યો છે. આમ છતાં કોઈ પ્રાણી કેવળ પ્રાણથી કે કેવળ અપાનથી જીવતો રહી શકતો નથી. તે બીજા જ કોઈ શક્તિકેન્દ્રનાં બળથી જીવે છે. તે શક્તિકેન્દ્રનાં વિશ્વના બધા દેવો અથવા દિવ્ય શક્તિઓનો અંતર્ભાવ છે. આ દેવો અથવા દિવ્યશક્તિઓની આધારભૂમિહૃદેશ છે. એને ઉપનિષદની સાંકેતિક ભાષામાં 'વામન' કહ્યો છે. એને માટે પ્રજાપતિ, અનિરૂક્ત પ્રજાપતિ, હિરણ્યગર્ભ પ્રજાપતિ તેમ જ અંગુષ્ઠપુરુષ એવી સંજ્ઞાઓ પણ પ્રયોજી છે. એટલું જ નહીં, એને જ હૃદયકેન્દ્રમાં પ્રજ્વલિત 'નિર્ધૂમ જ્યોતિ' કહીને પણ ઓળખાવેલો છે.

ઉપનિષદની એ કાળની ભાષામાં રજૂ થયેલી આ આખી વાતને આજની આપણી પરિચિત ભાષામાં મૂકીએ તો આ વિદ્યાનો અર્થ સહેલાઈથી સમજાય. આજનું આપણું તબીબી વિજ્ઞાન અને શરીર વિજ્ઞાન સમજાવે છે તેમ મનુષ્યનું શરીર એક સક્ષમ એ સફળ યંત્ર છે. એમાં કોઈ પણ યંત્રમાં હોય છે તેમ અંગઉપાંગોરુપે કેટલાય ભાગો (Spareparts) છે. એ બધાં વચ્ચે સજીવ અને પ્રામણમય સંબંધ છે. તેથી શરીરમાં શ્વાસોસ્છવાસ, ઋધિરાભિસરણ, ચયાપચય, ઉત્સર્ગ વગેરે અનેક ક્રિયાઓ નિયમિતરૂપે ચાલતી રહે છે.

આ શરીરયંત્ર વ્યવસ્થિત ચાલી રહ્યું છે તેની ખાત્રી હૃદયના ધબકારા અને નાડીના ધબકારાથી થતી રહે છે. જેને આપણે heart beats અને pulse rate કહીને ઓળખીએ છીએ. ઘડિયાળમાં જેમ ટિક્ ટિક્ અવાજ આવ્યા કરે છે, તેમ આપણા શરીરયંત્રમાં થડકાર અને સ્પંદન ચાલ્યા કરે છે. ડૉક્ટર સ્થેટોસ્કોપ દ્વારા એ જ તો માપે છે, તેમ સોનોગ્રાફી દ્વારા ચકાસે છે.

પરંતુ પ્રશ્ન એ છે કે હૃદયનું થડકવું, નાડીની ગતિ શા કારણે થાય છે? કોના બળથી થાય છે? વિચારતાં સમજાય છે કે એક તત્ત્વ તો પ્રાણ છે. શ્વાસોચ્છવાસ દ્વારા શરીરમાં દાખલ થતો પ્રાણ શરીરની જુદી જુદી પ્રક્રિયાઓનું નિમિત્તભૂત બનીને સંચાલન કરે છે. પ્રાણ

દ્વારા જ અન્ય શરીરક્રિયાઓ થાય છે, તેમ હૃદય પણ કાર્યરત થાય છે. આ હૃદય (heart) શરીરનું મુખ્ય અંગ છે. એની સાથે આખા શરીરમાં ફેલાયેલું નાડીતંત્ર જોડાયેલું છે. એમાં અવિરતપણે લોહીનું ભ્રમણ ચાલ્યા કરે છે. હૃદય લુહારની ધમણ માફક લોહીને ફરતું રાખવાનું કામ કર્યા કરે છે.

પણ અહીં બીજો પ્રશ્ન આપણા મનમાં ઊઠે છે કે હૃદયને ધમણની માફક ચાલતું રાખવાનું કોણ કરે છે? એ તત્ત્વ છે પ્રાણ ઉપરાંત આપણા શરીરમાં સક્રિય રહેલી ઊર્જા, જેને આપણે ચૈતન્ય ઉર્ફે આત્મા કહીએ છીએ તે તત્ત્વ. તે કોઈ સ્થૂળ અંગ નથી. નથી એને કોઈ ઘાટ કે આકાર. એ અદૃશ્ય અને અવ્યક્ત છે. ઇલેક્ટ્રીકનાં બધાં ઉપકરણો જેમ વિદ્યુતશક્તિના પ્રતાપે કાર્ય કરે છે, તેમ આપણા શરીરનાં બાહ્ય અને આંતર બધાં કરણો ચેતનશક્તિના પ્રતાપે કાર્ય કરે છે.

ઉપનિષદના ઋષિઓએ એટલે આપણા વ્યક્તિત્વ અને જીવનના આધાર કેન્દ્રરૂપે હૃદયને જણાવ્યું છે. હૃદયમાંથી નીકળતી મુખ્ય નાડી 'હિતા' આખા શરીરમાં ફેલાયેલી સેંકડો નાડીઓમાં હૃદયના થડકારવડે લોહીનું પરિભ્રમણ કરતી રહે છે. એ હિતા નાડીમાં પુરીતત નાડીમાંથી આવતો રસ એટલે આ ચૈતન્યશક્તિ દ્વારા પેદા થયેલો પ્રવાહી પદાર્થ. તેને આપણે લોહી કહીને ઓળખાવીને છીએ. આખા શરીરના માળખાંને ટકાવી રાખનાર આપણી કરોડરજ્જુને એ લોકો મેરુદંડ કહે છે. એની અંદર રહેલી મુખ્ય નાડી પુરીતત એટલે સુષુમણા નાડી અને એની ડાબી અને જમણી બાજુ આવેલી બે મુખ્ય નાડીઓ એટલે ઈડા અને પિંગળા નાડી. ઉર્ફે સૂર્ય નાડી અને ચંદ્રનાડી. એ બંને નાડીઓમાં વહેતો પ્રવાહ ચૈતન્યશક્તિનો છે. એમાં એક ધનભાવ અને બીજો ઋણભાર એટલે નેગેટીવ અને પોઝીટીવ શક્તિપ્રવાહ ધરાવે છે. સુષુમણા નાડીમાં વહેતો પ્રવાહ ન્યૂટ્રલ પાવર છે. આ ત્રણ ચૈતન્યશક્તિના પ્રવાહનો માર્ગ છે. એ ત્રણ વડે સર્કિટ (Circuit) પૂરી થાય છે. જેમ ઇલેક્ટ્રીક વાયરમાં નેગેટીવ, પોઝીટીવ અને ન્યૂટ્રલ એમ ત્રણ વિદ્યુતશક્તિને વહેવા માટેના માર્ગો છે. એ જ રીતે શરીરની ઊર્જા શક્તિના વહેવા માટેના જે માર્ગો છે તેને આજની ભાષામાં આપણે ચેતાતંતુ અને મજ્જાતંતુઓની રચનાનું તંત્ર (nervous system) કહીએ છીએ.

શરીરમાં એક બાજુ પ્રાણ તેમ બીજી બાજુ નાડીતંત્ર, ચેતાતંત્ર અને મજ્જાતંત્રનું સંચાલન ચૈતન્યતત્ત્વ ઉર્ફે આત્મા કરે છે. આપણા શરીરમાં પ્રાણાગ્નિ, જઠરાગ્નિ, કામાગ્નિ, ક્રોધાગ્નિ, વિરહાગ્નિ, બ્રહ્માગ્નિ વગેરે એને કારણે જ ઉત્પન્ન થાય છે. આપણામાં પેદા થતાં કામ, ક્રોધ લોભ, મોહ, મદ, મત્સર, રતિ, શોક, વિસ્મય, જુગુપ્સા, ભય વગેરે ભાવો અને મૈથુન, હિંસા જેવી વૃત્તિઓ વગેરેની ઉત્પત્તિ અને શમન પણ આ ઊર્જાને કારણે જ થાય છે.

આમ, પ્રાણ અને ચૈતન્ય બંનેનું અધિષ્ઠાન હૃદય છે. એ બંને તત્ત્વો એકદમ સક્રિય છે, પણ અવ્યક્ત અને અદૃશ્ય છે. હજારો વર્ષો પૂર્વે ઋષિમુનિઓ આપણા શરીરયંત્ર અને એના પૂર્જાઓનું કેટલું પાકું જ્ઞાન ધરાવતા હતા, તેનો આ વિદ્યા પુરાવો આપે છે.

❑❑❑

*'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, સૌરાષ્ટ્ર કૉલોની પાસે, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦*

*ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૩૭૫૦ / મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦*

# શ્રી જૈનશાસનમાં દિવંગત શ્રમણીજીઓનું યશસ્વી પ્રદાન

**ભારતી દિપક મહેતા**

જિનશાસનનો સાર જો ૧ જ શબ્દમાં કહેવો હોય તો તે છે 'સમતા'. ૨ શબ્દોમાં કહેવો હોય તો 'સમતા' ને 'સ્વાધ્યાય'. ૩ શબ્દોમાં કહેવો હોય તો 'સમતા', 'સ્વાધ્યાય' અને 'ત્યાગ' તથા ૪ શબ્દોમાં સમજવો હોય તો ઉમેરવી પડે 'જયણા'. એ ચારેચાર મૂર્તિમંત છે આપણા દરેક શ્રમણ-શ્રમણીજી ભગવંતોમાં. તેમાંનાં જ અમુક શ્રમણીજીઓનાં જીવન-કવનની વાત લઈને આજે આવી છું, જેઓએ સંયમવેશ અને જિનશાસન બંનેને દીપાવ્યા છે.

શાસન અભ્યુદયનાં વાહક તરીકે **ચારે ફિરકાના શ્રમણીજી** ભગવંતોનાં અદ્ભૂત પ્રદાનને સ્મૃતિવંત કરીએ તો સૌ પ્રથમ સાંભરે **શ્રમણીજી બ્રાહ્મી-સુંદરજી**ની એ પંક્તિઃ 'વીરા મોરા, ગજ થકી હેઠાં ઉતરો...' 'લઘુતા સિવાય કેવળજ્ઞાન સંપાદિત થતું નથી' એ નિયમ આપણા સુધી પહોંચાડનાર સાધ્વીશ્રેષ્ઠા બ્રાહ્મીજી થકી **અક્ષરજ્ઞાન** ને સુંદરજી થકી જે **આંકડાનું જ્ઞાન** આપણને મળ્યું છે, તે તો જૈનશાસન ઉપરાંત માનવનાં સામાજીક જીવનની અતુલનીય સેવા છે!

પછી સાંભરે **મલ્લિકુમારીજી**. પૂર્વભવમાં કરેલી માયાને કારણે સ્ત્રીવેદ ભલે મળ્યો, પણ ભવિજનોને દર્શાવ્યો જૈનશાસનનો એક ભવ્ય સિદ્ધાંતઃ 'સ્ત્રીવેદે ય ઓગણીસમા શ્રી મલ્લિનાથ પ્રભુ સમા મહાન તીર્થંકર બની મોક્ષાધિકારી થઈ શકાય છે.'

ત્રીજા સ્મૃતિવંત થાય પ્રભુવીરનાં શાસનનાં પ્રથમ **સાધ્વીશ્રી ચંદનબાળાજી**. આ એ સમય હતો જ્યારે પ્રભુપાર્શ્વની શ્રમણી પરંપરામાં દીક્ષિત સાધ્વીજીઓ દીક્ષા ત્યજી પરિવ્રાજિકાઓ બની રહી હતી તથા નેતૃત્વ શિથિલ બન્યું હતું. એવા સમયે સંઘ નેતૃત્વ સંભાળી શાસનમાં પુનઃ સ્થિરતા લાવનાર સાધ્વીશ્રેષ્ઠા ચંદનાશ્રીજીને ત્રિકાળ વંદન.

મગધ રાજધાની પાટલીપુત્રનાં શકટાલ મંત્રીને બે પુત્રો સ્થૂલિભદ્ર

ને શ્રીયક્ તથા ૭ પુત્રીઓ. ભાઈમાં નાનો શ્રીયક્ અને બહેનમાં મોટી યક્ષા, જેને એવું વરદાન હતું કે તે એક વાર જે કાંઈ સાંભળે તે અચૂક યાવજ્જીવ યાદ રહી જાય. પર્યુષણા મહાપર્વમાં **સાધ્વીજી યક્ષા**એ નાના ભાઈ મહારાજ શ્રીયક્મુનિને પણ કર્મની નિર્જરા કરાવવા ઉપવાસ કરાવ્યો. દૈવયોગે તે જ રાત્રીનાં શ્રીયક્મુનિ કાળધર્મ પામ્યા. 'મારા જ હાથે મારા ભાઈમુનિનો વધ થયો' એમ માની પ્રાયશ્ચિત રૂપે સમસ્ત સંઘ સાથે ઉપાશ્રયમાં આખી રાત કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહ્યા. શાસનદેવી પ્રગટ થયા ને શંકાનું સમાધાન કરાવવા લઈ ગયા શ્રી સીમંધર સ્વામી સમક્ષ– મહાવિદેહ ક્ષેત્રમાં, જ્યાં કૈવલ્યજ્ઞાની તીર્થંકરે શંકા તો નિર્મૂલ કરી જ ને ભરતક્ષેત્ર પરત વળતાં પૂર્વે સાધ્વી યક્ષાને ૪ ચૂલિકા સંભળાવી. મળેલ વરદાન પ્રમાણે તેઓને એક જ વાર સાંભળતા તે યાદ રહી ગઈ અને શ્રી સંઘ સમક્ષ પરત આવીને તે સંભળાવી, જેમાંથી **બે ચૂલિકા શ્રી દસવૈકાલિક સૂત્રનાં છેડે** અને **બે ચૂલિકા શ્રી આચારાંગ સૂત્રનાં અંતે** મૂકવામાં આવી. આમ સાધ્વીયક્ષાને કારણે સાક્ષાત્ તીર્થંકરનાં શ્રીમુખેથી વરસેલી વાણીનાં શબ્દો ઉપલબ્ધ થયાં.

વીર નિર્વાણની ચોથી સદીમાં થયેલા **આર્યા પોઈણી** બહુશ્રુતતા અને આચારશુદ્ધિ માટે જૈનશાસનમાં ખુબ જ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કલિંગ ચક્રવર્તી વિરલ રાજવીશ્રી ખારવેલે કુમારગિરિ નામના પર્વત ઉપર આગમોને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા જે દ્વિતીય આગમવાચના પરિષદ આયોજી, તેમાં તેઓનાં નેતૃત્વમાં ૩૦૦ વિદુષી સાધ્વીજીએ ભાગ લઈ આગમપાઠને નિશ્ચિત કર્યા! આમ આર્યા પોઈણીનું સ્થાન સાધ્વીસંઘમાં ગૌરવભર્યું લેખાયું છે.

ચંપાનગરીનાં સમરાંગણમાં દધિવાહન રાજા અને રાજા કરકંડુ વચ્ચે લોહીભીનાં યુદ્ધસંહારની તૈયારી થઈ તેવી વેળાએ શાંતમૂર્તિ **સાધ્વી પદ્માવતી** નિર્ભયતાથી મક્કમ ડગલે આવી રહ્યાં હતાં રાજા કરકંડુ તરફ! રાજાએ વંદન કરી અહીં કોઈપણ જાતની ભિક્ષા આપવા અસહાયતા દર્શાવી! પણ તે સાધ્વીજીએ તો દૃઢ અવાજે કહ્યું: 'રાજન્! મારી ભિક્ષા તો તમે જ અને આ યુદ્ધભુમિ ઉપર જ આપી શકો તેમ છો. મારે યુદ્ધબંધી જોઈએ છે અને એનાથી ઓછું કશું ય ખપે નહીં! જે રાજા દધિવાહન સામે યુદ્ધ ખેલવાના છો, તે એક કાળે તવ પિતા હતા અને તમે હતા અમારા પુત્ર!' આમ કહીને પૂર્વજીવનનો ખ્યાલ આપતાં જ રાજા કરકંડુએ હથિયાર હેઠાં મૂકી, યુદ્ધની આખરી વેળાએ સુસજ્જ સેનાને પાછા ફરવાનો આદેશ આપ્યો. તે શ્વેત વસ્ત્રધારી કૃતિનિશ્ચયી શાંતિનાં દેવી સાધ્વી પદ્માવતીને ત્રિકાળ વંદન.

*ચક્કી દુગં હરિપળંગ, પળગં ચક્કિણ કેસવો ચક્કી,*
*કેસવો ચક્કી કેસવ દુ, ચક્કી કેસીઅ ચક્કી.*

આ ચકા-ચકી સમા શબ્દો ન સમજાયા ને? ચિત્રકુટનાં મહારાજનાં પુરોહિત હરિભદ્ર પંડિતને ય તે ન્હોતા સમજાયા અને એટલે જ આઠમી સદીની એક ઉતરતી સાંજે તેઓ ઉપાશ્રયમાં પ્રવેશ્યા, જ્યાં આ ગાથાને પ્રકાશતા એ ધીર-ગંભીર-પ્રૌઢ શ્રમણીજી પૂજ્ય યાકિની મહત્તરાજી દેખાયા, જેઓએ તેમને અર્થ સમજવા મોકલ્યા જૈનાચાર્યશ્રી જિનભદ્રસૂરિજી સમીપ. તેઓ પાસેથી ૧૨ ચક્રવર્તિ અને ૯ વાસુદેવની આ એક જ ગાથામાં અવસર્પિણી-ઉત્સર્પિણી ઈત્યાદી જૈન કાળચક્રનું અદ્ભૂત વર્ણન જોઈ પંડિત હરિભદ્રનો જ્ઞાનગર્વ ઓગળી ગયો અને પોતાની પ્રતિજ્ઞા સાંભરીઃ 'જો મને કોઈ નવું જ્ઞાન બતાવનાર મળે કે જે સ્વયં સમજી ન શકું, તો તેનો શિષ્ય થઈ જઈશ.' પ્રતિજ્ઞાપાલન કરી જૈન દીક્ષા સ્વીકારી. આજે સૌ ઓળખે છે તેમને ૧૪૪૪ ગ્રંથોનાં રચનાકાર મહાન **આચાર્ય યાકિની મહત્તરાસુનૂ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** તરીકે! યાકિનીમહત્તરા શ્રમણીજીએ કરેલ આ ઉપકાર યુગોપર્યંત અવિસ્મરણીય રહેશે.

સિદ્ધહેમશબ્દાનુશાસન, દ્વયાશ્રય, છંદોનુંશાસન, કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, પ્રમાણમીમાંસા, ત્રિષષ્ઠિ શલાકા પુરુષ આદિ સમૃદ્ધ સાહિત્ય રચીને સર્વ રીતે આપણું અજ્ઞાન દૂર કર્યું તેવા બારમી સદીનાં યુગપુરૂષ કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજીનાં માતા એટલે **સાધ્વીરત્ના પાહિણીશ્રીજી**. તેમનાં તો જેટલાં ઓવારણાં લઈએ તેટલાં ઓછાં જ છે. સોલંકી કાળમાં આવું નૈપુણ્ય જગાડવામાં મૂળ નિમિત્ત બનેલી માતા પાહિણીજીની શાસનપ્રીતિ. સિદ્ધ સારસ્વત બનવા શક્તિમાન એવા પોતાનાં પાંચ જ વર્ષનાં નાના બાળ ચાંગદેવને જૈનશાસનને સોંપી દેવાની તેઓની નિરાસક્તિ એ શાસનની સૌથી મોટી સેવા બની રહી. આ વિરાટ વિભૂતિ ૬૪ વર્ષનાં સાહિત્ય સર્જનકાળમાં સાડા ૩ કરોડ શ્લોક રચી શક્યા. ધન્ય સાધ્વી પાહિણીજી!

સંવત ૧૨૭૬માં ખંભાતમાં રહેતા એક દાદાજી ૮ વર્ષની પૌત્રી પદ્મલક્ષ્મીને લઈ ખેડા જીલ્લાનાં માતર ગામે ધર્મમૂર્તિશ્રી મુનિરાજજીનાં વંદનાર્થે આવેલ. ઉપાશ્રયમાં મુનિમહારાજે તેનું લલાટ અને સામુદ્રિક લક્ષણો જાણી લઈ દાદાજીને કહ્યું: 'તમારા કુળનું આ રતન શાસનને સોંપી દો. ઘડીયાં લગ્ન લેવાય તેમ દાદાજીએ તો 'તહત્તિ' કહી ત્વરિત દીક્ષા અપાવી અને તેઓ **સાધ્વીજીશ્રી પદ્મશ્રીજી મહારાજ** તરીકે નૂતન નામ પામ્યા. ૮ વર્ષની ઉંમરે દીક્ષા ને ૨૮ વર્ષની વયે તો કાળધર્મ પામનાર આ મહામેધાવી શ્રમણીજીનાં ઉપદેશે શ્રાવિકાનાં વૃંદોના વૃંદો દીક્ષા લેવા તૈયાર થતાં અને અંત સમયે તો હતા ૭૦૦ શિષ્યો! જે કાળે યુગપુરુષ માટે જ પ્રતિમા ભરાવાતી, તેવા કાળે માતરતીર્થના જિનાલયના ગભારામાં આ પ્રવર્તિની મહત્તરાના ઉપકારનાં સ્મરણાર્થે સંવત્ ૧૨૯૮થી અલૌકિક પ્રતિમાજી રૂપે આજે પણ બિરાજમાન છે, જે જૈન શાસનમાં અચ્છેરું છે!

નિષ્કલંક પ્રવૃત્તિ ને નિષ્કષાય વૃત્તિઃ આ બે લક્ષ્યમાં જ્ઞાનસાધના ખૂબ સહાયક છે, એ સમજી લઈ અગણ્ય શ્રમણીજીઓએ શ્રુતજ્ઞાનનું વિપુલ સાહિત્યસર્જન કર્યું છે. સાહિત્ય તો આપણી સાંસ્કૃતિક

ધરોહર છે. રચનાસાલ ધરાવતી પ્રથમ જૈન કૃતિ સં. ૧૧૮૫ની 'શ્રી ભરતેશ્વર બાહુબલિ રાસ' મળે છે, જેનાં કર્તા છે આચાર્યશ્રી શાલિભદ્રસૂરીશ્વરજી. જૈનેતર કૃતિ તો તે પછી ઠેઠ ૨૦૦ વર્ષે સં. ૧૩૭૧માં મળે છે, નામે 'હંસાઉલી', જેના કર્તા છે અસાઈત. જૈન સાહિત્ય મુખ્યત્વે શ્રમણ-શ્રમણીજી ભગવંતોએ જ ૨૦ વર્ષનાં સાધનાકાળ પછીનાં ક્વનકાળમાં રચેલું છે. તેમાં રાસમાળા, પ્રબંધ, બારમાસા, પવાડો, છંદરચના, હરિયાળી, ગીતા કાવ્યો, ઉલટબાંસી, હોરીપદો, પૂજાસાહિત્ય, ફાગુકાવ્યો, ગઝલો, હાલરડાં, પદકવિતા આદિ પ્રકારો સમાવિષ્ટ છે. વળી પ્રયોજન કર્તાઓનો હેતુ યશ-ધન-કીર્તિ કમાવાનો નહીં, પરંતુ આત્મકલ્યાણનાં પ્રશસ્ત માર્ગે સૌને જોડવાનો હોવાથી તેની ગરિમા જ કંઈ ઓર છે.

એવી થોડીક જ અદ્‌ભૂત કૃતિઓ ઉપર નજર નાંખીએ તો **૧૩મી સદીમાં સિરિમામહત્તરા સાધ્વીજી**એ પ્રચલિત લોકગીતની ભાષા મારૂ ગુર્જરમાં 'શ્રી જિનપતિસૂરિ વધામણાં ગીત' રચીને શ્રમણીજીઓનાં સાહિત્ય સર્જનનો માર્ગ જાણે ખૂલ્લો મૂક્યો. **સંવત્ ૧૪૪૫માં અચલગચ્છના મહત્તરા સાધ્વી મહિમાશ્રીજી**એ 'ઉપદેશ ચિંતામણી અવચૂરિ' રચી. **પ્રવર્તિની મેરુલક્ષ્મીજી સાધ્વીજી**એ ૧૪ છંદોનાં વૈવિધ્યભરી અનુપમ કૃતિ રચેલ, જે 'તારંગામંડન અજીતનાથ' તથા 'આદિનાથ સ્તવન' તરીકે આજે ય સુપ્રાપ્ય છે.

**સંવત્ ૧૪૭૭માં ખરતરગચ્છનાં શ્રી ગુણસમૃદ્ધિ મહત્તરા**એ પ્રાકૃતમાં ૫૦૩ પદ્ય સહ 'અંજણાસુંદરી ચરિયં'ની પ્રાકૃત રચના જેસલમેરમાં કરી. ૫૪૧ વર્ષ પૂર્વે રચાયેલ તે પ્રતને જ્યારે જેસલમેરનાં ગ્રંથભંડારમાં જોઈ, ત્યારે મારા રુંવાડા ઉભા થઈ ગયેલા. **૧૫મી સદીનાં ઉત્તરાર્ધમાં તપાગચ્છ આચાર્ય જિનકીર્તિસૂરિજીનાં આજ્ઞાનુવર્તીની પૂજ્ય રાજલક્ષ્મીશ્રીજી**એ 'શિવચુલાગણિની-વિજ્ઞપ્તિ' રચીને અને **૧૬મી સદીમાં આગમગચ્છીય આચાર્ય હેમરત્નસૂરિજીનાં કાવ્યપ્રવીણ સાધ્વીજી વિનયચૂલાગણિજી**એ લખેલ ફાગુ કાવ્યોમાં જૈનશાસનની સુંદર પ્રશસ્તિ કરી છે. મહાકવિ પુષ્પદંત રચિત 'જસહર ચરિઉ' અને 'યશોધર ચરિત', અપભ્રંશીય ચરિત કાવ્યો ઉપર સંસ્કૃતમાં ટિપ્પણી રચનારા **આર્યિકા રણમતિશ્રીજી** અને સદીનાં મધ્યકાળમાં વિચરેલ **આર્યા રત્નમતિશ્રીજી**એ કરેલ 'સમ્યક્ત્વ કૌમુદી' સંસ્કૃત ગ્રંથનાં ગુજરાતી અનુવાદને કેમ વિસરાય?

માત્ર ૧૮ વર્ષે દીક્ષા લઈ પ્રવર્તિની થનાર **સાધ્વીજી હેમસિદ્ધિજી**એ સંવત્ ૧૬૬૨માં મલ્હાર રાગ ને ૧૮ પદ્યમાં 'સોમસિદ્ધિનિર્વાણ ગીતમ્' અને 'લાવણ્યસિદ્ધિ પહુતણી ગીતમ્'ની રચના કરી, જેની મૂળ હસ્તપ્રત 'અભય જૈન ગ્રંથાલય' બીકાનેરમાં અને **૧૭મી સદીમાં વડતપાગચ્છનાં હેમશ્રી મહારાજ** નામક સાધ્વીરત્નાએ રચેલ ૩૬૭ કડીનાં 'કનકાવતી આખ્યાન'ની હસ્તપ્રત પાટલ-ફોફલિયાવાડાનાં શેઠ હાલાભાઈ મગનભાઈનાં ગ્રંથભંડારમાં ઉપલબ્ધ છે.

**આચાર્યશ્રી ૐકારસૂરીશ્વરજી સમુદાયના સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી** મહારાજે છ કર્મગ્રંથોનો ગહન અભ્યાસ કરી 'રમ્યરેણુ' નામે છ કર્મગ્રંથ ને 'કમ્મપયડી' વગેરે અતિકઠિન એવા કર્મ સાહિત્યનું સુંદર-સરળ શૈલીમાં ભાષાંતર કરીને જૈનશાસનની મોટી સેવા કરી છે. તેમના જ બે બહેનો **પૂજ્ય હેમગુણાશ્રીજી** અને **પૂજ્ય દિવ્યગુણાશ્રીજી** મહારાજે 'જ્ઞાનસાર' ઉપર સરલ ટીકા રચી છે.

આ જ સમુદાયનાં **સાધ્વીશ્રી મહાયશાશ્રીજી** મહારાજે ઉપાધ્યાયશ્રી ઉદયરત્ન વિજયજી મહારાજ લિખિત 'વિનોદવિલાસ રાસ'નું લિપ્યાંતર તેમ જ તેનો ભાવાનુવાદ તથા 'સુરસુંદરી ચરિયં' પ્રાકૃત પદ્યગ્રંથની સંસ્કૃત છાયા રચી. 'પ્રમાણનય તત્ત્વલોકાલંકાર' જેવા ન્યાયના મહત્ત્વના ગ્રંથનું સંપાદન, સંશોધન અને એના ઉપરની અવચૂરિનું સરલ વિવેચન કરી ન્યાયશાસ્ત્રનાં પ્રારંભિક વિદ્યાર્થીઓ ઉપર સાધ્વીશ્રી મહાયશાશ્રીએ મહદ્ ઉપકાર કરેલ છે.

જૈનશાસન પરત્વેનું વિશિષ્ટ પ્રદાન સ્થાનકવાસી સતીવૃંદમાં પણ જોવા મળે છે. ગોંડલગચ્છનાં શાસનસમ્રાટ આચાર્યપ્રવર પૂજ્યપાદશ્રી ડુંગરસિંહજી મહારાજ જેવા એકાવતારી, વીર-ધીર સંતનાં જન્મદાત્રી એટલે **૧૮મી સદીનાં મેંદરડા જનપદને દીપાવનારા પૂજ્ય હીરબાઈ મહાસતીજી**. ૪૫ વર્ષની વયે પૂજ્ય રત્નસિંહજી મહારાજનાં હસ્તે દીક્ષા ગ્રહણ કરનાર તેઓ અખંડ આત્મભાવમાં સ્થિર રહેતા. એકદા ગોંડલ ઉપાશ્રયની ઓસરીમાં ૩ કલાકનાં અનુષ્ઠાન અર્થે ધ્યાનસ્થ એવા તેમની સમીપ અચાનક એક શિયાળ આવ્યું અને તીક્ષ્ણ દાંત તથા નખથી મહાસતીજીનાં શરીરને વિદારી માંસ-લોહી આરોગવા લાગ્યું. શૂરવીર સાધિકા તો હતા આત્મમસ્તીમાં નિમગ્ન! ૩ કલાક સંપન્ન થતાં લોહીથી તરબતર થયેલ વસ્ત્રોની વ્યવસ્થા માટે તેઓએ અંદર રહેલા મહાસતીજીઓને બોલાવ્યા. વીંધાયેલું શરીર, હાડ-માંસ લબડી રહેલા...એવું કમકમાટીભર્યું દ્રશ્ય. નિકટગ્રામ બિરાજમાન ગુરુદેવશ્રી ડુંગરસિંહજી મહારાજે પણ તત્કાળ દોડી આવી જોયું કે પોતાના જનેતા મરણાંત ઉપસર્ગોને વિસરીને ચૈતન્યવંત આત્માનુભૂતિનો આનંદ માણી રહ્યાં છે. યાવજ્જીવનું અનશન અંગીકાર કર્યા પછી ૫૮-૫૮ દિવસની અસહ્ય પીડામાં યે આત્મજાગૃતિ રાખી પ્રાંતે તેઓ કાળધર્મ પામ્યા. આ હૂંડા અવસર્પિણીકાળમાં આવા ઉપસર્ગવિજેતાનાં અભૂતપૂર્વ દર્શન કરી જૈનશાસન ધન્ય બન્યું છે.

સહનશીલતાનાં જીવંત પ્રતિક સમા **પૂજ્ય ગંગાબાઈ મહાસતીજી** એકઠા માણાવદર ગામનાં ૩-૪ યુવાનો દૃષ્ટ આશયથી ઉપાશ્રય આસપાસ ફરતા હતા, તે જોઈ અંશમાત્ર વિચલિત થયા વગર ધ્યાનલીન બની ગયા. સવારે ધ્યાન પૂર્ણ કર્યું ત્યાં સુધી યુવાન ટોળકીનાં પગ સજ્જડ થઈ ગયેલા તે ગ્રામજનોએ સવારે જોયું. એ હતું ચારિત્ર ને ધ્યાનનું યોગબળ! તેઓની ભાવવિશુદ્ધિ કરાવી, ભીષ્મ પ્રતિજ્ઞા લેવડાવી કે હવે પછી કોઈ પણ મહાસતીજીઓને

બુરી નજરથી જોશે નહીં. તેઓનાં આત્માને ત્રિકાળ વંદન.

વડાલ-સોરઠમાં રહેતા ગાંધીવાદી ભવાનભાઈ મહાત્મા ગાંધીજીને વાત કરવા જાય કે મારી બેનને દીક્ષાનાં ભાવ છે પણ અમે ના પાડીએ છીએ ત્યારે ગાંધીજીએ પોતે સમજાવે કે 'ભાઈ, જૈનધર્મની દીક્ષા ખૂબ સારી હોય છે. ત્યાં ચારિત્રની વાડ ખૂબ મજબૂત હોય છે માટે ભલેને દીક્ષા લે. તમો ના ન પાડો.' આમ જેઓની દીક્ષાની રજા આપણા રાષ્ટ્રપિતાએ સ્વયં લઈ આપી હોય, તેવા **પૂજ્ય અમૃતબાઈ મહાસતીજી**એ ૫૫ વર્ષનાં દીક્ષા પર્યાયમાં જૈનશાસનને ઉજ્જવળ કરી દેખાડ્યું.

સન્ ૧૯૫૨માં લીંબડી સંપ્રદાયની દિકરી ગોંડલ સંપ્રદાયમાં દીક્ષા લેવાની હિંમત કરી શકે? જી હા, એ હતા આદરપ્રાપ્ત **પૂજ્ય લલિતાબાઈ મહાસતીજી, 'બાપજી' મહારાજ**. મુંબઈમાં વૈયાવચ્ચ કેન્દ્ર, કન્યા શિબિરો, જ્ઞાનસત્રો, કલ્પતરુ સાધના કેન્દ્રની સ્થાપનાદિનાં મૂળ રૂપ એવા તેઓની કાર્યસંપદા પ્રશસ્તિ પામી છે. તેઓની સ્મૃતિમાં દેવલાલીમાં 'અધ્યાત્મ તીર્થ' નિર્માણ થાય, તે શ્રમણી જગત માટે નાની સૂની ઘટના ન જ કહેવાય!

ગોંડલગચ્છમાં શ્રી ભગવતી સૂત્ર આધારિત થોકડાઓ જે નામે પ્રકાશિત થયાં, તે 'ફૂલ-આમ્ર સ્તોકાલય' એટલે જ **સ્વામી ફૂલકુંવરબાઈ** તથા **સ્વામી અંબાબાઈ મહાસતીજી**. તેજોમૂર્તિ ફૂલકુંવરબાઈમાં તો અનાસક્તિ ગુણ એટલો પ્રબળ હતો કે તેમણે શિષ્યો ન કરવાની જ પ્રતિજ્ઞા લીધી હતી અને પૂજ્ય અંબાબાઈ મહાસતીજીનાં શિષ્યા ધારીનાં **મંગલમૂર્તિ મુક્તાબાઈ મહાસતીજી** એટલે મોટાસ્વામી, જેઓની ધર્મપ્રેરણાથી જ માણેકપુરમાં રહેતા મહાવીરભાઈનાં જીવનનો રાહ બદલાયો અને વૈરાગી બની સંયમ લેતા આજે રાષ્ટ્રસંત યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ **નમ્રમુનિ** મહારાજ સાહેબ રૂપે તેઓ શોભી રહ્યાં છે. સંઘ ઉપર પૂજ્યવરાનું આ ઋણ સદાયે રહેશે જ. સંયમનાં ૫૯ વર્ષમાં 'અર્હમ યુવા ગ્રુપ' ને 'પારસધામ' બંનેની શરૂઆતનાં સાક્ષી એવા મુક્તાબાઈને **નમ્રમુનિ**એ પોતે મહાપ્રાણ ધ્વનિમાં માંગલિક સંભળાવી જાણે પોતાની માડીને અંતિમ વિદાય આપેલ.

**સરસ્વતીસુતા પૂજ્ય લીલમબાઈ મહાસતીજી** એટલે જ્ઞાન ને સમતારસનો રત્નાકર, ૧૧૯ શિષ્યા-પ્રશિષ્યાઓનાં ધારક. આઠમ-પાખીએ આયંબીલ, દર સોમવારે અહોરાત્રિનું મૌન, સાંજે ગરમ ગોચરી ન વાપરવી અને વિદ્યુતની જયણા કરીને જ ગુરુપ્રાણ જન્મશતાબ્દિ નિમિત્તે ૩૨ આગમસૂત્રોને અનુવાદિત કરી પ્રધાન સંપાદિકા બનવાનાં ૯ વર્ષ પસાર કર્યા, જેથી 'અપૂર્વ શ્રુત આરાધિકા' પદવીથી વિભૂષિત પણ કરાયા. ૬૩ વર્ષનાં પ્રવજ્યાકાળમાં ભેદજ્ઞાનની તો કેવી તો સમતાની ઉપાસના કરી હશે કે અશાતાનાં તીવ્ર ઉદયમાં દેહની ગાંઠ અંદર જ ફૂટી જાય, ત્યારે ય તેની વેદનામાં વહેવાને બદલે કર્મગાંઠ છોડવામાં જ લીન દેખાય.

નાવલી નદીને તીરે ઉછરેલ દેવીબેન સાડા ૧૮ વર્ષની બાલી વયે, તપસમ્રાટ ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજનાં શ્રીમુખે દીક્ષામંત્ર ગ્રહણ કરી બન્યા **પૂજ્ય ઉષાબાઈ મહાસતીજી**, જેઓ કાળક્રમે 'ગુરુપ્રાણ ફાઉન્ડેશન'નાં પ્રેરક બન્યા.

ગોંડલ સંપ્રદાયનાં **'સૂર્ય-વિજય' સાધક બેલડી** તથા તેઓનાં ગુરુ **પૂજ્ય પાર્વતીબાઈ મહાસતીજી, પારસમૈયા**ને કંઠસ્થ હતા ૧૬ શાસ્ત્રો અને ૫૧ થોકડાં ઉપરાંત તલસ્પર્શીજ્ઞાન હતું ૩૨ આગમોનું. મજીઠીયો વૈરાગ્ય રંગ ધારણ કરનાર **મહાસતીજી બહુસૂત્રી સંતોકબાઈ સ્વામી** જ્યારે ૧૩ વર્ષનાં હતાં, ત્યારે ગોંડલ સંપ્રદાયમાં દીક્ષા લેવાની ભાવના પ્રબળ બની. જામનગરનાં જામ સાહેબે સ્વયં નાનકડી બાલિકા સંતોકને આમંત્રીને કહ્યું: 'મારા હાથ નીચે રહો દિકરીબા. કદી દુ:ખ ન આવે તેવું સાસરું શોધી દઈશ.' તો ઉત્તર મળ્યો: 'વડિલશ્રી, કદી વિધવા ન બનું તેવી બાહેંધરી આપો તો દીક્ષા ન લઉં. બાકી મારે તો આત્મકલ્યાણ જ કરવું છે.' આ સુણી જામસાહેબે પોતાન તરફથી બાલિકાની દીક્ષા જાહેર કરી. દીક્ષા પૂર્વે ૧૩ વર્ષની આ બાલિકાનાં ૧૩ વરઘોડાં નીકળ્યાં એ તો ઠીક, પણ સંતોકબેનનાં વૈરાગ્યનાં પ્રભાવે જામ સાહેબ દંપતિએ યાવત્જીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી, યાવજ્જીવ માંસ-મદિરાનો પણ ત્યાગ કર્યો.

તેવા જ હવે આવે છે ૧૩ વર્ષની નાની વયે કાળા દેવાંશી નાગને બચાવી જીવતદાન આપનાર અને રાણી લાખુબાનાં અતિથિઓને જે ઘેંટાઓનું માંસ પીરસવા તૈયાર કરાયેલ, તેને સૂંડલાભર બાજરા સામે જીવતા અને ગુપ્ત રીતે છોડાવી લઈ, મહાજનને સોંપી દઈને મેંદરડાનાં દરબારગઢમાં ખલબલી મચાવનાર **પ્રભાવિકા મીઠીબાઈ મહાસતીજી**. તેમનું જીવનચરિત્ર કચ્છના આઠ કોટિ મોટાપક્ષ સાહિત્યરત્ન પંડિતશ્રી રત્નચંદ્રજી મહારાજે પંચઢાળીયાં રૂપે ભૂજમાં રચેલું. ૪૦ વર્ષનાં દીક્ષાપર્યાયમાં તેમણે જૈનશાસન દિપાવ્યું.

**હેમકુંવરબાઈથી શરૂ થતાં લીંબડી સંપ્રદાય**નાં શ્રમણી કલ્પદ્રુમમાં સ્મરીએ વિશ્રાંતિનો વડલો શાસન **પ્રભાવિકા શ્રમણી બા.બ્ર. સ્વામીબા લીલાવતીબાઈ મહાસતીજી**ને. જરા એક દ્રશ્યની કલ્પના કરીએ: ગુરુણી પૂજ્ય દિવાળીબાઈ સમીપ સંથાર્યા હોય ને રાત્ર સર્પ ડંખ દે ત્યારે અપૂર્વ નિડરતાથી કચકચાવીને પાટો બાંધીને નવકારનાં સ્મરણમાં નિરત થઈ જનાર શિષ્યાને સવારે ગુરુણી સર્પ અને પાટાનો વૃત્તાંત પૂછે, ત્યારે જવાબ મળે: ''આત્મા આત્માથી શા માટે ડરે?'' આ એક જ વાક્ય જૈન શાસનને નિર્ભયતાનું પ્રદાન કરે તેમ છે! ૧૩ વર્ષની બાલીવયે રંગૂનમાં તેઓને વિચાર આવ્યો કે: 'કેટલું ચાલીએ તો સંસારનો અંત આવે?' ઉત્તર મળ્યો: 'કેટલું એની તો કેવળજ્ઞાનીને જાણ, પણ અંત આણવા એકમાત્ર વિરતિની વાટ જ નિકટ છે.' ને ૧૮મે વર્ષે તે વાટ પકડી... તે પછીના ૪૭ વર્ષ પર્યંત તેઓએ જૈનશાસનનં દરેક ક્ષેત્રે સુચારુ પ્રદાન કર્યું.

**શ્રી ખંભાત સંપ્રદાયનાં ઝળહળતા સિતારા, પ્રખર વ્યાખ્યતા**

**બા.બ્ર. પૂજ્યશ્રી શારદાબાઈ મહાસતીજી**નાં સદુપદેશથી ૫૧ દંપતિઓ ઉપરાંત અનેક લોહાણા દંપતિઓએ બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું. જેલમાં પણ તેઓ લિખિત પુસ્તકો દ્વારા ધર્મારાધના થઈ. તેઓના વ્યાખ્યાનના બહાર પડેલ ૧૩ પુસ્તકોની સંખ્યા ૧૦-૧૦ હજાર હોવા છતાં ય આજે અપ્રાપ્ય છે.

બરબાળા ગામે મહાશિવરાત્રિનાં રાત્રે ૧ વાગે આકાશમાંથી ચાંદીનો રથ ઉતરતો અને દેહાંત બાદ પરત આકાશમાર્ગે ચાલ્યો જતો જોનાર આજે ય ઘણા ભાગ્યશાળીઓ વિદ્યમાન છે. શાસ્ત્રોના એવા મહાપંડિતની દિકરી એટલે **મહાસતીજીશ્રી ઉજ્જવલકુમારીજી**, એ સમયે જેઓ હતા ફક્ત દોઢ વર્ષનાં. આ પ્રજ્ઞાવાન બાલિકા અંજવાળીએ પણ માત્ર ૧૧ વર્ષની વયે બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું ને ૧૪ વર્ષની ઉંમરે અજમેર સંમેલનમાં ભાષણ આપી જૈન શાસનનો ડંકો વગાડયો. તેઓની બાળદીક્ષાનો વિરોધ થતા પુના કોર્ટમાં ન્યાયાધીશ સમક્ષ 'હું આત્મકલ્યાણ અને જનકલ્યાણ માટે દીક્ષા લઉં છું, કોઈ જબરદસ્તીથી લેતી નથી' એમ નિડરતાપૂર્વક કહ્યું. નિત્ય ૯ કલાકનાં મૌન, શાસ્ત્રોનો ગહન અભ્યાસ, મધુરી વક્તૃત્વકલા એ તેઓનો પરિચય. મહાત્મા ગાંધીજી સાથે કરેલ અહિંસાની ચર્ચા ને વ્યાખ્યાનોમાંથી તૈયાર થયેલ પુસ્તક 'ઉજ્જવળ વાણી' એ સર્વ ઋષિ સંપ્રદાય ઉપરાંત સમસ્ત જૈન શાસનની મુઠી ઉંચેરી સેવા છે.

**તેરાપંથી ડૉ. સાધ્વી અક્ષયપ્રભાજી**એ જૈન વિશ્વભારતી સંસ્થામાં જૈનાગમમાં એમ.એ. પી.એચ.ડી કરી 'ઉત્તરાધ્યયનની શેલી – વૈજ્ઞાનિક અધ્યયન'નાં લેખિકા બની અનેકાનેક આંતરાષ્ટ્રીય સંમેલનોમાં જઈ જૈનધર્મનો પ્રચાર- પ્રસાર કરેલ. ડૉ. **મુક્તિપ્રભાશ્રીજી** અને ડૉ. **દિવ્યપ્રભાશ્રીજી**એ પુસ્તક લેખન ઉપરાંત 'લોગસ્સ ધ્યાનકેન્દ્રો' ખોલી શાસનસેવા કરી છે. ત્રિકાળ વંદન. દેરાવાસીમાં હવે સંભારવા યોગ્ય છે **વાગડ સમુદાયનાં પૂજ્ય સાધ્વીજીશ્રી અનુપમાશ્રીજી મહારાજ**. રોજ દેરાસર જઈ ૧૧ સ્તવનોનું મુક્ત કંઠે ગાન કરે અને તેઓની એ ભક્તિધારામાં સૌ ભીંજાય. એ સ્તવનો એક મહિના સુધી જેમ બીજી વાર ન જ આવે તેવી રીતે જ રોજ એક સજઝાય બોલે જે આખા વર્ષમાં ફરીથી ન આવે! વય વધતાં આંખો અખમ બની, તેથી પઠન-પાઠનને બદલે મહામંત્રનાં જાપમાં ઊંડા ઉતરી ગયા. રોજનાં ૨૦ કલાક જાપ કરતાં અજપાજાપ થઈ જતાં રોજનાં ૧ લાખ નવકાર ગણાવા માડયાં. માત્ર ૧ જ કલાકની નિદ્રા, બાકીનો બધો જ સમય કર્મનિર્જરા! તેઓની પાલીતાણાના હસ્તગિરિ સમીપની અગ્નિસંસ્કાર ભૂમિમાંથી આજે પણ રાત્રિની નિરવતામાં શ્રી નમસ્કાર મહામંત્રનો નાદ સંભળાય છે... તેનું કારણ છેઃ તેમણે આત્મભાવે ગણેલા ૪૫ કરોડ નવકાર મહામંત્રો! વિશ્વશાંતિ અર્થે કરેલ આ ભાવપૂર્વકનાં જપ અનુષ્ઠાનને ત્રિકાળ વંદના.

**પૂજ્ય આચાર્ય પંજાબકેસરીશ્રી વલ્લભસૂરિજી સમુદાયનાં સાધ્વીશ્રેષ્ઠા પૂજ્યશ્રી મૃગાવતીશ્રીજી**એ તો પંજાબમાં જૈનધર્મ પરત્વેની જાગૃતિ આણીને કમાલ જ કરી છે! વળી હિમાચલનાં કાંગડા તીર્થનો જિર્ણોદ્ધાર કરાવવા તેઓએ કેટલાંયે વર્ષ ત્યાં જ મુકામ કરીને શ્રી જૈન સંઘ ઉપર બૃહદ્ ઉપકાર કર્યો છે. આ જ સમુદાયનાં **પૂજ્ય સાધ્વીજી દેવશ્રીજી** મહારાજે ભારત-પાકિસ્તાનનાં ભાગલા સમયે લાહોરથી ૮૦,૦૦૦ જૈનોને સંપૂર્ણ સુરક્ષા સાથે ભારત પહોંચાડેલ.

**આચાર્ય રાજ્યશસૂરીશ્વરજી મહારાજના બેનમહારાજશ્રી પૂજ્ય સુભદ્રાશ્રીજી મહારાજે** પલ્લીવાલ પ્રદેશમાં ૧ લાખ રાજપુત ભાવિકોને જૈનશાસનનાં સિદ્ધાંતો રૂપે આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંત, સંસારમાં અપરિગ્રહ અને હૃદયમાં ક્ષમાપના સમજાવ્યા. તેઓ આજે જૈનધર્મ પાળી રહ્યા છે.

**સાગરજી સમુદાયનાં પૂજ્ય રંજનશ્રીજી સાધ્વીજી મહારાજ** સહિત અન્ય સાધ્વીજીઓએ તો કલ્યાણક મહાભૂમિ એવા શ્રી સમેતશીખરજી તીર્થનો ઉધ્ધાર કરવામાં પ્રધાન અને અગ્રેસર ભાગ ભજવેલ છે.

**અધ્યાત્મમૂર્તિ પૂજ્ય કલાપૂર્ણસૂરિજી સમુદાયનાં** અનેક સાધ્વીજીઓએ તો અગણ્ય પ્રશસ્ય કાર્યો કર્યા છે, કિન્તુ **પૂજ્ય સાધ્વીજી ચતુરશ્રીજી મહારાજ**એ તો ૧૦૦ નાના-મોટા દેરાસર-ઉપાશ્રયો-તીર્થોનાં જીર્ણોદ્ધાર કરાવી શાસનની સેવા કરેલ છે.

પરમ વિદુષી **પૂજ્ય પદ્મલતાશ્રીજી મહારાજ**ને સ્મરીએ તો તેઓ ફક્ત વિશાળ પરિવારધારક જ નહીં, કિન્તુ **પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ**નાં સામીપ્યમાં રહી, જ્ઞાનસુધારસ પાન કરીને અધ્યાત્મ અમૃત પાનાર મહાન આત્મા હતા. આંતરઊંડાણધારી, અનુપ્રેક્ષાકારી એવા તેઓએ આલખેલ 'સાધકોનો અંતર્નાદ', 'નવપદજી આરાધના', 'શક્રસ્તવ' પુસ્તકોનું પઠન તો આજનાં સૂરિજીભગવંતો પણ કરે છે ને આ સરસ્વતીસુતાનાં ગુણપ્રકર્ષને સરાહે છે.

તપાગચ્છનાં શ્રીમદ્વિજય સિદ્ધિસૂરિશ્વરજી બાપજી મહારાજ સમુદાયનાં ૧૬ ભાષાનાં જાણકાર, આગમ સંશોધક-સંવર્ધક-શુદ્ધિકારક-અનુવાદક-સંકલનકાર એવા **પરમ પૂજ્ય મુનિરાજશ્રી જંબુવિજયજી**થી જૈનશાસન સુપરિચિત છે. તેઓનાં જન્મદાતા એવં ધર્મપ્રેરક માતા મણીબેન એટલે **શતાયુષી પૂજ્ય સાધ્વીશ્રીજી મનોહરશ્રીજી 'બા મહારાજ'**. 'જીવીચાર' ભણાવતાં જે રીતે જીવોનાં ૫૬૩ ભેદોનું સવિસ્તર વર્ણન કરે, ત્યારે જાણે સર્વજીવ પરત્વે મૈત્રીભાવ સ્થિર જ થઈ જાય! ૫૬ વર્ષનાં સંયમપર્યાયમાં ઘર-ઘરમાં સ્વર્ગ રચવા મનભેદ-મતભેદો દૂર થઈ જાય તેવો તો કર્મગ્રંથ ભણાવવાનો પણ યજ્ઞ ચલાવેલ. જ્ઞાન-તપ-ધ્યાનક્ષેત્રે મનોહર એવા પૂજ્ય બા મહારાજે સૌથી મોટું પ્રદાન તો પોતાના ૧૪ વર્ષનાં જ શિશુરત્નની શ્રી જિનશાસનને ભેટ આપી તે જ.

**અચલગચ્છનાં હ્રીંકારશ્રીજી સાધ્વીજી મહારાજે** ૧૦ વર્ષની

વયે દીક્ષા લીધી તે વખતે જ શુભ વિચાર મળ્યો કેઃ જ્ઞાતાભાવ પામવા રોજેરોજ ૬ નવી ગાથા થાય તો ૧૮ વર્ષે ૨૧,૦૦૦ ગાથા કંઠસ્થ થઈ જાય અને ખરેખર ૨૮ વર્ષની વયે તે લક્ષ્યાંક તેઓએ સિદ્ધ પણ કરી લીધો! કેવું સરાહનીય!

શ્રી આનંદઘનજીનાં શબ્દોઃ 'આતમધ્યાની શ્રમણ કહાવે' એ શબ્દો ચરિતાર્થ થતાં જોવા મળ્યાં છે **પૂજ્ય સાધ્વીજીશ્રી લક્ષ્મણાશ્રીજી**માં. પૂર્વે સંસાર માંડવો પડયો પણ પૂજ્ય મેઘસૂરિજી આચાર્ય મહારાજ પાસે દીક્ષા ન લેવાય ત્યાં સુધી આયંબીલનો લીધો હતો અભિગ્રહ. દિકરો ૧૦ વર્ષનો થતાં ઘરમાં જ વેશ બદલી લીધો. ૭૫ વર્ષની જૈફ વયે થયાં સંપૂર્ણ સંથારાવશ, રુગ્ણ, અસ્થિશેષ શરીર. મોં-પેટમાં જાણે અંગારા ભર્યા હોય તેવી લાહ્ય બળે. શરીરનો નીચેનો ભાગ અચેતનવત્-જડ. આવી પરિસ્થિતિમાં રોજ પચ્ચક્‌ખાણ કરતી વખતે રકઝક થાય, કારણકે તેઓને માસક્ષમણનું જ પચ્ચક્‌ખાણ કરવું હોય. જીવનની એકમાત્ર અભિલાષા. મ્યાન અને તલવારની જેમ દેહ-આત્મા જુદા જ છે એવું દર્શન કરાવનાર આ આત્માએ નાગકેતુની જેમ હવે પછીના જન્મમાં 'માસક્ષમણ' શબ્દ સાંભળતાંવેંત આ ભવની તીવ્રતમ ઝંખનાનું અનુસંધાન જ કર્યું હશે.

**ગચ્છાધિપતિશ્રી પરમ પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી સમુદાયનાં પૂજ્ય સાધ્વીજીશ્રી મનોગુપ્તાશ્રીજી મહારાજે** અમદાવાદ ભંડેરીપોળમાં મુસલમાનોની વચ્ચે ૪૦ વર્ષ રહી જિનાલયજીનું રક્ષણ કર્યું. મુસલમાનો મૂર્તિ તોડવા આવે તો બે હાથ પહોળા કરી કહેતા કેઃ 'મારા ભગવાનને સ્પર્શતા પહેલાં મને જ મારો'. મુસલમાનો પણ તેના આ રૌદ્રરૂપથી ડરતા.

પ્રાંતે આ જ સમુદાયનાં જ '**દર્શનશિશુ**' **સાધ્વીરત્ના પૂજ્ય હર્ષપૂર્ણાશ્રીજી તથા પૂજ્ય જયપ્રજ્ઞાશ્રીજી** મહારાજ. દેશનાં ભાગલાં વખતે કરાંચીથી આગબોટમાં બેસી ભાગી આવીને મોસાળ સાવરકુંડલામાં પરિવાર તો સ્થાયી થયો, કિન્તુ ચોતરફ હિંસાનું સામ્રાજ્ય જોઈ સ્થિર ન થયા હીરાબેન - જયાબેન. ભાષાસજજતા, જ્ઞાનરુચિ, અલંકારચાતુર્ય, સમસ્યાવિનોદ, પદ્યકૌશલ્યની વિલક્ષણતાઓ જાણે તેઓને હતી જન્મજાત. **શીઘ્ર કવિયત્રી પૂજ્ય હર્ષપૂર્ણાશ્રીજી**ને સ્વાનુભવોને સાહિત્યમાં ઢાળવાની આવડત હોવાથી સાહિત્ય સર્જનમાં ડંકો વગાડયો. ચુસ્ત ચારિત્રપાલનથી વાલકેશ્વર જેવા સંઘોમાં તો તેઓએ ધર્મ પ્રરૂપણા કરી જ, ઉપરાંત માલેગાંવ જેવા અનેક ચાતુર્માસોમાં અગણ્ય મુસલમાનો તથા ભીલોને પણ માંસાહાર સાથે ૭ વ્યસનો છોડાવી નવકાર ગણતા કરેલ. આ સર્વ ઉર્ધ્વ ચેતનાને શત-સહસ્ત્ર વંદન.

અહીં મારા શોધપત્ર સમો જે સ્વાધ્યાય રજુ કર્યો છે, તે તો વિદુષી સાધ્વીજીઓનું ફક્ત બે ટકા જેટલું જ પ્રદાન આવરી શકાયું છે તેમ માનું છું.

**સમોવસરણની ઝાંખી કરીએ તો આ બધા જ મહાન આત્માઓ મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીની પર્ષદામાં આગલી હરોળમાં બિરાજેલા દેખાય, એવા શ્રમણી ભગવંતોનાં જીવન-કવન ને શાસનપ્રદાનની વાતોનો સ્વાધ્યાય કરવાનો મને સોનામહોર સમો સમયખંડ ભેટ મળ્યો તેને હું મારૂં સૌભાગ્ય લેખું છું.**

નમસ્કાર. ❑❑❑

રાજકોટ

bharti@mindfiesta.com / સંપર્કઃ ૯૮૨૫૨૧૫૫૦૦

# વિપશ્યનાની સાધના પદ્ધતિ

**તત્વચિંતક વિઠ્ઠલભાઈ પટેલ**

**જે** કોઈ માણસ પોતાના જ સત્યમાં સ્થિર થઈ, દંભથી મુક્ત થઈ, અમૃતરૂપ જીવન જીવવા, નિષ્ઠાપૂર્વક અંતર દૃષ્ટિ પ્રાપ્ત કરી, આત્મ-જ્ઞાનમાં સ્થિર થઈ પોતાની પરમ ચેતનામાં જાગૃતતાપૂર્વક સ્થિર અને સ્વસ્થ રીતે આત્મસ્થ થઈને સુખ શાંતિ અને આનંદથી જીવન જીવવા માંગતા હોય, તેમનાં માટે ચિત્તને સ્થિર અને શુદ્ધ કરવા માટેની ઉત્તમ સહેલી અને સરળ પદ્ધતિ છે, વિપશ્યના જ છે, તેમાં પારંગત થવું જોઈએ, એજ જીવનની મોટી સિદ્ધિ છે.

વિપશ્યનાની સાધનામાં સફળતા પ્રાપ્ત કરવા માટે શીલનું પાલન કરવું આવશ્યક અને સત્ય અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યનો જીવનમાં સ્વીકાર કરવો જોઈએ, વિપશ્યાની સાધનાએ ધ્યાનની સાધના છે, જે દ્વારા પરમ ચેતના સાથે અદ્વૈતતા પ્રાપ્ત કરવાની છે, અને દ્વૈતથી મુક્ત થવાનું છે...

વિપશ્યના ધ્યાન દ્વારા મન બુદ્ધિ અને વાસનાઓને શુદ્ધ સ્થિર અને નિયંત્રિત કરવાના હોય છે, એટલે ધ્યાનની સફળતા માટે શીલ, સદાચાર, સદવિચાર, સમ્યક દૃષ્ટિ, સમ્યક આચાર, સમ્યક વિચાર સહજતા, સરળતા, સત્યતા અને સમતા વગેરેનું જીવનમાં આચરણ જરૂરી છે, આવા શુદ્ધ સાત્વિક આચરણ દ્વારા જ આપણો જીવાત્મા જાગે છે, અને આત્મ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને અદ્વૈતતા પ્રાપ્ત થાય છે.

જે માણસને વિપશ્યનાની સાધના દ્વારા પોતાનાં આખા જીવનનું આંતરીક પરિવર્તન કરવું છે, તેમણે ધીમે ધીમે પોતાના આંતરિક મળોથી મુક્તિ પ્રાપ્ત કરવી જ પડે, આંતરિક શુદ્ધતા દ્વારા જ આંતરિક પરિવર્તન શક્ય બને, અને જીવનમાં શુદ્ધતા અને સ્થિરતા એજ જીવનની સિદ્ધિ છે.

વિપશ્યના સાધકે એ વાત પર પૂરો વિશ્વાસ રાખવો જોઈએ,

કે સદાચાર, સદવિચાર, સમતા, વિવેક અને શીલનાં આચરણ દ્વારા જ આંતરદષ્ટિ પ્રાપ્ત થાય છે, અને આંતર ચેતનામાં સ્થિર થઈ શકાય છે, અને આત્મ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જ્યારે ધ્યાનની સાધનામાં બેસીએ છીએ, ત્યારે ઘણીવાર અશોભનીય ચિત્રો મન આગળ આવતા હોય છે, આવા વખતે ભયગ્રસ્ત થવાનું નથી, તે ચિત્રોની સાથે વહેવાનું પણ નથી, તેને તરત સાક્ષી ભાવે જોતાં જ તે વિલીન થઈ જતા હોય છે, એટલે આનાથી ગભરાટ થવો જોઈએ નહીં, આવા ચિત્ર વિચિત્ર ચિત્રો દેખાતા હોય છે, તે સાવ જ સ્વાભાવિક પ્રક્રિયા છે.

વિપશ્યનાની સાધનાએ નિર્વાણ મુક્તિની પરમ મંગલમયી સાધના છે, એટલે આ આખો માર્ગ જ મંગલમય છે, એટલે આ માર્ગ પર ચાલનારને પૂરો વિશ્વાસ હોવો જોઈએ, કે આ માર્ગ પર ચાલવાથી કલ્યાણ જ થનાર છે, તેવી પાકી શ્રદ્ધા અને વિશ્વાસ અંતરમાં હોવી આવશ્યક છે, જ્યાં હૃદયની પાકી શ્રદ્ધા અને વિશ્વાસ હોય છે, ત્યાં સફળતા મળે જ, એટલે સફળતા બહારથી મળવાની નથી, પણ અંતરમાંથી જ મળવાની છે, ઉભી કરવી પડે છે, એટલે આ સાધનામાં ઉતરતાં પહેલાં પુરેપુરી શંકા કુશંકાથી મન મુક્ત હોવું આવશ્યક છે, એટલે પ્રથમ બધી જ માહિતી મેળવી લેવી આવશ્યક અને જરૂરી છે, જેથી અંતરની શ્રદ્ધા અને વિશ્વાસ ડગે નહીં.

એટલું સ્પષ્ટ સમજી લેવું જરૂરી છે કે જગતના કોઈ પણ શાસ્ત્રમાં જ્ઞાન નથી, તે માત્ર ને માત્ર માહિતી છે, એટલે શાસ્ત્રના વાચનથી પાંડિત્ય જરૂર પ્રાપ્ત થાય, માહિતીવાન બની શકાય, જ્ઞાનવાન હરગીજ બનાય નહીં, એટલે જ્ઞાન પ્રાપ્ત થાય જ નહીં, અને જ્ઞાન જેવી જગતમાં કોઈ ચીજ પવિત્ર નથી, એટલે જ્ઞાનને ધારણ કરનાર પવિત્ર જ બની જાય છે.

કથાકારો અને ધર્માત્માઓ પોપટની જેમ બોલી જાય છે, તે જ્ઞાન નથી, માહિતી છે, અને માહિતીથી કોઈ દિવસ દળદર ફીટે જ નહીં, એટલું બરાબર સમજી લ્યો, તેનાથી કદી પણ કોઈનું કલ્યાણ આજ સુધીમાં થયું પણ નથી, તે હકીકત છે.

જ્ઞાન તો આંતર સાધના દ્વારા જ્યારે અંતર દૃષ્ટિ ખુલે, આંતર ચેતનામાં સ્થિર થવાય ત્યારે જે અંતરમાંથી જ્ઞાન પ્રગટે તેનું નામ જ્ઞાન છે, આવું જ્ઞાન પ્રાપ્ત કરવાની વિધિ વિપશ્યના છે, અને જ્ઞાન એજ અમૃત છે.

વિપશ્યનાની સાધનામાં લાંબો સમય બેસવાનું હોય છે, એટલે જે આસન આપણને વધુ અનુકૂળ લાગે અને જેમાં લાંબો સમય બેસી શકાય તે આસન પસંદ કરવું, ધ્યાન દરમિયાન વારંવાર આસન બદલવાનું નથી, કે હલનચલન કરવાનું નથી, જેમાં બેસવાથી વધુ સુખ રૂપ લાગે તેમાં બેસો, જો જમીન બેસવાનું ફાવતું ન હોય તો ખુરશી વગેરેનો પણ ઉપયોગ કરી શકાય છે, તેમાં કાંઈ જ વાંધો નથી, પણ જ્યાં બેસો ત્યાં સ્થિર જ બેસવાનું છે, શરીરને સાવ ઢીલું મૂકી દેવાનું છે, કોઈ અંગ હલાવવાનું નથી.

જ્યારે ધ્યાનમાં બેસો ત્યારે મન પ્રસન્ન હોવું આવશ્યક છે, એટલે કે ક્રોધ, રાગ-દ્વેષ, અહંકાર, કામના, વાસના વગેરે બધું જ બહાર મૂકી દેવું જરૂરી ને આવશ્યક છે, અને પૂરેપૂરું મનનું મૌન ધારણ કરવાનું છે, એટલે કે મન વિચારોથી મુક્ત હોવું, આવું મૌન સાધતા વાર લાગે છે, પણ જો પ્રયત્ન કરશો તો સફળ થશો જ.

માણસના મનની સ્થિતિ એવી છે, કે તેનાથી કોઈ કામ અશક્ય નથી, માત્રને માત્ર સત્યના રસ્તે પુરુષાર્થ જ માગે છે, એ જો આપણે વિવેક સાથે સમજીને હૃદયસ્થ થઈને, સત્યને સાથે રાખી પુરુષાર્થ કરીએ તો ગમે તેવા અઘરાં કામો પણ થઈ જતા જ હોય છે, ને તેમાં સફળતા મળે જ છે, માત્રને માત્ર સત્ય સાથે હોવું જોઈએ.

જીવનમાં એટલું સમજી લ્યો કે કોઈના પણ આશીર્વાદથી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી જ નથી, કે કોઈ કોઈને સુધારી પણ શકતું જ નથી, કોઈ કોઈને જ્ઞાન પણ આપી શકતું જ નથી. આ શબ્દો હૃદયસ્થ કરી લ્યો, અને આત્મસ્થ થઈને સત્યને સાથે રાખીને જીવન જીવે જાવ, ત્યાં જ કલ્યાણ છે.

**અભ્યાસની શરૂઆત**

વિપશ્યનાની સાધનામાં સ્વસ્થ રીતે પ્રસન્ન ચિત્તે ટટાર બેસી જાવ, ધ્યાન શ્વાસના આવન-જાવન પર લઈ જાવ, શ્વાસ અંદર જાય, તેની સાથે અંદર જાવ, અંદર રોકાય છે, ત્યાં રોકાવ અને બહાર નીકળે છે, તેની સાથે બહાર નીકળો, અને બહાર રોકાય છે, ત્યાં તેની સાથે જ રોકાવ અને પાછો અંદર જાય તેની સાથે અંદર જાવ. ટૂંકમાં એક સેકન્ડના સોમાં ભાગ જેટલા સમય માટે પણ શ્વાસને રેઢો મુકવાનો નથી, એટલું જ આપણે સ્વસ્થ ચિત્તે જાગૃતતાપૂર્વક સત્યતાપૂર્વક કરવાનું છે, આનાથી વિશેષ કાંઈ જ નહીં.

શ્વાસને નથી અડવાનું એટલે કે જેમ ચાલતો હોય તેમ જ ચાલવા દેવાનો છે, નથી ઝડપી બનાવવાનો કે નથી ધીમો કરવાનો, કે નથી તેને અંદર કે બહાર રોકવાનો, તેને કંઈપણ કરવાનું જ નથી, જેમ ચાલતો હોય તેમ ચાલવા જ દેવાનો છે.

વિપશ્યનાની સાધનામાં માત્ર એટલી જ જાગૃતતા રાખવાની છે, કે એકપણ શ્વાસ આપણા ખ્યાલ બહાર લેવાય નહીં, કે મૂકાય જ નહીં, એટલે કે આપણું બધું જ ધ્યાન શ્વાસને જોવામાં જ રહેવું જોઈએ, જરાક ધ્યાન ખસ્યું હોય તો તુર્તજ પાછું લઈને વાળી લઈને તેને શ્વાસ સાથે જોડી દેવાનું છે, આટલું જ પુરેપૂરી જાગૃતતા-પૂર્વક સત્યતા સાથે ધ્યાનને શ્વાસ સાથે જોડી જ રાખવાનું છે, આ દેખાય એટલું સરળ અને સહેલું નથી, પણ લાંબા ગાળાના અભ્યાસથી આ શક્ય બને છે.

આપણે જ્યારે શ્વાસ સાથે જોડાઈએ છીએ કે તુર્તજ આપણું શરીર તેનો પ્રતિકાર કરવા માંડે છે, ક્યાંક હાથ હલાવવાનો ઇચ્છા થશે, ક્યાંક કળતરનો અનુભવ થશે, પગને લંબાવવાનું મન થઈ

જશે, ક્યાંય ચળ આવશે, આ બધા જ આ સાધનાના વિક્ષેપો છે, તેને જરા પણ ગણકારવાનાં નથી, નિરંતર શ્વાસ સાથે જોડાણ રાખવાની જ આ સાધના છે, પણ સાક્ષી ભાવે જોવાના છે, તેના ઉપર ધ્યાનને કોઈપણ પરિસ્થિતિમાં લઈ જવાનું નથી, કોઈ ખલેલ પડવી જોઈએ જ નહીં, તેનું બરાબર ધ્યાન આ સાધનામાં રાખવાનું છે.

આપણું મન જ બધી ક્રિયા કરતું હોય છે, તેને જરા પણ નિયંત્રિત થવું ગમતું જ નથી, માટે તે બધા જ નુસખા નિરંતર કરતું હોય છે, તેને તાબે થવાનું નથી, તાબે થયા એટલે તમો અસફળ થશો અને મન જ આ બધી જ ખલેલ ઊભી કરતું હોય છે, તેને જરાપણ તાબે થવાનું નથી.

આપણી આ સાધનામાં શ્વાસ નિરીક્ષણની બાબતમાં બીજો એક મોટો અવરોધ આવે છે, તે છે આપણા વિચારો. આ વિચારોને નિયંત્રિત કરવા એ જ મોટી સાધના છે, માંડ બે ચાર શ્વાસ જોયા ન જોયા ત્યાં મનમાં અનેક વિચારો ઉઠવા લાગે છે, અને આપણું ધ્યાન શ્વાસ ઉપરથી ખસી જાય છે, અને મન વિચારોમાં જ તલ્લીન થઈ જાય છે, આમ વિચારો આપણા ધ્યાનમાં હુમલો કરે છે, આ મોટામાં મોટું વિઘ્ન છે, તેનો ઉકેલ માત્ર વિવેક અને સમજથી લાવવો પડે છે, એમાં દબાણ કામ આવતું જ નથી.
કોઈપણ વિચારને દબાવવાથી કાંઈ વિચાર શમશે જ નહીં, જેમ જેમ વિચારને દબાવાશો તેમ તેમ તે ઉછળશે, માટે વિચારને દબાવવાના નથી, પણ તેની સાથે દોસ્તી બાંધી, તેને માત્રને માત્ર જાગૃતિપૂર્વક જોયા જ કરો, તેની સાથે વહેવા માંડો નહીં, માત્રને માત્ર સાક્ષી ભાવમાં સ્થિર થઈને જોયા જ કરો, આમ કરશો એટલે આપોઆપ વિચારો શમી જશે, અને વિચાર આગળ વધતો અટકી જ જશે, ટૂંકમાં આપણે જેટલા જાગૃતિપૂર્વક વિચાર સાથે સમાધાન કરશું તેમ તેમ તે વિચાર શમી જ જશે.

આમ વિચારોને બાજુ પર જાગૃતતાપૂર્વક મુકીને આપણે જાગૃતતાપૂર્વક શ્વાસને જોવાની સાધનામાં આગળને આગળ વધવાનું છે, જ્યારે આપણી સાધનાની શરૂઆત હશે, ત્યારે ક્યાંકને ક્યાંક થતી પીડા અને વિચારો આ બન્ને વિઘ્નો શરૂઆતમાં વધારે ને વધારે જોર કરશે, પણ આપણે જો સમજપૂર્વક વિવેકને સાથે રાખીને સાક્ષી ભાવમાં સ્થિર થઈને જાગૃતતાપૂર્વક સમતા ધારણ કરીને જો સાધનામાં મસ્ત જ રહેશું, તો આ વિઘ્નોના ઉધામા ધીરે ધીરે શમી જશે, અને શરીર અને મન બન્ને સંધાતા જશે, અને સાધનામાં સ્થિરતા ધીમે ધીમે આવતી જ જશે, થોડી વાર લાગશે, માટે ધીરજ અને શ્રદ્ધાપૂર્વક આગળને આગળ વધવું જ પડશે, તો જ સિદ્ધિ હાથવગી થશે જ.

આ વિપશ્યનાની આખી સાધના માત્ર ને માત્ર શ્વાસની સાથે સંલગ્ન થઈને જોડાઈ રહેવાની જ સાધના છે, એટલે કે જોતાં જ રહેવાની છે, જેમ જેમ આમાં આગળ વધશો તેમ તેમ વિવિધ પ્રકારની અનુભૂતિઓ થવા લાગશે, તે અનુભૂતિઓ સાથે સંલગ્ન થવાનું નથી, તેને પણ સાક્ષીભાવે જોવાની છે, એટલે તે આપો આપ શમી જશે.

આ સાધનામાં જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ ઘણી વખત શ્વાસ ગરમ લાગશે, તો ઘડીકમાં સાવ જ ધીમો લાગશે, તો ઘડીકમાં સતેજ લાગશે તો ઘડીકમાં સાવ જ ઠંડો લાગશે, આમ શ્વાસમાં ફેરફારો થતા માલુમ પડશે, આ બધી જ પરિસ્થિતિને માત્રને માત્ર જોયા જ કરવાની છે, તેની સાથે વહેવા માંડવાનું નથી.

વિપશ્યનાની સાધનામાં આવી જે કંઈ પણ અનુભૂતિઓ થાય તેની સાથે આપણા રાગ કે દ્વેષને જોડવાના નથી, પણ સાવ જ અલિપ્ત રહેવાનું છે, અસંગ બની રહેવાનું છે, અસંગતા, અલિપ્તતા અને કર્તૃત્વરહિતતા એ જ આધ્યાત્મ સાધનાનો પાયો છે.

આ આખી સાધનામાં સૂક્ષ્મથી સૂક્ષ્મતા પ્રાપ્ત કરવાની સાધના છે, એટલે કે મનને આ કક્ષાએ લઈ જવાનું છે, એટલે જ્યારે શ્વાસ લઈએ છીએ ત્યારે તે ઠંડો હોય છે, અને શ્વાસ બહાર કાઢીએ છીએ ત્યારે તે ગરમ હોય છે. આ ગરમી અને ઠંડી આપણા નાકના અગ્ર અંદરના ભાગમાં અનુભૂતિ થાય છે, કે નહીં તે જોતાં રહેવું જોઈએ, જો આ અનુભૂતિ થાય તો આપણી સાધનામાં આપણે બરાબર આગળ વધી રહ્યા છીએ, આ આખી સાધનામાં જેમ જેમ આપણે શ્વાસ સાથે વધુને વધુ ઘનિષ્ઠ રીતે જોડાતાં જઈશું તેમ તેમ આપણી વાસના, કામના, ઈચ્છા, અપેક્ષા, તૃષ્ણાઓ વગેરે ક્ષીણ થતા જશે, અને મનના જે આવેગો છે, રાગ દ્વેષ વગેરેની જે દોડ છે. મનની ચંચળતા છે, તે શાંત થવા માંડશે, અને આખું ચિત્ત વિકારરહિત થતું જશે.

આમ આ વિપશ્યનાની સાધના દ્વારા આપણો આખો સ્વભાવ સમગ્ર રીતે બદલાઈ જતો હોય છે, અને માણસ વધુ ને વધુ શાંત સ્વસ્થ અને પ્રસન્નતામાં સ્થિર થઈ જતો હોય છે, આમ આ સાધના માણસનું આંતરિક પૂરેપૂરું પરિવર્તન કરી નાખે છે, અને નિરંતર આપણી પોતાની ચેતનામાં સ્થિર થઈને જાગૃત અવસ્થામાં જ સાધક જીવે છે, જેથી માણસ અમૃતરૂપ જીવન સફળતાપૂર્વક જીવી જ શકે છે.

એટલે સ્પષ્ટતા કરું છું કે આ વિપશ્યનાની શ્વાસ સાથેના જોડાણની સાધના એ સામાન્ય સાધના નથી, કારણકે શ્વાસને નિરંતર જોયા કરવો અને તેની સાથે જોડાઈ રહેવું, તે વર્તમાનમાં સ્થિર થવું છે. કારણકે શ્વાસ વર્તમાનમાં ચાલે છે, એટલે તેની સાથેનું જોડાણ પણ વર્તમાન જ હોવાનું, એટલે વર્તમાનમાં સ્થિર રહેવું તેજ જીવન છે, અને વર્તમાનકાળ જ આનંદ સ્વરૂપ છે, ભવિષ્યકાળ તો ચિંતાગ્રસ્ત છે, જ્યારે ભૂતકાળ દુ:ખદાયક છે, એટલે વર્તમાન જ જીવવા જેવો છે.

આમ વિપશ્યનાની સાધના એટલે વર્તમાનમાં જાગૃતિપૂર્વક જીવન જીવવાની સાધના છે, વિપશ્યનાનો સાધક નિરંતર શ્વાસ સાથે જોડાઈ રહેતો હોવાથી તે વર્તમાનમા જ પરમ ચેતના સાથે

જોડાઈ રહીને પૂરેપૂરી જાગૃતતાપૂર્વક જીવે છે, જેથી તેનું સમગ્ર જીવન અમૃતમય હોય છે.

માણસના જીવનની વિશેષતા છે, કે તે ભાગ્યે જ વર્તમાનમાં જીવતો હોય છે, વર્તમાન જ જીવવા જેવો છે, તેમાં જ આનંદ અને પરમ સુખની પ્રાપ્તિ છે, પણ માણસ આમાં જીવતો જ નથી, કાંતો તે ભૂતકાળમાં આંટા મારતો હોય છે, ને ભૂતકાળને યાદ કરીને દુઃખી થતો હોય છે, કાંતો તે ભવિષ્યની આશા અપેક્ષા અને તૃષ્ણાના અને ભાવી કલ્પનાઓમાં જ રમણ કરતો હોય છે, તેથી તે ચિંતાગ્રસ્ત જ હોય છે, માણસ એટલું સમજતો નથી કે ભૂતકાળ ચાલ્યો ગયો છે, જે માણસના હાથમાં નથી, અને ભવિષ્યકાળ આવવાનો છે, આવે ત્યારે ખરો, કદી આવતો પણ નથી, જ્યારે વર્તમાન જ માણસના હાથમાં છે, એટલે તેમાં જ જીવી લેવું જોઈએ, અને તેમાં જ જીવી જવા જેવું છે, તે વિપશ્યનાની સાધના દ્વારા શીખી શકાય છે, અને વર્તમાનમાં જ સાધના સ્થિર કરે છે, તે જ તેની વિશેષતા છે. કારણકે શ્વાસ વર્તમાનમાં ચાલે છે, ને સાધક શ્વાસ સાથે જોડાયેલો રહે છે, એટલે આપો આપ તે વર્તમાનમાં જીવે છે, ને વર્તમાનનો આનંદ લૂટે છે, તે જ તેની વિશેષતા છે. જે માણસ જીવનની વાસ્તવિક્ત ને અને સત્યને પકડીને જાગૃતિપૂર્વક જીવે છે, તે પોતાના જીવનમાં ક્યારેય નિરાશ કે હતાશા થતો જ નથી, કારણકે જાગૃત માણસ પોતાના આત્મા સાથે જોડાયેલો હોય છે, અને તે આત્મસ્થ હોય છે, અને આત્માના અવાજને જાણીને તે પ્રમાણે જ જીવનમાં વ્યવહાર અને આચરણ કરે છે, જેથી તે સત્યને પૂરેપૂરો વળગેલો જ હોવાનો આમ તે સત્યને વળગેલો જ હોય છે અને સત્ય એ જ પરમાત્મા છે, માટે તે પરમાત્મા સ્વરૂપ જ હોવાનો જેથી તેની પાસે દુઃખ ચિંતા તનાવ ઉભા જ રહેવાના નહીં.

આ વિપશ્યનાની સાધનામાં સાધકે વર્તમાનને જ પકડવાનો છે, અને જીવનમાં વર્તમાનને પકડવા માટે શ્વાસ જેવું કોઈ બીજું શસ્ત્ર આ જગતમાં નથી, કે જે નિરંતર વર્તમાનમાં જ ચાલતું હોય, વળી આ શસ્ત્ર સહજ ઉપલબ્ધ છે અને પાછું સાવ જ સુલભ છે, અને પાછું હાજરાહજૂર છે, ક્યાંય શોધવા જવું પડે તેવું નથી કે ક્યાંય મુકાય જાય તેવું પણ નથી, અને પાછું આ શાસ્ત્ર રાગ-દ્વેષ, અહંકાર, આસક્તિ મોહ મમતારહિત છે, આમ આ શાસ્ત્ર સાવ જ નિર્દોષ છે, જેથી તેના આશરે જનાર પણ નિર્દોષ જ બની જાય છે, તે તેની વિશેષતા છે, આ આખી સાધના સૂક્ષ્મથી સૂક્ષ્મ સંવેદનને પકડવાની સાધના છે, જ્યારે સંવેદનો પકડાય છે, ત્યારે સાધકને આ શરીર, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોની અનિત્યતાની સ્પષ્ટ પ્રતીતિ થાય છે, અને જે મનની ચંચળતા હોય છે, તે કાબુમાં આવતાં સ્થિરતા પ્રાપ્ત થાય છે, એટલે સમગ્ર જીવન જ શુદ્ધ સ્થિર થતાં, જીવવા જેવું લાગે છે, તે તેની વિશેષતા છે.

આ સાધનામાં સાધકે પોતાની જાતે કંઈ પણ જોડવાનું જ નથી, જેમ જેમ સાધના આગળ વધતી જાય છે, તેમ શાંતિ, સુખનો અનુભવ થતો જાય છે, કારણકે પોતાના જ મનની ચંચળતા ઘટતી જાય છે ને તેની શુદ્ધતામાં વધારો થતો જાય છે, અને ચિત્ત સ્થિર અને નિર્મળ થતું જાય છે, અને સાથે સાથે સ્મૃતિઓ અને કલ્પનાઓ વગેરેનો સબંધ તૂટતો જાય છે, અને મન બુદ્ધિ અને વાસના શુદ્ધ, સ્થિર થઈ જાય છે, એટલે ચિત્ત પોતાની નિર્મળતા ગ્રહણ કરે છે, જેથી જીવનના તમામ આવેગો શાંત થઈ જાય છે, અને સમગ્ર જીવન આનંદમય બની જાય છે, આ વિપશ્યનાની સાધનાથી આપણું સમગ્ર જીવન, તાણ મુક્ત સ્વસ્થ શાંત થઈ જાય છે, અને જીવનનો ખરો આનંદ લૂટી શકાય છે, જેમ જેમ સાધનામાં આગળ વધીએ છીએ તેમ તેમ આપણે મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોની પારની અવસ્થામાં સ્થિર થઈએ છીએ જેને સમાધિ અવસ્થા કહેવામાં આવે છે, જે અવસ્થાની પ્રાપ્તિ એટલે જ નિર્વાણ છે, મોક્ષ છે, મુક્તિ છે, બુજી જવું છે, આ છે વિપશ્યનાની સાધનની ફળની પ્રાપ્તિ.

❑❑❑

સંપર્ક : sarujivan39@gmail.com

# મહાભારતનાં અલ્પચર્ચિત સ્ત્રીપાત્રો

**માલિની શ્રોફ**

**મા**નવજીવન પામ્યો ત્યારથી પૃથ્વીના કોઈ પણ દેશમાં વસતા જીવની ઈચ્છા-અપેક્ષા અંતે તો એક જ હોય.

**राम से कोई मिला दे मुझको ।**
**राह से कोई लगा दे मुझको ।।**
**बिन लाठी का निकला अंधा ।**
**राह से कोई लगा दे मुझको ।।**
**जहाँ बसा है प्रीतम मेरा ।**
**उसका घर दिखला दे मुझको ।।**

આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં મહાભારતની રચના થઈ. આપણી ભારતીય સંસ્કૃતિના જીવનના મોરમુકુટ સમાન છે. 'મહાભારત', તેનાં પ્રત્યેક પાત્રની પોતાની આગવી ભૂમિકા છે. જીવન અને જગત પ્રતિ સદ્ નિષ્ઠા અને કુનિષ્ઠા પણ પ્રબળ છે.

વારંવાર મહાભારતના પ્રવાહમાં ભીષ્મપિતામહ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, કુંતીમાતા, દ્રૌપદી, અર્જુન, ધર્મરાજની ચર્ચા થતી જ રહે છે. આના શ્રવણ- અધ્યયનથી મનમાં એક વિચાર સ્ફૂર્યો કે મહાભારતનાં અલ્પચર્ચિત સ્ત્રીપાત્રો વિષે પણ ચર્ચા થવી જોઈએ. આ પાત્રોને પણ સપાટી પર લાવી તેમના વ્યક્તિત્વ વિશે વિચારીએ.

આ સંદર્ભને ધ્યાનમાં રાખી માતા ગંગા, માતા સત્યવતી, અંબા, અંબિકા, અંબાલિકા, ગાંધારી, ભાનુમતી, આમ્યદાસી, અપ્સરા ઉર્વશી, ચિત્રાંગદા, ઉલ્લુપી, ઉત્તરા, સુભદ્રા જેવાં પાત્રોને ઉજાગર કરવા અલ્પ પ્રયાસ કર્યો છે.

**'નમોસ્તુ તે વ્યાસ વિશાલબુદ્ધે'**

'કલ્પના' એ કાવ્યનો પાયો છે, તો ઇતિહાસ એ મૂળભૂત નક્કર હકીકતો છે. વિશાળ બુદ્ધિ પ્રતિભાશીલ વેદવ્યાસજીએ કલ્પના અને જીવનને જુદા જુદા દૃષ્ટિકોણથી નિહાળી સંભાવના, ઇતિહાસ અને સત્યનો સુમેળ સાધ્યો છે. તેથી જ મહાભારતને 'પંચમ વેદ' કહ્યો છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે રચાયેલ મહાભારત આજે પણ આપણા જીવનમાં પથદર્શક બની અડગ છે. કહેવાય છે કે જે મહાભારતમાં નથી તે આજ દિન સુધી જગતમાં ક્યાંય વિદ્યમાન નથી. ૧૬ વર્ષની ઉંમરે **સંત જ્ઞાનેશ્વરે લખ્યું કે 'વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વમ્'** કલમના કેન્દ્રમાં જીવ, માનવ અને તેની જીવન ઘટમાળમાં ફરતા પ્રત્યેક મણકા એટલે ધર્મ, અર્થ, કામ, નીતિ, સમાજ અને માનસશાસ્ત્ર ઇત્યાદિ.

વેદવ્યાસજીના પિતા પરાશરઋષિ સ્મૃતિકાર પરાશર હતા. એમણે ધર્મ અને કર્મના નિયમોને પ્રસ્તુત કર્યા. તેમના અપ્રતિમ જ્ઞાનનો લાભ તેમની ત્રણ પેઢીએ આ વિશ્વને માટે ઉપલબ્ધ કર્યો છે. વેદવ્યાસજી જ્ઞાનનો ભંડાર, એમના જ્ઞાન પાસે જગત વામણું લાગે. વેદ વ્યાસજીના પુત્ર શુકદેવજી પ્રભુભક્તિનું સાક્ષાત્ સ્વરૂપ આમ દાદા, પિતા અને પુત્ર – ત્રણેય પેઢી આપણી ભારતીય સંસ્કૃતિની જ્યોતિર્ધર, 'મહાભારત'ના કેન્દ્રમાં છે યુદ્ધ અને તેની આસપાસના જીવનમાં અનુભવાતા નવે નવ રસનું નિરૂપણ કર્યું છે. શૃંગાર, વીર, કરુણ, અદ્‌ભુત, હાસ્ય, ભયાનક, બીભત્સ, રૌદ્ર અને અંતે શાંત રસ – એક સુંદર વર્તુળ રચ્યું છે.

મહાભારતમાં ઘટતી ઘટનાઓ અને પાત્રો બંનેનું ટેક્સચર તાણાવાણા શાપ અને વરદાન, એનું વણાટ ખૂબ જ મજબૂત છે. વશિષ્ઠ ઋષિના શાપને લીધે અષ્ટવસુને આ પૃથ્વી લોકમાં જન્મ લેવો પડે છે. ગંગામાતાને વિનંતી કરી કે, 'આપ અમને આપની કૂખે જન્મ આપી અને તરત જ મૃત્યુ શરણે મૂકી, અમને શાપમુક્તિ અપાવો.'

હવે પ્રથમ સ્ત્રીપાત્ર ચિરયૌવના, રૂપરૂપનો અંબાર દિવ્ય વ્યક્તિત્વ એટલે 'ગંગા', કહેવાય છે કે સ્વર્ગમાં બ્રહ્મદેવ પાસે મહાભિષ નામનો રાજા બેઠો હતો. તે જ સમયે ગંગા સ્ત્રીરૂપે બ્રહ્મદેવ પાસે આવી નમસ્કાર કરે છે ત્યારે તેમની સાડીનો પાલવ સહેજ નીચે સરે છે. ગંગા પાલવ સરખો કરી શરમાય છે અને ત્યાં બેઠેલ રાજા મહાભિષ ગંગામાં મોહી પડે છે. ગંગા પણ રાજા ઉપર મોહિત થાય છે. બ્રહ્મદેવે આ વાતની નોંધ લીધી. બંનેનાં મનને જાણ્યા. બ્રહ્મદેવે એક અફર વાત મૂકી કે તમારે સહજીવન જીવવું હોય, લગ્ન કરવાં હોય તો મર્ત્યલોક, પૃથ્વીલોક પર જવું પડશે.

કાલાંતરે પ્રતીપ રાજાના પુત્ર રૂપે શાંતનું અવતરે છે તે જ પૂર્વ જન્મના રાજા મહાભિષ. શાંતનુ રાજા એકવાર મૃગયા ખેલતાં ગંગા નદીને કિનારે અપ્રતિમ સૌંદર્ય ધરાવતી સ્ત્રીને જોઈ પોતે જ તેનો શિકાર બની ગયા. આ જાજલ્યમાન સ્ત્રી તે ગંગા, શાંતનુ દ્વારા થયેલ લગ્નના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો, ગંગાએ પણ સાથે મોટી શર્ત મૂકી 'કે હું મને જે યોગ્ય લાગશે તે રીતે સહજીવન જીવીશ. હું ગમે તે કરું તમારે મને કોઈ પ્રશ્ન નહીં કરવાનો, મને કોઈ પણ રીતે રોકવાનો પ્રયાસ નહીં કરવાનો, મને ઠપકો નહીં આપવાનો. જે દિવસે મારા સ્વાતંત્ર્ય પર તમે રોકટોક કરશો તે દિવસે હું તમને હંમેશ માટે છોડીને ચાલી જઈશ.'

આજે આપણે ત્યાં સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્વચ્છંદતાની ચર્ચા ખૂબ જ ચાલે છે પણ એનાં મૂળ તો ૫૦૦૦ વર્ષ જૂનાં છે. એક પછી એક સાત પુત્રોને જન્મ આપી તુરંત ગંગાનદીમાં પધરાવી દીધા. રાજાએ પિતા અને પુરુષ તરીકે કેટલું કઠણ કાળજુ રાખ્યું હશે. શાંતનુ રાજાએ. હસ્તિનાપુરના રાજાની લાચારી ઊભરાઈ આવે છે. અને આઠમા પુત્રને ગંગાનદીના શરણે લઈ જતી પત્નીને હાથ પકડી રોકે છે.

અહીં જ શર્ત, વચન તૂટે છે અને ગંગા પુત્રને જીવિત રાખે છે, પોતાની સાથે લઈ જઈ વશિષ્ઠ મુનિ પાસે શાસ્ત્ર અને પરશુરામ પાસે શસ્ત્રવિદ્યામાં પારંગત બનાવી, અષ્ટમ પુત્ર દેવવ્રત ગાંગેયને શાંતનુ રાજાને સોંપે છે. કુરુવંશનો યુવરાજ દેવવ્રત સર્વને પ્રિય બને છે.

અહીં અલૌકિક પાત્ર ગંગાની શર્તની કડી એટલી મજબૂત છે કે પોતે જે એક લક્ષ્ય અને ઉદ્દેશથી પૃથ્વીલોક પર પધાર્યા હતાં એને ખૂબ જ કુશળતાથી નિભાવે છે. દેવવ્રતની માતા રૂપે પણ પોતાના ધર્મને કુશળતાથી બજાવ્યો છે. અષ્ટવસુના જન્મ પહેલાં જ એની નિયતિમાં એકલતા અને બ્રહ્મચર્ય નક્કી થઈ ચૂક્યાં હતાં. છતાં મહાભારતમાં ચાલતી સાપસીડીની રમત તો અસ્ખલિત જ છે. દેવવ્રતથી ભીષ્મની યાત્રા પગપગ કંટકની યાત્રા જ છે.

શિકાર અને સ્ત્રીના ચાહક શાંતનુ રાજા કેટલાંક વર્ષો બાદ ફરી શિકાર ખેલતાં ખેલતાં 'સત્યવતી' મત્સ્યગંધાને જોઈ તેના પ્રેમમાં પડે છે. હવે આપણે મત્સ્યગંધા સત્યવતીના પાત્રને નિહાળીએ તો તેના જન્મની કથા પણ ઘણી રસપ્રદ છે. સત્યવતીની માતા અદ્રિકા અપ્સરા હતી અને પિતા ચેદીરાજ વસુ. વિદ્વાનોના એક મત મુજબ તે સમયે આ કન્યા અદ્રિકા અને ચેદીરાજના કરારાત્મક સંબંધથી જન્મી હશે. આજના જમાનામાં Contract Marriage ની બોલબાલા ચાલે છે પણ તેના મૂળ તો મહાભારતમાં છે. ચેદીરાજ વસુ શિકાર કરવા યમુના નદીના પરિસરમાં જતા હશે અને આ નદીના પરિસરમાં અપ્સરાઓના સંઘ સાથે અદ્રિકા રહેતી હશે. બંને યુવાના મનમેળ અને પછી તનમેળ થયા. આ

પાંગરેલા પ્રેમમાંથી જ સત્યવતીનો જન્મ થયો. ચેદિનરેશ આ સંબંધને રાજમહેલ સુધી લઈ જવા તૈયાર ન હતા. પરિણામ સ્વરૂપ પોતાની પુત્રીનું લાલનપાલન કરવાની જવાબદારી તેમણે એક માછીમારને સોંપી. રાજા અને ઋષિઓ કામેચ્છા સંતોષ્યા પછી એના પરિણામને સહેલાઈથી ભૂલી જતા. સત્યવતીના જન્મની આ ઘટના સિવાય બીજે ક્યાંય ચેદિનરેશની ઉપસ્થિતિ નથી. સત્યવતીના જીવનમાં ઘટતી મહત્ત્વપૂર્ણ ઘટનાઓમાં પણ તેમનો ઉલ્લેખ નથી.

માછીમારે આ કન્યાને જતનથી ઉછેરી. કન્યાનાં અંગેઅંગમાંથી મત્સ્યની ગંધ આવતી તેથી જ તે 'મત્સ્યગંધા' નામે ઓળખાય છે. આને જ કહેવાય કુદરત કા કરિશ્મા, સમયાંતરે મત્સ્યગંધા યમુનાજીના પ્રવાહમાં નાવ ચલાવી, પ્રવાસીઓને સામે કાંઠે લઈ જતી સત્યવતી નાવિક હતી. તે સમયે અર્થોપાર્જન માટે તે સ્વતંત્ર હતી. આગળ જતાં મત્સ્યગંધાના જીવનમાં વળાંકો આવે છે તેમાં પણ તેણે નાવિકની જ ભૂમિકા નિભાવી છે.

એકવાર પરાશરઋષિ તીર્થાટન કરતાં કરતાં યમુનાકિનારે આવ્યા. સામે કાંઠે જવા સત્યવતીની નાવમાં વિરાજમાન થયા. અપ્રતિમ સૌંદર્યવાન નાવિક સત્યવતીને નિહાળી એમની કામવાસના જાગૃત થઈ. પોતાની ઇચ્છા સત્યવતી સમક્ષ રજૂ કરી. સત્યવતી નવયૌવનના માટે દુવિધા ઊભી થઈ, એક બાજુ પોતાનું કૌમાર્ય અકબંધ રાખવાની નારી સહજ ઇચ્છા, તો બીજી બાજુ ઋષિના ક્રોધનો શિકાર થઈ શાપ મળવાની ભીતિ. સમયની નાજુક પરિસ્થિતિને સંભાળવા કોશિશ કરે છે. સ્પષ્ટ શબ્દોમાં ના નથી કહેતી પણ, ''દિવસનો સમય છે. નદીને સામે કાંઠે ઋષિમુનિઓના સમુદાય વસે છે.'' આમ કૌમાર્ય જાળવવા યેનકેન પ્રકારે પ્રયત્ન કરે છે. સંસ્કૃતિના જ્યોતિર્ધર પરાશર ઋષિએ પોતાના તપોબળથી આસપાસ ગાઢ ધુમ્મસ રચી દીધું. સંસ્કૃતિ અને પ્રકૃતિના સાયુજ્યથી ક્ષણ આવી ઊભી. સત્યવતી પાસે સ્વસમર્પણ કર્યા સિવાય બીજો માર્ગ ન હતો. પરાશય ઋષિએ સત્યવતી સાથે સમાગમ કર્યા પછી એના મનની અકલ્પનીય પરિસ્થિતિને પામી એને આશીર્વાદ આપ્યા કે, 'આ સમાગમ થયો છે છતાં તું તો કુમારી રહીશ.' અને સાથે સાથે વરદાન આપ્યું કે 'તારા શરીરમાંથી યોજન સુધી ચાર ગાઉ સુધી સુગંધ ફેલાતી રહેશે.' તેથી તેની યોજનગંધા તરીકેની પણ એક ઓળખ છે.

પરાશરઋષિ સાથેના સમાગમથી સત્યવતી ગર્ભવતી થઈ. પિતા તેને જનસમુદાયથી દૂર દ્વૈપાયન બેટ પર લઈ ગયા. ત્યાં ગર્ભાવસ્થાનો સમય પૂર્ણ થતાં એક પુત્રનો જન્મ થયો. કૃષ્ણવર્ણી આ પુત્રનો જન્મ દ્વૈપાયન બેટ પર થયો તેથી આ પુત્રનું નામ કૃષ્ણદ્વૈપાયન રાખ્યું. માતા બની છતાં પુત્રને પરાશરઋષિ પોતાની સાથે લઈ ગયા. એમણે પુત્રને વેદાધ્યયનમાં નિપુણ બનાવ્યો.

આગળ જતાં તેજસ્વી બુદ્ધિમત્તાના આવિર્ભાવથી મહર્ષિ વ્યાસ તરીકે જગપ્રસિદ્ધ થયા. આ આખીયે ઘટનાને અનેક પરિપેક્ષ્યથી જોઈએ તો ઋષિની તત્કાલ જાગૃત થયેલ કામેચ્છાએ તેજસ્વી બુદ્ધિમત્તાના માલિક, વૈશ્વિક ચેતનાના જીવનગ્રંથોના પ્રણેતા વિશ્વવિભૂતિની અણમોલ ચેતના આ વિશ્વમાં વ્યાપી, એટલે જ આખુંય જગત વ્યાસોચ્છિષ્ટ વાણીનો વિનિયોગ કરે છે.

ફરીને વળી જો આપણે વિચારીએ કે પરાશર ઋષિએ સત્યવતીને આશીર્વાદ તો આપ્યા પણ એક પુત્રની કુંવારી માતાનું કૌમાર્ય કઈ રીતે અકબંધ રહ્યું? કદાચ આ પ્રશ્નની ચર્ચા આધુનિક સમયમાં સત્યવતીની જીવન ઘટનાઓ સામે અસ્થાને ગણાય.

આ ફ્લેશબેક પછી ફરી નાવ ચલાવતી સત્યવતીને જોઈ શાંતનુ રાજા મોહિત થઈ 'શિકારી ખુદ શિકાર હો ગયા' રાજા શાંતનુએ સત્યવતી સાથે લગ્ન કરવા નિર્ણય કર્યો. ઉંમરની દૃષ્ટિએ બંને વચ્ચે લગભગ બમણું અંતર હશે. પણ કહેવાય છે કે કર્મનાં પગલાં આગળ દોડે. સત્યવતીના પિતા દાસરાજે રાજા શાંતનુ માટે ધર્મસંકટ ઊભું કર્યું. ભવિષ્યમાં સત્યવતીના પુત્રને જ રાજ્યાધિકાર રાજગાદી મળે. ગાંગેય દેવવ્રત તો યુવરાજ પદે નિયુક્ત થઈ ચૂક્યા છે. શાંતનુ રાજા વચન આપવા તૈયાર નથી. આપણે કહી શકીએ કે 'મહાભારત'નું બીજારોપણ આ ઘટના સાથે થયું. દેવવ્રત જેવા મહાપ્રતિભાશાળી પુત્રના પિતાની સ્વકામુક્તા અને સત્યવતીના રૂપની ઘેલછાનો વિજય થયો. પિતાની ઇચ્છાપૂર્તિ માટે પુત્ર દેવવ્રતે રાજ્યાધિકારને ત્યજી આજીવન બ્રહ્મચર્ય પાલનની પ્રતિજ્ઞા કરી, જે ભીષ્મ પ્રતિજ્ઞા નામે જગપ્રસિદ્ધ છે. પ્રતિજ્ઞાપાલનનું અપ્રતિમ ઉદાહરણ એટલે ભીષ્મપિતામહ.

સત્યવતી શાંતનુ રાજાનાં પત્ની અને કુરુકુળનાં રાજરાણી રૂપે હસ્તિનાપુર આવ્યાં. સમયાન્તરે રાજા શાંતનુ અને સત્યવતીને ત્યાં બે રાજકુમારનો જન્મ થયો. ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. પુત્રસુખ ભોગવવા રાજા શાંતનુ દીર્ઘકાળ જીવીત ન રહ્યા. અકાળે જ પરલોક સિધાવ્યા. આ આપદ્ ઘડીમાં સંપૂર્ણ હસ્તિનાપુરનો રાજ્યકારભાર ઉપરાંત માતા સત્યવતી અને બે લઘુબંધુની સંપૂર્ણ જવાબદારી વરિષ્ઠ બંધુ દેવવ્રતે ઉઠાવી. સત્યવતી માટે દેવવ્રતનો જ સંબલ આધાર હતો.

વિધિની વિચિત્રતાને અથવા તો તેની અકળ ગતિને પામવી સહજ નથી. સત્યવતીના પુત્રો ચિત્રાંવદ અને વિચિત્રવીર્ય અલ્પાયુષી હતા. ગંધર્વ સાથેના ઝઘડામાં તેઓ મૃત્યુ પામે છે. રાજમાતા સત્યવતીના શીરે સુખ તો અલપઝલપ આવી વિખરાઈ જાય છે. બીજા પુત્ર વિચિત્રવીર્યનું ખૂબ જતનથી પાલન કર્યું, ઉંમરલાયક થતાં વિચિત્રવીર્યનાં લગ્નની જવાબદારી પણ દેવવ્રતને સોંપી. અંબિકા, અંબાલિકા સાથે લગ્ન તો થયાં પણ વિચિત્રવીર્યનું નિઃસંતાન અવસ્થામાં જ અકાળે અવસાન થયું. અંબિકા, અંબાલિકા અને રાજમાતાને ફરી નિઃસંતાનપણાનું દુઃખ આવી પડ્યું. કુરુકુળનો વંશજ કોણ? આ સમયે સત્યવતીને પોતાના પિતાનો સ્વાર્થ અને

ચતુરાઈ ખટક્યાં હશે.

એમના પિતાના સ્વાર્થની ખૂબ જ મોટી કિંમત ચૂકવવી પડશે? પતિવિહોણી, નિઃસંતાનપણાનાં દુઃખ સાથે પિતાએ મૂકેલી શર્તના દાવાનળમાં એને દાઝવું પડ્યું.

ખૂબ જ વિચારને અંતે એણે ભીષ્મને પ્રતિજ્ઞામાંથી મુક્ત થવા વિનંતી કરી. કર્તવ્યનિષ્ઠ, વચનનિષ્ઠ ભીષ્મ કોઈ કાળે પ્રતિજ્ઞા ન તોડે! માતા પ્રતિ આદર જરૂર હતો, પણ પરિસ્થિતિની સામે લાગણીના પૂરમાં વહ્યા નથી. કહેવાય છે કે રસ્સી બળી જાય પણ વળ ન જાય. મહાભારતમાં ઘણાં પાત્રો આનો ભોગ બન્યાં છે. આપણે વિચારીએ તો પણ કંપારી થાય એવી પરિસ્થિતિમાં સત્યવતી યુવાપુત્ર ભીષ્મ સમક્ષ પોતાની કૌમાર્ય અવસ્થામાં એક પુત્રને જન્મ આપ્યો હતો એ વાત રજૂ કરે છે. પ્રશ્નનાં નિરાકરણ માટે સત્યવતી ભૂતકાળની પરત ખોલે છે.

મહાભારતના રચયિતા વ્યાસજીનો મહાભારતનાં પાત્ર રૂપે આ ઘટનાથી પ્રવેશ થાય છે. આમ જોવા જઈએ તો માતા સાથે રક્તનો સંબંધ છે. વ્યાસજી સત્યવતીના પુત્ર હોવાથી કંઈ કુસવંશીય તો ન કહેવાય. પરંતુ આપદ્ ધર્મ આવી પડે ત્યારે સંકટ સમયની મજબૂત સાંકળ સમાન છે. સત્યવતીએ તો આપણે કહી શકીએ કે મારાં, તમારાં, આપણાં સંતનોનો સુમેળ સાધવાનો હતો.

સત્યવતીનું અપ્રતિમ સૌંદર્ય બાહ્ય દૃષ્ટિએ છે. આંતરિક રૂપે તેમણે કેટલી એકલતા અને લાચારી સહ્યાં હશે. રાજરાણી રાજમાતાની પદને પામ્યાં પણ વૈયક્તિ, સાંસારિક જીવનમાં એકલતાના વલોણામાં વલોવાયાં. કામકાજની સૂઝબૂઝ કે કાર્યકુશલતાની ઝાંખી ખાસ થતી નથી. અંબિકા અને અંબાલિકા પુત્ર ધુતરાષ્ટ્ર અને પાંડુ માટે પણ કન્યા શોધવાની વિનંતી માતા સત્યવતી ભીષ્મને વાત જ કરે છે. અહીં એક આડ વાત. પણ ભીષ્મે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું, 'પણ પિતા, ભાઈ, ભત્રીજા – બધાં માટે કન્યા શોધવાની જવાબદારી કુશળતાથી નિભાવી છે.'

ફરી સત્યવતીના પાત્રને નાણતાં લાગે કે આજીવન પુત્ર પ્રાપ્તિ, પૌત્ર પ્રાપ્તિ અને પ્રપૌત્રોના આંતરૂબાહ્ય કલહ જોવાના પ્રસંગ આ માતાના ભાગ્યામાં આવ્યા છે. મહાભારતની શરૂઆતમાં જ આ પાત્રનો પ્રવેશ છે. કથાનકની દૃષ્ટિએ એમના અસ્તિત્વનો વ્યાપ ઘણો મોટો છે. છતાં એમના પદને જોતાં એમનો ફાળો નગણ્ય જ છે. વ્યાસજી માતા સત્યવતી માટે અનુકંપા, પ્રેમ અને કંઈક અંશે દયનીય ભાવ ધરાવતા હોઈ શકે, કારણ કૌરવ પાંડવના ઝઘડા કુરુવંશના નાશનો પ્રારંભ છે એમ સમજીને આખરે વ્યાસજી માતા સત્યવતી અને અંબિકા, અંબાલિકાને પોતાના આશ્રમમાં બોલાવી લે છે. જીવન પર્યંત તેઓ ત્યાં જ રહે છે. આગળ આવતા કથાનકમાં આ પાત્રનું વ્યક્તિત્વ સંપૂર્ણ ખોવાઈ ગયું છે. મનમાં પ્રશ્ન થાય કે શું કદાચ માતા સત્યવતીનું મન પણ કવિ ન્હાનાલાલની આ રચનાઃ-

*''અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,*
*ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા.''*

જેવી ઝંખના કરતું હશે? સંઘર્ષવતી બની સત્યવતીએ પોતાનું નામ સાર્થક કર્યું. આપણે માતા ગંગા અને માતા સત્યવતી એક જ પેઢી અને એક જ કુળ કુરુવંશની ગૌરવગાથાના સ્તંભને નિહાળ્યા. ત્યાર બાદ બીજી પેઢીનાં મહિલા પાત્રોમાં કાશીનરેશની ત્રણ પુત્રીઓની જીવનદોર આ વંશ સાથે જોડાય છે. એ છે 'અંબા', 'અંબિકા' અને 'અંબાલિકા' કાશીનરેશે પોતાની ત્રણે કન્યાઓ માટે સ્વયંવરનું આયોજન કર્યું પણ તેમાં કોઈ શરત ન હતી. જ્યેષ્ઠ પુત્રી 'અંબા'ના મનમાં તો શાલ્વરાજ વસી ગયા. મનોમન એમને વરી ચૂકી હતી. આ સ્વયંવરમાં ભીષ્મે લઘુબંધુ વિચિત્રવીર્ય માટે આ ત્રણે બહેનોનું અપહરણ કર્યું. મનમાં પ્રશ્ન ઊઠે કે કાશીનરેશે સ્વયંવરમાં કોઈ શર્ત જ ન હોતી મૂકી તો શું વિચિત્રવીર્યમાં એટલું સામર્થ્ય ન્હોતું કે એ ભીષ્મ સાથે જઈ આ ત્રણમાંથી કોઈ એકનું વરણ કરી શકે? શા માટે ભીષ્મે આ ત્રણે બહેનોનું અપહરણ કરવું પડે? અપહરણકર્તા સામાન્ય રીતે પોતાને માટે અને સ્વજિમ્મેદારીથી અપહરણ કરે. ભીષ્મે તો આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી.

આ એક જ ઘટનાને કારણે અંબાનું જીવન અંધકારની ગર્તામાં ડૂબ્યું. શાલ્વરાજને મનોમન વરી ચૂકેલી 'અંબા' વિચિત્રવીર્યને પતિરૂપે સ્વીકારવાની ના કહે છે. ભીષ્મ અંબાનું માન જાળવી એને શાલ્વરાજ પાસે મોકલે છે. શાલ્વરાજ અંબાનો અસ્વીકાર કરે છે. ભીષ્મ જેનું અપહરણ કરી લઈ ગયા એ સ્ત્રીનું સ્થાન શાલ્વરાજના જીવનમાં ન હોય. અંબા ભીષ્મ પાસે પાછી આવી તેમને પોતાનો સ્વીકાર કરવા વિનંતી કરે છે. પ્રતિજ્ઞાબદ્ધ, કર્તવ્યનિષ્ઠ આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવાનું વચન આપનાર ભીષ્મ અંબાને ના કહે છે.

આ આખી ઘટના અંબાના ભાવી જીવનને વૈરાગ્નિની, અંધકારની ગર્તામાં ધકેલે છે. ભીષ્મ પ્રતિ ક્રોધે ભરાઈ બદલાની આગ સાથે જંગલમાં જઈ ઘોર તપશ્ચર્યા કરે છે. જંગલમાં તપશ્ચર્યા કરતી અંબાને પોતાના દાદા હોત્રવાન મળે છે. દાદા અંબાના જીવનની ઘોર સમસ્યાનો ઉકેલ લાવવા વિચારે છે. દાદા પરશુરામને ભીષ્મ સાથે યુદ્ધ કરી ભીષ્મને હરાવી અને અંબા સાથે લગ્ન કરવા મજબૂર કરે એવી યોજના કરે છે.

પરશુરામ શસ્ત્રવિદ્યામાં ભીષ્મનાં ગુરુ હતા. ગુરુ ભીષ્મને અંબાની પત્ની રૂપે સ્વીકારવા આજ્ઞા કરે છે. ગુરુ તથા અન્ય સર્વે ભીષ્મ પ્રતિજ્ઞાથી વાકેફ હતાં છતાં આવો આદેશ ગુરુ આપે ત્યારે પિતાને આપેલ વચન, નૈષ્ઠિક પ્રતિજ્ઞાને સર્વોપરિ રાખી ગુરુ પરશુરામની આજ્ઞાનો અસ્વીકાર કરે છે. ગુરુ પરશુરામે ભીષ્મને યુદ્ધનું આહ્વાન આપ્યું. તે શિરોમાન્ય રાખ્યું. કુરુક્ષેત્રમાં જ શૂરવીર

ગુરુ-શિષ્ય વચ્ચે ૨૩ દિવસ યુદ્ધ ચાલે છે. અંતે શિષ્ય ભીષ્મનો વિજય થાય છે. ૨૧ વખત પૃથ્વીને નક્ષત્રી કરનાર મહાન તપસ્વી ને વિષ્ણુના ૧૦ અવતાર પૈકી એક અવતાર એવા મહાન ગુરુ સવાયા શિષ્યના વિજયને વધાવે છે.

અંબા ફરી યમુના કિનારે જઈ બાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરે છે. આ જોઈ માતા ગંગા, દેવવ્રતનાં જનની અંબાને વૈરાગ્નિનું શમન કરવા ક્રોધ-વેરઝેરથી પાછી વાળવા પ્રયત્ન કરે છે. અંબાએ ગંગાની વિનંતીનું માન ન રાખ્યું. ગંગાએ એને શાપ આપ્યો. માતા ગમે ત્યાં વસે પણ પુત્રહિત હંમેશાં એની રગમાં વહેતું જ હોય. આખરે અંબાની તપશ્ચર્યાથી ભોળાનાથ શંકર પ્રસન્ન થાય છે. અને ભીષ્મવધ માટે 'આગલા જન્મમાં ભીષ્મનો વધ કરી શકીશ' એવું વરદાન આપ્યું. આ સાથે જ અંબા ચિતા રચી તેમાં સમાઈ ગઈ. કહેવાય છે કે બીજા જન્મમાં દ્રુપદ રાજાને ત્યાં 'શિખંડી'રૂપે જન્મ લે છે.

કાલાનુક્રમ જ્યારે મહાભારતનું યુદ્ધ કુરુક્ષેત્રમાં થાય છે ત્યારે શિખંડી અર્જુનની આગળ ઊભો રહે છે અને પાછળથી અર્જુન બાણોની વર્ષાથી ભીષ્મ પિતામહને પરાસ્ત કરે છે. અંબાનું વેર અહીં પૂર્ણ થાય છે. ભીષ્મવધ માટે તે અર્જુનને સહાયરૂપ થાય છે. અંબાના જીવનમાં ઘટિત ઘટનાઓને જોઈએ ત્યારે આધુનિક યુગમાં આપણા મનમાં અનેક પ્રશ્નો ઊઠે. કાશીનરેશે જ્યારે કોઈ પણ શર્ત મૂક્યા વિના ત્રણે દીકરીઓના સ્વયંવરનું આયોજન કર્યું ત્યારે અંબાએ પોતાના પિતા પાસે મનની વાત શા માટે ન કરી? શા માટે મૌન રહી? એ સ્વયંવરમાં શાલ્વરાજ પણ ઉપસ્થિત હતા. એમણે પણ અંબા પ્રતિના પોતાના મનોભાવને વાચા કેમ ન આપી? શાલ્વરાજના અસ્વીકાર પછી પાછી આવી ત્યારે વિચિત્રવીર્ય સાથે વિવાહ કરી પટરાણી થઈ શકી હોત? કે પછી અંબા પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ અકબંધ રાખવા ચાહે છે? સાથે સાથે સ્વભાવગત અભિમાન, અવિચારી વ્યવહાર, અકડાઈ, હઠ, ક્રોધ, પરિસ્થિતિ સામે બિલકુલ સમાધાન સાધવા તૈયાર નહીં એવું વ્યક્તિત્વ લાગે. માનવજીવન રહસ્યોથી ભરપૂર છે. મહર્ષિ વેદ વ્યાસે આ જગતવિસ્તૃત, મહાકાય ગ્રંથમાં સમસ્યાનો ઉકેલ પણ મૂક્યો છે. મહાભારતનાં યુદ્ધ-ધર્મયુદ્ધમાં પાંડવોની જીત છે. તેમાં ભીષ્મવધની અનિવાર્ય ઘટનામાં મહત્વની કડી બને છે અંબા-શિખંડી-અંબિકા અને અંબાલિકા. બંનેનું જીવન હતું ન હતું જેવું જ વીતે છે. વિચિત્રવીર્યના મૃત્યુ પછી નિઃસંતાન આ બન્ને બહેનોને વેદ વ્યાસજી સાથે નિયોગ સંબંધથી ગર્ભધારણ થાય છે. અહીં સત્યવતી અંબિકા, અંબાલિકાને વેદવ્યાસજી આવવાના છે એવી કોઈ પૂર્વ સૂચના આપી ન હતી. માનસિક રીતે બંનેને તૈયાર ન્હોતી કરી અને તેથી જ વ્યાસજી ને જોઈ અંબિકાએ ગર્ભધારણ સમયે આંખો બંધ કરી દીધી. ગભરાયેલી અંબિકાની કૂખેથી અંધ પુત્ર ધૃતરાષ્ટ્રનો જન્મ થાય છે. અંબાલિકાનો સમય આવતાં શયનગૃહમાં વ્યાસજીને જોઈ એ હેબતાઈ ગઈ, તદ્દન નૂર ઊડી ગયું, ફિક્કી પડી ગઈ અને તેની કૂખેથી પાંડુનો જન્મ થયો.

ધૃતરાષ્ટ્ર અને પાંડુને જોઈ માતા સત્યવતીએ ફરી એક વાર વેદવ્યાસજીને નિયોગ સંબંધ માટે વિનંતી કરી ત્યારે અંબિકાએ પોતાની એક વિશ્વાસુ દાસીને શયનગૃહમાં મોકલી. આ દાસીએ પ્રસન્નતાપૂર્વક વ્યાસજીની સેવા કરી. પ્રસન્નતાથી ગર્ભધારણ થયું તો એના ઉત્તમ ફળ રૂપે માતા જેવા સેવાભાવી અને પિતા જેવા જ્ઞાની વિદુરજીનો જન્મ થયો. પ્રસન્નતાપૂર્વક કરેલ દરેક કાર્યનું પરિણામ ઉત્તમ હોય એ તરફ તો વ્યાસજીએ સંકેત આપ્યો છે. પ્રસન્ન રહેવું એ પણ ધર્મ છે.

આ વિશાળ કથાનકમાં વિચિત્રવીર્યના મૃત્યુ સાથે કુરુવંશ સમાપ્ત થઈ ગયો. શાંતનુરાજ અને સત્યવતીનાં સંતાનો જ ન રહ્યાં રાજગાદી માટે. ભીષ્મે લીધેલી પ્રતિજ્ઞા પણ અહીં પૂર્ણ થઈ જાય, પણ એવું બનતું નથી. માતા સત્યવતી હયાત છે અને રાજમાં અંધાધૂંધી ન ફેલાય માટે જ ધૃતરાષ્ટ્ર અને પાંડુને માન્યતા મળી હશે. ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવ અને પાંડુપુત્રો પાંડવ નામે પ્રચલિત છે. અહીં વ્યાસજી દ્વારા સમાજના હિત માટે – સમષ્ટિ માટે વ્યક્તિગત હિતનો ભોગ અપાયો હશે?

મહાભારતનો કેન્દ્રમાં યુદ્ધ છે તો 'यतो धर्मस्ततो जय; જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.' આ વાત એની ધ્રુવપંક્તિ સમાન છે. ધર્મ, સંસ્કૃતિને પ્રસ્થાપિત કરવા, જગતમાં ચિરંતન મૂલ્યોને અડીખમ રાખવા વ્યાસજી શ્રીકૃષ્ણ પૂર્ણ રીતે Flexible છે એ સદ્ગુણની મહત્તા સ્થાપિત કરી છે. ❑❑❑

(વધુ આવતા અંકે)

સંપર્ક : ૯૮૨૧૩૪૨૬૦૩

પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે છે.

**૧ વર્ષના લવાજમના $ 30**

**● ૩ વર્ષના લવાજમના $ 80**

**● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર) માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# એક હિન્દી ઉપન્યાસનું અવલોકન

આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિ

હિન્દી ભાષાના ઉન્નતભ્રૂ સાહિત્યકાર 'આચાર્ય ચતુરસેન'નો રચેલો એક અદ્દ્ભુત ઉપન્યાસ (નવલકથા) હમણાં વાંચ્યો **''वैशाली की नगरवधू''**. લેખક સ્વયં તેને 'બૌદ્ધકાલીન ઐતિહાસિક ઉપન્યાસ' તરીકે ઓળખાવે છે. એથીયે વધીને જોઈએ તો સ્વયં આના લેખક પોતાના આ ઉપન્યાસ માટે એકલા બધા મુગ્ધ હતા કે તેમણે લખ્યું કે **''मैं अब तक की अपनी सारी रचनाओं को रद्द करता हूं और ''वैशाली की नगरवधू'' को अपनी एकमात्र रचना घोषित करता हूं।''**

ઉપન્યાસના 'પ્રાક્કથન'માં તેમણે બે મુદ્દા નોંધ્યા છે તે આ છેઃ ૧.આર્યના ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય અને રાજસત્તા એ બધાંનો પરાજય, અને મિશ્ર જાતિઓની પ્રગતિશીલ સંસ્કૃતિનો વિજય – આ તથ્યને ઉજાગર કરવાનો તેમનો મુખ્ય આશય છે. ૨. આ સત્યની શોધ માટે લેખકે આર્ય, બૌદ્ધ, જૈન, હિન્દુ – આ તમામના સાહિત્યનો દસ વર્ષ અભ્યાસ કર્યા પછી આ ઉપન્યાસ આલેખ્યો છે.

ઉપન્યાસ અક્ષરશઃ અને ધૈર્યપૂર્વક તેમજ રસપૂર્વક વાંચ્યા પછી લાગે કે લેખક પોતાનો આશય સાધવામાં સારા એવા સફળ રહ્યા છે. ઉપન્યાસની જેમ લેખકની આ કલાગુંથણી પણ ખૂબ રસપ્રદ છે, એમ કહેવું જોઈએ. મને તો તેમાંથી પસાર થવામાં બહુ મજા આવી.

ઉપન્યાસ 'બૌદ્ધકાલીન' છે, એટલે સ્વાભાવિક રીતે જ આમાં ભગવાન બુદ્ધનું વર્ણન અને ઉપદેશો અને પ્રસંગો સવિશેષ નિરૂપાયા છે, જે સાવ સ્વાભાવિક લાગે.

પ્રસંગે પ્રસંગે ભગવાન મહાવીરનો પણ સમાદરપૂર્વક ઉલ્લેખ લેખકે કર્યો છે, જે કથાસૂત્રણની દૃષ્ટિએ બહુ રોચક લાગે એવો છે. પરંતુ કેટલીક વાતો એવી આલેખાઈ છે કે જેની સાથે સંમત થવું અશક્ય છે; પણ અસંમત થવા જતાં સાંપ્રદાયિક કે સંકુચિત દૃષ્ટિવાળા ગણાઈ જવાની બીક લાગી જાય.

એક વાત સ્વીકારવી જોઈએ કે ઉપન્યાસ એટલે કલ્પનાકથા ગણાય, અને તે ઐતિહાસિક હોય તોય તેમાં ઇતિહાસની તુલનામાં કલ્પનાના રંગો અધિક જ જોવા મળે. આમ છતાં, કલ્પનાના રંગો એવા તો ન જ હોવા જોઈએ કે જે ઇતિહાસને તોડે-મરોડે, અને જે તે પાત્રને અન્યાસ કરે.

આપણા સાહિત્યિકોનું સહજ વલણ હંમેશાં બૌદ્ધધર્મ તથા ભગવાન બુદ્ધ પ્રત્યે કૂણું, ઉદાર, અનુકૂળ રહ્યું છે. અને જૈમધર્મ તથા જિન મહાવીર સ્વામી તરફ અનુદાર તથા અરુચિ ભર્યું રહ્યું છે. એ સાહિત્યિકો હિન્દી ભાષી હોય કે ગુજરાતીભાષી, પણ ઉપરની વાત મહદંશે બધાને લાગુ પડે છે. જૈમ ધર્મ અને તેના આચારો અને તત્ત્વ ન ગમતાં હોય તો, તે ગમાડવાની કોઈને ફરજ ન પડાય. પરંતુ હેતુ વગર જ, અથવા પોતાની અણસમજ કે ગેરસમજને કારણે, માત્ર ઊતારી પાડવાની દૃષ્ટિથી જ્યારે જૈનો માટે ઘસાતું કે અછાજતું લખાય ત્યારે વિચારશીલ માણસને જો ફરિયાદ જાગે, તો તેને સાંપ્રદાયિક્તાનું કે સંકુચિતતાનું નામ આપી દેવું જરા અસાહિત્યિક બની રહે.

થોડાંક ઉદાહરણો જોવાં જોઈએ. ગુજરાતીના મૂર્ધન્ય સાહિત્યકાર ગણાતા શ્રી કનૈયાલાલ મુનશીએ સોલંકીકાળને વર્ણવતી ઐતિહાસિક નવલકથાઓ લખી છે, જે ખૂબ રસમય અને લોકપ્રિય છે. તેમાં એમણે બે નૂતન પાત્રો સર્જ્યાં અને પોતાની કલ્પનાશક્તિને એક નવો જ – ચમત્કૃતિભર્યો ઓપ આપ્યો. પરંતુ તે પાત્રો માટેનો કોઈ અદીઠ અધ્યાસથી તેઓ એવા ઘેરાયા કે એમણે એક પવિત્ર વિભૂતિને તદ્દન ગ્રામ્ય ધર્મવાળા વાસનાલિપ્ત ચીતરી બતાવ્યા. જૈનદ્વેષ કે જૈનત્વનો સ્વકલ્પિત તેજોવધ એ સિવાય, આનું કોઈ જ કારણ ન હતું, તે તો વર્ષોથી પુરવાર થયેલું છે.

જૈનદ્વેષનું આવું બીજું ઉદાહરણ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'નું છે. તેમણે તેમની પ્રખ્યાત નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં પોતાની તે વૃત્તિ ચોર્યા વગર પ્રગટ કરી બતાવી છે. કશા જ કારણ વગર જૈન સાધુ કે આચાર્યના પાત્રને કથાના પ્રવાહમાં ખેંચી લાવવું અને પછી તેની કુત્સિત બાજુ ઊપસાવીને વાચકની નજરમાં તેને નીચું પાડવું, એ ખૂબ વિચિત્ર હતું. ત્રીજો ભાગ જ્યારે ધારાવાહી રૂપે 'જન્મભૂમિ પ્રવાસી'માં પ્રગટ થતો, ત્યારે આ સંદર્ભે વિસ્તૃત પત્રો લેખકને તથા તંત્રીને લખાયા હતા. લેખકે તો જવાબ ન આપ્યાં. પરંતુ તત્કાલીન તંત્રી શ્રીહરીન્દ્ર દવે એ અમારા ત્રણેક પત્રો અવશ્ય છાપ્યા હતા. બૌદ્ધ ધર્મનો મહિમા વધારવા માટે થઈને જૈનધર્મને નીચો દેખાડવાની આ પ્રવૃત્તિ, મારા જેવા સામાન્ય માણસની દૃષ્ટિમાં, અસાહિત્યિક ગણવી પડે, તેવી પ્રવૃત્તિ હતી, જેની આવા સમાજચિંતક સાહિત્યકાર તરફથી અપેક્ષા ન રખાય.

ત્રીજું ઉદાહરણ છે 'પ્રશ્નપ્રદેશની પેલે પાર'. શ્રી દિનકર જોષીએ લખેલી આ એક સરસ અને વિચારોત્તેજક નવલકથા છે. તેમાં એક એવો સિનારિયો કલ્પ્યો છે કે જેમાં બુદ્ધની હત્યા માટે, બુદ્ધને બદનામ કરવા માટે, ભગવાન મહાવીરે પોતાના અનુયાયીઓને પ્રચ્છન્ન પ્રેરણા આપી હોય, અને શ્રાવકો તેમ કરવા જતાં પકડાઈ જવાથી ભાંડો ફૂટી ગયો હોય, અને સમાજમાં તથા રાજ્યમાં મહાવીરસ્વામીનું નામ તથા વ્યક્તિત્વ કલંકિત થઈ જતું હોય. ભગવાન બુદ્ધ માટે શ્રદ્ધા અને આદર હોવો એ સારી વાત છે. પરંતુ તેને પ્રગટ કરવા માટે, જેમનો લેશ પણ દોષ ન હોય એવા, બુદ્ધથી જુદું દર્શન અને દૃષ્ટિ ધરાવતા માણસને, ગુનેગાર તથા

કલંકિત આલેખી નાખવા તે બરદાસ્ત કેમ થાય?

આ નવલ ધારાવાહી રૂપે પ્રગટ થતી હતી ત્યારે, આ વિષયે પત્રો લખેલા. તે પત્રો લેખકને પાઠવ્યા, જે નિરુત્તર જ રહી ગયા. સ્મરણ છે કે લેખકે બૌદ્ધ સાહિત્યના ઉલ્લેખોને યથાર્થ માનીને તેવું પ્રતિપાદન કરેલું. મારો સવાલ એ હતો કે સંપ્રદાય-દ્વેષથી પ્રેરિત ગ્રંથોલ્લેખોને સાચા માનીને લખી દેવું, તે શું સાંપ્રદાયિકતા ન ગણાય?

આ બધા દાખલા ટાંકીને હું એવું પ્રતિપાદન કરવા નથી ઇચ્છતો કે જૈન ધર્મની કે જૈનોની ટીકા-ટીપ્પણી થાય જ નહિ. વિચારશીલ જૈન આવું સંકુચિત કે બંધિયાર માનસ ધરાવી ન શકે. ટીકા કરો, અવશ્ય કરો. પરંતુ તે કાલ્પનિક ન હોવી જોઈએ, એટલે પોતાની કલ્પનાઓ તથા માન્યતાઓ – આધારિત ન હોવી જોઈએ, તેમ જ દ્વેષ કે અરુચિથી પ્રેરિત ન હોવી જોઈએ. ટીકા વાસ્તવિકતાના ધરાતલ ઉપર હોય, વિષયને બરાબર સમજ્યા પછી થતી હોય, ત્યારે તે ઉપકારક જ બને છે, નકારાત્મક નથી રહેતી.

હવે **'वैशाली की नगरवधू'** ની વાત કરીએ. સર્વપ્રથમ તો આ ઉપન્યાસ પરત્વે થોડાક સામાન્ય પ્રશ્નો ઉદ્ભવે તેમ છે. જેમ કે –

૧. વૈશાલી ઉપર આક્રમણ શ્રેણિક બિંબિસારે નહિ, પણ તેના અનુગામી અને પુત્ર રાજા કોણિક – અજાતશત્રુએ કર્યું હોવાનો સિદ્ધ ઇતિહાસ છે. લેખક આનો પૂરો વ્યત્યય કરે છે, અને શ્રેણિકના નામે તે આક્રમણ, યુદ્ધ ચઢાવે છે.
૨. એ યુદ્ધમાં વૈશાલીનું ગણરાજ્ય હારેલું, અને વૈશાલીનો સર્વનાશ થયેલો. અહીં લેખક વૈશાલીને વિજેતા આલેખીને મગધનો પરાભવ દર્શાવે છે.
૩. વૈશાલીની રાજકન્યા 'ચેલ્લાણા' શ્રેણિકની રાણી છે, જેનો પુત્ર કોણિક પછીથી મગધ-સમ્રાટ બન્યો હતો. લેખક શ્રેણિક અને અંબપાલીનો અભિસાર દર્શાવે છે, અને તેનાથી થયેલ પુત્રને, શ્રેણિકના વચન અનુસાર, ભાવી મગધ-નરેશ તરીકે વર્ણવે છે. સંભવતઃ તે અજાતશત્રુ છે.
૪. વિડંબના તો એ છે કે લેખક અંબપાલીને શ્રેણિકની ભોગ્યા સ્ત્રીની પુત્રી તરીકે વર્ણવે છે.
૫. શ્રેણિકને તેનો પુત્ર કોણિક બંધનમાં મૂકે છે, અને તે જ સ્થિતિમાં તે અવસાન પામે છે, એવું ઇતિહાસ કહે છે. લેખક શ્રેણિકને, તેની ભોગ્યા સ્ત્રીના સંતાનરૂપ સોમના હાથે બંધનમાં મૂકાવે છે, અને પછી તેને મુક્ત કરીને પુનઃ રાજ્યારૂઢ દર્શાવે છે. સોમ બુદ્ધમાર્ગે ચાલ્યો જાય છે. આ રીતે મુક્ત થયા પછી શ્રેણિકના હાથમાં તેનો અંબપાલી દ્વારા જાત દીકરો (કોણિક) પહોંચે છે.
૬. રથમુશળ અને મહાશિલાકંટક એ બન્ને યંત્રો મગધની સેના પાસે જ હોય છે. લેખકે બેય યંત્રો મગધ અને વૈશાલીને વહેંચી આપ્યાં છે. અલબત્ત, મારી આ વાતો માત્ર જૈન સ્ત્રોતો-આધારિત છે. બૌદ્ધ-સ્ત્રોતોમાં લેખકે આલેખ્યું, તે પ્રમાણે હોય તો તે અસંભવિત નથી. સવાલ એટલો જ થાય કે જો લેખકે જૈન સાહિત્યનો પણ અભ્યાસ, તેમના કથન પ્રમાણે, કર્યો હોય તો, તેમાં વર્ણવેલા ઐતિહાસિક મુદ્દાઓને નજરઅંદાજ સાવ કરીને એકલા બૌદ્ધ સ્ત્રોતને જ યથાર્થ માન્યો હશેને? આ ઉચિત છે?
૭. ૫૭, ૫૮, ૫૯ આ ત્રણ પ્રકરણો 'શાલિભદ્ર' સાથે સંબંધ ધરાવે છે. આ ૩ પૈકી એક-૫૮મું પ્રકરણ 'મહાવીર' અને તેના મુખ્ય સિદ્ધાંતોનો પરિચય કરાવનારું પણ છે. ઉપન્યાસમાં 'મહાવીર' એક ઉપયુક્ત પાત્ર લેખકની દૃષ્ટિએ ભલે બનતું હશે, પણ શાલિભદ્રનાં બે પ્રકરણો તો તદ્દન આગંતુક જેવાં અને તેથી અનાવશ્યક પ્રક્ષેપ સમાં ભાસે છે. શાલિભદ્રની ઓળખાણ કર્યા પછી આખા ઉપન્યાસમાં તેનું કોઈ જ કર્તવ્ય કે અસ્તિત્વ નથી; તેથી તે પાત્ર કે તેનો પરિચય ન થાય તો તેમાં વાચકે કાંઈ ગુમાવવાનું નથી. જો જૈન પાત્ર તરીકે જ તેનો પરિચય અપાતો હોય તો, તેનાથી વધુ જરૂરી અને ઉપયુક્ત પાત્ર તો 'અભયકુમાર' છે. તેને લેખકે એક સાવ મામૂલી અને ઉપેક્ષિત પાત્ર તરીકે ક્યાંક અછડતું આલેખ્યું છે. જ્યારે શાલિભદ્ર માટે ૩ પ્રકરણો! જરા અટપટું લાગે.

આવું તો ઘણું બધું છે આ ઉપન્યાસમાં. પણ મારે જે વાતો પર ધ્યાન દોરવું છે તે વાતો તો આ છેઃ-

લેખકે વિભિન્ન પ્રસંગે અને પ્રયોજનવશ, ત્રણ પાત્રોને ઠીક ઠીક ઉપસાવી છે. ૧. ભગવાન મહાવીર. ૨. રાજકુમારી ચન્દ્રભદ્રા એટલે કે શીલચન્દ્રના. જૈનો તેને ચન્દના કે ચન્દનબાલા તરીકે ઓળખે છે. જૈન ગ્રંથો અનુસાર તેનું ખરૂં નામ વસુમતી હતું. તેની માતાનું નામ રાણી ધારિણી હતું, જેનો પત્તો આ ઉપન્યાસમાં મળ્યો નથી. ૩. હરિકેશીબલ. (ચાંડાલ જાતિના તે – નામના એક જૈન સાધુ).

ભગવાન મહાવીર અને રાજકુમારી ચન્દ્રભદ્રાની વાતો લગભગ એકમેકથી સંબંધિત બનીને જ આવે છે. મૂળ કથા, જૈન ગ્રંથો અનુસાર, એવી છે કે ચંપાના રાજા દધિવાહનને પરાસ્ત કરીને કૌશામ્બીપતિ શતાનીકનું સૈન્ય ત્યાં લૂંટ ચલાવે છે. એક સૈનિકના હાથમાં રાણી ધારિણી અને કુમારી વસુમતી સપડાય છે. તેમાં ધારિણી આત્મહત્યા કરે છે અને વસુમતી કૌશામ્બીમાં ગુલામલેખે વેચાય છે. ધનાવહ નામે શ્રેષ્ઠી તેને ખરીદીને ઘેર લઈ જાય છે, પુત્રીવત્ રાખે છે. શેઠાણીને વહેમ જતાં તે વસુમતીને અંધાર કોટડીમાં બંધના મૂકે છે. તેમાંથી છૂટકારો થયા પછી તે કન્યા ભગવાનને લગભગ છ માસના ઉપવાસ-પારણાં કરાવે છે. કાળાંતરે તે ભગવાન મહાવીરના હાથે દીક્ષા લઈ પ્રથમ સાધ્વી આર્યા ચન્દનબાલા નામે પ્રતિષ્ઠિત થાય છે.

ઉપન્યાસ-અનુસાર, મગધની સેના ચંપાને બરબાદ કરીને દધિવાહનને હણે છે . સોમભદ્ર ચન્દ્રભદ્રાને કોસલ લઈ જાય છે, પણ માર્ગમાં તે એકલી પડી જઈ ગુલામો-વ્યાપારીના સંકજામાં આવીને શ્રાવસ્તીમાં ગુલામડી તરીકે વેચાય છે. ત્યાં તે દાસી બની રાજભુવનમાં ગઈ, ત્યાં સોમભદ્રનો પુનઃ મેળાપ થાય છે. તે બન્ને વચ્ચે પ્રેમ થાય છે, બેઉ એકમેકને ચાહવા લાગે છે. સોમ વ્યાકુળ છે, કુમારીને અહીંથી છોડાવવી છે. પોતાની બનાવવા લઈ જવી છે. કુમારી પણ ઇચ્છે છે, પણ તેના મનમાં શ્રમણ મહાવીરનો નિર્દેશ સર્વોપરિ છે. તેનો પ્રેર્યો સોમ મહાવીર પાસે જાય છે અને ચન્દ્રભદ્રાની વાત કરીને તેમને ચોંકાવી મૂકે છે. સોમ એકાંત મુલાકાત માગે છે અને મહાવીર તેમ કરે પણ છે. તેને બધી હકીકત જાણ્યા પછી મહાવીર એક શ્રામણેર (શિષ્ય) દ્વારા કોસલ-રાજપુત્ર વિદૂડભ- બોલાવી બધું સમજાવીને તેની સાથે સોમની મુલાકાત કરાવે છે. બન્ને વચ્ચે લાંબી ચડભડ થયા પછી રાજકુમાર સોમને કહે છે કે ચન્દ્રભદ્રાને તારી થાપણ તરીકે હું સાચવીશ – બહેન ગણીને. તું નિશ્ચિંત થઈને જા. એ બેઉની ચડભડ દરમિયાન બન્ને દ્વન્દ્વયુદ્ધ કરવા તત્પર થયા ત્યારે ત્યાં મહાવીરસ્વામીએ આવીને બન્નેને વાર્યા, અને સોમને કહ્યું કે તારી આંખોનો વિકાર મેં જોઈ લીધો છે, હવે હું કુમારીનું કલ્યાણ થાય તેમ કરીશ તું શાંત રહે. (પ્ર. ૭૦, ૭૧)

૭૫મા પ્રકરણમાં કુમારી સૂચવે છે કે 'સોમને સમજાવો કે તે મહાવીર ભગવાનને મળીને પોતાનો ભાવ સમજાવે. પછી તેઓ જેમ કહેશે તેમ થશે.' સોમ તેમ કરે પણ છે, અને ત્યારે મહાવીર તેને કહે છે કે 'સોમ! હમણાં તું તેનાથી દૂર રહે એમાં જ તારૂં હિત છે. યથાસમય શું કરવું તે હું જણાવીશ.'

છેવટે બે પાત્રો વિખૂટાં પડે છે ત્યારે પરસ્પરનો સંપત પણ પ્રેમાલાપ લેખકે આલેખ્યો છે અને બેયને રડતી-પ્યાસી આંખે છૂટાં પડતાં વર્ણવ્યાં છે. પ્ર. ૮૧માં તો સોમ કોસલમાં જ વિદ્રોહ કરી,વિદૂડભને ખતમ કરી પોતે કોસલ-પતિ બનવાની અને કુમારીને પટ્ટરાણી બનાવવાની વાત કરતો સંભળાય છે.

પ્ર. ૮૭માં સોમપ્રભ ઘાયલ બનીને પથારીવશ રાજમહાલયમાં છે, ત્યાં એકાએક શ્રમણ મહાવીર તેમને મળવા આવે છે, અને તેને રાજકુમારીનો મોહ છોડવા સમજાવે છે. ભગવાન તેને આદેશાત્મક સ્વરે સૂચવે છે કે 'उसे तू कोसल की पट्टराजमहिषी बनने दे, भद्र! बस, इसी में सब हो गया।' તો પ્ર. ૯૦માં એ બન્નેના મિલન અને પ્રેમાલાપનું વર્ણન આમ થયું છેઃ ''अब मुझे जाना होगा प्रेये!'' ''तो मैं भी तुम्हारे साथ हूं, प्रिय!'' ''नहीं शील ऐसा नहीं हो सकता। मुझे जाना होगा और तुम्हें रहना होगा!...तुम कोसल की पट्टराजमहिषी रहेगी, यह ध्रूव है।'' ''मैं, सोम प्रियदर्शन, तुम्हारी चिरकिंकरी पत्नी होने में गर्व अनुभव करूंगी।''

આ પ્રકરણ સાથે જ કુમારીના પાત્ર પર પડદો પડી જાય છે. તેનું શું થયું – તે લેખક વર્ણવતા નથી. તે કોસલરાજની પટ્ટરાણી બન્યાં હોવાનું લેખકને અભિપ્રેત હોય તેમ અવશ્ય લાગે.

આ આખાયે સંદર્ભમાં ભગવાન મહાવીરને જે રીતે વાતચીત કરતાં, મુલાકાત આપતાં રાજમહેલે જતાં, કુશળ રાજપુરુષની માફક વર્તતાં દર્શાવીને, ચન્દનબાલાને રાજરાણી થવામાં નડતા સોમભદ્રને હટાવવામાં ચન્દનાની પોતા પ્રત્યેની આસ્થાનો સાધનલેખે ઉપયોગ કરતા દર્શાવીને, મહાવીરના શ્રામણ્યને લેખકે કેવું લાંછિત-અવાંછિત બનાવી મૂક્યું છે! તો ચન્દના-રાજકુમારીને પણ, તેમના વાસ્તવિક ચરિત્રથી સાવ વિપરીત, એક પ્રેમઘેલી કન્યા અને પછી રાજરાણી બનાવીને તે પાત્રને તથા તેના યથાર્થ ઐતિહ્યને કેટલોબધો અન્યાય થયો છે!

નવલકથાને રસમય બનાવવા માટે પ્રેમીઓ, પ્રેમ, પ્રેમલાપ, પ્રેમીને પામવા માટેના આટાપાટા, યુક્તિઓ વગેરે અવશ્ય જોઈએ. પરંતુ તે લેખક બીજાં અનેક પાત્રો પાસે કરાવી શક્યા હોત; નવાં પાત્રોનું નિર્માણ પણ કરી શક્યા હોત; પરંતુ લેખકે જાણે કે જૈન પાત્રોને ઓછાં ચીતરવાનો અને ઇતિહાસને પૂર્ણપણે કલ્પનના રંગે રંગવાનો નિર્ધાર જ કર્યો હશે!

'હરિકેશીબલ' એ જૈન સંઘનું એક વિશિષ્ટ પાત્ર છે. ભગવાન મહાવીરના ધર્મશાસનમાં જાતિ અને વર્ણના ઉચ્ચ-નીચ પ્રકારના ભેદને અવકાશ ન હોતાં, કોઈ પણ જાતિ કે વર્ણનો આદમી પોતાના ગુણના કે આત્મબળના જોરે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે તેવી સ્થિતિનો સ્વીકાર હતો. તેનું, અનેકોમાંનુ એક, ઉદાહરણ તે હરિકેશીબલ સાધુ. જન્મે ચાંડાલ. સર્વ હડધૂત થાય; તિરસ્કારને તથા અસ્પૃશ્યતાને પાત્ર. એને એક મુનિએ પનાહ આપી, અને તે સાધુ થઈ મહાતપસ્વી બન્યા. રાજકન્યા સાથે લગ્નની વાત, તેનો ઇન્કાર, બ્રાહ્મણો દ્વારા તિરસ્કાર અને મારપીટ, વનરક્ષક પક્ષ દ્વારા તેમને શિક્ષા – આ બધી વાતો જૈન આગમ उत्तरज्झयणसुत्तना हरिएसिज्जा નામે અધ્યાય કે પ્રકરણમાં સચવાઈ છે.

તે અધ્યાયના શબ્દો તથા પ્રતિપાદિત કથાનો અક્ષરશઃ આધાર કે ઉતારો આ ઉપન્યાસમાં લેખકે કર્યો છે. તેમણે હરિકેશીબલને 'આજીવક પરિવ્રાજક' (જૈન નહિ) ગણાવ્યો છે, અને તેના મોંમાં જે વાતો મૂકી છે તે તથા તેની સાથે વૈશાલીમાં ઘટેલી ઘટનાઓનું વર્ણન – એ બધું 'ઉત્તરાધ્યયન સૂત્ર'નું યથાતથ ઉપાડી મૂક્યું છે. પ્ર. ૧૧૧-૧૧૨ આ વિષયે દ્રષ્ટવ્ય છે. લેખકીય કલ્પકતાએ થોડાક અનુકૂળ ફેરફાર કરાવ્યા પણ છે. છેવટે લેખક જ રહસ્યસ્ફોટ કરે છે કે વાસ્તવમાં તે 'પ્રભંજન' નામનો હજામ હોય છે, અને તે મગધના મહામાત્યનો ગુપ્તચર હોય છે. પ્ર. ૧૨૪માં તેનો વધ પણ દર્શાવવામાં આવ્યો છે.

એક ગુપ્તચર ને 'હરિકેશીબલ' બનાવવો, તે નામ જૈન મુનિનું હોવા છતાં તેને આજીવક સાધુ ગણાવવો; વળી તેને માટે જૈન સૂત્રની કથા બેસાડવી – આ બધું જ જૈનધર્મથી વિપરીત

જણાય છે; આવું કાં તો જૈન-દ્વેષ-પ્રેરિત થઈ શકે, કાં અજ્ઞાન-પ્રેરિત હોઈ શકે.

એક જૈન સામાન્ય વાચક-ભાવકલેખે મારા મનમાં એક જ સવાલ રમે છે કે આવું શા માટે? અરુચિ હોય તો જૈન વિષયને અસ્પૃશ્ય ગણે, રાખે. કોઈ વાત ન ગમે તો તેની અવશ્ય ટીકા કરે, તે પણ સ્પષ્ટપણે; ગોળ ગોળ નહીં. ઉપયુક્ત લાગે તો કોઈ વાતનો ઉપયોગ કહે, પણ તેને તોડી-મરોડીને કે વિકૃત કરીને નહિ જ. આટલી અપેક્ષા રાખવી એ જો સાંપ્રદાયિકતા ગણાતી હોય તો તેનો સ્વીકાર કરવો ગમશે. બધા સાંપ્રદાયિકો, આ પ્રકારની સાહિત્યિકો જેવા તુચ્છ અને પૂર્વગ્રહીત નથી હોતા, એટલું ઉમેરીને અટકીશ.

❑❑❑

સંપર્ક : ૭૯૮૪૭૮૭૩૨૦

# સંલેખના વ્રત (અણસણ)

**સુબોધી સતીશ મસાલીયા**

એક દિવસ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને ચરણોમાં વંદન કરી ભવિક જીવોના હિત માટે પૂછે છે કે 'હે પ્રભુ અમે કઈ રીતે મુક્તિમાર્ગ આરાધીએ એ અમને જણાવો.' (ગૌતમસ્વામી પોતે ચારજ્ઞાનના ધણી હતી છતાં પણ પોતાના જ્ઞાનનો ઉપયોગ બાજુએ મૂકીને પોતે જવાબ આપવાને બદલે, પોતે બાળક જેવા બની, આપણા જેવાના હિત ખાતર, માર્ગદર્શન ખાતર, પ્રભુ- વીરને સવાલો પૂછતાં. આને જ્ઞાન પચ્યું કહેવાય. જ્ઞાનના ફળ રૂપે વિનમ્રતા પેદા થઈ કહેવાય.) ત્યારે પ્રભુ વીર ગૌતમ સ્વામીને મોક્ષમાર્ગ આરાધનાના દસ અધિકાર બતાવે છેઃ

(૧) અતિચાર આલોઈએ (૨) વ્રત ધરીએ ગુરૂ સાખ (૩) જીવ ખમાવી સયલ જે યોનિ ચોરાસી લાખ (૪) વિધિશું વળી વોસરાવીએ, પાપસ્થાન અઢાર (૫) ચાર શરણ નિત્ય અનુસરો (૬) નિંદો દુરિત આચાર. (પોતાના બીજાના નહીં) (૭) શુભકરણી અનુમોદીએ (૮) ભાવ ભલો મન આણ (૯) અણસણ અવસર આદરી (૧૦) નવપદ જપો સુજાણ

**શુભગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર**
**ચિત્ત આણીને આદરો... જેમ પામો ભવપાર...**

(પુન્યપ્રકાશનું સ્તવન)

આ દસ અધિકારમાં નવમો અધિકાર છે. અણસણ આદરવું – અણસણ કહો, સંલેખના કહો, સંથારો કહો. જૈનોના અમુક પંથમાં સંલેખના વ્રત વિસરાઈ ગયું લાગે છે, જ્યારે અમુક પંથમાં સંથારો ગ્રહણ કરવામાં આવે છે.

સંલેખના એટલે શું? કે 'હવે જીવીશ ત્યાં સુધી કોઈપણ પ્રકારનો આહાર ગ્રહણ નહીં કરું. ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરવો તેને સંલેખના વ્રત ઉચર્યું કહેવાય.'

આવું સંલેખના વ્રત ક્યારે ઉચ્ચરવું? તો પુન્યપ્રકાશના સ્તવનમાં સાતમી ઢાળમાં કહે છે કે...

**'હવે અવસર જાણી, કરી સંલેખન સાર,**
**અણસણ આદરિયે, પચ્ચખી ચારે આહાર.**
**લલુતા સાવ મૂકી, છાંડી મમતા અંગ,**
**એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ'**

કહે છે કે અવસરને જાણી, સંલેખના કરો. શેનો અવસરો કોનો અવસર? અવસર એટલે કે એવો સમય આવી ગયો છે કે હવે કોઈપણ રીતના ધર્મ આરાધના થઈ શકે એવી પરિસ્થિતિમાં આ દેહ નથી. ધર્મ એટલે દેરાસર નથી જઈ શકતા કે ઉપવાસ નથી કરી શકતા, એ ધર્મની વાત નથી. અહીં એ ધર્મ લેવાનો કે. 'સ્વ' માં ઉતરીને 'સ્વ'નો અધ્યાય નથી કરી શકતા. આત્માનો ઉપયોગ આત્મામાં જ સ્થિર કરી ધ્યાન નથી કરી શકતા. ઉદયમાં આવેલ કર્મોને સમતાભાવે વેદી નથી કરી શકતા. જૂના કર્મોની ઉદીરણા કરીને તેને નિર્જરી નથી શકતા. આવી કોઈ શક્તિ આ શરીરમાં રહી નથી, ને સામે મૃત્યુ નિશ્ચિત બનીને આવીને ઉભું છે. આવા અવસરને (સમયને) જાણીને સમજીને માયા-મમતા-લોલૂપતા-કુટુંબની, ઘરની, લક્ષ્મીની માયા, છોડીને પોતે ચારેય આહારના પચ્ચખાણ કરી અણસણ તપની આરાધના ચાલુ કરી દેવી જોઈએ.

**ગતિ ચારે કીધાં, આહાર, અનંત નિઃશંક,**
**પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક**
**દુલહો એ વળી વળી અણમણનો પરિણામ**
**અહેથી પામી જે, શિવપદ, સુરપદ કામ**

કહે છે કે જીવ ચારે ગતિમાં ભ્રમણ કરતાં તે અનંત આહાર ગ્રહણ કર્યો છે તેમાં કોઈ શંકા નથી. વળી ઘડી ઘડી આવા અણસણના પરિણામ (ભાવ) જાગવા પણ દુર્લભ છે માટે હે જીવ જો હવે કોઈપણ પ્રકારે ધર્મઆરાધના થઈ શકે એમ નથી એવો અવસર આવી ગયો છે તો સંલેખના વ્રત ગ્રહણ કર... પણ સબૂર! એ માટે મનને અતિ દઢ કરવું જરૂરી છે. અણસણ વ્રત ગ્રહણ કર્યા પછી કદાચ તબિયત સુધરવા લાગી તો? તો એમ થાય ને કે અરેરે મેં ક્યાં અણસણ વ્રત લીધું, હવે મારે નક્કી કરવું જ પડશે? ના ના મારે તો હજી જીવવું છે. હવે શું કરું? જો આવા વિચારોના વમળ ઉઠયા તો સતત આર્તધ્યાનમાં ગરકાવ થઈ તિર્યંચ ગતિનું આયુષ્ય બંધાતું જાય. માટે મનને ખૂબ જ દઢ કરી. એ મક્કમ નિર્ણય કરવો જોઈએ કે હવે અણસણ ઉચ્ચર્યા પછી કદાચ એવું બને કે સ્વસ્થતા પ્રાપ્ત થતી હોય એવું લાગે તો પણ મનને જરાપણ વિચલિત થવા દેવાનું નથી. વિચારવાનું કે આમ તો કોઈ આશા નહોતી કે સારું થાય... પણ જો અણસણના પ્રભાવે પણ સારું થાય તો હું જેટલા દિવસ જીવીશ ત્યાં સુધી વધારે સારી રીતની સાધના કરી શકીશ. વધારે સારી રીતના સમતામાં રહી શકીશ ને વધારે ને વધારે કર્મની નિર્જરા કરી શકીશ. માટે જો સ્વસ્થતા પ્રાપ્ત થઈ રહી છે તો તે પણ મારા હિત માટે જ

છે. વળી પાછો આ માનવદેહ ક્યારે મળશે તે ખબર નથી અને કદાચ મળશે ત્યારે આ અંતરંગ ધર્મની સ્ફૂરણા હશે કે નહીં, તે પણ ખબર નથી. તો હું મારા ભવિષ્યના સપનામાં શું કામ રાચું? હું મારી આજ જ, ન સુધારી લઉં ? જે શરીરને બળીને રાખ જ થવાનું છે તેની પાસે છેલ્લે છેલ્લે જેટલું કામ કઢાવી શકાય તેટલું કઢાવી લઉં. ને એવું અવિચલ પદ પ્રાપ્ત કરી લઉં કે જ્યાંથી જન્મ-મરણના ફેરા પર પૂર્ણવિરામ આવી જાય. આવું દૃઢ મનોબળને અવિચલ શ્રદ્ધા હોય તો અણસણ વ્રત ગ્રહણ કરવામાં કોઈ ભયસ્થાન નથી.

ક્યારેક એવું પણ બને કે ચારેય આહારના પચ્ચખાણ કર્યા પછી ભૂખ કે તરસ સહન કરવી અસહ્ય બની જાય ને મનના પરિણામો નીચા પડી જાય ગમે તેવી વેદના કે દુઃખદર્દ સમતા ભાવે સહન કરવા માટે જીંદગીભરની સાધના જોઈએ. જેણે વિપશ્યના ધ્યાન સાધના દ્વારા સુખદ કે દુઃખદ સંવેદનાને સમતાભાવે સહન કરવાની પ્રેક્ટિસ કરી છે, સતત એ સાધના કરી છે, તેમાં પ્રાયઃ આ ક્ષમતા પ્રાપ્ત થતી જાય છે. પણ જેણે આવી કોઈ સાધના જ નથી કરીને ભૂખ-તરસ સહન ન થતાં પોતે સમતા ગુમાવી દે છે તે આર્તધ્યાનમાં ડૂબી શકે છે. સંલેખના વ્રત સ્વીકારતાં પહેલાં એની હકારાત્મક ને નકારાત્મક બંને બાજુને બરાબર જાણી લઈ દૃઢ મનોબળ સાથે જ ઝંપલાવવું જોઈએ.

શ્રી ગૌતમ સ્વામીના આગલા ભવની એક વાત યાદ આવે છે. વર્ષો પહેલાં વાંચેલું એટલે ત્રીજા-ચોથા કે પાંચમા કયા ભવની વાત છે તે યાદ નથી. પરંતુ તે ભવમાં ગૌતમસ્વામીનો જીવ વ્રતધારી શ્રાવક હતા. છેલ્લે પોતાના કલ્યાણ મિત્રને સાથે રાખીને અણસણ વ્રત ગ્રહણ કરે છે. બહુ સુંદર રીતે અણસણ વ્રતનું આરાધન કરતાં, એમને એટલી બધી પાણીની તરસ લાગે છે કે સહન થઈ શકતી નથી. તેમના મિત્રને ખૂબ જ વિનંતી કરે છે કે મને જરા પાણી આપી દે પરંતુ જેણે સાક્ષી તરીકે રહીને ચારેય આહારના યાવત્જીવ પચ્ચખાણ કરાવ્યા છે, તે એમને પાણી કેવી રીતે આપે? તરસ સહન કરવાની અસહ્ય થતાં, ને વારંવાર પાણીની માગણી કરવા છતાં પાણી ન મળવાથી, એમના મનમાં એવા ભાવ પેદા થાય છે કે ''મારા કરતાં તો પાણીનું (દરિયાનું) માછલું સારું કે જેને પાણી માટે તડપવું પડતું નથી'' આ આર્તધ્યાનમાં શ્રી ગૌતમસ્વામીનો જીવ તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે ને મૃત્યુ પામી દરિયામાં માછલા તરીકે ઉત્પન્ન થાય છે. કદાચ આવા ૫-૧૦ દાખલા બન્યા હોય ને એટલે પણ કદાચ શ્વેતાંબર દેરાવાસી પંથમાંથી સંલેખના વ્રત નામશેષ બન્યું હોય એવું પણ બને પણ સ્થાનકવાસી પંથમાં તો હજી પણ એટલા જ ઉત્સાહથી સંથારાની પ્રથા પ્રચલિત છે.

ખરેખર જેને આત્મસાધના જ કરવી છે, આ શરીર રૂપી સાધના દ્વારા સાધી જ લેવું છે, જેને મહારોગ, આતંક, કષ્ટ આવવા છતાં પણ સમતા રસમાં જ ઝીલાવું છે... જેને જીવન કરતાં પણ મોતને ઉજ્વળ બનાવવું છે, જેણે વિપશ્યના સાધના દ્વારા ગમે તેવા દુઃખદર્દ સમતાથી સહન કરવાની પ્રેક્ટિસ પાડી છે, જેને મૃત્યુ હવે નિશ્ચિત દેખાઈ રહ્યું છે, અને અંતરંગ ધર્મઆરાધના બિલકુલ થઈ શકે તેમ નથી, જેનું લોખંડી મન છે. કૃત નિશ્ચય છે, તેને માટે અણસણ વ્રત જેવું કોઈ વ્રત નથી... સંલેખના તપ જેવું કોઈ તપ નથી.

**ધન ધન્નો શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર...**
**અણસણ આરાધી, પામ્યા ભવનો પાર...**
**શિવ મંદિર જાશે, કરી એક અવતાર...**
**આરાધન કેરો એ નવમો અધિકાર...**

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ અશોક નગર, દામોદરવાડી, કાંદિવલી (ઈસ્ટ)
મો. ૮૮૫૦૦૮૮૫૬૭

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૫-૧૨-૨૦૧૮ના રોજ સાંજના ૫.૦૦ કલાકે મારવાડી વિદ્યાલય હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. ખાતે મળશે, જેમાં નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૧૭-૧૮ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) ઉપ પ્રમુખ, સહ કોષાધ્યક્ષની નિમણુક કરવા બાબત.
(૪) સને ૨૦૧૮-૧૯ ની સાલ માટે સંઘ માટે ઑડિટરની નિમણૂક કરવી.
(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧૦-૧૨-૨૦૧૮ થી તા. ૧૪-૧૨-૨૦૧૮ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લિખિત મોકલવા વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઈએ તો તેમની લેખિત અરજી મળતા નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**નીરુબહેન એસ. શાહ - ડૉ. સેજલબેન શાહ**
મંત્રીઓ

**કાર્યાલયનું કામચલાઉ સરનામું :** ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯ જે.એસ.એસ., કેનેડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪.
ફોન : ૨૩૮૨૦૨૯૬ / મો.: ૯૧૩૭૭૨૭૧૦૯

# 'બાપુ કુટીર'નો સંદેશ

શ્રી ઇવાન ઇલિચ – અનુવાદ : વાસુદેવ વોરા

**સાર્ધ શતાબ્દી નિમિત્તે દર મહિને એક લેખ ગાંધીજી વિષયક રહેશે.**

*(વિશ્વ વિખ્યાત ચિંતક અને ક્રાંતિકારી વિચારના ઉદ્‌ગાથા શ્રી ઈવાન ઈલિચ ૧૯૭૯ માં એક સંમેલનના ઉદ્‌ઘાટનના માટે સેવાગ્રામ આવ્યા ત્યારે તેમણે પોતાનો વધુમાં વધુ સમય ગાંધીજીની કુટીરમાં બેસીને ગાળ્યો હતો. અહીં જે ચિંતન થયું તે 'બાપુની કુટીરનો સંદેશ' તરીકે તેમણે પોતાના પ્રવચનમાં રજૂ કર્યું હતું.)*

મહાત્મા ગાંધીએ જ્યાં નિવાસ કર્યો હતો તે કુટીરમાં બેસીને હું ગાંધીજીનો સંદેશ અને તેના તત્વાર્થ વિષે વિચાર કરતો હતો. તેને આત્મજ્ઞાન કરવા અને શક્ય હોય તો તેની ઝલક ઝીલવા પ્રયત્ન કરતો હતો. કુટીરની બે બાબતોએ મારું અંગત ધ્યાન ખાસ ખેંચ્યું છે. એક તો તેના વાતાવરણમાં રહેલી આધ્યાત્મિકતા અને બીજું, તેની રચનામાં સગવડ અંગેની સૂઝ.

ગાંધીજીએ પોતાની કુટીર આ પ્રકારની કેમ બનાવી તે વિષે ગાંધીજીની દૃષ્ટિએ હું વિચારી રહ્યો હતો. કુટીરની સાદાઈ, સુંદરતા અને સુઘડતા હૃદયને સ્પર્શી જાય તેવાં છે. સમાનતાનો ભાવ અને પ્રેમના ગુંજનનો મધુર ગુંજારવ તેમાંથી સંભળાતો હતો. મેક્સિકોના મારા ઘરને મેં લગભગ આ રીતે તૈયાર કર્યું છે તેથી આ કુટીર પાછળની ભાવનાના ભાવ હું સમજી શકું છું.

ઘણા શ્રીમંત લોકો આ કુટીર જોવા આવતા હશે ત્યારે તેઓ આની મજાક પણ ઉડાવતા હશે. ભારતની સામાન્ય વ્યક્તિની દૃષ્ટિએ જોઉં છું તો મને લાગે છે કે આ કરતાં વધારે ભવ્ય મકાન શા માટે હોવું જોઈએ?

આ કુટીર માટી અને લાકડામાંથી બનાવી છે. તેમાં વપરાયેલ દરેક વસ્તુ હાથથી બનાવેલ છે. યંત્રની કોઈ બનાવટનો ક્યાંય સ્પર્શ પણ નથી. હું તેને કુટીર કહું છું, પણ ખરેખર તે એક સુંદર ઘર છે. મકાન અને ઘરમાં તફાવત છે. આ ઘર છે. મકાનમાં માણસ પોતાનું રાચરચીલું મૂકતો હોય છે. રાચરચીલાની સાચવણી અને ગોઠવણી માટે મકાન વધારે ઉપયોગી છે. વ્યક્તિ કરતાં ફર્નિચરને ત્યાં વધારે મહત્વ મળે છે. આખી જિંદગી દરમ્યાન આપણે જાત જાતનો અને ભાત ભાતનો માલ-સામાન, રાચરચીલાને વસાવ્યા કરીએ છીએ. તેમાંથી આપણી આંતરિક તાકાત જરાયે વધતી નથી. જેમ જેમ આવા રાચરચીલાનો વધારો થતો આવે, તેમ તેમ આપણું તેના ઉપરનું પાંગળાપણું વધતું આવે. પરિણામ એવું આવીને ઉભું રહે છે કે આપણે તેના માલિક નહિં પણ તેના ઓશિયાળા જેવા બની જઈએ છીએ.

ગાંધીજીની કુટીરનું રાચરચીલું સાવ અનોખી દૃષ્ટિથી તૈયાર કરવામાં આવ્યું હોય તેમ લાગ્યું. પાંગળાપણાનો ભાવ ત્યાં પેદા ન થઈ શકે. જ્યારે વધારે પડતાં સુખ સગવડનાં સાધનો ખીચોખીચ વસાવી દેવામાં આવે છે ત્યારે આપણે તેને આધારે જીવતા થઈ જઈએ છીએ. લોકોનાં આરોગ્ય માટે હોસ્પિટલ એ મુખ્ય આધાર ક્યારેય ન બની શકે. જેમ જ્ઞાન માટે ફક્ત શાળાઓને ભરોસે ન રહી શકાય, શાળાઓ વધે તેમ વિદ્વતા કે જ્ઞાન વધતાં નથી, જ્ઞાન તો આંતર સુઝ વડે આપમેળે ઊગી નીકળે છે. તેવી જ રીતે હોસ્પિટલો વધે તેથી આરોગ્ય વધે તેવુ નથી. માણસની જિંદગીમાં જેમ રાચરચીલાનો ઠઠારો વધારે તેમ તેની પોતાની ગોઠવાઈ શકવાની સૂઝ અને શક્તિ ક્ષીણ થતાં આવે છે.

કમનસીબે, પરિસ્થિતિની વક્રતા તો ત્યાં પ્રગટ થાય છે કે, જે ઉલ્ટુ છે – જે ઊંધુ છે – તેને સમુ છે, સીધું છે, તેમ માની તે પ્રમાણે વર્તવામાં આવે છે. જેમના પાસે સાધન-સામગ્રીનો પસારો વધારે છે તેને વધારે સુખી માનવામાં આવે છે, તેને વધારે મહાન – મોટા માનવામાં આવે છે. આ તો એવું છે કે બધા લોકો રોગી લોકો હોય છતાં તે આદર્શ – સુખી સમાજ તરીકે કહેવરાવે અથવા પળે પોડી લઈને ચાલતા બધા ખોડવાળા લોકો હોય અને છતાં તે ઉત્તમ તંદુરસ્ત સમાજ છે એમ કહેવરાવે તે કેવું બેહુદુ લાગે – બરાબર એ જ પ્રમાણે આપણે કરી રહ્યા છીએ.

ગાંધીજીની કુટીરમાં બેસીને સમાજનાં આ વિરોધાભાસી વલણ વિષે વિચારતો હતો અને તેનું દુઃખ અનુભવતો હતો. મને તો હવે પાછી પ્રતિતી થઈ ગઈ છે કે આ ઔદ્યોગિકરણ મારફત થતો વિકાસ એ મનુષ્યના મનુષ્યત્વ માટેના વિકાસનો સાચો માર્ગ છે જ નહિ. સિદ્ધ થઈ ગયેલ સત્ય હકીકત જેવી આ વાત છે. મહાકાય યંત્રો અને મહાકાય તંત્ર વ્યવસ્થાઓ જરાયે જરૂરી નથી. ઘણા બધા એન્જિનીયરો, ડૉક્ટરો કે પ્રોફેસરોનાં ધાડાં આપણો કોઈ દિ વાળી શકે તેમ નથી.

ગાંધીજીની કુટીર જે સૂચવે છે તે એ કે ગાંધીજી જે રીતે આ નિવાસમાં રહ્યા તેથી વધારે એશ-આરામ અને ભોગ પ્રધાન સમાજ વ્યવસ્થાની જે અપેક્ષા રાખે તે સૌ માનસિક કક્ષાએ ઘણા દરિદ્ર છે અને જીવન જીવવાની કળામાં કંગાળ છે. ભ્રાંતિને સત્ય માની તેમાં તન્મય થઈ જીવન જીવતા આ લોકો પોતાના શરીર અને આત્માની ખરેખર તો આહુતિ આપતા હોય છે, તે તેઓ સમજતા નથી તે દુઃખદ છે. શરીરની કુદરતી રચના અને તેના કાર્યમાં

વિક્ષેપ ઉભા કરી પોતાના શરીરની સુખાકારી અને તંદુરસ્તી ગુમાવી જીવનના હીરને ગુમાવી બેસે છે. કુદરત સાથેનું નૈસર્ગિક અનુસંધાન તોડી નાખી તેનાથી વિમુખ બની જાય છે. આમ સમાજ સાથે પણ તેઓ તદ્રુપ થઈ નથી શકતા, તેથી વિખૂટા પડી એકલા-એકલ પેટા હરાયા ઢોર જેમ જીવે છે. આ કેવું કરૂણ દશ્ય છે – પણ તેમને તે દેખાતું નથી.

આયોજનના નિષ્ણાંતોને જ્યારે હું પ્રશ્ન કરું છું કે તમે, આવા સીધા સાદાં વહેવારુ અને હિતકારી છે, તેવા ગાંધીજીના ઉપદેશ તરફ લક્ષ કેમ નથી આપતા? તો તેઓ જવાબ આપે છે કે ગાંધીજીના ઉપદેશને વહેવારમાં મૂકવો મુશ્કેલ છે. લોકોને ગાંધી ચીંધ્યે માર્ગે જવાનું ગમશે નહિ – આ બાબતમાં ખરી હકીકત તો એ છે કે ગાંધી માર્ગે જવા માટે વચલા, મારફતિયા લોકોની જરૂર નથી રહેતી. તે માટે કોઈ કેન્દ્રિય વ્યવસ્થા તંત્ર હોવું પણ જરૂરી નથી અને તેથી જ આયોજનકારો, મેનેજરો, વહીવટી અધિકારીઓ અને રાજનીતિજ્ઞો આમાંથી કોઈની ગાંધી માર્ગે જવાથી જરાયે ખીચડી પાકે નહીં. તેથી તેમને તે માર્ગ લેવાનું આકર્ષણ દેખાતું નથી. અન્યથા આવો સરળ – સીધો – વહેવારુ ઉકેલ અમલમાં મૂકવામાં કેમ ન આવે? આ વિચારના પાયામાં સત્ય અને અહિંસા ઉપર ઉભેલો સમાજ છે. શું લોકો એમ માને છે કે હિંસાથી – અસત્યથી એમનું સુખ સગવડ મેળવવાનું લક્ષ સિદ્ધ થઈ શકશે? હરગીજ એમ નથી. સામાન્ય, અદનામાં અદનો માણસ એમ માને છે કે સાધન શુદ્ધ હશે તો જ સાધ્ય શુદ્ધ પ્રાપ્ત થશે. સાચી સિદ્ધિ પ્રાપ્ત કરવા સાધન શુદ્ધ વાપરવાં જોઈએ – આ જરૂરી છે. અશુદ્ધ, દોષયુક્ત સાધન વાપર્યાથી સિદ્ધિ પણ દોષસહિત મળશે – તેથી જ જેમની ખીચડી આ રાહે જવાથી પાકે તેમ નથી તેવા લોકો આ વાત સમજવા, સમજાવવા તૈયાર નથી અને ગાંધી મુશ્કેલ છે તેવો ભ્રમ ફેલાવે રાખે છે. શ્રીમંતો અને માલેતુજાર લોકો આ વાત ગળે ઉતારવા તૈયાર નથી.

શ્રીમંત લોકો, માલેતુજાર લોકો, એ શબ્દ પ્રયોગથી હું એવા લોકોનો નિર્દેશ કરું છું, જે જેઓ સામાન્ય આમ જનતાને પ્રાપ્ત નથી તેવા સુખ-સગવડ સમૃદ્ધિ-સામગ્રીનો ઉપયોગ કરે છે. તે એકલપેટા જેમ એ સામગ્રી ભોગવે છે. રહેવાની બાબતમાં, ખાવા પીવાની બાબતમાં, હરવા ફરવાની બાબતમાં અને અન્ય ઉપયોગ માટેના પ્રકારોમાં તેઓ આ સત્ય હકીકત સ્વીકારવા કે અમલમાં મૂકવા તૈયાર નથી – આ સમજવા માટે તેમણે પોતાની ચેતનાને બુઠ્ઠી કરી દીધી છે. આવા લોકોએ પોતાનાં સંવેદનની પણ ખસી કરાવી દીધી છે તેમને માટે ગાંધી માર્ગ મુશ્કેલ લાગે છે – તેનો અમલ કરવો તેમને મુશ્કેલ લાગે છે. તેમના મત પ્રમાણે સાદાઈ એ અક્કલ વગરની અવહેવારુ વાત છે. આવા લોકો પરિસ્થિતિના આવરણમાં એવા જકડાઈ ગયા છે કે સત્ય તેમને દેખાઈ શકતું નથી. આ ગૂંચમાં ગૂંચવાઈ ગયા છે, તે તેમની કમનસીબી છે. અને આપણી સદ્નસીબી એ છે કે લોકોના મોટા ભાગના સમુદાય પાસે, એટલી સમૃદ્ધિ નથી અને એટલો પૈસો નથી કે સાદાઈભર્યા જીવનમાં જીવવાનો આનંદ કેવો હોઈ શકે તે સમજી શકે નહિ. એટલે શ્રીમંતો ભારતની આમ પ્રજાથી એક રીતે વિખૂટા પડી ગયા છે. રાષ્ટ્રના આત્માનો સ્પર્શ તેઓ પામી શકતા નથી. માનવ વ્યક્તિત્વનું બહુમૂલ્ય એ સમાજમાં જ શક્ય છે જે સમાજ સ્વાવલંબી સમાજ છે. માનવનું ગૌરવ અન્યથા જાળવવું શક્ય નથી. ઔદ્યોગિકરણ તરફ જેમ એક પછી એક કદમ ઉઠાવતા જશું તેમ તેમ આ માનવમૂલ્યનો હ્રાસ થતો આવશે. સમાજમાં સમાનતાના લયનો એક તાલ કેવો આનંદકારી હોઈ શકે તેના પ્રતિક સમી ગાંધીજીની આ કુટિર છે. આ વ્યવસ્થામાં સ્વાવલંબન એ પાયાના પથ્થર સમો પાયાનો સિદ્ધાંત છે. જેમ ઉપભોગનો પસારો વધ્યો તેમ પોતાની પરિસ્થિતિમાંથી મળતો આનંદ ઓછો થતો આવશે. ગાંધીજીએ તો ભાર દઈને કહ્યું છે કે ઉત્પાદન ઉપભોગ માટે છે – જરૂરિયાતોની મર્યાદા જાળવીને ઉત્પાદન અને ઉપભોગ કરો. આજના ઉત્પાદનનો રાહ જુદો છે. અપેક્ષાઓ વધારો અને પેદાશ વધારતા આવો. પેદાશના ડુંગરો નહિ પણ દુઃખના ડુંગરો આપણા ઉપર જરૂર ખડકાયા છે. આપણે આ બહુ સહન કર્યું. હવે સમય પાકી ગયો છે. યંત્રો પરનું વધારે પડતું આવલંબન માણસનો વિનાશ નોતરશે, એ ભાન જાગૃત થવું જોઈએ. ઔદ્યોગિકરણવાળા સમાજના અનિષ્ઠો આપણે સહન કર્યા – હવે તેની મર્યાદા આવી ગઈ છે. ઔદ્યોગિકરણ વડે સુધરેલ સમાજ – અમેરિકાનો હોય કે ચીનનો હોય – એટલું તો સમજતો થયો છે કે સુખ અને સમૃદ્ધિ તરફ જવાનો આ રસ્તો તો નથી જ. વ્યક્તિના વ્યક્તિત્વ માટે અને સમાજના હિત માટે માણસે પરિગ્રહ મર્યાદા જાળવવી જોઈશે. પોતાની તદન આવશ્યક જરૂરિયાતા પૂરતો જ સંગ્રહ કરવો. આજના રોગિષ્ટ સમાજમાં જે મૂલ્યો ઘર કરી ગયાં છે – તે કેમ બદલવાં, કઈ રીતે બદલવાં તે માટે સૌએ એક સાથે મળીને વિચારવાનો સમય પણ પાકી ગયો છે. સરકારના નિયમો કે નિયમન મારફત આ પ્રકારનું વિચાર પરિવર્તન થઈ શકે નહિ. સરકાર મારફત આ પ્રકારની ક્રાંતિની અપેક્ષા રાખી શકાય નહિ તેમ બીજી એવી કેન્દ્રિય વ્યવસ્થા પાસે પણ અપેક્ષા રખાય નહિ. સાચો માર્ગ તો એ છે કે લોકોનાં માનસ પર એ વાત સમજાવીને અંકિત કરવાની છે કે સાચાં મૂલ્યો શું હોઈ શકે. વ્યક્તિથી સમાજને આવરી લેવું, આ પ્રકારનું એક વિચાર વલણ નિર્માણ કરવાનું કાર્ય મહત્વનું છે. એવું વાતાવરણ તૈયાર થાય કે જેમાં આ પાયાની વાત લોકો સમજતા થાય. એ માર્ગ હવે બહુ દૂર નથી. મોટર ગાડીવાળા આજે પોતાને સાઈકલવાળા કરતાં ઊંચા-મહાન માને છે. આમ જનતાની દષ્ટિથી જોઈશું તો જનતાનું વાહન સાઈકલ છે. ખરેખર તો એવું હોવું જોઈએ કે રસ્તાઓનું આયોજન, ટ્રાફિક વ્યવસ્થા એ બધું સાઈકલવાળાને નજરમાં રાખી થવું જોઈએ. મોટરવાળાની

સગવડ-અગવડનો વિચાર બીજી કક્ષાએ હોવો જોઈએ. તેની ગણતરી ગૌણ હોય. સાઈકલવાળાની સગવડ-અગવડનો વિચાર પહેલો – પછી મોટરવાળા આવે. આવી સીધી સાધી વાત ઉલટી અને ઊંધી થઈને વહેવારમાં મૂકાતી હોય છે. રસ્તાઓનું આયોજન ટ્રાફિક વ્યવસ્થા એ બધું મોટરને નજર સમક્ષ રાખીને થતાં હોય છે. થોડાક ઉપરના લોકો માટે મોટા સામાન્ય સમુદાયનો ભોગ લેવાય છે. ગાંધીજીની આ કુટીર મોટા અવાજે, ઢોલ, નગારા, ત્રાસાં વગાડી દુનિયા આખીને એ હિતકારી સાદ-સંદેશો સંભળાવે છે. સામાન્ય આદમીનાં સુખ-સુગવડ-સામગ્રીનું લક્ષ સૌ પ્રથમ આપો. સાદાઈમાંથી ઉદ્‌ભવતો આનંદ કેવો સાત્વિક આનંદ આપી શકે તેનું જગત સમક્ષ આ કુટીર એક જીવતું જાગતું પ્રદર્શન છે. ગરીબોનાં હિતમાં વિજ્ઞાનને કેમ વહેવારું બનાવવું એ માટે જ્યારે ચિંતન કરીએ ત્યારે ગાંધીજીની કુટીરનો આ સંદેશો માર્ગદર્શક બની રહેશે. ❑❑❑

# કલકત્તાનું સુવિખ્યાત શ્રી પાર્શ્વનાથ જૈન મંદિર - દાદાવાડી

**જયકાન્ત એસ. ઘેલાણી**

**ભા**રતના પ્રાચીન-અર્વાચીન સ્થાપત્યકળાને જીવંત રાખવામાં જૈન મંદિરોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. પછી તે જીનાલયો, આબુ-દેલવાડાના દહેરાસર હોય કે, રાણકપુરના જૈન મંદિરો, કે પછી તે પાલીતાણાની કે બિહારની શિખરજીની ભૂમિના મંદિરોની કે પછી તે શ્રવણ બેલગોડાની વિશાળ મૂર્તિઓ કે સાઉથના પથ્થરની જ નક્કર નકશીકામથી શોભાયચાન પ્રતિમાઓ. જૈન મંદિરો એટલે સ્થાપત્ય કળાના આગવા ઈતિહાસને રજૂ કરતું પ્રતિબિંબ. શ્રદ્ધા સાથે સ્થાપત્ય કળાના અટલ-અખંડ શિલાલેખ. ઐતિહાસિક દસ્તાવેજ બંગાળની રાજધાની કલકત્તાને પણ પોતાનો આગવો ઈતિહાસ છે. બ્રિટીશ લોકોએ ભારતમાં પોતાનો પગદંડો જમાવવા-વ્યાપારના બાના નીચે કલકત્તામાં જ ઈસ્ટ ઈન્ડિયા કું. ની સ્થાપના કરી હતી અને આજે પણ અંગ્રેજી હકુમતની યાદ અપવાતો એરિયા એટલે ''બ્રિટીશ ઈન્ડીયા સ્ટ્રીટ'', ''ડેલ હાઉસી'', ''વિક્ટોરિયા ગાર્ડન'' વિ. વગેરે.

કલકત્તાનો નોર્થ એરિયા એટલે ''માણેકતલ્લા''નો એરિયા જેમા બદ્રીદાસ ટેમ્પલ સ્ટ્રીટમાં, પાર્શ્વનાથ જૈન મંદિરો યાને ''**દાદાવાડી**''ના નામથી પ્રચલિત સુવિખ્યાત જૈન મંદિરો, આપણને દઢ શ્રદ્ધા અને બેનમુન સ્થાપત્ય કળાના દર્શન કરાવે છે. સાથે સાથે જૈનધર્મના અનુયાયીઓમાં રહેલી ધર્મ પ્રત્યેની જાગરૂતતા, સાથે સાચી શ્રદ્ધાના દર્શન-અનુભૂતિ કરાવે છે. તો વડિલોના આદેશને માન્ય રાખવાની પારિવારીક પરંપરાનો અદ્‌ભુત અનુભવ આપે છે – જણાવે છે.

અંદાજે ૨૦૦ વર્ષ પહેલા શ્રીમાન રાય બદ્રીદાસ નામના જૈન વેપારી પોતાની વેપારી કુનેહથી જેમ એન્ડ જ્વેલરીના પોતાના વ્યાપારમાં ઘણું જ કમાયા. પોતાની શુભ કમાણીમાંથી કલકત્તાના સુવિખ્યાત માણેકતલ્લા વિસ્તારમાં જમીનનો એક વિશાળ પ્લોટ ખરીદ્યો અને પોતાના પરિવારજનો માટે અદ્યતન સુવિધાઓ સાથેનો બંગલો બનાવવાનો મનસુબો બનાવ્યો. અને તજજ્ઞ આર્કીટેકો પાસેથી તે બંગલાના પ્લાનો બનાવવાનું નક્કી કર્યું, અને તે સમયમાં તે પ્લોટના નજીકના મેઈન રોડ, એપીસી રોડ અર્થાત આચાર્ય પ્રફુલચંદ્ર રોડ ઉપર બ્રિટીશ હુકુમતે એક સુંદર નકશીકામ કરતો વિશાળ-ઊંચો દરવાજો બનાવ્યો, શ્રીમાન રાય બદ્રીદાસના મનમાં પોતાના સ્વપ્નનો બંગલો બનાવવાના અરમાનો વિશેષ જાગૃત થયા.

એક દિવસ વહેલી સવારે શ્રીમાન બદ્રીદાસ રાયે, પોતાના ધર્મપ્રિય માતુશ્રી શ્રીમતી કુશળદેવીને પ્રણામ કરી, ચરણ સ્પર્શ કર્યા અને પોતાના મનસુબા મુજબનો બંગલો બનાવવાના પોતાના વિચારો રજૂ કર્યા અને તે માટે આશિષ સાથે આજ્ઞા માગી. માતાજીએ વાત શાંત ચિત્તે સાંભળી અને જવાબ અનુકૂળતાએ, યોગ્ય સમયે જણાવીશ તેમ કહ્યું.

સમય તેની ગતિએ સરકતો જાય છે. શ્રીમાન બદ્રીદાસ રાય માતાજીની આજ્ઞા તથા અનુમતી મેળવવા અવારનવાર પૃચ્છા કરતા રહે છે. માતુશ્રી કુશળદેવી યોગ્ય સમયે જવાબ જણાવીશ તેમ જવાબ આપતા રહે છે. અચાનક એક દિવસ માતુશ્રીએ પોતાના વ્હાલા આજ્ઞાક્તિ પુત્ર બદ્રીદાસ રાયને બોલાવ્યા અને તેને વિશેષ પૃચ્છા કરી. પુત્ર બદ્રીદાસે માતુશ્રીને, વિગતવાર પોતાની મરજી મુજબનો બંગલો બનાવવાની વાત જણાવી, માતુશ્રીએ અદ્યતન-આલીશાન બંગલાની વાત જાણી-સાંભળી અને પુત્રને જણાવ્યું કે આટલો વિશાળ બંગલો અને દરેક અદ્યતન સુવિદ્યાઓ મળશે તો આપણે અને આપણો પરિવાર ભગવાનના અત્યારે મળતા સાનિધ્યથી દૂર થતાં જઈશું અને આરામી બની જઈશું અને આપણા પૂજા-ભક્તિમાં ઘણો જ ફેરફાર થઈ જશે, માટે તું આ જગ્યામાં એક વિશાળ ''જિનાલય'' બનાવ. માતુશ્રીનો સદ્‌વિચાર જાણી પુત્ર બદ્રીદાસે માના ચરણસ્પર્શ કરી જીનાલય માટે આજ્ઞા માગી. તે વિરલ ઘડીએ માતા-પુત્ર હેતથી ભેટી પડ્યા. અને માતા કુશળદેવીએ નવકાર મંત્રનો પાઠ ભણી પુત્રને જીનાલય બંધાવવાની આજ્ઞા આપી.

માતાની શુભ આજ્ઞા અને પુત્ર બદ્રીદાસ રાયની દુરંદેશીના અને સ્થાપત્ય કળાના ધુરંધરોની કલાસૂઝથી કામ પૂરઝડપે આગળ વધવા લાગ્યું અને માતાના પૂર્ણ સંતોષ સાથેનું કામ પૂર્ણ

થતા ઈ.સ. ૧૮૬૭માં આચાર્ય પૂ. કલ્યાણસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ્ હસ્તે મંદિરની પ્રતિષ્ઠા થઈ અને ત્યારથી ત્યાની પ્રજાએ આ ચાર દેરાસરના સંપુટને ''દાદાવાડી'' જેવું વિશેષ ઉલ્લેખનીય અને હોઠે તુરત રમી જાય તેવું ઉપનામ આપ્યું. સમજોને ચાર દેરાસરોનો સંપુટ – ચાર અક્ષરો, ''દાદાવાડી''ને સાર્થક કરે છે.

આ વિશાળ પરિસરમાં ચાર જુદી-જુદી સ્થાપત્ય કલાને રજૂ કરતા રંગીન કાચ અને માર્બલના સંયોજનોથી શોભતા કાચ ચાર જૈન મંદિરો આગવી ગરિમા જાળવી રહ્યા છે. જેમાં ચાર વિભાગો છે.

(૧) શીતલનાથ ભગવાનનું મંદિર
(૨) ચંદ્રપ્રભુજીનું મંદિર
(૩) મહાવીર સ્વામીનું મંદિર
(૪) દાદાવાડી મંદિર.

વર્તમાન ચોવીસીના ત્રેવિસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથનું મંદિર તેની કળા-કારીગરી સાથે આસન મુદ્રામાં બેસેલા ભગવાનની મૂર્તિ-પ્રતિમા અને તેમાં પણ તેના કપાળે શોભતો ડાયમંડ હિરો, પ્રતિમાને વિશેષ શોભાયમાન કરે છે અને જૈન-જૈનેત્તર પ્રજા સંપૂર્ણ વર્ષમાં, દર્શન કરવા આવતી જ રહે છે. આ મંદિરમાં ઉલ્લેખનીયથી પણ વિશેષ ઉલ્લેખીનય તેવો દિપક છે, જેની જ્યોત અંદાજે ૧૫૦ વર્ષથી અખંડ પ્રકાશ પાથરી રહી છે. અને તેમાં તે જ્યોતની જ્વાળા દ્વારા ચંદન-કેશર, જેવો પીળો રંગ જ્યોતની ઉપરના ઘુમ્મટમાં દેખાય છે. જેને પ્રજા એક ઈશ્વરીય ચમત્કાર સમજે છે. મેશની જગ્યાએ કેશર આપતો દિવો-દિપક.

**(૨) પૂ. ચંદ્રપ્રભુજી મંદિર:**

મૂળનાયક ચંદ્રપ્રભુજી સ્વામીની આસન મુદ્રાવાળી પ્રતિમા કિંમતી હીરાઓ અને અમૂલ્ય ધાતુથી વિશેષ શોભા વધારી રહી છે.

**(૩) પૂ. મહાવીર સ્વામી:**

ચોવીસમાં તીર્થંકરની પ્રતિમા, સ્થાનિક તથા બહારગામથી આવતા યાત્રાળુઓ માટે વિશેષ આકર્ષણ સાથે શ્રદ્ધાનું સ્થાન બનેલ છે. કિંમતી પથ્થર અને વિવિધ રંગીન કાચનું કામ - ઉત્તમકલા કારીગીરીને વિશેષ ઉજાગર કરે છે.

**(૪) દાદાવાડી મંદિર:**

વિશાળ પરિસરમાં શોભતુ મંદિર. આ મંદિર અંદાજે ૨૦૦ વર્ષથી પણ આગળ બંધાયું છે તેવું ઈતિહાસકારો બતાવે છે. આ મંદિરમાં જૈન આચાર્ય જીનદત્ત કુશલસુરીજીની પાદુકાઓ છે. મંદિરની ફરતે ગેલેરી અને આજુબાજુમાં પાણીથી ભરેલા નાના ચોરસ કુંડો-તળાવોમાં ફરતા બતક અને પાણીમાં કુદકા મારતી માછલીઓ કુદરતી દશ્યને વધુ સુંદર બતાવે છે.

ઉપરોક્ત મંદિરોમાં જૈન-જૈનેત્તર પ્રજા હંમેશા દર્શન કરવા આવતી જ હોય છે.

આ મંદિરો-પરિસરની વિશેષ ઉલ્લેખનીય હકીકત એ છે કે કારતક સુદ પૂનમનો વરઘોડો, જે પગીયા પરી, કોટન સ્ટ્રીટ બડા બઝારથી શરૂ થાય છે, જેમાં શ્વેતાંબર તથા દિબંમ્બર બંન્ને સંપ્રદાયોનો વરઘોડો સાથે થાય છે. અને કલકત્તાના મુખ્ય-મુખ્ય રસ્તાઓ ઉપરથી પસાર થાય છે ત્યારે રસ્તામાં આવતા ટ્રામ સર્વિસના તાર-વાયરો એક આગળની ગાડી દ્વારા તારો ખુલતા જાય છે અને સુવિખ્યાત ઈન્દ્રધજા પાર થયા બાદ, ફરી તે તારો બીજી ગાડી દ્વારા જોડાતા જાય છે. સંપૂર્ણ વરઘોડો જોવા માટે એક વ્યક્તિ જો એક જ સ્થળે બેસીને રહે તો ત્રણ થી ચાર કલાક તેને વરઘોડાના દર્શન કરતા લાગે, જે વરઘોડાની લંબાઈનો અંદાજ આપે છે. શ્વેતાંબર સંપ્રદાયનો વરઘોડો દાદાવાડી ઉતરે છે.

કલકત્તાનો વરઘોડો જોવા – નામાંકિત ટુર આયોજકો ભારતના ખૂણે-ખૂણેથી યાત્રાળુઓને પોતાની ટુરોમાં લાવી દર્શનનો લાભ અપાવે છે.

આ જ પરિસરમાં જ પૂર્વ ભારતના પેટટબાર વસ્તા હતા તે સ્થાનકવાસી સંપ્રદાયના ગાદીપતી પૂ. જયંતીલાલજી મહારાજ સાહેબે પૂ. ગિરીશચંદ્ર મહારાજને દિશાના પાઠ ભણાવ્યા હતા, અને તે સમયનો અલૌકિક આનંદ અને દશ્ય આજે પણ જૈન શ્રાવક-શ્રાવિકાના મનમાં રમણ કરે છે.

કલકત્તાનું જૈમધર્મનું આગવું સ્થાન એટલે દાદાવાડી, તેમજ ૯૬ નંબર કેનીંગ સ્ટ્રીટનું દેરાસર, તેમજ વિવિધ સ્થળે આવેલા ધર્મ સ્થાનકોના દર્શનાર્થે જવુ તે જીંદગીનો એક અમૂલ્ય લ્હાવો છે.

❑❑❑

બોરીવલી (વેસ્ટ), મુંબઈ- ૯૨.
મો. ૯૮૧૯૦૩૮૩૨૩

*मुम्बई जैन युवक संघ* ने
अब मिरा-भायंदर में भी करूणा के काम की सरुआत
काफी महीने से की है ।
यह ग्रुप द्वारा मीरा-भायंदर में प्रती महीने साधर्मीको को अनाज
एवं कइ साधर्मीक को SCHOOL FEES एवं MEDICAL HELP
किया गया है, और आगे भी करते रहेंगे ।
हम सब मीलकर यह सेवामे जुड़े रहेंगे यह ग्रुप में सभी करुणा के
होनेवाले काम का मेसेज दिया जायेगा ।
आप सभी वक्त निकाल के सेवा का लाभ लेवे।
आप सभी मित्रों को भी ऐसे सेवा के कार्य में जुडने के लिए
धन्यवाद।
*मुम्बई जैन युवक संघ*
*मिरा-भायंदर*
*प्रमुख - नीतिन सोनावाला*

## જીવનપંથ : ૧૨

# આપણને દર્દ ગમે છે એટલે ડૉક્ટર ગમે છે!

ભદ્રાયુ વછરાજાની

**મૂ**ળ ગોંડલના પણ મુંબઈની તાતા કેન્સર હૉસ્પિટલના સર્જન. ત્યાયા આવા રાજકોટની કેન્સર હૉસ્પિટલમાં જીવ પૂર્યો. હસતા રમતા ડૉક્ટર. જેને જોઈને રાજી થઈ જવાય એવા ફૂલગુલાબી સર્જન ડૉ. મનોજ મહેતા. કેન્સરના સેકન્ડ સ્ટૅજના મહિલા દર્દીને કોઈએ ભડકાવેલ કે, 'સર્જરી પછી કિમૉથેરાપિ અને પછી રેડિએશન, બધું જ બહુ જલદ-આકરું, શરીર અને માથાનું ધોવાણ. ચામડી ને નખ તો કાળા પડી ગયા સમજો.' ડૉક્ટરે તેને લાગટ કહી દીધું, 'રેડિએશન તો જરૂર જ નથી, અત્યારે તો ઑપરેશન કરી આ કેન્સરની ગાંઠને બહાર ફેંકી દઈએ. આ ગાંઠ છે ને એ દાઉદ છે. એને રાખો તો વધુ નડે, કાઢો તો ઓછો નડે. બાકીનું બધું પછી વિચારીશું. અત્યારે નો દાઉદ ભગાડો ઝૂંબેશ.' મહિલા દર્દી પર ધારી અસર થઈ. સર્જરી થઈ, કિમૉથેરાપિ થઈ પણ ખરેખર રેડિએશનની જરૂર જ ન પડી! પેલા માઈન્ડ પાવરવાળાઓ કહે છે ને કે 'જેવું વિચારો એવું થાય...' ...ડૉ. અંતાણી દાદા કે ડૉ. યોગેન્દ્ર માંકડ કે ડૉ. મનોજ મહેતા એવા ડૉક્ટર કે જેની પાસે માંદા ન હોઈએ ત્યારે ય જઈને બેસવાનું મન થાય... થોડાક પણ, છે ખરા હજુ આ વિરલ આત્મીય તબીબો. આમ પણ તબીબનો વ્યવસાય તંદુરસ્તીનો છે ને, બિમારી માટેનો થોડો છે?

આજે બે School of thought છે ડૉક્ટર સૅની... (૧) દર્દી આવે ત્યારે તેને દર્દ વિષે, દર્દની ગંભીર અસર વિષે ગભરાવી મુકો, એટલે એ દર્દી ક્યાંય બીજે ન જાય. (૨) દર્દી આવે ત્યારે દર્દ વિષે હોય તે વાત હળવાશથી કરી સધિયારો આપી દર્દીને પોતીકા બનાવવા જેથી તે ક્યાંય ન જાય... કમનસીબે આજે પહેલું જૂથ બહુમતિમાં છે.! અલબત્ત, આજે દર્દીઓ પણ બે પ્રકારના છેઃ (૧) દર્દીને અને તેના સગાંઓને બધું ય જાણવું છે, ઘણાયના ઑપિનિયન લેવા છે. શટલ કૉક થવું છે. ડૉક્ટર શૉપિંગ કરી પોતાની લાગણી જતાવવી છે. (૨) દર્દી કે જે એક ડૉક્ટરને ધારી લે- માની લે- સ્વીકારી લે અને પછી બ્લાઈન્ડલી તેને અનુસરે... દર્દીઓના આ બે પ્રકારમાં પણ પહેલું જૂથ બહુમતિમાં છે.! દર્દીઓની માનસિકતા પણ બે પ્રકારનીઃ (૧) દર્દને ગણકારવું નથી, છેલ્લી ઘડીએ ડૉક્ટર પાસે જવું છે ને પછી ડૉક્ટરની કસોટી કરવી છે. (૨) દર્દ શરૂ થાય એટલે પહેલી ઘડીએ ડૉક્ટરની દવા લેવી છે ને દર્દની, ડૉક્ટરની કે પોતાની કોઈ કસોટી થવા દેવી નથી.! અહીં પણ પહેલું જૂથ જોરમાં હોય છે!!! આજે દર્દીનાં સગાની અપેક્ષા એવી હોય છે કેઃ 'માથાનો સાદો દુઃખાવો લઈને ડૉક્ટર પાસે જઈએ ત્યારે ભવિષ્યમાં બ્રેઈન ટ્યુમર ક્યારે થશે તેનું નિદાન ડૉક્ટર કરી આપી.!' આવું ન કરી શકે તે ડૉક્ટર નકામો. 'બાટલો ન ચઢાવે તેને ડૉક્ટર ન કહેવાય.' 'ઈંજેક્શનની સોઈ ઓછી ખોંસે તે નબળો ડૉક્ટર.' હકીકત એ છે કે, આપણને દર્દ ગમે છે એટલે ડૉક્ટર ગમે છે. દુઃખ આપણો સ્થાયીભાવ છે એટલે આપણે માંદા પડીએ છીએ, જરા વિચારો, આપણે માંદા ન પડીએ તો તો ડૉક્ટર માંદા પડી જાય કે નહીં? બે હજાર વર્ષ પહેલાં ચીનમાં એક ક્રાંતિકારી પગલું લેવામાં આવ્યું.એ નવી પ્રથા મુજબ કોઈ વ્યક્તિ તંદુરસ્ત રહે ત્યાં સુધી તેણે ડૉક્ટરને પૈસા ચૂકવવા પડતા. વ્યક્તિ બિમાર પડે તો ડૉક્ટરને તેણે કંઈ ચૂકવવાનું રહેતું નહીં! દરેકને પોતાનો એક ડૉક્ટર હોય અને એ વ્યક્તિને તંદુરસ્ત રાખવાના પૈસા ડૉક્ટરને મળે. આથી રોગચાળો ફાટી નીકળે તો અને ત્યારે ડૉક્ટરો દેવાળિયા થઈ જાય. બોલો, આ કરવા જેવું છે કે નહીં?

❑❑❑

મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ /ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.

### 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**
**મો.: ૯૧૩૭૭૨૭૧૦૯**

# 'મિ. ગાંધી ધ મૅન' નાના પ્રસંગોમાંથી ઊભરતી વિરાટ છબિ

સોનલ પરીખ

મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા બન્યા તે પહેલાની વાત. લંડનના ઈનર ટેમ્પલના બૅરિસ્ટર તરીકે તેઓ જોહનિસબર્ગમાં વકીલાત કરતા હતા અને શહેરના એક સારા વિસ્તારમાં બે માળાના ને આઠ ઓરડાવાળા બંગલામાં રહેતા હતા. આસપાસ બગીચોને સામે નાની હરિયાળી ટેકરી. આ ઘરમાં ગાંધીજી, કસ્તૂરબા, છથી અગિયાર વર્ષની ઉંમરના મણિલાલ, રામદાસ અને દેવદાસ, તારખાતામાં નોકરી કરતો એક યુવાન અંગ્રેજ, એક હિન્દી છોકરો અને ગાંધીજીની પાસે વકીલાત કરતા ને અંગત મિત્ર બની ગયેલા હેનરી પોલાક રહેતાં હતાં.

૧૯૦૫ના ડિસેમ્બરની ૩૦મી તારીખે હેનરી પોલાકનાં ભાવિ પત્ની મિલિ પોલાક ઈંગ્લૅન્ડથી ત્યાં આવી પહોંચ્યાં. ગાંધીજીએ બંનેને પરણાવ્યાં. ૧૯૦૫થી ૧૯૧૪ સુધી પોલાક દંપતી ગાંધીપરિવારનો હિસ્સો બની રહ્યું અને ગાંધીજીના અંગત અને જાહેર જીવનમાં થતાં જતાં ફેરફારોનું સાક્ષી પણ બન્યું. મિલિ પોલાક અને ગાંધીજીનો સંબંધ નાની બહેન અને મોટા ભાઈ વચ્ચે હોય તેવા વત્સલ સ્નેહનો હતો. આ મિલિ પોલાકે ગાંધીજી સાથેની પોતાની સ્મૃતિઓ 'મિ. ગાંધી ધ મૅન' પુસ્તકમાં વાગોળી છે.

જોકે પુસ્તક લખાયું છેક ૧૯૩૧માં. ત્યાં સુધીમાં અનેક વ્યક્તિઓએ ગાંધીજી વિશે, એમની સાથે વાતો કરી હતી અને એમને પોતાનાં સ્મરણો લખવા કહ્યું હતું, પણ મિલિ પોલાક એમ કરતા અચકાતાં હતાં કારણ કે એ સ્મૃતિઓ અંગત હતી. જાહેરમાં મૂકવાથી તેની પવિત્રતા જોખમાઈ જાય તો ? દરમિયાન ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' પ્રગટ થઈ. ગાંધીજીએ તેમાં પોતાના અનુભવો જે નિખાલસતાથી વર્ણવ્યા હતા, તે જોઈ મિલિ પોલાકે પોતાની સ્મૃતિઓને શબ્દરૂપ આપ્યું.

આપણે જે ગાંધીજીને ઓળખીએ છીએ તેના કરતાં આ પુસ્તકમાંથી ઉપસતા ગાંધીજી જુદા છે. આ ગાંધીજી ધીકતી કમાણી કરતા, યુરોપિયન ઢબનો પોષાક પહેરતા ને મોટા મકાનમાં રહેતા ગાંધીજી છે. યુવાન, તેજસ્વી, ખુલ્લા મનના, સત્યને શોધતા, અન્યાય સામે લડતા, સંયમ અને સેવા તરફ ઢળતા જતા, એમ કરતા જીવનશૈલીમાં ફેરફારો કરતા જતા - દક્ષિણ આફ્રિકાના જાહેર જીવનમાં ઓતપ્રોત થતા ગાંધી અને એ સમયના પ્રસંગો, સંવેદનો, વિવિધ વિષય પરની ઊંડાણભરી ચર્ચાઓ, વાતો આ બધું આ પુસ્તકમાંથી એટલી સજજતાથી, સ્વાભાવિકતાથી સરળતાથી અને રસપ્રદ રીતે ઉપસે છે કે વાચક એ સમયને જાણે પોતાનામાં જીવતો જુએ છે.

'મિ. ગાંધી ધ મૅન'નું ગુજરાતી ભાષાંતર મહાદેવભાઈ કરે તેવી પોલાક દંપતીની ઈચ્છા હતી, પણ મહાદેવભાઈ અકાળે ચાલ્યા ગયા અને લેખિકાની પરવાનગીથી અનુવાદનું કામ ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લએ ઊપાડ્યું. ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ વિશે આપણી પેઢી ઓછું જાણતી હોય તેમ બને. ચંદ્રશંકર મૂળ તો કાકાસાહેબના વિદ્યાર્થી. ગાંધીજી સાથે ખાસ્સું રહેલા. મહાદેવભાઈ બીજે રોકાયેલા હોય તેવા વખતે તેઓ ગાંધીજીના મંત્રી તરીકેની જવાબદારી સંભાળી લેતા, નવજીવન, હરિજન વગેરે પત્રોમાં પણ કામ કરતા ને ભાષાઓ પર સારો કાબૂ ધરાવતા. ગાંધીજી પર લખાયેલાં અનેક પુસ્તકોના એમણે સુંદર અનુવાદો આપ્યાં છે અને ટૉલ્સટૉયનાં પુસ્તકોનાં અનુવાદ પણ કર્યાં છે. 'મિ. ગાંધી ધ મૅન'નો એમણે કરેલો ગુજરાતી અનુવાદ ૧૯૪૪માં પ્રગટ થયો. તેની બીજી આવૃત્તિ અક્ષરભારતી પ્રકાશને ૨૦૧૨માં પ્રગટ કરી. જેમને ગાંધીજીના નિત્યપરિવર્તનશીલ, વિકાસશીલ અને પ્રયોગશીલ વ્યક્તિત્વમાં રસ છે, તેમને માટે આ પુસ્તકનું વાંચન તૃપ્તિદાયક નીવડે તેમ છે. અનુવાદ એટલો જીવંત અને સ્વાભાવિક છે કે મિલિ પોલાકે જાણે ગુજરાતીમાં લખ્યું હોય તેમ લાગે.

એક અંગ્રેજ પત્રકારે લખ્યું છે, 'ગાંધી જ્યારે બોલવા માંડે છે ત્યારે તેમનો સાધારણ દેખાવ ને જરા વિચિત્ર પહેરવેશ અલોપ થઈ જાય છે ને પલકારામાં માણસ પામી જાય છે કે પોતે જગતના એક મહાપુરુષની પાસે બેઠો છે. તેઓ ધીરેથી, શાંતિથી અને કોઈ કડવાશ વગર બોલે છે, પણ તેમના શબ્દોનો પ્રભાવ સામા માણસના મન પર સંમોહનાસ્ત્ર જેવું કામ કરે છે.' પ્રસ્તાવનામાં આ વાત નોંધતા લેખક પ્રસિદ્ધ ગ્રીક ચરિત્રકાર પ્લુટાર્કને પણ ટાંકે છે, 'માણસના સૌથી વિખ્યાત થયેલા કામોમાં એમના સદ્‌ગુણોનું શ્રેષ્ઠ પ્રતિબિંબ હંમેશાં નથી મળતું, ઘણી વાર કોઈ નાનું સરખું કામ, વિનોદ કે ટૂંકા વાક્યમાં એમનો ખરો સ્વભાવ વધારે સારી રીતે પ્રગટ થાય છે.' આ પુસ્તકમાં રોજબરોજના નજીવા પ્રસંગોના સાદાં છતાં રસપૂર્ણ વર્ણનમાંથી ગાંધીજીનાં અનેક પાસાંઓ આપણી સમક્ષ ઊઘડતા જાય છે.

એક ઉદાહરણ લઈએ : એક ખ્રિસ્તી બહેને મિલિ પોલાકને પૂછ્યું, 'મિ. ગાંધી ખ્રિસ્તી ધર્મમાં વિધિપૂર્વક દાખલ થયેલા છે ?'

'ના.'

'તો પછી તેઓ ઈસુ અને ખ્રિસ્તી ધર્મ વિશે આટલું જ્ઞાન,

આટલી શ્રદ્ધા કેવી રીતે રાખી રહ્યા છે ?'

મિલિ વિચારમાં પડી ગયાં. તેમને યાદ આવ્યું કે ગાંધીજીની ઑફિસમાં ન્યાયમૂર્તિ રાનડે, દાદાભાઇ નવરોજી અને એની બેસેન્ટ આ ત્રણ મહામાનવોની છબિ ઉપરાંત ઇસુ ખ્રિસ્તની મુખાકૃતિનું સુંદર ચિત્ર હતું. સાંજે તેમણે ગાંધીજીને એ વિશે પૂછ્યું ત્યારે ગાંધીજી કહે, 'એક વાર હું ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવાનો વિચાર કરતો હતો. પૂર્ણ મનુષ્ય કેવો સૌમ્ય, દયાવાન, કરુણામય અને ક્ષમાશીલ હોય તેનું ઇસુ ઇત્તમ ઉદાહરણ છે. કોઇ એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરવાનો તેમનો ઉપદેશ કેટલો મહાન છે !'

'તો પછી તમે ખ્રિસ્તી ધર્મ કેમ અંગીકાર કર્યો નહીં ?'

'કારણ કે ઘણા મંથનને અંતે હું એવા નિર્ણય પર આવ્યો કે ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોમાં એવું કંઇ નથી, જે હિન્દુ ધર્મશાસ્ત્રોમાં ન હોય. માણસ જો પોતાના ધર્મનું હાર્દ બરાબર પકડે તો તેણે બીજા ધર્મનું પણ હાર્દ પકડ્યું ગણાય, કારણ કે અંતે તો બધા રસ્તા એક જ ઇશ્વર તરફ લઇ જાય છે.'

પુસ્તકનાં નાનાં નાનાં પ્રકરણો એવી રીતે ગોઠવાયાં છે કે ગાંધીજીના કુટુંબજીવન તેમ જ તેમના આરોગ્ય, બાળઉછેર, શિક્ષણ વગેરે વિશેના વિચારો, આશ્રમજીવનના પ્રયોગો, સંયમ-સેવાની ધગશ, વિનોદવૃત્તિ જેવા વિષયો પર પ્રકાશ પડતો આવે. તેમની સિદ્ધાંતો વિશેની તેમની કડકાઇ, નિર્ભયતા અને માનવપ્રેમ બતાવવાની એક પણ તક લેખિકાએ છોડી નથી.

આ અનુવાદ મિલિ પોલાકની ઇચ્છા મુજબ કસ્તૂરબાને અર્પણ કરેલો છે. સત પ્રત્યે શ્રદ્ધા રાખીને આકરી કસોટીઓમાંથી પાર ઊતરનાર બાના વ્યક્તિત્વની હેતાળ, ગરિમાપૂર્ણ ને શાલીન સુવાસ પણ પુસ્તકનાં પાને પાને મહેંકે છે.

આ પુસ્તકને રમેશભાઇ સંઘવીની વિશદ પ્રસ્તાવનાનો લાભ પણ મળ્યો છે. તેમણે આ પુસ્તકની વાતોને અધિકૃત અને મહાત્મા બન્યા પૂર્વેના ગાંધીજીનો નિત્યનિરંતર થઇ રહેલો વિકાસ નીરખવા માટે મહત્ત્વની ગણાવી છે. ગાંધી દોઢસો નિમિત્તે જો થોડાં સારાં ગાંધીપુસ્તકો વાંચવાની ઇચ્છા હોય તો શરૂઆત આ પુસ્તકથી કરવા જેવી ખરી, કારણ કે પુસ્તક પોતાની રીતે આકર્ષક હોવાં ઉપરાંત ગાંધીજીને વધારે ગહનતાથી સમજવાનું આવાહ્ન આપનારું પણ છે.

❑❑❑

સંપર્ક - મો : ૯૮૩૩૭૦૮૪૯૪

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર - સંપન્ન

**શ્રી પ્રાણગુરુ જૈન સેંટર આયોજિત, માતુશ્રી પુષ્પાબેન ભૂપતરાય બાવીશી પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર** ૧૮ પાવનધામ, કાંદિવલી ખાતે સંપન્ન થયું.

મંગલાચરણમાં તત્ત્વચિંતક **પૂ. ડૉ. તરુલતાજી સ્વામીએ** સ્વાધ્યાય સાથે ભીતરમાં દષ્ટિ રાખી વિદ્વાનોને આત્મદર્શનના માર્ગ પ્રતિ જવા અનુરોધ કર્યો હતો.

સંયોજક અને ટ્રસ્ટી **ગુણવંત બરવાળિયાએ** સૌને આવકારતા જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા અને તેના વિવિધ વિષયો પ્રતિ વાત કરી હતી.

જ્ઞાનસત્રના પ્રમુખસ્થાનેથી **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ** જૈનધર્મનું મેઘધનુષ અંતર્ગત જૈનદર્શનના વિવિધ વિષયોની છણાવટ કરી હતી.

રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ પ્રેરિત, **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ** અને **ગુણવંત બરવાળિયા** સંપાદિત **જૈન વિશ્વકોશ - ૩ અને ૪નું** વિમોચન **દિનેશભાઈ મોદી** અને ગુણવંત બરવાળિયા સંપાદિત -વિદ્વાનોના પ્રાપ્ત શોધપત્રોનો સંચય **'- અને જૈન ધર્મ'** નું વિમોચન **ખીમજીભાઈ છાડવા** એ કર્યું હતું.

જૈન શાસનમાં પત્રકારત્વ ક્ષેત્રે વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર માધુરી બહેન મહેતા, સંધ્યા શાહ, મણિલાલ ગાલા, ચંદ્રકાંતભાઈ શાહ, રતનબહેન છાડવા, ડૉ. સેજલબહેન શાહ, ચીમનલાલ કલાધરનું સન્માન કરવામાં આવ્યું હતું.

પૂ. ઉર્મિલાબાઈ મ.સ., ડૉ. અભય દોશી, સુરેશ ગાલા, ડૉ. પાર્વતીબહેન ખીરાણી, જ્હોની શાહ, યોગેશભાઈ બાવીશી, ડૉ. રેખાબહેન વોરા સહિત ૨૭ વિદ્વાનોએ જૈનધર્મના અલગ અલગ વિષયો પર શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા. પૂજ્ય સુતિર્થીકાજીએ સમાપન કર્યું હતું.

લાક્ષણિક શૈલીમાં સંચાલન ડૉ. સેજલબહેન શાહે કર્યું હતું.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની માતા પાહિણીદેવીનું એકપત્રીય અભિનય જ્હોની શાહ દિગ્દર્શિત શ્રીમતી અર્ચના જ્હોની શાહે પ્રસ્તુત કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

રૂપિયા પંદરસોની કિંમતનો જૈન વિશ્વકોશ ગ્રંથ રૂપિયા બસ્સોમાં ઘાટકોપર, કાંદિવલી, રાજકોટ, અમદાવાદ, વડોદરા, કોલકાતા, બેંગલુરુ, ચેન્નાઈથી મળી શકશે.

સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨ - ૯૮૭૯૨૭૮૮૨૭

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.**

**મો. નં. ૯૧૩૭૭૨૭૧૦૯**

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

(ગતાંકથી ચાલુ...)

**ચક્ષુરોગ નાશક**

**સોઽહં તથાપિ તવ ભક્તિ વશાન્મુનીશ**
**કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્તઃ ।**
**પ્રીત્યાત્મ વીર્યમવિચાર્ય મૃગી મૃગેન્દ્રં**
**નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ।।૫।।**

**ભાવાર્થ:** હે મુનિશ્વર! મુનિઓના સ્વામી! આપના અનંતગુણોનું વર્ણન કરવા માટે હું શક્તિહીન છું, બુદ્ધિહીન અને અસમર્થ છું, તેમ છતાં આપની ભક્તિને વશ થઈને તમારી સ્તવના કરવા તત્પર થયો છું. જેમ પેલી હરણી પોતાના બચ્ચા પ્રત્યેના પ્રેમને વશ થઈને પોતાની શક્તિનો વિચાર કર્યા વિના જ પોતાના બચ્ચાને બચાવવા સિંહની સામનો કરવો શું તૈયાર નથી થતી? અર્થાત્ સિંહનો પ્રતિકાર કરવા તૈયાર થાય છે.

**વિવેચન:** પ્રસ્તુત ગાથામાં આચાર્યશ્રીએ આત્માનું પરમાત્માનું સ્વરૂપ સમજાવવા માટે એક રૂપકનો સહારો લીધો છે. હરણી અર્થાત્ પરમાત્મા, શિશુ અર્થાત્ ભક્તાત્મા, અને સિંહ અર્થાત્ વિષયકષાયો. તેમ જ પ્રીતિ, શક્તિ અને ભક્તિ આ ત્રણ શબ્દોનો સુંદર વિનિયોગ પ્રસ્તુત ગાથામાં જોવા મળે છે.

'સોઽહં' શબ્દથી પોતાના પરિચય આપતા સ્તુતિકાર કહે છે કે, હે મુનિશ્વર! હું શક્તિહીન, બુદ્ધિહીન, અસમર્થ, એવો હું છું. તેમ છતાં હું તારો જ છું...તારો પરમ ભક્ત છું... તારી ભક્તિનો અવિરત ધોધ મારા હૃદયમાં ઉછળી રહ્યો છે, એટલે જ સાંસારિક મોહ-માયાનું વિસર્જન કરી તારા સ્વરૂપમાં લીન બની નિજસ્વરૂપને પ્રગટ કરવા તારી સ્તુતિ કરવા તત્પર બન્યો છું.

હે મુનિનાથ! તમારા પ્રત્યેની ભક્તિના કારણે જ હું આ દુષ્કર કાર્ય કરવા પ્રવૃત્ત થયો છું. અહીં સ્તુતિકાર સામાન્ય રૂપથી 'હરણી'નું દૃષ્ટાંત આપતાં કહે છે કે, જેમ એક હરણી જે સ્વભાવથી શાંત, ભોળી અને ગભરૂ હોય. વળી શક્તિની દૃષ્ટિએ પણ તે નિર્બળ હોય છે. એવી હરણીના બચ્ચાને જો કોઈ બળવાન સિંહ પકડે છે ત્યારે બચ્ચાને બચાવવાની કોઈ આશા ન હોવા છતાં હરણી પોતે સાવ નિર્બળ હોવા છતાં પોતાના વહાલસોયા બાળકને સિંહના પંજામાંથી છોડાવવા સિંહની સામે લડે છે. અને પોતાના બચ્ચાની રક્ષા કરે છે. અહીં પ્રેમનો-માતૃત્વનો સંવેગ એટલો પ્રબળ હોય છે તે ભયની વાત ભૂલી જાય છે. એટલે જ હરણી પોતાની શક્તિનો વિચાર કર્યા વિના સિંહનો સામનો કરવા તૈયાર થાય છે.

અહીં આચાર્યશ્રી આત્માનું પરમાત્મસ્વરૂપ સમજાવવા માટે જ હરણીનું રૂપક દર્શાવતા પરમાત્માને પૂછે છે કે શું પોતાના બાળકની રક્ષા માટે હરણી સિંહ સાથે મુકાબલો નહિ કરશે? અર્થાત્ આ સંસારરૂપી વનમાં એક ભક્તાત્મરૂપ બચ્ચું રહેલું છે. વિષય-કષાયરૂપ સિંહ સામે આવી રહ્યાં છે. આવીને મારા આત્મરૂપ બચ્ચા પર પ્રહાર કરે છે, હે પરમાત્મા! અનાદિકાળથી આ વિષય-કષાયોરૂપીસિંહ મારા પર (આત્મા પર) આક્રમણ કરી રહ્યાં છે. આવી અવસ્થામાં હે વિશ્વજનની! તું શું ચૂપચાપ જોયા જ કરીશ! અને શું તારો પરમભક્તાત્મ લાચાર, વિવિશ બની વિષય કષાયોનો શિકાર બની જશે? અને સંસારમાં પરિભ્રમણ કરતો રહેશે? ખરેખર! એવું ન થઈ શકે? મા! તું તારા શિશુને તરત જ પેલા શિકારીથી બચાવી પરિભ્રમણથી સર્વથા મુક્ત કરી તારા સ્વરૂપમાં સ્થિર બનાવી દે.

સ્તુતિકારને સર્વજ્ઞ પ્રત્યે ગજબનો પ્રેમ છે. એટલે જ કહે છે કે, હે પ્રભુ! હું પૂરી શક્તિથી આપની ભક્તિ કરીશ. અલ્પજ્ઞ હોવા છતાં હું ક્યાંય અટકીશ નહિ. ભક્તિનો પ્રબળ સંવેગ જ્યાં ઉત્પન્ન થાય ત્યાં બુદ્ધિ પણ ગૌણ બની જાય છે. આવો જ ભક્તિનો સંવેગ સ્તુતિકારની ભક્તિમાં ભળ્યો છે. અનંતાનુબંધી કષાયો મંદ થતા પ્રભુમિલનની શ્રદ્ધા પ્રબળ બની છે એટલે જ તેઓ પ્રભુના ગુણનિધિને વર્ણવવા પ્રવૃત્ત બન્યા છે.

આ ગાથામાં પ્રીતિ, ભક્તિ અને શક્તિ આ ત્રણ શબ્દોનો સુંદર વિનિયોગ થયો છે. જેમ કે આત્મા પ્રત્યે પ્રીતિ અને પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે ત્યારે આત્માની અનંત શક્તિ પ્રગટ થાય છે. શક્તિનો સ્ત્રોત આત્મામાં જ રહેલો છે. પરંતુ પરમાત્માની કૃપા વિના પ્રગટ ન થાય. અને એ કૃપા પરમાત્માની ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાય છે. એટલે જ સ્તુતિકાર પ્રભુની સ્તુતિ કરતાં કરતાં ભક્તિમાં લીન બની આગળ વધે છે...

**ઋદ્ધિ:** ૐ હ્રીં અર્હં ણમો અણંતોહિ જિણાણં ।

**મંત્ર:** ૐ હ્રીં શ્રીં ક્લીં ક્રૌં સર્વસંકટ નિવારણેભ્યો સુપાર્શ્વ યક્ષેભ્યો નમો નમઃ સ્વાહા ।

**વિધિ:** પવિત્ર થઈને પીળા રંગના વસ્ત્ર પહેરી યંત્ર સ્થાપિત કરી તેની પૂજા કરવી. પછી પીળા આસન ઉપર બેસી પીળા રંગના ફૂલોથી અથવા કેશરથી રંગેલ ચોખાથી સાત દિવસ સુધી પ્રતિદિન એક હજાર વાર ઋદ્ધિ તથા મંત્રનો શુધ્ધ ભાવથી જાપ કરવા.

**લાભ:** આ સ્તોત્ર ઋદ્ધિ તથા મંત્ર જાપથી અને યંત્ર પાસે રાખવાથી નેત્રના સર્વ રોગ દૂર થાય છે. જેની આંખ દુ:ખતી હોય તેણે આખો દિવસ ભૂખ્યા રહી, સાંજે ૨૧ પતાસા મંતરી પાણીમાં

ધોળીને પીવાથી અથવા ૨૧ વાર આંખ મંતરવાથી દુઃખતી આંખ મટે છે. તેમ જ ઋદ્ધિ મંત્ર દ્વારા મંત્રિત પાણી કૂવામાં નાંખવાથી લાલ રંગના કીડા ઉત્પન્ન થતા નથી.

પ્રસ્તુત ભક્તામરની પાંચમી ગાથાના જાપથી શું ફળ મળે છે. તે દર્શાવતી એક કથા...

**દેવલ સુથારની કથા**

કોંકણ દેશમાં સુભદ્રાવતી નામની એક નગરી હતી. તે રાજ્યના મંત્રીને સોમક્રાંતિ નામનો એક બાળક હતો. સાત વર્ષની ઉંમર થતા તે પાઠશાળા જવા લાગ્યો. ભણવામાં તેજસ્વી એવા આ બાળકે થોડા સમયમાં જ જૈનદર્શનનું ઘણું જ્ઞાન મેળવી લીધું.

એક દિવસ બીજા બાળકોને ગિલ્લીદંડાની રમતા રમતાં જોઈને સોમક્રાંતિને પણ રમવાનું મન થયું. એક બાળક પાસેથી દંડો માંગી, તે રમવા લાગ્યો. પણ...સંજોગવશાત્ રમતાં રમતાં તેનાથી દંડો તૂટી ગયો. તેથી તેણે લજ્જિત અને દુઃખી થઈ દંડાવાળા બાળકને પૂછ્યું, ભાઈ! મને તું કહીશ, કે આવો દંડો ક્યાંથી મળશે? ત્યારે બાળકોએ તેને દેવલ સુથારનું ઘર બતાવ્યું.

ત્યારબાદ સોમક્રાંતિ દેવલ સુથારના ઘરે ગયો અને દંડાની કિંમત ચૂકવી, બીજે દિવસે દંડો તૈયાર રાખવાનું કહી પોતાના ઘરે પાછો ફર્યો. બીજે દિવસે સવાર થતાં જ સોમક્રાંતિ પાઠશાળા ગયો. પણ તેનું મન અભ્યાસમાં લાગ્યું નહિ. તેને દંડો લેવાની ચિંતા હતી. એટલે ભોજનના સમયમાં જ દેવલ સુથારના ઘરે પહોંચી ગયો. તેના હાથમાં ભક્તામરનું પુસ્તક હતું. તેને જોઈને સુથારે પૂછ્યું. ભાઈ! તારા હાથમાં શું છે? જવાબમાં બન્ને વચ્ચે વાતચીત થાય છે.

સોમક્રાંતિ – જૈનધર્મનું પવિત્રગ્રંથ ભક્તામર છે.

સુથાર – થોડું મને પણ વાંચીને સંભળાવ.

સોમક્રાંતિ – પાંચમી ગાથા ઋદ્ધિ-મંત્ર સાથે સંભળાવે છે.

સુથાર – ભાઈ! આ મંત્રનું ફળ શું છે?

સોમક્રાંતિ – આ મંત્ર મનવાંછિત ફળને આપનાર છે.

સુથાર – ત્યારે તો ભાઈ! કૃપા કરીને વિધિપૂર્વક આ મંત્ર મને શીખવાડો.

સોમક્રાંતિ – એમ ન શિખાય. પહેલા તમે જૈનધર્મ અંગીકાર કરો. શ્રાવકના વ્રત લો. ત્યાર પછી આ મંત્ર શીખજો...

દેવલ સુથાર આ સાંભળીને જૈનધર્મ અંગીકાર કરી વિધિવત્ મંત્ર શીખ્યો. અને સોમક્રાંતિને બે દંડા આપ્યા. સોમક્રાંતિએ બે દંડા લઈ એક દંડો પેલા દયાળુ બાળકને આપ્યો અને બીજા દંડાથી તે રમવા લાગ્યો.

એક દિવસની વાત છે. સુથાર દેવલ જંગલમાં ગયો. શરીરની શુદ્ધિ કરી એક ગુફામાં બેસી શીખેલ મંત્રનો ભાવથી જાપ કરવા લાગ્યો. ત્યાં જ સિંહ ઉપર આરૂઢ અજિતાદેવી પ્રગટ થયા. અને કહેવા લાગ્યા કે, તે શા માટે મારી આરાધના કરી છે? તારી શું ઇચ્છા છે? તે માંગી લે. ત્યારે દેવલ સુથારે દેવીને કહ્યું, હે મા! હું દરિદ્ર છું, એવી કૃપા કરો કે હું ધનવાન બનું. ત્યારે દેવીએ પ્રસન્ન થઈ પુષ્કળ ધન ખજાનો અપાવ્યો અને ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. ત્યારબાદ દેવલ સુથાર ધન લઈને નગરમાં આવ્યો. દેવલ સુથારે પણ આ ધનનો સદ્ઉપયોગ કર્યો. નગરમાં જિનમંદિર બંધાવ્યા. દાન, પુણ્ય કરવા લાગ્યો. આથી તેની કીર્તિ ચારે તરફ ફેલાઈ ગઈ. આથી લોકોને નવાઈ લાગી કે આટલું બધું ધન દેવલ સુથાર પાસે કેવી રીતે આવ્યું? ત્યારે રાજાએ તેને દરબારમાં બોલાવ્યો. ત્યારે દેવલ સુથારે જે બન્યું તે બધી હકીકત કહી. આ સાંભળી રાજા પણ પ્રસન્ન થયા. અને તેનું સન્માન કર્યું.

આમ જે શુદ્ધ ભાવથી પાંચમી ગાથાનું વિધિપૂર્વક જાપ કરે તેની મનોકામના અવશ્ય પૂરી થાય છે...

(ક્રમશઃ)

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
મો.નં. ૯૮૯૨૮૨૮૧૯૬

**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.

**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. ............... ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ........................................

સરનામું............................................

............................................

પીન કોડ.................. ફોન નં. ....................

મોબાઈલ............................................

Email ID ......................................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા.૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૯

# અમૃતના બિંદુ જેવી શીતળતા અને ગુલાબના પુષ્પ જેવી મધુરતા છલકાવતા સાહિત્યના સર્જક

### શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ : ધર્મનિષ્ઠ સાહિત્યકાર

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

ધર્મનિષ્ઠ, ધ્યેયનિષ્ઠા જૈન સાહિત્યના સર્જક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ (૧૯૦૭-૧૯૮૫)નું સ્મરણ કરીએ ત્યારે પ્રાતઃ કાળે પવનની સાથે વહી આવતી પુષ્પની સુંગધ માણતા હોઈએ તેવો અનુભવ થાય.

શ્રી રતિલાલ દેસાઈ શિવપુરીમાં ત્યારે ખંતથી ભણ્યા અને તે સમયે અને તેમના પિતરાઈ ભાઈ શ્રી જયભિખ્ખુ પંડિત તરીકે સમાજમાં આવ્યા પણ તેમણે પોતાની કારકિર્દી સાહિત્યના શરણે સમર્પિત કરી દીધી. આ બન્ને લેખકોએ મૂલ્ય પરસ્ત સાહિત્યનું સર્જન કરીને અપૂર્વ લોકચાહના મેળવી.

શ્રી રતિલાલ દેસાઈ જેવું લખતાં તેવું જીવતા સાદું અને સંતોષી જીવન અને સતત કાર્યશીલ જીવન જીવીને તેમણે પોતાનો યશોદેહ ખડો કર્યો. જ્યાં ગયા ત્યાં સન્માન પામ્યા. તેઓ એટલા લાગણીશીલ હતા કે જેની સાથે આત્મીયતા જોડતા તેઓ તેમને કદી વિસરી ન શકતા. શરીરની કે થાકની પરવા કર્યા વિના તેઓ સતત પોતાનું કામ કર્યા કરતા.

શ્રી રતિલાલ દેસાઈએ લખેલી વાર્તાઓ સદાય કોઈકને કોઈક પ્રેરક સંદેશ લઈને આવતી. દીર્ઘ શૈલીમાં લખાયેલી આ વાર્તાઓ જેને ઉત્તમ જીવનનો આનંદ પ્રાપ્ત થતો હોય તેને વિશેષ ગમે તેવી હતી. તેમણે લખેલું 'ગુરૂ ગૌતમ સ્વામી' ચરિત્ર વાંચીએ ત્યારે એક અનન્ય પુસ્તકનો સ્વાધ્યાય કર્યાનો સંતોષ મળે. ક્યારેક એવુ લાગે છે કે દરેક આત્મનિષ્ઠ સાધકે આ ચરિત્ર અવશ્ય વાંચવું જોઈએ. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ તેમને 'શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઇતિહાસ' લખવાનું કામ સોંપેલું. તે એક ભગીરથ કાર્ય હતું. તેમણે ખૂબ જ ચીવટ સાથે નાનકડી હકીકત પણ છૂટી ન જાય તેનું ધ્યાન રાખીને બે ભાગમાં તે ગ્રંથ તૈયાર કર્યો. એ વખતે એવું બન્યું કે શેઠ જે પુરસ્કાર પેઢી તરફથી આપતા હતા તે રતિભાઈએ એમ કહીને પાછો વાળ્યો કે આ મારી મહેનત કરતા વધારે રકમ છે, મારી મહેનતની રકમ ઓછી જોઈએ.

આવી પ્રામાણિકતા, આવી ઉત્તમ ભાવના આજે ક્યાં જોવા મળે?

શ્રી રતિલાલના જીવનમાં આવું અનેક વાર બન્યું. એમણે અનેક મુશ્કેલીઓ હોવા છતાં પોતાનો આ શ્રેષ્ઠ ગુણ ક્યારેય ન છોડ્યો.

'શ્રી ભદ્રેશ્વરતીર્થનો ઇતિહાસ' તેમણે તૈયાર કર્યો ત્યારે જે બનેલું તે મને આજેય યાદ છે. તે સમયે થોડાક આગેવાનોએ વિવાદ ખડો કર્યો હતો. શ્રી રતિલાલ દુઃખ સાથે બોલેલા કે જેમને સૈકો અને શતાબ્દી કોને કહેવાય, તેની ખબર નથી પડતી તે શીલાલેખ કોને કહેવાય એ મને સમજાવવા આવે છે!

પૂજ્યપાદ શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજ દેવલોક પામ્યા ત્યારે અમે બોટાદ પહોચ્યાં. આખી ઘટના અચાનક બનેલી. રાતના સમયે શ્રી રતિલાલ અમદાવાદથી આવી પહોંચ્યા. હું અને પૂજ્ય શીલચંદ્રવિજયજી સંથારામાં થાકીને સૂતા હતા, અમારા બન્નેની વચ્ચે બેસીને અમારા બન્નેના પગ દાબતા જાય અને રડતા જાય! પછી કહે, 'અત્યારે કોણ કોને આશ્વાસન આપે?'

'શ્રી નંદનસૂરી સ્મારક ગ્રંથ' અને 'શ્રી શત્રુંજયતીર્થ પ્રતિષ્ઠાનો અહેવાલ' ગ્રંથો તૈયાર થયા ત્યારે અમારી પાસે તેઓ સતત આવતા. તે સમયે તેઓ જે ખંતથી એ ગ્રંથો તૈયાર કરતા હતા તે જોઈને અમે સૌ ભારે અભિભૂત થઈ ગયેલા. શ્રી રતિલાલ પૂજ્ય મારા ગુરુ મહારાજ શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજ અને અમારા પ્રત્યે ખૂબ ભક્તિભાવ રાખતા હતા.

પ્રસિદ્ધ લેખક શ્રી 'સુશીલ'ના અવસાન પછી તેમણે લગભગ જીવત પર્યન્ત 'જૈન' સાપ્તાહિકના વર્ષો પર્યન્ત અગ્ર લેખો લખ્યા. આ લેખો તેમના સુપુત્ર શ્રી નીતિનભાઈએ સંપાદિત કરીને પ્રગટ કર્યા છે. તેમાં રહેલું વિરાટ વિષય વૈવિધ્ય જોઈએ છીએ ત્યારે એમ થાય છે કે આપણે જ્ઞાનના સાગરમાં તરી રહ્યા છીએ.

શ્રી રતિલાલ દેસાઈની વાર્તાઓ મુખ્યત્વે જૈન પરંપરામાંથી જ વિશેષ રચાઈ છે. પણ તેનો વ્યાપ સર્વક્ષેત્રને સ્પર્શે તેવો મોટો છે માનવતાની પ્રેરણા આપતી આ કથાઓ ઇતિહાસની નજીક લઈ જાય છે અને તે સમયના મહાપુરુષો શા માટે મહાન હતા તે આપણને સમજાવે છે.

શ્રી રતિલાલના સુપુત્રી શ્રી માલતીબેન શાહ પણ ઉત્તમ લેખિકા અને સંપાદિકા છે.

અમૃતના બિંદુ જેવી શીતળતા અને ગુલાબના પુષ્પ જેવી મધુરતા જેમના સાહિત્યમાં છલોછલ છલકાય છે તેવા રતિભાઈના પુસ્તકો સૌને વાચવા હંમેશાં ગમશે. તેમનું સંપાદન જે નિહાળશે તેને તેમાંથી અચૂક ઉત્તમ સંપાદન કળા પણ શીખવા મળશે. શ્રી રતિભાઈ અવસાન પામ્યાને વર્ષો થયા પણ આજે પણ તેમની સ્મૃતિ ચિત્તમાં ઝબકી જાય છે. ❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

પંથે પંથે પાથેય

# પરોપકારથી ભાગીદારી સુધીનો પ્રવાસ : દીપક ફાઉન્ડેશન

(જીવનમાં દરેકને તક મળતી હોય છે પરંતુ બહુ ઓછા લોકો આ તકને સુવર્ણતકમાં બદલાવી શકતા હોય છે, સી.કે. મહેતાસાહેબ આવુ જ એક નામ છે. આમ તો પ્રબુદ્ધ જીવનના વાચકો માટે આ નામ અજાણ્યું નથી જ. પરંતુ પ્રસ્તુત લેખ દીપક ફાઉન્ડેશનના વિશાળ કાર્યક્ષેત્રનો પરિચય આપે છે. આજે કેટલાંક લોકોને કામ કરીને નામ કમાવી લેવાની ઉતાવળમાં છે, ત્યારે પોતાના કાર્યને ચૂપચાપ કરતાં, એ કયાંય જાહેરમાં ન દેખાતી આ હસ્તીનો પરિચય જ્યારે મને થયો ત્યારે મને થયું કે મારે આ વાત તમારી સહુ સાથે જરૂર વહેંચવી જોઈએ. દીપક ફાઉન્ડેશનનું નામ સી.કે. મહેતા એ એમના પુત્રના નામ પરથી રાખ્યું છે. સાથે બીજો અર્થ એ પણ થાય છે કે દરેકના ઘરે દીપક પ્રજ્વલિત થાય અને સહુનું જીવન પ્રકાશમય બને. બીજું આ સંસ્થાએ સ્ત્રી સામર્થ્યને પણ વિશેષ મહત્વ આપ્યું છે, એ વાત આનંદ અપાવે છે. આ સંસ્થાએ સ્વપ્નને યોગ્ય રીતે પરિવર્તિત કરી સાકાર કર્યું, જે બીજા અનેકને પ્રોત્સાહન આપશે. એક સક્ષમ ઉદ્યોગપતિ, મનુષ્ય તરીકે, જ્યારે સંવેદનસભર હોય, ત્યારે જ બીજાના પ્રકાશ માટેનો પાયો નાખી શકે છે. સી.કે. મહેતાસાહેબ એક એવું નામ છે. - તંત્રી)

મોરબી જીલ્લાના ઈતિહાસમાં સૌથી ખરાબ દિવસો હતા, જ્યારે વિનાશકારી પૂરથી શહેર સ્થગિત થઈ ગયું હતું.ઓગસ્ટ ૧૯૭૯માં સતત દસ દિવસ વરસાદ વરસ્યા બાદ, ગુજરાતમાં મચ્છુ નદી પર આવેલ ચાર કિલોમીટર લાંબો ડેમ તૂટી પડયો હતો.આ ગુજરાતમાં સૌથી ખરાબ પર્યાવરણીય આપદાઓમાંનું એક હતું. મચ્છુ ડેમના તૂટી પડવાથી પાંચ કિલોમીટર નીચાણવાળા વિસ્તારમાં આવેલ મોરબીનો ઔદ્યોગિક વિસ્તાર અને તેની આસપાસનો ગ્રામ્ય વિસ્તાર વિનાશક પૂરમાં ડૂબી ગયા હતા.પૂરને કારણે હજારો ઘર અને જીવન નષ્ટ થઈ ગયાં હતાં.જોકે, પૂરનાં પાણી શહેરમાં ફરી વળે તે પહેલાં લગભગ ૭,૦૦૦ લોકોને સફળતાપૂર્વક બહાર કાઢી લેવામાં આવ્યાં હતાં. એક અઠવાડિયા પછી, ૨,૯૧૯ પ્રાણીઓની લાશો મળી આવી હતી અને પાયમાલીને કારણે થયેલ નુકસાનનો અંદાજ રૂ. ૧૦૦ કરોડ અંદાજવામાં આવ્યો હતો.અંતિમ મૃત્યુ આંક લગભગ ૮,૫૦૦ આવ્યો હતો. ત્યાં રાહત વ્યવસ્થાની, આર્મી બટાલિયનો અને પોલીસ દળોની તૈનાતીની, આઘાત પામેલાઓના પુનર્વસનની, અને નાણાકીય સહાયતાના વિતરણની તાત્કાલિક જરૂર હતી.જે લોકો પોતાના પશુધનથી આજીવિકા કમાતા હતા તેઓ પૂરને કારણે થયેલ નુકસાનથી અત્યંત શોકાતુર હતા. દીપક ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ શ્રી. સી.કે.મહેતા તેઓની મુશ્કેલીઓથી ગહનપણે દુઃખી થઈ ગયા હતા. તેમણે રહેવાસીઓને પશુધનથી લઈને પોલ્ટ્રી સુધી નવું પશુધન પ્રદાન કરીને તમામ નુકસાન ભરપાઈ કર્યું હતું.બાદમાં, એવું જાણવા મળ્યું હતું કે રહેવાસીઓના જીવનને ફરીથી સામાન્ય બનાવવા માટે નવું પશુધન આપવું પર્યાપ્ત ન હતું.સમગ્ર શહેર અને ડેમના નવીનીકરણ માટે લાંબા ગાળાનું વ્યવસ્થિત આયોજન જરૂરી હતું. તેથી, ૧૯૮૨ માં, દીપક ચેરીટેબલ ટ્રસ્ટનો પાયો નાખવામાં આવ્યો જે પાછળથી વિકાસ પામી અને દીપક ફાઉન્ડેશન તરીકે ઓળખાયું. હાલમાં, ફાઉન્ડેશનના મુખ્ય ક્ષેત્રો છે આરોગ્યસંભાળ, આજીવિકા ઉત્પત્તિ, કુશળતા અને ક્ષમતા નિર્માણ, શિક્ષણ તથા વિશેષ જરુરિયાતવાળાં બાળકો. પાછલા કેટલાક વર્ષોમાં, ફાઉન્ડેશન હવે ગુજરાતમાં એક અગ્રણી બિન-નફાકારક નાગરિક સમાજ સંગઠન તરીકે વિકાસ પામ્યું છે અને પોતાની સેવાઓ સમગ્ર ભારતમાં વિસ્તારી છે.

વર્ષ ૧૯૮૧માં, કેટલાક ઉદ્યોગગૃહોએ નંદેસરી ઔદ્યોગિક વિસ્તારનો સામાજિક - આર્થિક વિકાસ હાથ ધરવા, એકબીજાને સાથ આપ્યો હતો. બહોળા પ્રમાણમાં આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી જેમાં પરિવહન અને સંચાર, વિજળી, શિક્ષણ સંસ્થાઓ, બેન્કિંગ, તથા સંગઠિત અને અસંગઠિત બજારો વગેરે જેવી સુવિધાઓનું સર્જન સામેલ હતું.

શ્રી સી.કે.મહેતા હંમેશા એવી સેવા શરૂ કરવા કૃતનિશ્ચયી હતા જે ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોના લોકોને તબીબી આરોગ્યસંભાળ સેવાઓના લાભ લેવા સક્ષમ બનાવે. ત્વરિત કાર્યવાહીની પ્રેરણા શ્રી સી. કે. મહેતાને ત્યારે મળી જ્યારે તેમણા વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓની અનુપલબ્ધતાને કારણે એક મહિલાએ બળદગાડામાં બાળકને જન્મ આપવો પડ્યો હતો. સુરક્ષિત માતૃત્વ અને નવજાત સંભાળ માટે યોગ્ય ફાઉન્ડેશન (ડીએમએફ) ની સ્થાપના કરવામાં આવી હતી.

- **સુલભ અને કિફાયતી આરોગ્યસંભાળ સેવાઓ પ્રદાન કરવી**

નંદેસરી એક ઔદ્યોગિક વિસ્તાર છે કે જે અસંખ્ય વિશાળ અને નાના પાયાના ઉદ્યોગોથી ઘેરાયેલું છે. ડીએમએફ એકમાત્ર કેન્દ્ર છે જે નંદેસરી અને તેની આસપાસના ગામડાંઓની લગભગ ૧ લાખ ગ્રામીણ વસ્તીને વિશેષીકૃત આરોગ્ય સુવિધાઓ પૂરી પાડે

છે. તે ૧૫ પથારીઓવાળી હોસ્પિટલ છે અને સ્થાનિક લોકોને ૨૪ X ૭ નિવારક તથા ઉપચારાત્મક તબીબી સેવાઓ પ્રદાન કરે છે. વધુમાં, હોસ્પિટલ કટોકટી પ્રસૂતિ સંભાળ સેવાઓ પણ આપે છે તથા તે ગુજરાત સરકારની ચિરંજીવી યોજના સાથે પણ જોડાયેલ છે. આજે, હોસ્પિટલમાં અનુભવી તબીબો અને કર્મચારીઓ, સુસજ્જ ઓપરેશન થિયેટર્સ, લેબર રુમ, ઈન્ટેન્સિવ કેર યુનિટસ અને ચોવીસ કલાક એમ્બ્યુલન્સ સેવાઓની હાજરી જોવા મળે છે. હોસ્પિટલ નિયમિતપણે પ્રજનન આરોગ્ય અને પોષણ, એઈડસ અને એચઆઈવી જેવા સેક્સ દ્વારા ફેલાતા રોગો, રસીકરણ અને પરિવાર નિયોજનની માહિતીનો પ્રસાર કરવા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરે છે. દૂરસ્થ અને વંચિત વિસ્તારોમાં ૩૫ થી વધુ વર્ષોથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓની જોગવાઈ ઉપરાંત, તેમના કાર્યને કારણે માહિતીની સંપત્તિ ઉત્પન્ન થયેલ છે, જે દર્દી પ્રત્યેના પરિણામોની ગુણવત્તામાં સતત સુધારણામાં મદદ કરે છે.

- **સ્ત્રીઓને ગૌરવપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવી**

સ્ત્રી સશકિતકરણ હંમેશા દીપક ફાઉન્ડેશનનું પ્રાથમિક લક્ષ્ય રહ્યું છે. વર્ષ ૧૯૯૨થી, ફાઉન્ડેશને સ્ત્રીઓના બચત અને ક્રેડિટ જૂથોની મદદથી સ્ત્રીઓના સામાજીક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. સ્ત્રી સશક્તિકરણ ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા માટે, ફાઉન્ડેશને ડેરી સેક્ટરમાં ઝુકાવ્યું છે. સ્ત્રીને ડેરી ઉદ્યોગોનો એક અભિન્ન હિસ્સો બનાવે છે. ભારતના મોટાભાગના પ્રદેશોમાં, સ્ત્રી પશુધનને ચરાવે અને પોષે છે. તેમની વધતી જતી ભાગીદારી ડેરી સહકારી ચળવળની લાંબા ગાળાની તાકાત છે. જોકે, સ્ત્રીઓને સામાન્ય રીતે ડેરી ઉદ્યોગના પરિપ્રેક્ષ્યમાં ધકેલી દેવામાં આવી છે. તેથી, ૧૯૯૫માં સ્ત્રીઓને સશક્ત બનાવવાના અને તેઓને ડેરી ઉદ્યોગના મોખરે લાવવાના ધ્યેય સાથે નંદેસરીમાં પ્રથમ સ્ત્રીઓની ડેરી સહકારી મંડળી સ્થાપવામાં આવી હતી. સ્ત્રીઓની ડેરી સહકારી મંડળીએ સુનિશ્ચિત કર્યું હતું કે સમાજ સ્ત્રીઓનું મૂલ્ય સમજે અને તેઓ જેના હકદાર છે તેને આદર આપે. આગામી વર્ષોમાં, ફાઉન્ડેશને તેની વિવિધ મધ્યસ્થીઓ મારફતે સ્ત્રીઓને સમાજનું પોષણ કરવા તથા તેમાં બદલાવ લાવવા માટે સશક્ત બનાવી છે.

- **સર્વગ્રાહી વિકાસ માટે આંગણવાડીઓને મજબૂત બનાવવી**

૧૯૯૬માં, દીપક ફાઉન્ડેશને ગુજરાત સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ (ડીડબલ્યુસીડી)ની એકીકૃત બાળ વિકાસ યોજના (આઈસીડીએસ) હેઠળ નંદેસરી વિસ્તારમાં ૪૦ આંગણવાડીઓના સંચાલનો અને પ્રબંધનને હાથ પર લેવાનું સાહસ કર્યું હતું. આવક, શિક્ષણ અને સ્વચ્છતાના અભાવને કારણે, નીચી સામાજીક – આર્થિક સ્થિતિઓમાં રહેતાં બાળકોની ઘણીવાર ઉપેક્ષા કરવામાં આવે છે અને તેઓ રચનાત્મક વર્ષોમાં, વિકાસ અને એવા યોગ્ય પોષણથી વંચિત રહી જાય છે. નીચા સામાજીક-આર્થિક વિસ્તારોમાં રહેતા માતાપિતામાં ઘણીવાર આવકનો અને તેમના બાળકોને એક આરોગ્યપ્રદ આહાર તથા તેમના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરવા માટેની, જાગૃતિનો અભાવ જોવા મળે છે. જેના કારણે બાળકોમાં તીવ્ર અને ગંભીર કુપોષણ જોવા મળે છે. દીપક ફાઉન્ડેશને આઈસીડીએસ સાથે હાથ મિલાવવાનું નક્કી કર્યું જેનું લક્ષ્ય ૬ વર્ષથી નીચેના બાળકો અને તેમની માતાઓને પૂરક આહાર, પૂર્વશાળા શિક્ષણ પ્રદાન કરવાનું તથા પ્રાથમિક આરોગ્યસંભાળ પૂરાં પાડવાનું છે. ફાઉન્ડેશને કાર્યક્રમના અમલીકરણની જવાબદારી પોતાને શિરે લે છે અને સામુદાયિક ભાગીદારી તથા સંશાધન ગતિશીલતા પ્રકાશમાં લાવીને વર્તમાન સરકારી કાર્યક્રમોનું મૂલ્ય વધાર્યું છે.

૨૦૧૫થી ફાઉન્ડેશને જાહેર આરોગ્યસંભાળ સુવિધાઓ હેઠળ ૬૫ આંગણવાડીઓની સફળતાપૂર્વક પુનઃફાળવણી કરેલ છે. સ્થાનિક આંગણવાડીઓએ ૬૦૦૦થી પણ વધુ આદિવાસી બાળકો માટે દરવાજા ખુલ્લા મૂકી દીધા છે. આ બાળકોના કુપોષણ સામે લડવા અને સ્વસ્થ ભવિષ્ય બનાવવા આંગણવાડી પુરતો પ્રયત્ન કરે છે. ફાઉન્ડેશન સુનિશ્ચિત કરે છે કે તમામ લાભાર્થીઓને પૌષ્ટિક આહાર મળે છે અને તેમના બિન-ઔપચારિક પૂર્વ શાળા શિક્ષણને એક આનંદદાયક અનુભવ બનાવવા માટે કઠપૂતળીના ખેલ, વાર્તાકથન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવા અભિનવ ઉપાયો શરૂ કર્યા છે. ડીએમએફ ગંભીર કુપોષણ અને દીર્ઘકાલિક વિકારો સાથેના ઓળખાયેલા બાળકો માટે યોગ્ય સારવાર પણ પ્રદાન કરે છે, અને સામાન્ય આરોગ્ય તપાસ, લેપ્રોસ્કોપિક ટ્યૂબકટોમી તથા રક્તદાન માટે સમયસર શિબિરોનું આયોજન પણ કરે છે.

- **એઈડ્સ વિરૂદ્ધ સમુદાય જાગૃતિ ફેલાવવી**

વર્ષ ૧૯૯૪ના પ્રારંભિક સમયમાં જાતીયતાથી ફેલાતા ચેપ માટે ગુજરાતમાં સામાન્ય સ્તરની માહિતી હતી. નંદેસરીમાં બહુ બધા ઉદ્યોગો સ્થાપિત હોવાને કારણે, ભારતના વિવિધ હિસ્સોમાંથી સ્થળાંતર કરીને આવતા શ્રમિકોની સંખ્યા પણ ઘણી વધુ છે. લોકોની ગતિશીલતા અને સ્થળાંતર તેમને વધુ નબળા બનાવે છે, જેથી પતિ/ પત્નીથી અલગ રહેતા હોવાને પરિણામે, તેઓ ઉચ્ચ જોખમ ધરાવતા જાતીય સંબંધો તરફ દોરાય છે અને પરિણામે, તેમને એચઆઈવીની સંભાવના થઈ શકે. આ મુદ્દાને સંબોધવા ગુજરાત રાજ્ય એઈડ્સ નિયંત્રણ સોસાયટીની સાથે મળીને દીપક ફાઉન્ડેશને નંદેસરીના ઔદ્યોગિક વિસ્તારમાં સ્થળાંતર કરીને આવેલા શ્રમિકો માટે એચઆઈવી/ એઈડ્સ નિવારણ કાર્યક્રમ શરૂ કર્યો હતો. ફક્ત આટલું જ નહીં, પરંતુ કાર્યક્રમમાં જાતીય સ્વચ્છતા, ખાસ કરીને માસિક સ્ત્રાવ દરમિયાન પ્રજનન માર્ગના ચેપ અને તેમના સાથીદાર તરફથી મળેલ જાતીયતાથી ફેલાતા ચેપથી પીડાતી મહિલાઓની વિશાળ સંખ્યાને સંબોધિત કરાઈ હતી.

● **સંકટ પ્રબંધન મારફતે આપદાનો સામનો કરવો**

૨૦૦૧-૦૫ માં, ફાઉન્ડેશને સુરેન્દ્રનગર જિલ્લામાં ધરતીકંપ બાદના પુનવર્સન માટે સક્રિય યોગદાન આપ્યું હતું. જે લોકોમાં ધરતીકંપ દ્વારા વેરાયેલા વિનાશને નજરે નિહાળ્યો છે તેઓ એક દાયકા કરતાં પણ ઓછા સમયમાં જિલ્લાના પુનઃવિકાસની કલ્પના પણ નકરી શકે. લોકો આઘાતગ્રસ્ત અને શોકગ્રસ્ત હતા, અને અનેક લોકો મહિનાઓથી કામચલાઉ નિવાસોમાં રહેતા હતા. કેટલીક યોજનાઓ શક્ય તેટલી ઝડપથી અમલમાં મૂકવામાં આવી હતી. ફાઉન્ડેશને એક બહુઆયામી વિકાસ પરિયોજના ''સ્નેહલ'' પરિયોજના માટે કેર ઈન્ડિયા સાથે કામ કર્યું હતું, જેનું લક્ષ્ય હતું અત્યંત વંચિત અને પછાત સમુદાયોમાં પોષણ, આરોગ્ય અને શિક્ષણની સ્થિતિમાં ટકાઉ સુધારો લાવવો. ત્યાર બાદ, તેણે ધરતીકંપ પુનવર્સનનું લક્ષ્ય ધરાવતી સ્વશક્તિ પરિયોજના પણ હાથ ધરી હતી, જેને વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંકે ભંડોળ પૂરું પાડ્યું હતું.

● **તંદુરસ્ત જન્મ પ્રથાઓને પ્રોત્સાહન આપવું**

વડોદરા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં માતૃત્વ મૃત્યુઓ (પ્રતિ ૧૦૦૦૦૦ જીવિત જન્મ ૪૨૫) અને શિશુ મૃત્યુ દર મોટા પ્રમાણમાં જોવા મળ્યો હતો (૨૦૦૫ માં પ્રતિ ૧૦૦૦ જીવિત જન્મ ૫૫) સુરક્ષિત માતૃત્વ અને બાળ ઉછેર (એસએમસીએસ) શરૂ કરવામાં આવ્યું હતી, ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (ડીએચએફડબલ્યુ) સાથે ફાઉન્ડેશનના જાહેર ખાનગી ભાગીદારી (પીપીપી) ઉપક્રમ તરીકે જેનું લક્ષ્ય આદિવાસી વિસ્તારોમાં માતૃત્વ અને શિશુ મૃત્યુ દર ઘટાડવાનું હતું. પરિયોજનાનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (એનઆરએચએમ, ૨૦૦૫-૨૦૧૨) અનુસાર તેમજ ગુજરાત વસતી નીતિ(૨૦૦૨)ની પ્રાથમિકતાઓ મુજબ નિર્ધારિત કરેલ હતો જ્યાં માતૃત્વ મૃત્યુ દર (એમએમઆર) ને પ્રતિ ૧૦૦,૦૦૦ જીવિત જન્મ ૧૦૦થી ઓછો અને પ્રતિ ૧૦૦,૦૦૦ જીવિત જન્મ ૩૦ થી શિશુ મૃત્યુ દર (આઇએમઆર) સુધી ઘટાડવાનું લક્ષ્ય હતું. એસએમસીએસ પરિયોજનાનું લક્ષ્ય દરેક ગર્ભવતી સ્ત્રીનો ટ્રેક રાખવાનું પણ હતું એ સુનિશ્ચિત કરવા કે તેઓને પ્રસૂતિ પૂર્વેની (એએનસી) અને પ્રસૂતિ બાદની (પિએનસી) એમ બંને સંભાળ આપવામાં આવે છે.

છ વર્ષ લાંબો કાર્યક્રમ, એસએમસીએસ ફાઉન્ડેશનની સૌથી વધુ નોંધપાત્ર આરોગ્ય સંભાળ પરિયોજના હતી, જેમાં અનેક પ્રવૃત્તિઓ સામેલ હતી. આઉટ રીચ વર્ક (ઓઆરડબલ્યુ) નું ક્ષમતા નિર્માણ, પાયાના કાર્યકર્તાઓની તાલીમ જેવાકે અધિકૃત સામાજિક આરોગ્ય કાર્યકરો (એએસએચએ), મોબાઈલ હેલ્થ યુનિટ (એમએચયુ) અને વ્યાપક કટોકટી પ્રસૂતિ નવજાત સંભાળ (સીઈએમઓએનસી) તેમાંથી તમામ આજ સુધી કાર્યરત છે. ગુજરાતમાં કટોકટી સમયની પરિવહન સુવિધાઓ અનોખી હતી અને તેની સ્થાપના ૧૦૮ સેવાઓથી પણ પહેલાં કરવામાં આવી હતી. આ સેવાનો ઉદ્દેશ્ય દૂરસ્થ ગામડાંઓને આવરી લઈને આદિવાસી વિસ્તારની સેવા પૂરી પાડવાનો હતો અને ગુજરાત સરકાર સાથે ભાગીદારીમાં શરૂ કરવામાં આવી હતી.

આ પરિયોજનાનો અમલ છોટા ઉદેપુર જિલ્લામાં તેના ૧૨ બ્લોકના ૧૫૪૮ ગામડાંઓની બે લાખની વસ્તીને આવરી લઈને કરવામાં આવ્યો હતો. આધારભૂત સર્વેક્ષણમાં સૂચિત કરાયું હતું કે તબીબી કટોકટીઓને સંબોધવા માટે જાહેર આરોગ્ય સુવિધાઓ ખાતે કોઈ વિશેષજ્ઞો ન હતા. ઉચ્ચ જોખમવાળી ગર્ભાવસ્થા સાથેની મોટાભાગની મહિલાઓને વડોદરા શહેરની એસએસજી હોસ્પિટલમાં મોકલવામાં આવતી હતી, જે આ બ્લોક્સથી લગભગ ૧૦૦ કિમી જેટલી દૂર છે. તેને પરિણામ કટોકટી સ્થિતિમાં વિલંબ અને મૃત્યુમાં થતો. સરકારના પ્રયાસોની નકલ કરવાને બદલે, ફાઉન્ડેશને આદિવાસી વિસ્તારોમાં માતા અને બાળક માટે કટોકટી પ્રસૂતિ અને નવજાત સંભાળ પ્રદાન, કરીને વર્તમાન સરકારી સુવિધાઓને મજબૂત બનાવવાનું નક્કી કર્યું. તદનુસાર, છોટા ઉદેપુરમાં પાવી જેતપુર બ્લોકમાં જબુગામમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ને પસંદ કરવામાં આવ્યું હતું.

સીઈએમઓએનસી તરીકે જાણીતા માતા અને બાળ સંભાળ કેન્દ્રને સંચાલિત કરવા માટે ફેબ્રુઆરીમાં દીપક ફાઉન્ડેશન અને ગુજરાત સરકારની રાજ્ય આરોગ્ય સોસાયટી વચ્ચે એક વર્ષના ગાળા માટે મેમોરન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) બનાવવામાં આવ્યું હતું. પછી તેને યુનિટના ઉત્કૃષ્ટ પ્રદર્શનને આધારે આગળ વિસ્તારવામાં આવ્યું હતું. સીઈએમઓએનસી, જબુગામ એક ૩૦ પથારીઓવાળી હોસ્પિટલ તરીકે શરૂ કરવામાં આવ્યું હતું અને હાલમાં કે ગુણવત્તાયુક્ત સેવાઓ માટેની વધતી જતી માંગને પૂરી કરવા માટે ૮૦ પથારીઓવાળી સુવિધાઓ સુધી વિકાસ પામ્યું છે. છોટા ઉદેપુર જિલ્લા ઉપરાંત, સીઈએમઓએનસી યુનિટ પંચમહાલ જિલ્લાના બે બ્લોક (જાંબુઘોડા અને ઘોઘંબા) તથા મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી) ને પણ સેવાઓ પૂરી પાડે છે. કુલ મળીને તે લગભગ નવ લાખની આદિવાસી જનતાને આવરી લેતાં સાત પીએચસીને સેવાઓ પ્રદાન કરે છે. સીઈએમઓએનસી યુનિટ બિનજરૂરી રેફરલ્સ ટાળીને વન-સ્ટેપ-નિઃશુલ્ક સરકારી આરોગ્ય સુવિધા ખાતે સમયસરની સંભાળ પ્રદાન કરીને, ગરીબીની વિકરાળ જાળમાંથી સફળતાપૂર્વક પરિવારોને બચાવ્યા છે. આઉટ પેશન્ટ વિભાગ (ઓપીડી) માટે પ્રતિ લાભાર્થી સરેરાશ વાર્ષિક બચત રૂા. ૮૨, સામાન્ય પ્રસૂતિ માટે રૂા. ૯,૫૦૦, સી સેક્શન માટે રૂા. ૨૫,૦૦૦ અને સ્ત્રી રોગ સંબંધી કિસ્સાઓ માટે રૂા. ૯,૬૦૧ છે જે સમુદાય દ્વારા વાર્ષિક ધોરણે કરવામાં આવતી લગભગ ૪.૭૮ કરોડની બચતનો ભાગ છે.

● **સામુદાયિક સ્તરે આરોગ્ય સેવાઓને ગતિશીલ બનાવવી**

વર્ષ ૨૦૦૭માં, ડીએચએફડબલ્યુ સાથેની ભાગીદારીમાં છોટા ઉદેપુરમાં પાવી જેતપુર બ્લોકમાં પ્રથમ એમએચયુ શરૂ કરવામાં આવ્યું હતું. મોટા પ્રમાણમાં સ્વખર્ચે અને મુસાફરી ખર્ચ છતાં ખાનગી આરોગ્ય સુવિધાઓ પર નિર્ભર વસ્તીના લગભગ ૬૫% લોકો સાથે વસ્તીના વંચિત વર્ગો માટે સારી આરોગ્યસંભાળ સુવિધાઓમાં સુધારો કરવાની જરૂર હતી. આ હેતુ પાર પાડવા માટે, આદિવાસી વિસ્તારોમાં દૂર ગામડાંઓની તબિબી જરુરિયાતોને પહોંચી વળવા એમએચયુ સેવાઓ શરૂ કરવામાં આવી હતી. એમએચયુને હરતી ફરતી તબીબી સેવાઓ પ્રસ્તુત કરી અને એ ગામડાંઓ માટે આરોગ્યસંભાળ સુલભ અને કિફાયતી બનાવી. એક સલાહકાર, ડૉક્ટર, નર્સ અને એક વાહનચાલકની બનેલી ટીમને દરેક મુલાકાત વખતે વધુ જ સારો આવકાર મળ્યો અને તેમને એક લાડકું નામ પણ આપવામાં આવ્યું હતું. ''ફરતું દવાખાનું'' સ્થાનિક ભાષામાં મોબાઈલ હેલ્થ ક્લિનિક.

પાછલા કેટલાક વર્ષોમાં, ફાઉન્ડેશને શહેરી, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં મોબાઈલ હેલ્થ સેવાઓની સ્થાપના કરવામાં અને સફળતાપૂર્વક અમલી બનાવવામાં બહોળો અનુભવ પ્રાપ્ત કરેલ છે. હાલમાં, દીપક ફાઉન્ડેશન સરકાર અને કોર્પોરેટ સંગઠનોના સમર્થનથી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, અને ઝારખંડના ગામડાંઓમાં ૧૨ એમએચયુ સંચાલિત કરે છે. ફાઉન્ડેશન એક પરિવર્તન એજન્ટ બનવામાં અને દર વર્ષે એક લાખ કરતાં વધુ લોકો માટે ઘરઆંગણે આરોગ્યસંભાળ સેવાઓ પ્રદાન કરવામાં, અને તેના દ્વારા સાર્વત્રિક આરોગ્ય કવરેજ પ્રાપ્ત કરવા પ્રત્યે યોગદાન આપવામાં ગર્વ અનુભવે છે.

● **આશા કાર્યકરોની શક્તિનો વિકાસ કરવા માટે ઝુંબેશ ચલાવવી**

સામુદાયિક આરોગ્ય કાર્યકરો જેવાકે આશા કાર્યકરોની તાલીમ અને ક્ષમતા નિર્માણ યુનિટની વધતી જતી સુલભતા અને ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે સામુદાયિક ગતિશીલતાનો એક અસરકારક માર્ગ છે. તેઓને, લાભાર્થીઓના (એએનસી, પીએનસી, પ્રસૂતિ) અને ગામડાંઓની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ (શિશુ અને માતા મૃત્યુ)ના રેકોર્ડ્સ જાળવવા માટેની પણ તાલીમ આપવામાં આવી હતી. તેઓને મોટરસાયકલ ચલાવવાની તાલીમ આપવામાં આવી હતી, જે તેમને દૂરના ગામડાંઓ સુધી મુસાફરી કરવી શક્ય બનાવતી હતી. આશા કાર્યકરોને ગામડાંઓમાં દરેક ગર્ભવતી અને નર્સિંગ મહિલા સાથે ફોલો અપ કરવાનું અને તેમને પેટા-કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી સેવાઓનો લાભ લેવા, પ્રોત્સાહિત કરવાનું સોંપવામાં આવ્યું હતું. અહીં એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે ૨૦૧૧માં, ફાઉન્ડેશને ગુજરાતમાં પાયાની આરોગ્ય સંસ્થાઓની તાલીમ અને કૌશલ નિર્માણ માટે આધુનિક જાહેર આરોગ્ય તાલીમ સંસ્થા (પીએચટીઆઈ)ની પણ સ્થાપના કરી હતી, જે હવે માર્ચ ૨૦૧૮થી કૌશલ નિર્માણ, સંશોધન અને નવીનીકરણ સંસ્થાન (આઈએસબીઆરઆઈ) તરીકે ઓળખાય છે. ફાઉન્ડેશને હાલમાં ગુજરાતના ૮ જિલ્લાઓમાં આશા કાર્યકરોની તાલીમ હાથ ધરવા માટે ડીએચએફડબલ્યુ સાથે એક કરાર કર્યો છે. ફાઉન્ડેશનની તાલીમની સહભાગી પ્રકૃતિ આશા કાર્યકરોને તેમના વર્તમાન જ્ઞાનનું નિર્માણ કરવા અને માતૃત્વ તથા બાળ આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં નવી કુશળતાઓ વિકસિત કરવા સક્ષમ બનાવે છે.

૨૦૧૭-૧૮ માં, દીપક ફાઉન્ડેશને એકત્રિત કરેલ ડેટાની ગુણવત્તા સુધારવા માટે માતા અને બાળ ટ્રેનીંગ પ્રણાલી (એમસીટીએસ) પર મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાં જોબત બ્લોકના આશા કાર્યકરોનું નિર્માણ કરવાનું શરૂ કર્યું હતું. ફાઉન્ડેશને સમયસર ડેટા એકત્રીકરણ સુગમ બનાવવા અને સહાયક નર્સ મિડવાઈફ (એએનએમ) ને સહાય કરવા માટે આશા કાર્યકરોને તાલીમ આપી હતી, જેથી તેમની સેવાઓને મહત્તમ લાભાર્થીઓ સુધી પહોંચાડી શકાય.

● **સામાજીક-આર્થિક લિંગ સશક્તિકરણ માટેનો વેગ વધારવો**

એસએમસીએસ પરિયોજનાએ ફાઉન્ડેશનને એ મહસૂસ કરવામાં મદદ કરી કે કોઈ વિસ્તારના સંપૂર્ણ વિકાસ માટે આજીવિકાનું સર્જન આધારભૂત છે. ૨૦૦૯ માં, ટકાઉ આજીવિકા પ્રત્યેના લક્ષ્ય સાથે, દીપક ફાઉન્ડેશને ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ (ટીડીડી) ના સહયોગથી એક અભિનવ પીપીપી પરિયોજના ક્વાંટ આજીવિકા કાર્યક્રમ (કેએએલપી) નો સફળતાપૂર્વક અમલ કર્યો હતો. આ પરિયોજનાનું લક્ષ્ય આદિવાસી ગરીબોની ગરીબી ઘટાડવામાં પ્રગતિ સુલભ બનાવવાનું અને છેવાડાના લોકો સુધી પહોંચવાનું હતું. યોજનાને ઉદ્દેશ્ય નાના અને સીમાંત ખેડૂતોના ૩૦૦૦ કરતાં વધુ પરિવારો સુધી પહોંચવાનો હતો. ગુજરાત સરકારના ટીડીડીના એક જાહેર-ખાનગી-સામુદાયકિ ભાગીદારી ઉપક્રમ કેએએલપીને ગુજરાતના છોટા ઉદેપુરના ક્વાંટ બ્લોકની મુખ્ય આદિવાસી વસ્તીના જીવનમાં સામાજીક-આર્થિક પરિવર્તન લાવવા માટે ગુજરાત સરકારના એક સ્વપ્નદષ્ટા આદેશ હેઠળ શરૂ કરવામાં આવી હતી. શિક્ષણ, કૃષિ, બાગાયત, કૌશલ વિકાસ, જળવિભાજન અને ડેરી ક્ષેત્ર. કેએલએલપી નો મુખ્ય ઉદ્દેશ્ય ક્વાંટ બ્લોકના ૬૦-૭૦% પરિવારો માટે આવક ઉત્પત્તિ માટે આજીવિકા અવસરો પ્રદાન કરવાનો હતો.

● **બાળપણના વિકાસ માટે ઈકોલોજીમાં પરિવર્તન કરવું**

એક બાળકના જીવનના પ્રારંભિક વર્ષો તેનો સર્વગ્રાહી વિકાસ નક્કી કરે છે. ગરીબ વાતાવરણમાં રહેતાં બાળકો પ્રારંભિક બાળપણ કાર્યક્રમોમાંથી સૌથી વધુ નાટ્યાત્મક રૂપાંતર પ્રાપ્ત કરવાનું વલણ ધરાવતાં હોય છે. આ બાળકો માટે વિવિધ આરોગ્ય પર્યાવરણીય જોખમો રહેવાની સંભાવના ઘણી વધુ હોય છે, જેમાંથી મોટાભાગના જોખમોનું લાંબા ગાળા સુધી નિદાન થતું નથી. આ બાળકોને મદદ

કરવાની એક રીત છે તેમને પ્રારંભિક શિક્ષણ કાર્યક્રમોમાં મૂકવાની. આમ, બાળકના સર્વગ્રાહી વિકાસ માટે ખાસ કરીને ગરીબ સામાજીક-આર્થિક પૃષ્ઠભૂમિમાંથી આવતા બાળક માટે ગુણવત્તાયુક્ત પ્રિસ્કૂલ શિક્ષણ પૂર્વ-પ્રાથમિક શાળાઓ અથવા ''બાલવાડી'' મારફતે આપવામાં આવે છે. દીપક ફાઉન્ડેશને ૨૦૦૮ થી પુણે શહેરના ૧૫ કલસ્ટર્સની તમામ ૪૬૮ બાલવાડીઓને મજબૂત બનાવવા માટે પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન, શિક્ષણ બોર્ડ સાથે ભાગીદારી કરેલ છે. ફાઉન્ડેશન સમયસર તબીબી તપાસો દ્વારા બાળકની આરોગ્ય અને પોષણસંબંધી સ્થિતિની દેખરેખ રાખવાની જવાબદારી લીધી છે, જે બાળકના પ્રારંભિક વર્ષોમાં વિકાસાત્મક વિલંબને ઓળખવામાં મદદ કરે છે. તેના માટે જ્યારે જરૂર હોય ત્યારે શૈક્ષણિક પુસ્તકો પ્રદાન કરીને અને શિક્ષકોની ભરતી કરીને વિસ્તારવામાં આવેલ છે. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રવૃત્તિઓને મજબૂત બનાવવાની પહેલને કારણે સમાજના વંચિત વર્ગના બાળકો પર બહુ મોટી અસર પડી છે. ફાઉન્ડેશન કઠપૂતળીના ખેલ, નાટક અને વાર્તા કથન જેવી બિન-ઔપચારિક અભિનવ શિક્ષણ પદ્ધતિઓ વડે સ્વસ્થ વાતાવરણ ઉત્પન્ન કરવા અને શિક્ષણને આનંદ આપતી પ્રવૃત્તિ બનાવવા માટે મોડલ આંગણવાડીઓ વિકસિત કરવાની પણ યોજના કરી રહ્યું છે. બાળપણ દરમિયાન યોગ્ય સંભાળ તથા વિકાસાત્મક અવસરો મેળવવાને કારણે આ બાળકો સ્વસ્થ અને ઉત્પાદક વયસ્કો બને તેવી ઘણી સંભાવના રહેલ છે.

- **નેટવર્કિંગ અને ભાગીદારીઓ મારફતે સહ-સર્જન તથા પરિવર્તન**

વર્ષ ૨૦૧૩થી, દીપક ફાઉન્ડેશન કેટલાક કોર્પોરેટ્સને સીએસઆર કન્સલ્ટન્સી સેવાઓ પ્રદાન કરતું આવ્યું છે અને તે વિવિધ જાહેર તથા ખાનગી સંગઠનો માટે જરુરિયાત આકારણી તેમજ આધારભૂત અસર મૂલ્યાંકન અધ્યયનો પણ હાથ ધરે છે. પરોપકારી પ્રવૃત્તિઓથી લઈને કોર્પોરેટ્સ સાથે ભાગીદારી સ્થાપવા સુધી, દીપક ફાઉન્ડેશને તેની પ્રવીણતાનો ઉપયોગ તમામ કાર્યક્રમોના સરળ સંચાલનમાં કરેલ છે. દીપક ફાઉન્ડેશને સહ-સર્જન, પરિવર્તન અને ટકાઉપણાના લક્ષ્ય સાથે ભારતભરમાં અગ્રણી કંપનીઓ અને સરકારી એજન્સીઓ સાથે ભાગીદારીમાં કામ કર્યું છે. ફાઉન્ડેશને કોર્પોરેટ્સને તેમની સામાજીક વ્યૂહરચનાને આકાર આપવામાં, વિકાસ મોડલોના અમલીકરણમાં અને જમીની-સ્તર અસરની આકારણી કરવામાં સહાયતા કરેલ છે. રાષ્ટ્રીય દાતા એજન્સીઓ અને પ્રતિષ્ઠિત ફાઉન્ડેશનોએ પણ દીપક ફાઉન્ડેશનની પ્રવીણતાનો લાભ લીધો છે, અને આમ ફાઉન્ડેશન પાસે મહત્ત્વપૂર્ણ સામાજીક મુદ્દાઓની આસપાસ બહુ-હિતધારક પ્લેટફોર્મનો એક સમૂહ છે. ફાઉન્ડેશનને વિજ્ઞાન અને ઔદ્યોગિક સંશોધન વિભાગ દ્વારા એક વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સંગઠન (એસઆઈઆરઓ) તરીકેની માન્યતા મળેલ છે અને તેને ઔદ્યોગિક સંશોધનના નિર્માણ અને ડિઝાઈન તથા ટેક્નોલોજીના વિકાસની ડીએસઆઈઆર યોજના હેઠળ પણ સ્વીકૃતિ પ્રાપ્ત થયેલ છે.

- **ગ્રામીણ યુવાઓ માટે એક સ્વ-નિર્ભર પ્રણાલીના નિર્માણ કરવા તરફ આગળ વધવું**

દીપક ફાઉન્ડેશન ૨૦૧૩-૧૪થી હેલ્થકેર સેક્ટર સ્કિલ કાઉન્સિલ (એચએસએસસી) અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએસડીસી) સાથે જોડાયેલું છે અને ગુજરાતના વડોદરા તથા છોટા ઉદેપુર જિલ્લાઓમાં તેમજ તેલંગણાના હૈદરાબાદમાં રાષ્ટ્રીય ધોરણે માન્યતાપ્રાપ્ત હોમ હેલ્થ એઈડ (એચએચએ) અભ્યાસક્રમો ચલાવવાનું સૌભાગ્ય મેળવેલ છે. ફાઉન્ડેશનને નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (એનયુએલએમ) હેઠળ અભ્યાસક્રમો ચલાવવા માટે ગુજરાત કાઉન્સિલ ફૉર વોકેશનલ ટ્રેઈનિંગ (જીસીવીટી) હેઠળ પ્રદાન એક વોકેશનલ ટ્રેઈનિંગ પ્રોવાઈડર તરીકે પણ ,સામેલ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ દવાખાનાઓ, નર્સિંગ હોમ, વૃદ્ધાશ્રમોથી લઈને મલ્ટી-સ્પેશિયલટી હોસ્પિટલોમાં સંભાળ આપનાર તરીકે કામ કરવાના તેમના દરવાજા ખોલી આપે છે. એચએચએ અભ્યાસક્રમ યુવાઓને આ ક્ષેત્રમાં જરૂરી એવી અનિવાર્ય કુશળતાઓમાં તાલીમ આપે છે અને તેવી રીતે તેમને બહેતર રોજગાર અવસરોનો લાભ લેવામાં મદદ કરે છે.

- **આરોગ્ય અને સુરક્ષા ઉપાયો સંવેદનશીલ બનાવવા**

કર્મચારી અને કામદારોની સુખાકારીમાં રોકાણ કરવું એ સફળ સ્થિતિ છે. વ્યવસાયિક આરોગ્યસંભાળ એક સ્વસ્થ કાર્યસ્થળ વાતાવરણ અને સુરક્ષિત કાર્ય સ્થિતિઓને પ્રોત્સાહિત કરે છે. ૨૦૧૩ માં, દીપક ઓક્યુપેશનલ હેલ્થ સેન્ટર (ડીઓએચસી) ને નંદેસરીના હૃદયસમા વિસ્તારમાં ડીએમએફ હેઠળ શરૂ કરવામાં આવ્યું હતું. ડીઓએચસી એક સીએસઆર ઉપક્રમ છે, જે ઔદ્યોગિક કામદારો માટે વ્યાપક વ્યવસાયિક આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે. ડીઓએસસીની સ્થાપના મુખ્યત્વે નંદેસરી અને જીઆઈડીસીની આસપાસના વિસ્તારોમાં સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા ઔદ્યોગિક કામદારોના ઈષ્ટતમ સ્વાસ્થ્યને પ્રોત્સાહિત કરવા માટે કરવામાં આવી હતી. કેંદ્ર કામદારોને વ્યવસાયિક આરોગ્ય જોખમો, અને તેમને રોકવાના સુરક્ષિત ઉપાયો પર તેમને સંવેદનશીલ બનાવવા માટે અભિયાનો, તાલીમો અને કાર્યશાળાઓનું આયોજન કરે છે.

- **ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવવી અને તેમનામાં પરિવર્તન લાવવું**

ગ્રામીણ મહિલાઓના આત્મનિર્ભર, સર્વગ્રાહી અને ટકાઉ પરિવર્તનના લક્ષ્ય સાથે, દીપક ફાઉન્ડેશને ટકાઉ ખેતીને પ્રોત્સાહિત કરવા માટેના સતત પ્રયાસો કર્યા છે. આહાર અને પોષણ સલામતી સુનિશ્ચિત કરવા માટે સમુદાય માલિકીના ખેડૂત ઉત્પાદક સમૂહોની સ્થાપના કરવા માટે ૨૦૧૪માં એક પીપીપી મહિલા કિસાન

સશક્તિકરણ પરિયોજના (એમકેએસપી) શરૂ કરાઈ હતી. ત્યારે મહિલા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અત્યંત આવશ્યકતા છે. ખેતીમાં મહિલાઓની સ્થિતિને ધ્યાનમાં રાખીને, ખેતી મારફતે મહિલાઓને સશક્ત બનાવવા માટે એક વ્યૂહાત્મક મોડલ ડિઝાઈન કરવામાં આવ્યું હતું. છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ અને નસવાડી બ્લોક્સના ૮૮ આદિવાસી ગામોમાં એમકેએસપી લાગુ કરવામાં આવી હતી જેને કારણે સામુહિક ખેતીમાં ૬૦૦૦ કરતાં વધુ મહિલા ખેડૂતોનું કુશળતા નિર્માણ સુનિશ્ચિત થયું હતું. વંચિત, નાની અથવા નગણ્ય જમીન ધરાવતી મહિલાઓને સામુહિક વાવેતર અને ખેતી ઉપાર્જન વેચાણ મારફતે પરિવારની આવક વધારવા માટે પસંદ કરવામાં આવી હતી. લાભાર્થીઓ પાસે જંતુનાશકો અને ખાતરોનો ખર્ચ બચાવવા માટે જૈવિક ઉપજ વાવવાની અપેક્ષા રાખવામાં આવી હતી. સમુદાયને મજબૂત બનાવવાની સાથે સાથે, કાર્યક્રમનું ફોક્સ, ઉત્પાદક કંપનીઓની રચના મારફતે ઉપજ માટે બહેતર બજાર કિંમતો પ્રાપ્ત કરવા ઉપર પણ હતું.

- **મોબાઈલ લાયબ્રેરી : બાળકોના શિક્ષણમાં વધારો કરવા માટેનો એક ઉપક્રમ**

પુસ્તકાલયો, અનૌપચારિક સ્વ-શિક્ષણ માટેની તક પૂરી પાડે છે અને વાચકોમાં વાંચવાની ટેવ આત્મસાત કરવામાં મદદ કરે છે. દીપક ફાઉન્ડેશને ૨૦૧૬ માં મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં રોહા બ્લોકના ૨૫ દૂરસ્થ ગામડાંઓમાં મોબાઈલ લાયબ્રેરી સેવાઓ શરૂ કરી હતી. આ મુખ્યત્વે આદિવાસી ગામડાંઓમાં કોઈપણ પ્રાથમિક સરકારી શાળોમાં પુસ્તકાલયો ન હતા. જાહેર પુસ્તકાલય સેવાઓની સુલભતા, ડિજીટલ સેવાઓ અને મનોરંજન સુવિધાઓના અભાવનું પરિણામ ખાસ કરીને શાળાના સમય બાદ અને જાહેર રજાઓના દિવસોએ બાળકો ખેતીના કામમાં અથવા બિન-ઉત્પાદક પ્રવૃત્તિઓમાં જોડાવા લાગ્યાં હતાં. પુસ્તકાલય સેવાઓની સુલભતા પ્રદાન કરવી એ સ્વ-શિક્ષણ, માહિતી અને ટેકનોલોજી સુધીની પહોંચને પ્રોત્સાહિત કરવા માટે વિચારવામાં આવ્યું હતું. તેથી, પાયલોટ આધાર પર ૬ થી ૧૫ વર્ષના બાળકો માટે ગ્રામ્ય સ્તરે મોબાઈલ લાયબ્રેરી સુવિધા અમલમાં લાવવામાં આવી. આ અનોખા મોડલમાં સ્થાનિક ભાષામાં પુસ્તકોમાંથી વાર્તાનો કોઈ ભાગ વાંચી સંભળાવવા અને બાળકોને વાર્તા પૂરી કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે સામુદાયિક સ્તરે વાર્તા કહેનારાઓને સામેલ કરવામાં આવ્યા. કઠપૂતળીઓની સાથે સાથે વાર્તા કહેનારાઓ સાથેની મરાઠી વાર્તાની ચોપડીઓ આપવામાં આવી. થર્ડ-પાર્ટી મૂલ્યાંકન મારફતે, એવું જોવા મળ્યું હતું કે મોબાઈલ લાયબ્રેરી સેવાઓ અને વાર્તા કહેવાની વિદ્યાર્થીઓને તેમની વાંચન, જ્ઞાનાત્મક અને બૌદ્ધિક ક્ષમતામાં સુધારો કરવામાં મદદ મળી હતી.

- **દિવ્યાંગ બાળકોના જીવનમાં પરિવર્તન લાવવું**

વિવિધ ક્ષેત્રોમાં સેવાઓના ત્રણ દાયકા બાદ, દીપક ફાઉન્ડેશને હવે ૨૦૧૭ થી વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોને સેવા આપવામાં ઝુકાવ્યું છે. સમાજ સુરક્ષા સંકુલ એ સામાજિક ન્યાય અને રોજગાર વિભાગ સાથેનું એક પીપીપી છે જેના હેઠળ ફાઉન્ડેશને સંસ્થાના સંચાલન અને પ્રબંધનને હાથ ધર્યું છે. સંકુલ લગભગ ૧૫૦ અનાથ, દૃષ્ટિહીન અને દિવ્યાંગ છોકરાઓનું આશ્રયસ્થાન છે. સંકુલ દૃષ્ટિહીન બાળકો માટે એક શાળા પણ ચલાવે છે, જ્યાં તેઓ બ્રેઈલ ભાષા અને ઓડિયોબુક લાયબ્રેરીની મદદથી ભણે છે. સંસ્થાનું લક્ષ્ય વિશિષ્ટ જરુરિયાતવાળાં બાળકોના પુનર્વસન અને તેમને ગરિમાપૂર્ણ રીતે જીવન જીવવા માટે સક્ષમ બનાવવાનું છે. આવાસીય અને શૈક્ષણિક સુવિધાઓ ઉપરાંત, ફાઉન્ડેશન દિવ્યાંગોને દૈનિક જીવનકાર્યો, રમતગમત અને ચેસની કોચિંગ, કળા અને હસ્તકારીગરી વગેરેમાં તાલીમ આપીને તેમના જીવનમાં પ્રકાશ ફેલાવવામાં માને છે. દીપક ફાઉન્ડેશન તેમને વડોદરાના જુદાજુદા વિસ્તારોમાંથી એક છત નીચે લાવ્યા છે. આ બાળકોનો ઉત્સાહ અને ઊર્જા ફાઉન્ડેશનને તેમને શ્રેષ્ઠ શક્ય સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરે છે.

દીપક ફાઉન્ડેશન શ્રી સી.કે. મહેતાનું એક ઉપક્રમ હતું. સેંકડો વિચારોના અથાગ પ્રયાસો બાદ, ફાઉન્ડેશન વૃદ્ધિ પામ્યું છે અને લાખો લોકોના હૃદય સુધી પહોંચ્યું છે. ફાઉન્ડેશને તેના ટકાઉ સામાજીક કાર્યક્રમો મારફતે લોકોના જીવનનો બદલાવ શક્ય બનાવ્યો હતો. ફાઉન્ડેશને આ લક્ષ્ય અસંખ્ય પડકારોનો સામનો કરીને પ્રાપ્ત કરેલ છે અને તે સમુદાયોના જીવનને હકારાત્મક રીતે પ્રભાવિત કરવાનું તથા સ્પર્શવાનું ચાલુ રાખશે.


**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૯૨૬, પારેખ માર્કેટ,
૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ,
ઑપરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ઓફીસ : ૨૩૮૨૦૨૯૬
મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯.
પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.



**પ્રબુદ્ધ જીવનમાં**
**પુસ્તક પરિચય છપાવવા માટે**
**પુસ્તક મોકલવાનું સ્થળ**
**ડૉ. સેજલબેન શાહ**
૧૦/બી-૭૦૨ અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ
કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.
(કુરીયરના કવર પર Drop લખવું)

# જ્ઞાન સંવાદ

## ડૉ.પાર્વતી નેણશી ખીરાણી

**સવાલ જિજ્ઞાસુ વાચક તરફથી ફોન પૂછાયા છે અને ઉત્તર આપનાર વિદ્વાન ડૉ. પાર્વતી નેણશી ખીરાણી**

**સવાલ :** જૈનદર્શનમાં તત્ત્વના જાણપણાને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે તો તત્ત્વ એટલે ખરેખર શું છે?

**જવાબ :** તત્ત્વ શબ્દ તત્ અને ત્વ એ બે શબ્દોથી બનેલો છે. તત્ શબ્દથી વસ્તુ યા પદાર્થને ગ્રહણ કરાય છે. 'ત્વ' પ્રત્યયથી તેનું સ્વરૂપ. અર્થાત્ વસ્તુના સ્વરૂપને તત્ત્વ કહેવાય છે. तस्य भावः तत्त्वम् તેનો ભાવ એટલે કે વસ્તુ પદાર્થનો ભાવ તત્ત્વ કહેવાય છે. અથવા જેનું સદાકાળ હોવું તે તત્ત્વ.

ભારતીયદર્શન તેમન પાશ્ચાત્યદર્શન બંનેએ તત્ત્વ વિચારને દર્શનનો મુખ્ય આધાર માન્યો છે. તત્ત્વવિજ્ઞાનના પાયા ઉપર જ જ્ઞાનમીમાંસા, પ્રમાણમીમાંસા, ન્યાયમીમાંસા, આચારમીમાંસા આદિનો ભવ્ય મહેલ નિર્માણ પામી શકે છે. તત્ત્વના મૂળ સ્વરૂપની મીમાંસા (વિચારણા) કરવી એ તત્ત્વમીમાંસાનું કાર્યક્ષેત્ર છે. જે દર્શનમાં પદાર્થ વ્યવસ્થાની જેટલી દીર્ઘદષ્ટિથી છણાવટ થાય તે દર્શન તેટલા જ પ્રમાણમાં મૌલિક, સત્ય અને તથ્યપૂર્ણ ગણાય એટલે જગતના કોઈપણ દર્શન અથવા સિદ્ધાંતોનો અભ્યાસ કરતાં પહેલા તેની પદાર્થ વ્યવસ્થાનું સમ્યક્ પ્રકારે જાણપણું કરવું અત્યંત આવશ્યક છે. કારણ કે પદાર્થ વિભાગને જ દર્શનરૂપ ભવ્ય મહેલના આધાર સ્તંભ તરીકે માનવામાં આવે છે.

બધા દાર્શનિકોએ પોતપોતાની દૃષ્ટિથી તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. ભૌતિકવાદી ચાર્વાક દર્શન- પંચભૂત (પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ આકાશ)ને તત્ત્વ માને છે. વૈશેષિક- દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાયને તત્ત્વ માને છે.

ન્યાયિક – ૧૬ તત્ત્વ એ પમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાનને માને છે.

બૌદ્ધ – દુઃખ, દુઃખ સમુદાય, દુઃખ નિરોધ અને દુઃખ નિરોધનો માર્ગને તત્ત્વ માને છે.

સાંખ્યદર્શન – પુરુષ, પ્રકૃતિ, અહંકાર, મન, મહત્, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો પાંચ તન્માત્રા, પાંચ મહાભૂત એમ પચીસ તત્ત્વોને સ્વીકારે છે.

વેદાંતદર્શન એક માત્ર બ્રહ્મને સત્ય માને છે, બાકી બધાને અસત્ માને છે.

જૈનદર્શનની કરોડરજ્જુ ગણાતા તત્ત્વ શબ્દના બે ફલિતાર્થ છે.

(૧) અસ્તિત્વની દૃષ્ટિથી – જે મૂળ વસ્તુ કે પદાર્થ છે તે તત્ત્વ છે જેને આપણે સત્ (Reality) પણ કહીએ છીએ. આ તત્ત્વ ષટ્દ્રવ્યના જ્ઞાન (Mataphysics) નો વિષય છે.

(૨) પરમાર્થની દૃષ્ટિથી तत्त्व पारमार्थिक वस्तु જે પરમાર્થ એટલે કે મોક્ષની પ્રાપ્તિમાં સાધક બને છે તે પારમાથિક પદાર્થ તત્ત્વ છે. અર્થાત્ જૈનદર્શનમાં તત્ત્વને સમજાવવા બે પદ્ધતિઓ અપનાવાઈ છે. જાગતિક (જગતને લગતું) અને આત્મિક (આત્માને લગતું) જ્યાં જાગતિક વિવેચનની પ્રમુખતા છે ત્યાં છ દ્રવ્યોની ચર્ચા કરી છે અને જ્યાં આત્મિક વિવેચનની પ્રમુખતા છે ત્યાં નવ તત્ત્વની ચર્ચા કરી છે.

વિશ્વવ્યવસ્થા અને તત્ત્વ પતિપાદનનો હેતુ અલગ અલગ છે છતાં બંને પ્રકારનું જ્ઞાન જરૂરી છે. બંનેમાં જીવ અજીવ એ બે જ મુખ્ય છે, એ બેમાં બાકીના દ્રવ્યો કે તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે. ભારતીય દર્શનમાં મુખ્યતત્ત્વ મોક્ષ છે એટલે જૈનદર્શને વિશ્વની વ્યાખ્યા અને મોક્ષના સાધક-બાધક તત્ત્વોની મીમાંસા કરી છે.

મુખ્ય બે જ તત્ત્વ છે, જીવ અને અજીવ. એના વિસ્તારરૂપ નવ તત્ત્વો છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સાચા સુખશાંતિ મોક્ષ તત્ત્વથી જ પ્રાપ્ત થાય છે તેથી જૈનદર્શનના તત્ત્વની વિષારણા જીવથી શરૂ થઈને મોક્ષતત્ત્વમાં વિરામ પામે છે.

આમાંથી આશ્રવ, પુણ્ય, પાપ, બંધ મોક્ષ તત્ત્વના બાધક તત્ત્વો છે અને સંવર-નિર્જરા સાધક તત્ત્વો છે.

એ જ રીતે જીવ-અજીવના સંયોગ વિયોગથી પણ નવતત્ત્વ બને છે. પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ આ ચાર તત્ત્વ જીવ અને અજીવના સંયોગથી બને છે. સંતર, નિર્જરા, મોક્ષ જીવ અને અજીવના વિયોગ માટે નિમિત્ત બને છે.

કેટલાક મતે પુણ્ય-પાપને આશ્રય કે બંધમાં લેતા સાત તત્ત્વ બને છે. તો આશ્રવને કારણે બંધ થાય માટે એને એક માની તથા સંવર-નિર્જરાને એક માની પાંચ તત્ત્વ પણ માનવામાં આવે છે. પણ મુખ્ય તત્ત્વ તો જીવ અને અજીવ જ છે બાકીના તત્ત્વ એનો વિસ્તાર છે.

અંતમાં ધર્મનો આધાર તત્ત્વ છે. તત્ત્વની વિચારણા જ માનવીને કોઈપણ પરિસ્થિતિમાં સમાધાન કરતાં શીખવે છે, સંતોષ રાખતા શીખવે છે. રાગદ્વેષ ઘટાડતાં શીખવે છે. શાશ્વત સુખ પ્રાપ્ત કરતા શીખવે છે માટે જૈનદર્શનમાં તત્ત્વના જાણપણાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે.

(ધર્મ-તત્ત્વ વિશેના આપના સવાલો મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસ પર મોકલવા વિનંતી.)

❑❑❑

સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭

# સર્જન-સ્વાગત



સંધ્યા શાહ

(પત્રકારત્વ અને સાહિત્યને જિંદગીમાં વણી લેનારા, ૫૫ જેટલા પુસ્તકો, ૨૦,૦૦૦ જેટલા તંત્રીલેખો લખનારા અનેક માન અકરામોથી વિભૂષિત ભગવતીકુમાર શર્મા ૫ સપ્ટેમ્બર ૨૦૧૮ના ભવનો ફેરો સાર્થક કરી આપણી વચ્ચેથી ચાલી ગયા. શબ્દને સમર્પિત સર્જક શબ્દસ્થ થઈ ગયા. તેમને ભાવપૂર્ણ અંજલિ.)

શબ્દના ઉપાસક, કવિ, નવલિકાકાર, નવલકથાકાર ભગવતીકુમાર શર્માનું નિતાંત સુંદર સર્જન એટલે અસૂર્યલોક.

સરસ્વતીચંદ્ર જેવા ગૌરવગ્રંથના પ્રકાશનની અને સમર્થ નવલકથાકાર કનૈયાલાલ મુનશીની જન્મશતાબ્દીએ ગુજરાતી સાહિત્યને આ માતબર કૃતિ સાંપડી તે સુખદ્ યોગાનુયોગ.

૧૯૮૭માં જન્મભૂમિ પ્રવાસીમાં ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થયેલી ૬૦૨ પૃષ્ઠોના વિશાળ પટ પર લંબાયેલી, ચાર પેઢીના અંધત્વને નિરુપતી આ પ્રશિષ્ટ કૃતિને સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે.

અંધત્વના અભિશાપની સામે આત્માના ઓજસની, પારાવાર પુરુષાર્થથી ઝૂઝતા, જીવનને ઉર્ધ્વગામી બનાવતા પાત્રોની સંઘર્ષયાત્રા અસૂર્યલોકથી સૂર્યલોક તરફની ગતિની કલાત્મક નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે. ભિન્ન ભિન્ન ભાષ્યોની આ નિઃસીમ વાર્તાસૃષ્ટિમાં વૈયક્તિક વેદનાની પડછે વૈશ્વિક વેદનાને સર્જક સ્પર્શી શક્યા છે.

કથાબીજના આછેરા તંતુનો ખ્યાલ આપતા સર્જક કહે છેઃ 'દસેક વર્ષની ઉંમરે આંખે ચશ્મા ચઢ્યા ત્યારથી આંતરમનમાં જે બીજ રોપાયું તે સાડાચાર દાયકા પછી આ નવલકથા રૂપે વૃક્ષત્વ પામ્યું છે.'

'સાંજટાણાંના આથમતા સૂર્ય જેવું ત્યારે આ નગર હતું...' આ શબ્દોથી શરૂ થતી ને ભદ્રશંકર, નિગમશંકર, તિલક અને પર્જન્ય સુધી વિસ્તરતી, ૬૦ થી વધુ વર્ષોને આવરી લઈ પરાકાષ્ઠાએ પહોંચતી આ કૃતિમાં લેખકે અસૂર્યલોકના ઝળાહળા તેજને અવતારતા થોડાક ઝગઝગતા પાત્રો રહ્યા છે તેમને બહારથી જ નહીં અંદરથી પણ ઘડ્યા છે. કથાના પ્રારંભે નિગમશંકરના જીવનની કરૂણતમ ક્ષણો આલેખાઈ છે. ૧૬ વર્ષની ઉંમરે પાઠશાળાથી પાછા ફરતા નિગમની આંખોમાં છવાઈ જતું રીંછના લોહી જેવું કાળુ ઘટ્ટ અંધારુ ને તે પછી ૧૨ વર્ષ કાશીમાં રહી પોતાની અક્ષુણ્ણ સ્મરણશક્તિ ને જિજ્ઞાસાથી વેદ, ઉપનિષદ, સાંખ્ય, વ્યાકરણ, મંત્રો, ભાષ્યો ને સંસ્કૃત મહાકાવ્યોના અધ્યયનથી અંધત્વને ઓળંગી જતા આ સંસ્કૃતિ પુરુષ, જીવનની આથમતી સંધ્યાએ ચોથીવાર યુવાન સ્ત્રીને પરણતા ને અંતિમ અવસ્થામાં અંધત્વનો ભોગ બનતા તેના વિલાસી પિતા ભયશંકર, નિગમશંકર પ્રત્યે આકર્ષાયેલી તેના જેવડી જ ઉંમરની નવી મા, પોતાના અંતજ્ઞાનથી તેને જનેતાને પદે વિરાજમાન કરતા નિગમશંકર, પોતાની ભાણેજ સાથે જ નિગમના લગ્ન કરાવીને રાજી થતી નવી મા, ભાગીરથી ને નિગમના પ્રસન્ન દાંપત્યના ફળ રૂપે પ્રાપ્ત થયેલો તિલક... દસ વર્ષની ઉંમરે તિલકની આંખે આવેલા ચશ્મા...

કથાનું કારુણ્ય ઘૂંટાતું જાય છે... આખી જિંદગી અસૂર્યલોકની ભીતિમાં જીવતો તિલક આંખના અમી સૂકાઈ જાય તે પહેલા વાંચન અને વાચનાલયને સતત વિસ્તારતો તિલક, લગ્નની આગલી રાત્રે પોતાનું ઝળાહળા સૌંદર્ય તિલકને અર્પણ કરતી સત્યા, સંવેદનઋજુ ઈજ્ઞા, આદિવાસી લોકોની સેવામાં ડૂબેલો સજલ, ભાગીરથી બા ના મૃત્યુ સમયે કે આંખોના અંધારાની વસમી પળોએ હૈયાધાર થઈ જતા કૃષ્ણ દ્વૈપાયન, સત્યાના પુર્નમિલન સમયે જ આંખોની રોશની ગુમાવતો તિલક, સત્યા અને તિલકના મધુવનને મહેકાવતો પર્જન્ય...

બધા જ પાત્રોનું, તેમના મનોગતનું ભાવવાહી આલેખન થયું છે.

સમગ્ર નવલકથામાં પડઘા તો અસુર્યલોક કેટલેકટી રીતે વ્યંજનાત્મક બન્યો છે! નિગમશંકરને તિલકની આંખોએ અનુભવેલો અસૂર્યલોક ભદ્રશંકરની વાસનાનો અસૂર્યલોક, સેવાભાવી સજલની હત્યામાં પડઘાતો રાજકારણનો અસૂર્યલોક કે સમાજની રૂઢિચુસ્તતા ને અજ્ઞાનનો અસૂર્યલોક... નવલકથા અને તેના પાત્રોના સંદર્ભમાં અસૂર્યલોકનું અર્થવિસ્તરણ નવલકથાને ઊંચા આસને વિરાજમાન કરી દે છે.

સર્જનાત્મક ને ચિંતનાત્મક ગદ્ય, નિરૂપણ રીતિનું વૈવિધ્ય, ભારતીય સંસ્કૃતિને ચરિતાર્થ કરતા સંવાદો, પાત્રો અને ભાવકોને લોહીલુહાણ કરી મૂકતી સંવેદનાઓના કારુણ્યે વાચકોને રડાવ્યા છે. બહિરંતરથી સમૃદ્ધ કર્યા છે, ઉજાળ્યા છે.

'અસૂર્યલોક મેં લખી છે એના કરતાં' આ સર્જક કહે છે, આ કૃતિએ મને ઘડયો છે મારી ભીતર લાખો અસર પાડ્યા છે – સર્જક જ કૃતિનું નહીં, કૃતિ પણ સર્જકનું આંતરિક ઘડતર કરી શકે છે તેનો અનુભવ મને આ કૃતિએ કરાવ્યો છે.'

'અસૂર્યલોક' ગુજરાતી સાહિત્યની ઉજળી ઘટના છે. ગુણવંત શાહના શબ્દોમાં કહુ તો 'ભગવતીકુમાર શર્માએ માત્ર અસૂર્યલોક જ લખી હોત તો પણ આ, પૃથ્વી પરનો તેમનો ફેરો સાર્થક ગણાત...'

•••

પુસ્તકનું નામ : પ્રબુદ્ધ સંપદા
સંપાદન : બકુલ ગાંધી - ડૉ. સેજલ શાહ
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. તથા

મણીબેન નાણાવટી વિમેન્સ કોલેજ,
વલ્લભભાઈ રોડ, વિલેપાર્લે (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦૦૫૬.
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮   પૃષ્ઠ : ૩૨૦
કિંમત : રૂા. ૩૨૫/-




'પ્રબુદ્ધ' વાચકોની જ્ઞાનપિપાસાને તૃપ્ત કરતું જૈન યુવક સંઘનું મુખપત્ર એટલે પ્રબુદ્ધ જીવન ૯૦ વર્ષની સુદીર્ઘ યાત્રામાં જ્ઞાનગંભીર સાહિત્ય થકી આ સામાયિકે વાચકોની વિચારધારાને ઘડી છે. જૈન દર્શનના અનેકવિધ પાસાઓને પૂર્ણપણે ઉજાગર કરતા વિશેષાંકો એ 'પ્રબુદ્ધ જીવન'ની વિશેષતા રહી છે.

આ પર્યુષણના પાવનપ્રસંગે સંસ્થાએ આગમગ્રંથો, કર્મવાદ અને અનેકાંતવાદનો સમન્વય કરતો દળદાર ગ્રંથ 'પ્રબુદ્ધ સંપદા' પ્રગટ કર્યો છે. પ્રબુદ્ધ જીવનના તંત્રી ડૉ. સેજલ શાહ તથા ટેક્નોસેવી બકુલ ગાંધી દ્વારા સંપાદિત જ્ઞાનના રત્નરાશિ સમો, ૩૨૦ પૃષ્ઠોમાં ફેલાયેલો આ વિશેષાંક આપણી મોંઘેરી સંપદા બન્યો છે.

આદરણીય પૂર્વતંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના તંત્રીપદ હેઠળ પ્રગટ થયેલા ત્રણ વિશિષ્ટ અંકો-એટલે કળિયુગના અમૃત સમા આગમ ગ્રંથોનો પરિચય કરાવતો શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ સંપાદિત કરેલો 'આગમ પરિચય વિશેષાંક', કર્મવાદના ગહન રહસ્યોની છણાવટ કરતો ડૉ. પાર્વતી ખીરાણી તથા ડૉ રતન છાડવા સંપાદિત 'કર્મવાદ-જૈન દર્શન અને અન્ય દર્શન' અને સામાજીક સૌહાર્દ અને સમષ્ટિના કલ્યાણ કાજે અનેકાન્ત નો મહિમા કરતો ડૉ. સેજલ શાહે સંપાદિત કરેલ 'અનેકાંતવાદ-સ્યાદવાદ' અને નયવાદ

વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરની જગકલ્યાણ કાજેની અંતિમ દેશનાની કંઠોપકંઠ પરંપરાનું ગણધરો દ્વારા થયેલું લિપિવિધાન એટલે આગમ, ગીતા-બાઈબલ કે કુરાન જેટલી જ મહત્તા જૈનો માટે આ ગ્રંથોની છે. નવી પેઢીને કદાચ આગમ શબ્દની જાણ છે પણ ૩૨ કે ૪૫ આગમોના અંર્તનિહિત તત્વોથી પરિચિત કરાવવાનું યશસ્વી કાર્ય વિદ્વાન લેખકો, સાધુ ભગવંતો અને સંકલનકાર ગુણવંતભાઈને ફાળે જાય છે.

સમગ્ર વિશ્વના લગભગ બધા જ ધર્મોએ કર્મની મહત્તા સ્વીકારી છે, કિન્તુ તેનું અણિશુદ્ધ સ્વરૂપ જૈન ધર્મમાં જોવા મળે છે. કર્મની વિભાવના, કર્મના આઠ પ્રકાર, તેના દૃષ્ટાંત, કર્મયોગનું વિજ્ઞાન પારિભાષિક શબ્દોના અર્થ, ભગવદ્‌ગીતા, ન્યાયદર્શન, ઉપનિષદ, હિન્દુ, ઈસ્લામ, શીખ, ખ્રિસ્તી અને જરથોસ્તી ધર્મના અનુસંધાન સાથે કર્મની કર્મનિર્જરાની સમજ આપવા માટે લેખિકા દ્વાયનો ભગીરથ પ્રયાસ પ્રશંસનીય રહ્યો છે. ડૉ. પાર્વતી ખીરાણી અને રતન છાડવાના જ્ઞાનનો અહીં પરિચય થાય છે. જીવનભરના કેટલાય પ્રશ્નોનું સમાધાન અહીં આપણને મળી જાય છે.

જૈન ધર્મે જગતને આપેલી અનુપમ ભેટ એટલે અનેકાંતવાદ અન્ય વ્યક્તિના દૃષ્ટિકોણને જો આપણે સમજી શકીએ તો જગતમાં યુદ્ધનું અસ્તિત્વ જ ન રહે. સત્યની સાપેક્ષતા દ્રવ્ય ક્ષેત્ર, ભાવ અને કાળના પરિપ્રેક્ષ્યમાં જોવી રહી અનેકાંત કે સ્યાદ્‌વાદની ભૂમિકા વિના આપણા ધર્મનું ચિંતન અધુરું ગણાય. જૈન ધર્મના આચારમાં જેટલું અહિંસાનું મહત્ત્વ તેટલું જ વિચારમાં અનેકાંતનું.


કોઈ એક વસ્તુના કેવળ એક જ પાસાને સત્ય તરીકે સ્વીકારીએ અને બીજાની અપેક્ષાની અવગણના કરીએ તો કલહ કે કંકાસ સિવાય કશુ જ સાંપડે નહીં. સત્ય બહુ પરિમાણીય છે તેને અનેકાંત થકી જ મૂલવી શકાય. અનેકાંતની આ વિચારવ્યવસ્થાના વિશેષાંકમાં સેજલ શાહે જીવન વ્યવહારમાં અનેકાંતવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ, સિધ્ધાંત અને વ્યવહારમાં અનેકાંતવાદ, જૈન દર્શનમાં નય, સપ્તભંગી, ઉપનિષદની દાર્શનિક વિચારણા અને ખ્રિસ્તી ધર્મના સંદર્ભમાં અનેકાંતવાદ...વિ. વિષયો પર સિદ્ધહસ્ત લેખકોના વિવિધ દૃષ્ટિકોણને આલેખતા લેખોનું સંકલન કર્યુ છે.

આમ, જૈન ધર્મના ગીતાગ્રંથ જેવા આગમો, કર્મસત્તા અને અનેકાન્તની વિચારધારાના ત્રિવેણી સંગમ સમો આ ગ્રંથ જૈન ધર્મની અખિલાઈનું દર્શન કરાવે છે. ડૉ. ધનવંત શાહ, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ડૉ. રશ્મિભાઈ ઝવેરી, ડૉ. સાગરમલ જૈન, યુગદીવાકર નમ્રમુનિ મ.સા., મુનિ દીપરત્નસાગરજી, પ. અભયશેખર સૂરિ, ડૉ. અભય દોશી, નરેશ વેદ, ભાણદેવજી, આચાર્ય સાગરચંદ્ર મ.સા. ડૉ. તરુલતાબાઈ મ.સા. તથા ડૉ. રસિકભાઈ મહેતા જેવા તત્વજ્ઞ વિચારકોના અભ્યાસપૂર્ણ લેખ કુશળ સંપાદકોની સૂઝનો સંસ્પર્શ પામ્યા છે. જૈન યુવક સંઘની પ્રબુદ્ધ વિચારયાત્રામાં માઈલસ્ટોન બનેલો આ ગ્રંથ પ્રત્યેક જૈનના ઘરમાં હોવો જ જોઈએ.

આંતરબાહ્ય અત્યંત આકર્ષક કલેવર ધરાવતા ગ્રંથના સૌજન્યમૂર્તિ છે બકુલ નંદલાલ ગાંધી

•••

પુસ્તકનું નામ : **લબ્ધિપ્રકાશ**
શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ
વિવેચક : મુનિ શ્રી રાજ્યશસૂરીશ્વરજી મ.સા.
પ્રકાશક : લબ્ધિ વિક્રમ સૂરીશ્વરજી
સંસ્કૃતિ કેન્દ્ર, T/૭, શાંતિનગર,
અમદાવાદ-૩૮૦૦૧૩




અત્યંત વિદ્વાન, પ્રભાવક આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિ-સૂરીશ્વરજી રોજ-નિશિના સ્વરૂપે લખાયેલા જ્ઞાન-મૌક્તિકાનું ચયન કરી આ પ્રશ્નોત્તરાત્મક ગ્રંથની રચના કરવામાં આવી છે.

અનેક ભવિજીવોને સાચી જીવનદૃષ્ટિ અર્પણ કરતા, અનુષ્ટુપ છંદમાં રચાયેલા પ્રત્યેક શ્લોકમાં એક પ્રશ્ન છે અને એક તેનો ઉત્તર છે – યોગ, રોગ, ત્યાગ, મુક્તિ, બંધન, પાપ, પૂણ્ય, દેવ, ગુરુ, ધર્મ જેવા અનેક વિષયો પરના સૂત્રાત્મક પ્રશ્નો અને તેના માર્મિક જવાબો આપણી વિચારધારાને સંપૂર્ણ બદલાવી શકે તેટલા સક્ષમ છે. આ જ્ઞાનગંભીર શ્લોકોનું વિચરલ શાસ્ત્રાર્થ નિપુણ મુનિશ્રી રાજવશસૂરીશ્વરજીએ કર્યું છે.

પૂ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી દ્વારા રચિત અને રાજ્યશસૂરીશ્વરજી દ્વારા વિવરણ પામેલા આ ગ્રંથનું ૪૭ વર્ષ પછી પુર્નમુદ્રણ કરવામાં આવ્યું છે. ધર્મ અને સત્યની સત્વશીલતાને કાળનો પ્રવાહ બદલી શક્તો નથી. સાધ્વીશ્રી શીતાંશુયશાશ્રી તથા તેમના શિષ્યા મોક્ષયશાસ્ત્રીજીએ આ મૌક્તિકોની માળાનું પુનઃ પ્રકાશન કરવાની જવાબદારી નિભાવી છે.

'લબ્ધિપ્રકાશ'નો આ ગ્રંથ આપણા સહુના જીવનમાં અજવાળા પાથરે, સ્પૃહાથી મુક્ત કરે, સાચા સંયમની શીખ આપે, આપણા આગ્રહો, દુરાગ્રહો, રૂઢ માન્યતાઓ, ને વિચારોની દરિદ્રતાને દૂર કરે, રાગદ્વેષની મુક્ત કરી મુક્તિના માર્ગે લઈ જાય તો જ આ પ્રજ્ઞાવાન ગુરુ અને તેમના રહસ્યોને ઉજાગર કરનાર વિવેચનદ્વારનું લક્ષ્ય સાર્થક થઈ શકે.

♦♦♦

પુસ્તકનું નામ : પ્રશ્નો ગુરુરાજના - પ્રત્યુત્તરો બેન મ.ના.
પ્રશ્નકાર : પૂ. આચાર્યશ્રી રાજ્યશસૂરીશ્વરજી
પ્રત્યુત્તરકાર : પૂ. સાધ્વી વાચંયમાશ્રીજી મ.સા.



લબ્ધિસમુદાયના સાધ્વીરત્ના બેન. મ.સા.ની ૭૦મી દીક્ષાતિથિએ તેમના યશોજ્વલ ધર્મોને પ્રગટ કરતું આ પુસ્તક નવા સ્વરૂપે પ્રગટ થયું છે.

શ્રીમણીસંઘનું ભાવિ ઉજ્જવલ કરવા માટે ભગીરથ આયાસ કરનાર, અનેક ભાષાઓના જાણકાર, વિવિધ વિષયો પરના પુસ્તકોના રચયિતા ક્રાંતિકારી સાધ્વીરત્ના વિશેનું એક પણ પુસ્તક નહીં હોવાથી પૂ. આચાર્યશ્રીએ તેઓને કેટલાક પ્રશ્નો આપ્યા ને જવાબ આપવાની આજ્ઞા ફરમાવી પરિણામે સાધ્વીજીનું સમગ્ર જીવન, તેમનું અધ્યયન, હીતશિક્ષા, તીર્થોની રચના અને જીર્ણોધ્ધારમાં તેમણે કરેલી સહાય, જીવદયાના મહાન કાર્યો, જૈનશાસનની સેવા અને તેને ગૌરવાન્વિત કરવાના અખંડ પ્રયાસ... બધું જ અહીં વ્યક્ત થયું છે.

જીવનના આઠ દાયકામાં અવિચળ રહેલી ધર્મ પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા, ગુરુજનો પ્રત્યેની ભક્તિ અને વિનય, સરસ્વતીની આશિષ થકી રચાયેલા ગ્રંથો, મૂલ્યખંડિત રાજકારણ, ધર્મ અને જીવનની ઉજ્જવળ ધારા તેમના વ્યક્તિત્વને નિરૂપે છે. દયાની દેવી તરીકે પ્રસિદ્ધ થયેલા, અનેક દિગ્ગજોના આશીર્વાદ દાતા પૂ. બેન મ.સા.નું વ્યક્તિત્વ પ્રત્યેક પ્રશ્ને ઉઘડતું રહ્યું છે. પાર્શ્વનાથ ભગવાન પ્રત્યેની અસીમ શ્રદ્ધા અને તેની અનુભૂતિના પ્રસંગો તેમને ઊંચા આસને બિરાજમાન કરે છે.

♦♦♦

(આ પુસ્તક મેળવવા માટે શ્રી મુંબઈ જૈન સંઘની ઓફીસમાં ફોન કરો. ૯૧૩૭૭૨૭૧૦૯)

♦♦♦

**Sammurchima Manusya : Agamika Satya, Visuddha Parampara**
**(A precious research work)**
**- Acharya Pravara Sri Ramlalji Maharaj Saheb**

**Name of the Book :**
Sammurchima Manusya : Agamika Satya, Visuddha Parampara - Acarya Pravara sri Ramlalji Ma.Sa.
Language : Hindi
Price : Rs. 500/$100 (in abroad)
Pages Count : 320
Publishing Year : June, 2018
Publisher : Sadhumargi Publication (Shree Akhil Bhartiya Sadhumargi Jain Sangh) Samta Bhawan, Gangashahar
Bikaner - 334401 Rajsthan (India)
Ph. 0151-2270261, 3292177
E-mail: absjsbkn@yahoo.co.in

Discovering the truth has always been a desire and longing of every interllectual being. However, it is often seen that the lustrous buried under the ashes of fallacy, becoming indiscernible. The way this reality manifests itself in the general behaviour of the world, it proves out to be just the same with respect to the principles of jainism.

A lie cannot be considered to be true for the mere reason that it is being carried forward over the centuries in that manner. The moment the Sun of truth rises with its infinite rays, the darkness well pervaded in the dense night is compelled to lift its veil. The truth pertaining to **'Samurchhim Manushya'**, as described in the canons, too had been tampered with by various myths and groundless beliefs over the past few centuries, not just getting distorted but becoming quite inconspicuous.

Rising to the occasion, the sagacious learner **Acarya Pravara sri Ramlalji Ma.Sa.** has carried out the enormous task of preserving the principles stated in Jain tenets and doctrines in their pure state, by extracting the essence of canons and corroborating the same with undisputable evidence.

This work **"Sammurchima Manusya : Agamika Staya, Visuddha Parampara" (Sammurchima Manusya : Canonical truth Untainted belief)**. is one invaluable asset that holds the priceless ornament of truth designed from the gems of canonical verses, the scintillating dazzle of which clearly

brings to light, the dullness and futility of all fake and artificial pebbles. Targeted towards believers of Jain canons, loves of its doctrines as well as truth seekers, not only is this book profoundly enlightening but is also indicative of the right procedure of discovering the truth.

Come, let us board this submarine to dive into the depths of the ocean of canons and find the hidden wisdom pearls residing there, thus beautifying our sould with them.

**For soft copy of this matter and other queries**

**email - smasvp@gmail.com**

**1. Sadhumargi Publication**

(Shree Akhil Bhartiya Sadhumargi Jain Sangh)
Samta Bhawan, Aacharya Shree Nanesh Marg, Infront of Shree Jain P.G. College, Nokha Road, Gangashahar,
Bikaner - 334401 (Raj.)
Ph : 0151-2270261, 3292177
E-mail: absjsbkn@yahoo.co.in

## ઓક્ટોબર અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે : ગયા અંકની વાત

**સોનલ પરીખ**

'પ્રબુદ્ધ જીવન'ના મૂળને મજબૂત રાખી શાખાઓને વિકસાવી ને વિસ્તારી રહેલાં યુવા તંત્રી ડૉ. સેજલ શાહને ઘણાં અભિનંદન. ગાંધી સાર્ધશતાબ્દી નિમિત્તે વિશેષ અંક તૈયાર કરવાની જવાબદારી એમણે બહુ સુયોગ્ય વ્યક્તિ - ડૉ. નરેશભાઇ વેદને સોંપી, જેના સુફળ સમાન પ્રબુદ્ધ જીવનનો ઑક્ટોબર ૨૦૧૮ ગાંધી વિશેષાંક અત્યારે મારા હાથમાં છે. તેનું મૂલ્યાંકન કરવાનું મને સોંપી બહેન સેજલે મારું માન વધાર્યું છે. આભાર માનું છું.

અંક વિશે વાત કરું : સૌથી પહેલી વિશેષતા અંકના મુખપૃષ્ઠ પર બાપુ ૧૫૦ સાથે બા-બાપુ બંનેનું ચિત્ર મૂક્યું છે. ખરેખર તો બા-બાપુ બંનેનું સાર્ધશતાબ્દી વર્ષ છે. બાપુ, બાપુ હતા એનું એક મોટું કારણ એ પણ છે કે બા, બા હતાં. એટલે ચિત્ર માટે ખુશાલી વ્યક્ત કરું છું. સાથે આ અંકમાં ચીલો તોડી થોડી તસવીરો પણ અપાઇ છે તેની સહજ અને સાનંદ નોંધ લઉં છું.

હવે મૂળ વાત - અંકની સામગ્રી : ચાલીસેક લેખોમાં મહાત્મા ગાંધીના જીવન અને કાર્યને સમાવી લેવાનો અહીં ઉપક્રમ છે. ચાલીસેક પુસ્તકોમાં ને ચાર હજાર પાનાંમાં પણ ન સમાવી શકાય, એવાં વિષયને પૃષ્ઠો અને લેખોની સીમિત સંખ્યામાં સમાવવાનો અને તે પણ નિશ્ચિત સમયમર્યાદામાં - ગજું માગી લે તેવું કામ હતું. કેવું થયું છે આ કામ ? સંપાદક અધિકૃતતા અને પ્રમાણભૂતતા માટે અત્યંત ચોક્કસ છે, એ તેમની લેખકોની પસંદગી પરથી જ જણાઇ આવે છે. ઉપરાંત ક્યાંય પુનરુક્તિ ન થાય તેવી ચીવટ તેમણે રાખી છે અને જે તે વિષય માટે યોગ્ય એવા લેખકો શોધ્યા છે. ગાંધીજીવનનાં વિવિધ પાસાં, ગાંધીજીનું સાહિત્ય, વિવિધ વિષયો પર ગાંધીજીનું ચિંતન, એમનું નેતૃત્વ, એમના સત્યાગ્રહ, વ્રતો, રચનાત્મક કાર્યો જેવા પ્રયોગો અને આજના સંદર્ભમાં ગાંધીજીની પ્રસ્તુતતા - આમ શક્ય તેટલાં પાસાં અહીં આવરી લેવાયાં છે. લેખકોમાં ગાંધી પરિવારનાં બેત્રણ નામ ઉપરાંત ગાંધીવિદ્વાનો અને ગાંધીને પચાવીને બેઠેલા અભ્યાસીઓ છે.

અંકમાંથી પસાર થતાં જઇએ તેમ ગાંધીજીનું કુટુંબજીવન, ગાંધીજીનું આર્થિક - સામાજિક - શૈક્ષણિક - આરોગ્ય અને દાર્શનિક ચિંતન, વકીલાત - સાહિત્ય - પત્રકારત્વ જેવાં જુદાં જુદાં ક્ષેત્રોમાં એમણે કરેલી કામગીરી, રોજિંદા જીવનનું તેમનું વ્યાકરણ, મહાવ્રતો, વિજ્ઞાન તરફનો એમનો અભિગમ, ગાંધીજીએ લખેલાં 'હિંદ સ્વરાજ', 'સત્યના પ્રયોગો', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' અને 'મંગળ પ્રભાત' જેવા પુસ્તકો અને ગાંધીજીના વ્યક્તિત્વ અને અધ્યાત્મચિંતન જેવાં વિશેષ લેખો આમ એક આખું વિશ્વ ઊઘડતું આવે છે. વિદ્વાનોએ માત્ર ગાંધીમાહાત્મ્ય ગાવાને બદલે મહામાનવ તરીકેની તેમની સાધનાના વિકાસ, વિસ્તાર અને ગહનતાને સમજવાની કોશિશ કરી છે તે પ્રશંસનીય છે. ગાંધીજીની ક્રાંતિ અને શાંતિ બંને સુંદર રીતે ઊપસ્યાં છે.

અત્યંત ટૂંકમાં જોઇએ તો ડૉ. નરેશ વેદે ગાંધીની વ્યક્તિમત્તા સાથે જોડાયેલાં સત્યનિષ્ઠા, જાગરૂકતા, નિત્ય વિચારશીલતા, અખિલાઇભર્યા વિચારો, સમદષ્ટિ, સમભાવ, નિષ્કામ કર્મયોગ અને કડક આત્મપરીક્ષણનાં પાસાં ચર્ચ્યાં છે તો અધ્યાત્મનિષ્ઠાની વાત કરતા ગાંધીજીએ જીવનના દરેક ક્ષેત્રમાં આપેલા મૌલિક પ્રદાનની અને એ તમામ પ્રવૃત્તિને જોડતી ધર્મભાવનાની વાત કરી છે. ગાંધીનું તો રાજકારણ પણ ધર્મઆધારિત હતું.

અરુણ ગાંધીએ બાના મૃત્યુ પ્રસંગને વર્ણવતાં બા-બાપુનાં અજર અમર સખ્યનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. નીલમ પરીખે ગાંધીજીના ખોવાયેલા રત્ન હરિલાલની કરુણ કહાણી નિમિત્તે પિતાપુત્રના સંકુલ સંબંધોનું તટસ્થ આલેખન કરતાં સ્વામી આનંદનું વિધાન બહુ યોગ્ય રીતે ટાંક્યું છે કે 'ફૂલ જેવા કોમળ પણ વજ્ર જેવા કઠોર લોકોત્તર મહાપુરુષના દિલનો તાગ કોણ પામી શકે ?'

ડૉ. વિદ્યુત જોશીએ '૨૧મી સદીમાં અંગ્રેજો સામે નહીં, આપણા જ ભ્રષ્ટ સત્તાધારીઓ સામે લડવાનું છે' તેમ કહી ગાંધીના માનવવાદની પ્રસ્તુતતા બતાવી કહ્યું છે કે જેમ હિંસા પર નહીં, તેમ હરીફાઇ પર, પણ સમાજ રચી ન શકાય. રોહિત શુક્લ સત્ય, અહિંસા અને સામાજિક ન્યાય પર રચાયેલી અર્થવ્યવસ્થા તરફ આંગળી ચીંધી અગિયાર મહાવ્રતોની તાર્કિક ગૂંથણીમાં પણ ગાંધીજીના આર્થિક વિચારો હતા, તે બતાવે છે.

ડૉ. જયેન્દ્ર દવેએ કેળવણીકાર ગાંધીજીની તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાની વાત કરી અક્ષરજ્ઞાનને જ કેળવણી ન માનતા અને શ્રમ, સ્વાશ્રય, સાર્વત્રિકતા અને માતૃભાષા દ્વારા માણસના નૈતિક અને ચારિત્રિક ઘડતર કરી, કેવી રીતે આચાર-વિચારમાં સાતત્યનું નિર્માણ કરવા માગતા ગાંધી પર, બે લેખ આપ્યા છે. ગાંધીજન રમેશ સંઘવીના મનનીય લેખમાં પંચમહાભૂત, આહાર, રામનામ, વ્યાયામ અને વિશ્રામના પાયા પર રચાયેલા ગાંધીજીના આરોગ્યવિચારની સૂક્ષ્મતા પર પ્રકાશ પાડ્યો છે.

પત્રકારત્વ કે લેખન ગાંધીજી માટે સાધનો નહીં, સાધ્યો હતાં - પણ તેમની ભાષા-શૈલીએ, એક નવા સાહિત્યયુગનું નિર્માણ કર્યું હતું. સેજલ શાહે સચોટ, પારદર્શી અને લોકકેળવણી માટે થયેલા પત્રકારત્વની વાત કરી છે તો એવા જ ગુણોથી ઓપતા ગાંધીજીના 'સત્યના પ્રયોગો' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'ની પરસ્પરપૂરકતાની વાત કરી યશવંત શુક્લે, ગાંધીજીના સાહિત્યિક પાસાને ઉજાગર કર્યું છે. 'સત્યના પ્રયોગો'ને ચંદ્રકાન્ત શેઠે સત્યાર્થીની અનુભવકથા તરીકે જોયું છે તો 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'ની વાત ડૉ. હેમન્ત દવેએ ઈતિહાસના પરિપ્રેક્ષ્યથી કરી છે. ચંદ્રકાન્ત શેઠે પ્રત્યેક વાંચન નવા નવા અર્થ પ્રેરતા 'મંગળ પ્રભાત'ની અનેક ઉદાહરણો સાથે સુંદર વાત કરી છે.

તુષાર ગાંધી કહે છે, 'ગાંધી પોતાને નેતા નહીં, સેવક માનતા હતા અને એ જ ભાવનાએ તેમને અજોડ આગેવાન બનાવ્યા.' ભાસ્કર તન્ના, જેના વિશે ઘણું ઓછું લખાયું છે તે વકીલ ગાંધીની વાત લાવ્યા છે. ગાંધીજી માનતા કે વકીલાત કરવા માટે સત્યનું સમાધાન કરવું પડે તેવું નથી. તેઓ અસીલો વચ્ચે સુમેળ કરાવવામાં અને ન્યાય માટે કેસ લડવામાં માનતા. ભ્રષ્ટાચારવિહીન ન્યાયપ્રથા માટે ગાંધીએ ત્યારે સૂચવેલા સુધારા આજે પણ અમલમાં મૂકી શકાયા નથી, તેવું તેઓ ખેદપૂર્વક નોંધે છે.

ગાંધીજીના રોજિંદા જીવનના વ્યાકરણ પર પ્રકાશ પાડતા નગીનદાસ સંઘવી રોજના જીવનમાં સમયપાલન, સ્વચ્છતા, સુઘડતા, સાદાઈ, કરકસર, અને શ્રમગૌરવ દ્વારા ઈશ્વરને પામવા કેવી રીતે પ્રયત્નશીલ હતા તેની સુંદર વાતો કરે છે, તો મનસુખ સલ્લા પાંચ પરંપરાગત ને છ દેશકાળને અનુરૂપ અગિયાર વ્રતો દ્વારા ગાંધીજી કેવી રીતે સમગ્ર દેશમાં ચૈતન્ય લાવી શક્યા તે દર્શાવે છે. ગાંધીજી કહેતા, 'રચનાત્મક કાર્યોનો પૂર્ણ અમલ તે જ પૂર્ણ સ્વરાજ છે.' આ વાતને વિશદતાથી સમજાવે છે દેવેન્દ્રકુમાર દેસાઈ. ત્રણમાંથી તેર ને તેરમાંથી અઢાર રચનાત્મક કાર્યક્રમો કેવી રીતે વિસ્તાર પામ્યાં, તે જાણવા જેવું છે. વિજ્ઞાનની ચોકસાઈથી કર્મ કરતા ગાંધીજી વિજ્ઞાનવિરોધી નહીં, વિજ્ઞાન પ્રેમી હતા એ દર્શાવીને ડૉ.પંકજ જોશીએ કહ્યું છે કે વિશ્વને આજે ગાંધીયન સાયન્સ અને ગાંધીયન કૉસ્મોલોજીના સંયોજનની જરૂર છે.

ડૉ. ઉષા ઠક્કર ગાંધીજીએ ભારતીય નારીને આપેલા આત્મવિશ્વાસ અને ગરિમાની વાત કરતાં દર્શાવે છે કે ઘરની ચાર દીવાલોમાં બંધ સ્ત્રી કેવી રીતે સભાઓ સંબોધતી, પિકેટિંગ કરતી, વાનરસેના - માર્જારસેનાનું સંચાલન કરતી ને સત્યાગ્રહમાં સંપૂર્ણ ભાગ લેતી થઈ. પ્રો. બ્રહ્માનંદ સત્પથી આવતીકાલના વિશ્વની રચના ગાંધીની અહિંસા પર થશે, તેવો નક્કર આશાવાદ વ્યક્ત કરે છે. વિદુષી ડૉ. મૃદુલા મારફતિયાએ ગાંધીજીના કર્મયોગ અને સત્યાગ્રહદર્શનની વાત કરતાં ગાંધીજીએ જ્ઞાન સાથે પરિશ્રમને જોડી કર્મયોગ કેવી રીતે સિદ્ધ કર્યો, તે બતાવ્યું છે. તો સોનલ પરીખ ગાંધીજી અને તેમના આધ્યાત્મિક વારસ વિનોબાની છેવાડાના માણસના હિતની ચિંતા અને બ્રહ્મચારી છતાં સ્ત્રીઓ તરફના આદરની રસપ્રદ વાત કરે છે. 'દેશને આજે બુદ્ધિનિષ્ઠ કાર્યકરોની જરૂર છે' એવું ગાંધીજીએ વિનોબાને ૧૯૧૬માં લખ્યું હતું. એક શતાબ્દી પછી પણ આ વિધાન કેટલું સાચું છે ! 'હતાં નરસિંહ, મીરાં, ગાંધી, ખરાં ઈલ્મી ખરાં શૂરાં - અમારા કાફલામાં એ મુસાફર ત્રણ હતાં પૂરાં' એ નિરંજન ભગતની પંક્તિઓને યાદ કરી મંજુબેન ઝવેરીએ 'ગાંધી પ્રાગ્-આધુનિક, આધુનિક કે અનુઆધુનિક ?' એવી સૈદ્ધાંતિક ચર્ચા છેડી છે.

રમેશ એચ. ત્રિવેદીએ ગાંધી ગુજરાતી અને વિશ્વમાનવી બંને હતા, તે વિધાનની છણાવટ, વિવિધ તર્કથી કરી છે. 'ગાંધીજી હિંદ એન્ડ ઈટ્સ સ્વરાજ'માં અવધેશકુમાર સિંહે 'હિંદ સ્વરાજ' પર સંશોધનાત્મક લેખ લખ્યો છે. મહેન્દર ચોટલિયા વિલ ડૂરાંને ટાંકીને ગાંધીને વિશ્વની સૌથી રસપ્રદ વ્યક્તિ કહે છે. 'અનટુ ધિસ લાસ્ટ'નો અનુવાદ કરનાર ચિત્તરંજન વોરા કહે છે કે ગાંધીજીને દરિદ્રનારાયણ રસ્કિન દ્વારા મળ્યા છે. પ્રો. દાંતવાલાએ પણ રસ્કિન સંદર્ભે ગાંધીજીની શ્રમગૌરવભાવના ચર્ચી છે.

અંતમાં આપેલી ગાંધીજીના જીવન-કાર્યની સાલવારી ઉપયોગી છે. ઉપરાંત કુમારપાળ દેસાઈના જૈનવિશ્વકોશના શ્રુતયજ્ઞનો લેખ મનનીય છે અને અન્ય વિભાગો પણ યથોચિત છે.

પ્રાચી ધનવંત શાહે ગાંધીજીનું સુંદર વિધાન ટાંક્યું છે કે જ્યારે સત્તાપ્રેમ, પ્રેમસત્તામાં પરિવર્તિત થશે ત્યારે આખું વિશ્વ શાંતિનો અર્થ સમજશે. ચિત્તરંજન વોરા કહે છે તેમ દરેક માનવીમાં ગાંધીજી જેવી શુદ્ધ સત્ય-અહિંસાની શોધ ન પણ હોય, પણ દરેકના મનમાં પોતાની શક્તિમતિ પ્રમાણે સત્ય અને શાંતિની શોધ ને સ્વતંત્રતાની ચાહના તો રહેલી છે જ. તેથી ગાંધી દોઢસોમાં ગાંધીના માર્ગે સક્રિય થવાનું બળ મળે, તેવી પ્રાર્થના ચંદ્રકાન્ત શેઠની જેમ, આપણે સૌએ કરવા જેવી છે.

ગાંધીજીનું વ્યક્તિત્વ અને વિચારો નિરંતર પરિવર્તનશીલ રહ્યાં હતાં. આજે પણ લોકો એમના વિશે લખતા-વાંચતા-વિચારતા થાકતા નથી અને તો ય પૂરા ગાંધી હાથમાં આવતા નથી. આ અંકમાં પણ ગાંધીજીના સત્યાગ્રહો - લડતો, તેમનું રાજકીય પ્રદાન, વિવિધ નેતાઓ સાથેના સંબંધો, તેમનાં પ્રતીકો, તેમની લોકો સુધી

પહોંચવાની શક્તિ, તેમનો માનવપ્રેમ અને ગાંધીના વિરોધીઓ - આ બધા વિશે ઓછું લખાયું છે. ઉપરાંત ત્રણેક લેખો અંગ્રેજીમાં છે તેનું ગુજરાતી રૂપાંતર આપી શકાયું હોત. કદાચ અંગ્રેજી વાંચનારી નવી પેઢીને સામે રાખી હોય.

એટલું તો ચોક્કસ કે ગાંધી સાર્ધશતાબ્દીમાં સર્જાઇ રહેલી ને સર્જાનારી વિપુલ વાચનસામગ્રીમાં પ્રબુદ્ધ જીવનના આ દળદાર અંકે એક મહત્ત્વનો ઉમેરો કર્યો છે. એક આખું પુસ્તક બની શકે એટલી અને ઉત્તમ, દસ્તાવેજી મૂલ્ય ધરાવતી વાચનસામગ્રીથી ભરપૂર આ અંક વાંચવા જેવો, વંચાવવા જેવો ને સાચવી રાખવા જેવો તો છે જ, સાથે વિચાર કરતા કરે અને આચરણ માટે પ્રેરે તેવો પણ છે અને તે જ તેની સાચી સિદ્ધિ છે. ❑❑❑

સંપર્ક - મો : ૯૮૩૩૭૦૮૪૯૪

# ભાવ - પ્રતિભાવ

ડૉ. નરેશભાઈ વેદની ઉપનિષદમાં રયવિદ્યા વાંચી ગયો. બહુ સુંદર, ચિંતનાત્મક લેખ છે. મારાં સૌને હાર્દિક અભિનંદન. શુક્ર-શોણિતના યોગથી રચાતાં માનવદેહમાં, સાતમે પાસે જીવ પ્રવેશે છે, તે નવું જાણવા મળ્યું. Will, knowledge and Action Power વિષે પણ જાણવું ગમ્યું. A will will find a way. પ્રબળ ઈચ્છાશક્તિ, પોતાનો માર્ગ જાતે જ શોધી કાઢે છે. 'મન હોય તો માળવે જવાય'.

આ મન પણ અદ્ભૂત! આપણને સતત્ મન થયા કરતું જ હોય છે. કશેક જવાનું, કોઈને મળવાનું, ખાવા-પીવાનું પણ મન થાય! એ કેવું? આ મનને ક્યાં સુધી થવા દેવું? એ પ્રશ્ન તો રહે છે જ, ને પ્રમાણભાન અને મર્યાદા ચુકાય, તો આ મન, માણસને પારાવાર મુશ્કેલીમાં મુકે. પ્રસ્તુત લેખ વાંચીને, આ પત્ર લખવાનું પણ મને મન થયું. ઘણાં વાચકોએ એ લેખ વાંચ્યો હશે, પણ મન તો માત્ર મને જ થયું! એમ કેમ? જુઓ આપણાં દિલમાં, સંવેદનશીલતા હોવી જોઈએ. કશુંક સારુ વંચાય, વિચારાય તો તે તો પડઘો પાડવો રહ્યો. હું, અને પ્ર.જી.ના વાચકો અલગ નથી, તેનાં સંપાદિકા બહેન પણ મારાં છે. આપણે સૌ એક જ છીએ, પછી શરીરો ભલે ને જુદાં જુદાં હોય, આત્મા તો સૌનો સરખો જ હોવાનો. મુખપૃષ્ઠ પણ ખૂબ ગમ્યું યાદી રેખામાં વીણાવાદિની મા શારદા-સરસ્વતિ દેવીનું ચિત્ર! ખૂબ સુંદર હૃદયગમ્ય રહ્યું. તમે ભારે સંશોધક છો. કેવું સુંદર આપો છો, છાપો છો, ને વાંચવું વિચારવું ગમે છે. અભિનંદન.

ડૉ. ભદ્રાયુ વછરાજાનીનો લેખ, 'સમાજને ગ્રંથ મંદિરો - પુસ્તકાલયો, ગ્રંથાલયોની જરૂર છે' લેખ વાંચ્યો, વિચાર્યો અને ગમ્યો. મારાં તેમને હાર્દિક અભિનંદન આપશો.

શિષ્યનું અપભ્રંશ શિખ થયું કે જેઓ ગુરુનાનક સાહેબનાં શિષ્યો ગણાય છે. આજે પણ પંજાબમાં ગુરુદ્વારાઓમાં કથા-કીર્તન અને આરતી સાથે 'ગ્રંથ-સાહેબ'નું વાચન સતત્ થતું રહે છે. અને તે પણ ગીત-સંગીતમય હોઈ, ભક્તજનોને તે સાંભળવું ગમે છે. તેઓ ગુરુનાનકના ઉપદેશ ગ્રંથને જ ભગવાન તરીકે પૂજીને સતત્ તેમાંથી પ્રેરણા ગ્રહણ કરતા દેખાય છે, તે સાથે ઋષિલંગર પણ ખરું. ભૂખ્યા પેટે ભજનના થાય. આ નિયમાનુસાર પ્રસાદની વ્યવસ્થા પણ હોય છે. શિરાનો પ્રસાદ પણ ઝટ ગળે ઊતરી જાય તેવો હોય છે. અમે પંજાબ ગયા, ત્યારે ઘણાં ગુરુદ્વારાઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. અમૃતસરનું સુવર્ણમંદિર પણ જોયું હતું. જલિયાંવાલા બાગ અને તેનો કૂવો, જનરલ ડાયરે છોડેલી ગોળીઓનાં નિશાન પણ જોયેલો. અમારા આર્ય કન્યા ગુરુકુળની દોઢસો બાળાઓ સામે પ્રવાસનું આયોજન થયેલું. હરિયાણાનું યમુનાનગર પણ એક સુંદર જોવા જેવું શહેર છે.

ગુરુગ્રંથ સાહેબ એક વિશાળ મોટું પુસ્તક છે કે જે પદ્યમાં રચાયેલું છે તેનું પઠન શીખધર્મગુરુઓ સતત્ કરતાં રહે છે. પેટી, તબલાં, ઝાંઝ અને કરતાલ સાથે ભક્તગણ ગીત-સંગીત માણતાં રહે છે. તે સાથે ધાર્મિક ભાવના અને સદાચારનો વિકાસ પણ થતો રહે છે. વાંચવાથી જ બુદ્ધિનો વિકાસ થાય છે.

**હરજીવન થાનકી, પોરબંદર**

❁❁❁

ઓક્ટોબર ૨૦૧૮ના પ્રબુદ્ધ જીવનના ગાંધી વિશેષાંકમાં માનદ તંત્રીશ્રીઓ, સંપાદકશ્રીએ અને સૌ લેખકોએ મહાત્મા ગાંધી પ્રત્યે આદર અને ભક્તિભાવપૂર્વક લખ્યું છે.

કોઈએ આલોચના કરી નથી. ભૂતકાળમાં થયેલ આલોચનાના હવાલો સુદ્ધા આપ્યા નથી. ટાગોર, અરવિંદ ઘોષ, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નેહરૂ વિ. એ મહાનુભાવોએ ગાંધીજીની વિચારણાની અને એમના બ્રહ્મચર્ય પરિક્ષણના કાર્યક્રમની ટીકા કરી છે. મહાત્મા ગાંધી પ્રત્યેનો સહેજ પણ આદર ઓછો થયા વિના મહાત્મા ગાંધી, વિનોબા ભાવે, વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ વગેરે ભારતના લોહહૃદયમાં બિરાજ્યા, કારણ એમના મૂલ્યોના મૂળ આ દેશની સંસ્કૃતિમાં હતા. સેવા, ત્યાગ, સાદગી, નિષ્ઠા વગેરે.

ભારત નામનું રાષ્ટ્ર બન્યું તેમાં નેહરૂનો અદ્વિતિય ફાળો છે. અને સેક્યુલારીઝમ નાગરિક સમાનતા, લિબર્ટી વિગેરે મૂલ્યો યુરોપમાં જન્મ્યા અને પોષણ પામ્યા છે.

મહાત્મા ગાંધી સત્યની ઉપાસના કરતા રહ્યા. અને અહિંસક મારગે ભારતના સમાજની અનેક બદીઓ સામે લડયાં અને દેશને સ્વતંત્ર કરવામાં બેજોડ ફાળો આપ્યો. આવો પુરુષ યુગયુગાન્તરે

પણ એકાદ થાય.

મંજુબેન ઝવેરી સાચા છે ગાંધીને બુદ્ધ અને મહાવીરની કક્ષાએ મૂકવામાં.

**કીર્તિચંદ્ર શાહ, મુંબઈ**

●●●

જિનાલયોમા શ્રાવક-શ્રાવિકાઓ ખુબજ ભાવથી પરમાત્માની નવઅંગે પૂજા કરે છે તેની અનુમોદના.

પણ મેં જે જોયેલું છે તે આપની સમક્ષ મુકું છું. ઘણા શ્રાવક શ્રાવિકા પરમાત્માની પુજા ભાવથી કરે છે, પરંતુ કઈ રીતે તે થોડા મુદ્દા.

(૧)નવ અંગના દુહા બોલીને

(૨)જે તે પરમાત્માના નામ બોલીને

(૩)નવકાર મહામંત્રના નવ અક્ષરથી નવઅંગની પૂજા કરીને

(૪)આદિનાથ ભગવાન હોય તો શ્રી શત્રુંજય તીર્થાધિપતી શ્રી આદિનાથ ભગવાન, સુમતિનાથ ભગવાનમાં સાચા દેવ સુમતિનાથ નેમીનાથ ભગવાનમાં શ્રી ગિરનાર તીર્થમંડન કરી પૂજા કરે છે. તે પૂજા યોગ્ય જ છે પરંતુ જે પરમાત્મા હોય તેના ગુણોને આત્મસાત કરી તેના ગુણો અપનાવવામાં આવે તેવા ભાવ સાથે પૂજા કરો જેથી મનઃશુદ્ધિ થાય. મનઃશુદ્ધિથી આધ્યાત્મશુદ્ધિ અને આધ્યાત્મશુદ્ધિથી આત્મશુદ્ધિ થાય તેથી એક ઉદાહરણ રૂપે :-

વિમલનાથ ભગવાન :- જ્યારે પ્રભુ ગર્ભમા હતા ત્યારે સર્વક્રિયાઓ વસ્તુઓ નિર્મળ થઈ ગઈ.

આપણી ભાવના :- સંસારની પ્રત્યેક વસ્તુઓમાં દુઃખ દર્દ, આધિ વ્યાધિ, ઉપાધિ, રોગ વગેરે છે, તે દરેક વસ્તુ પદાર્થ ચાહે તે તીર્યચ પણ હોય તોપણ તેના અંગોપાગ. સ્વાસ્થ્ય, જીવન સર્વ વસ્તુ નિર્મળ થઈ જાય આવી ભાવનાથી જો પૂજા કરવામાં આવે તો એક વ્યક્તિ કે વસ્તુનો વિચાર નહી અનેકનું સારુ થાય તેવી ભાવનાથી પૂજા કરવાની.

ઘણા શ્રાવક શ્રાવિકાઓ સિદ્ધચક્રજીની પૂજા ફટાફટ કરી નાખે કે પરંતુ તેમના માટે :-

અરિહંત પરમાત્માના ૧૨ ગુણોને આત્મસાત કરવા

સિદ્ધ ભગવાનના ૮ ગુણોને આત્મસાત કરવા

આચાર્યના ૩૬ ગુણોને આત્મસાત કરવા

ઉપાધ્યાયના ૨૫ ગુણોને આત્મસાત કરવા

સાધુના ૨૭ ગુણોને આત્માસાત કરવા

દર્શન પદના ૬૭ ગુણોને આત્મસાત કરવા

જ્ઞાન પદના ૫૧ ગુણોને આત્મસાત કરવા

ચારિત્રનાદના૭૦ ગુણોને આત્મસાત કરવા

તપ પદના ૫૦ ગુણોને આત્મસાત કરવા

અત્યારના ફાસ્ટ યુગમાં દરેક શ્રાવક શ્રાવિકા આટલા બધા ગુણો આત્મસાત ન કરી શકે પરંતુ તે દરેક ગુણોમાંથી એક-એક ગુણ પણ જો આત્મસાત થઈ જાય તો મન પ્રસન્ન રહે.

**લી. મલય ગૌતમભાઈ બાવીશી, અમદાવાદ**

●●●

મારું નામ, ચન્દ્રકુમાર ગણપતલાલ ઝવેરી, મારવાડી ભણતર ગુજરાતી, મારા બાપુજી અને હું મુંબઈ જૈન યુવક સંઘના સૌથી જૂના સભ્યો છીએ. હું ખુબ જ નસીબદાર છું કે આવી ભારતની અજોડ સંસ્થાનો હું સભ્ય છું. પૂજ્ય એવા મારા બાપુજીના કારણે, થોડો થોડો સાહિત્ય વાંચનનો મને શોખ થયો છે. એનો જીવનભર મને લાભ મળતો રહ્યો છે. અત્યાર સુધીમાં જે જે પ્રમુખો થયા છે બધાની સાથે બાપુજીનો ઘનિષ્ઠ સંબંધ હતો. મારી ૭૫મી વર્ષગાંઠ વખતે સ્વ. ધનવંતભાઈ અને નીતીનભાઈ સોનાવાલા ખાસ પધાર્યા હતાં, તે હું ક્યારેય ભુલી નહીં શકું.

આદરણીય સ્વ. હરીન્દ્ર દવે, સ્વ. ધનવંતભાઈ, સ્વ. રમણભાઈ, શ્રી કુમારપાળભાઈ, ભદ્રાયુ વછરાજાની, શ્રી ગુણવંત શાહ, શ્રી નરેશ વેદ ઇત્યાદિ સાથે થોડા મારો સંપર્ક રહ્યો છે. એનો મને વિશેષ આનંદ છે.

હવે, આપના અજોડ પુસ્તક ભીતરનો પ્રવાસ Outstanding, Excellent આને માટે, શબ્દો, વિશેષણો ઓછાં પડે. બધાને ખાસ વિનંતી આ બિલકુલ અતિશયોક્તિ નથી. મારા મનમાં, ચિત્તમાં, દિલમાં જે જે ભાવો ઉત્પન્ન થયા હતા. પુસ્તક વાંચ્યા પછી તે ભાવના પૂરી વ્યક્ત કરવાની કોશિષ કરી છે.

આ પુસ્તક મેં, ફ્રેન્કફર્ટ, જર્મનીમાં, ખૂબ શાંતિથી એકાંતમાં પ્રેમથી વાંચ્યું છે. જેમ જેમ આ પુસ્તક વાંચતો ગયો, તેમ તેમ તેનો એક એક શબ્દ, એક એક પેરેગ્રાફ, એક એક લેખ એટલા બધા મનનીય, વિચારનીય ચિંતનીય અને સંદેશાત્મક લાગ્યા, કે કોઈ કોઈ લેખ તો વારંવાર વાંચ્યો છે. અધ્યાત્મ આત્મા-પરમાત્માના રહસ્યો, વિચારો, અધ્યાયો, આયામો, આપે દીર્ઘદ્રષ્ટિપૂર્વક ખુલ્લા કર્યા છે. એક જ પુસ્તકમાં, મનુષ્યના જીવનના નિચોડ આપે રજુ કર્યો છે. આ બધું વારંવાર વાગોળવાનું મન થાય છે. અને આ બધાની ખરી ઉપલબ્ધિ તો એ છે કે બધુ વાંચ્યા પછી જીવનમાં, વ્યવહારમાં, આચારમાં ઉતારવાની આજથી જ ચોક્કસ કોશિષ કરીશ, તો જ આ વાંચન સાર્થક થશે. આ પુસ્તકમાં થોડું, આપ-લે વધારે ઊંડાણમાં જવાની કોશિશ કરશું. તો ખુબ જ સમજવાનું જાણવાનું ચોક્કસ મળશે.

વર્તમાન તથા ભવિષ્યની પેઢીની વાસ્તવિક ચિંતા આપે આબેહુબ રજૂ કરી છે અને એના વ્યવસ્થિત ઉપાયો પણ બતાવ્યાં છે. તમારો એક એક શબ્દ, વાક્ય જાણે સીધા તમારા હૃદયમાંથી ઉતરીને આવ્યા છે. એ હકીકત છે. આપની સરસ્વતી વાણી, લેખ દ્વારા હું સાંભળી રહ્યો હોઉ એમ મને લાગે છે, બીજું આપની સરળ, સાદી છતાં વ્યવસ્થિત ગુજરાતી ભાષા, જાણે કવિત્વની ભાષા હોય એમ લાગે છે.

સાંપ્રતકાળમાં માનવીનું રોજીંદુ જીવન સ્ટીરીઓ ટાઈપ જેવું ચાલી રહ્યું છે. એના કારણો આપે ખૂબ ઊંડાણમાં જઈને સમજાવ્યા છે. એ તેના સીધા-સાદા વ્યાવહારીક અને તત્કાળ અમલમાં લાવી શકાય એવા ઊત્તમ ઉપાયો, ઉદાહરણો સાથે બતાવ્યા છે તે અનુકરણીય. જે પણ, સાધારણ માનવી, જેનું વાંચન ખૂબ જ ઓછું હશે, તેને પણ કદાચ આ પુસ્તક ભેટરૂપે મળે તો એને પણ આ પુસ્તક વાંચવું જરૂર ગમશે. એવી મને ખાતરી છે. આપ ત્રણ વર્ષથી, મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી પ્રબુદ્ધ જીવનના તંત્રી તરીકે સ્થાપિત થયા છો તેનો અમને બધાને ખૂબ આનંદ છે. આપે પ્રબુદ્ધ જીવનને એક નવી ઊંચાઈ બક્ષી છે. આપને ફરીથી ખૂબ અભિનંદન... Best of Luck

**આપનો શુભચિંતક**

ચન્દ્રકુમાર ઝવેરી, સમ્યક દર્શન, ૯/૬૬, શ્યામ નિવાસ, ભુલાભાઈ દેસાઈ રોડ, બીચકેન્ડી, મુંબઈ - ૪૦૦ ૦૨૬.

***

મધુસૂદન વ્યાસના સ્નેહસ્મરણ જય જિનેન્દ્ર. ઓક્ટોબરનો ગાંધી વિશેષાંક મળ્યો, એમાંના તમારા લેખો વિવિધ વિચારબિંદુઓને સ્પર્શે છે, તેથી તમારી ઘણી વ્યસ્તતા વચ્ચે તમે આટલું સરસ અને સૃજનાત્મક લખી શકો છો એ આનંદ અને અભિનંદનની બાબત છે. ગાંધી-દોઢસોના વર્ષમાં હવે ડિસેમ્બરમાં પરિષદ્ સંમેલનમાં ગાંધી વિચારના પ્રખર પ્રવક્તાઓને માણીશું. પરંતુ પ્રબુદ્ધ જીવન અંક ખરેખર સુંદર બન્યા છે. એમાં જાણીતાઓ ઉપરાંત અજાણ્યા લેખકોને પણ ખાસ્સુ મોટું સ્થાન આપેલું છે. તેથી વિદ્વાન સંપાદક ડૉ. નરેશ વેદને અભિનંદન આપવા સાથે આપને પણ અભિનંદન.

બીજું, ધીરેન્દ્ર મહેતાના સુપુત્રી મેધાવિનીબેન જો અંતિમ પત્ર રૂપે કંઈક લખી મોકલી શકતા હોય તો મને પણ લખવું ઘટે. પૂર્વે પ.પૂ. શીલચંદ્રમુનિમહારાજના આ શ્રેણીનો લેખ પણ વાંચવો ગમ્યો હતો. મે માતૃમહિમાના પુસ્તક વિશેનો લેખ છાપ્યો એનો ખૂબ ખૂબ આભાર-વંદન.

❑❑❑

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જળક્રાંતિ ટ્રસ્ટ માટે

| રૂપિયા | નામ |
|---|---|
| ૩૨,૦૪,૪૦૪/- | આગળનો સરવાળો |
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતિ હંસાબેન કચરાલાલ શાહ |
| ૧૫,૦૦૦/- | શ્રી વીરલ અરવીંદ લુખી (વઢવાણ સીટી નિવાસી) |
| ૧૧,૦૦૦/- | ઓજસ અરવીંદ લુખી (વઢવાણ સીટી નિવાસી) |
| ૬,૦૦૦/- | નંદુ ડ્રેપર્સ |
| ૫,૦૦૦/- | શ્રી અરવીંદ ધરમશી લુખી (વઢવાણ સીટી નિવાસી) |
| ૫,૦૦૦/- | અ.સૌ અરૂણાબેન અરવીંદ લુખી (વઢવાણ સીટી નિવાસી) |
| ૩૩,૪૬,૪૦૪/- | |

### જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૦૦૦/- | નીલય શાહ |
| ૨,૦૦૦/- | અભયભાઈ રજનીકાંત ઝવેરી (હસ્તે : પુષ્પાબેન પરીખ) |
| ૧,૫૦૦/- | નીપુર્ણાબેન ઝવેરી (હસ્તે : પુષ્પાબેન પરીખ) |
| ૧,૫૦૦/- | સૂર્યાબેન (હસ્તે : પુષ્પાબેન પરીખ) |
| ૧,૦૦૦/- | દેવીબેન રજનીકાંત ચી. ગાંધી |
| ૮,૦૦૦/- | |

### નંદભદ્ર સેવા કેન્દ્ર

| | |
|---|---|
| ૨૦૦૦/- | પારસભાઈ (હસ્તે : કલ્પાબેન શાહ) |
| ૨૦૦૦/- | નીલાબેન (હસ્તે : કલ્પાબેન શાહ) |
| ૧,૦૦૦/- | ગૌરંગભાઈ (હસ્તે : કલ્પાબેન શાહ) |
| ૫,૦૦૦/- | |

### પ્રબુદ્ધ જીવન લવાજમ

| | |
|---|---|
| ૭,૦૦૦/- | શ્રી કલ્પેશ એચ. શાહ |

### પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

| | |
|---|---|
| ૬૦૦૦/- | ઈન્દ્રવદન ચીમનલાલ શાહ |
| ૨૦૦૦/- | નવીનચંદ્ર પ્રેમચંદ્ર શાહ |
| ૮૦૦૦/- | |

### પર્યુષણ વ્યાખ્યાનમાળા A/C

| | |
|---|---|
| ૩,૦૪,૦૦૦/- | સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ |

### જનરલ ડોનેશન

| | |
|---|---|
| ૨,૦૦,૦૦૦/- | જીતેન્દ્ર ક્રિર્તીલાલ ભણશાલી ટ્રસ્ટ |
| ૨,૦૦,૦૦૦/- | આત્મદીપ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૨,૦૦,૦૦૦/- | ભણશાલી ટ્રસ્ટ |
| ૪,૮૦૦/- | ઈન્દ્રવદન ચીમનલાલ શાહ |
| ૬,૦૪,૮૦૦/- | |

### ભક્તિ સંગીત કોર્પસ ફંડ A/C

| | |
|---|---|
| ૫,૦૦,૦૦૦/- | અરૂણ ઉમેદચંદ સંઘવી |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૨,૦૦,૦૦૦/- | શ્રી ગુલાબભાઈ કરમચંદ શાહ (ઓક્ટોબર સૌજન્ય) |
| ૨૫,૦૦૦/- | રૂપ માણેક ભણશાલી ચેરિટેબલ ટ્રસ્ટ (નવે. સૌજન્ય) |
| ૨,૨૫,૦૦૦/- | |

### સંઘ આજીવન સભ્ય

| | |
|---|---|
| ૩,૦૦૦/- | શ્રી અરવીંદભાઈ ધરમશી લુખી (વધારાના પૈસા) |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧,૦૦૦/- | દેવીબેન રજનીકાંત ચી. ગાંધી |

### દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન

| | |
|---|---|
| ૪૭,૦૦૦/- | શ્રી સી.કે. મહેતા સાહેબ |

### કોર્પસ ફંડ

| | |
|---|---|
| ૧૧,૦૦,૦૦૦/- | જ્વેલેશ ઈન્ડીયા પ્રા.લી. |
| ૨,૦૦,૦૦૦/- | પ્રવીણ શાંતીલાલ કોઠારી |
| ૨,૦૦,૦૦૦/- | મનહર જી. ગાંધી |
| ૧૫,૦૦,૦૦૦/- | |

# An Erstwhile but a Eloquent Eponym - "Iconic Shri Virchand Gandhi"

**Prachi Dhanvant Shah**

*"This is my country, that is your country; these are the conceptions of narrow souls - to the liberal minded the whole world is a family."*

*-Virchand Raghavji Gandhi*

Presently, the 2018 Parliament of the World's Religions - "Pursuing Global Understanding, Reconciliation & Change" is hosted in Toronto-Canada, from November 1st through November 7th, inviting people to stance for not just one but all the religion across the world and unite with multiple interfaith activists. With an attempt of global dialogue of faith, the series of world religion parliament started in 1993. But flipping the pages of history, the first ever parliament representing all the religion around the world initiated way back in 1893. And when the theorem of world religion flashes, the only name reflects into my attention is none other than *Virchand Raghavji Gandhi*. Although, this might not be factual for many people. An acknowledgment of world religion parliament when concludes Indian religion, the only eminent name that often glimmered was Swami Vivekanand who represented Hinduism. But the legendary agnomen who represented Jainism at the World's Parliament of religions in 1893, *Virchand Raghavji Gandhi* had somewhat obscured for a protracted period of time. But nevertheless, the name is coming to its glory and memory. Contemporarily in 2009, the government of India had issued commemorative postage stamps to honor this legend. Several centers and NGO's have acclaimed recognition under the alias of V.R.Gandhi around the world, mainly in the US.

*Virchand Gandhi,* a Jain scholar but a barrister by profession who with his determined principles and philosophy always fought for people's right and acclaimed a strong voice of conveyance. At a young age of 21, he became an exponent protestant of Ahimsa and conserving holy Jain pilgrims. With his profound articulation, he also spread his knowledge of Jain principles and philosophy by means of lectures around the world. Besides, his words were not just restricted to Jainism but Hinduism, Indian culture and philosophy that brought awareness on global peace and empathy. When Jain monks were restricted to spread Jain religion around the world due to limitations of traveling, it was Virchand Gandhi who engendered major recognition and acceptance to Jain religion around the world. He was the first person to introduce Jain religion to the western world. Herbert Warren being influenced by *V.R. Gandhi* became the first western Jain and studied Jainism under the guidance and teachings by *V.R. Gandhi.* A personae who engraved the principles of ethics into *Mohandas Karamchand Gandhi. Mohandas* upon completing his education in the field of law expressed his desire to practice as a lawyer in India to *V.R.Gandhi*. *Virchand Gandhi* simply just sublimed *Mohandas* with the persona of practicing law Ethically.

It was this bygone and bedimmed personale who contributed lectures around the world mainly in Chicago, Boston, New York, and Washington DC, in the USA, England, France, Germany, and other European countries and was nationally and internationally commended with many commemorations. He not only deliberated lectures on Jainism but also Hinduism, Buddhism, Indian culture and ethics, Indian economics, Indian heritage and many more endorsing elegant Indian legacy and integrity. A legitimate patrioteer whose words dispelled his love and devotion to his country. Whose compassionate Jain soul ordained him to spread his allegiance towards his country, bonding the world with peace and love. It goes without saying to my point of view, that *Virchand Gandhi*, was a patriotic *Gandhi born to be Gandhi before Gandhi!*

In 1893 *Virchand Gandhi* was recommended to represent Jain religion at World religions parliament at Chicago - U.S, by *Acharya Shri Vijayanandsuri* a renowned Jain monk who was initially invited for the same. Restrained by the restrictions being a Jain monk of not being able to travel, *Acharyashri* suggested *Virchand Gandhi* would be optimal to exemplify Jain philosophy & teachings. Under the guidance of *Acharya Shri Vijayanandsuri* and his disciple Vallabhsuri, Virchand Gandhi augmented & restrained his knowledge of Jainism exquisitely justifying his identity as a consul representing Jain Religion at the world religion parliament. At the world religion parliament, *Virchand Gandhi* accomplished silver medal on the same platform when *Swami Vivekananda* was forwarded recognition and

acclamation. *Virchand Gandhi's* lecture at world religions parliament bagged a big applause and was appreciated to great extent. *V.R.Gandhi's* quote on world peace was: *"May peace rule the universe; may peace rule in kingdoms and empires; may peace rule in states and in the lands of the potentates; may peace rule in the house of friends and may peace also rule in the house of enemies."*

His pious principles of Ahimsa as depicted by Jain philosophy is admirably enthralled in every word conveyed in his speech. The most decisive principle of Jainism - "Ahimsa" that teaches everyone to live with peace, harmony, and love and let others live the same strongly burgeoned within his soul. With the approach of world harmony and peace, V.R.Gandhi very much premeditatively delivered his speech that certainly would have swayed the audience. It is only this principle and practice if when pursued around the world, would lead to global warmness. Assassinate the mental state of anger, hatred, ego. Every living being has the right to live it's world and is born in this universe to end its life by nature's cycle, be it the minutest creature of this earth.

V.R.Gandhi, after his overwhelming and expressive dialect at the parliament, was also requested to deliver more lectures thereafter, which enforced him to stay in the USA for 2 years and a year in U.K. Virchand Gandhi became a world-renowned personality in a short span of his life. He visited the U.S at a very young age of 29 spreading his knowledge but unfortunately, just at the age of 37, his life succumbed to chronicle lung hemorrhage. Although, he lived a short but meritorious and laudable life availing his country, his religion. Substantiating his soul with integrity by engraving his principles of Jain philosophy and principles.

I urge and reverie of every human being of this world to pursue this quote in their life :

"The Universe is not for man alone, but is a theater of evolution for all living beings. Live & let live is its guiding principle. 'Ahimsa Parmo Dharmah' - Non-injury is the highest religion."

-Virchand Raghavji Gandhi

❑❑❑

49, wood ave, Edison, N.J. 08820 U.S.A.
prachishah0809@gmail.com | +1-9175825643

# Jainism Through Ages

**Kamini Gogri**

**In this article we will study the spread of Jainism in Haryana**

Jainism has played a significant role in the history of Haryana from the earliest times to the present day. Jain religion was not only patronised by the rulers and the member of royal families but also received the warm support and had an appeal to the heart of the masses. The contribution of Jainism is apparent in all aspects of the cultural heritage of Haryana. There are numerous Jain temples which are fine specimens of art and architecture and have beautiful carving in sculptures. These are some pivotal destinations of Jain pilgrimage of Haryana, which described as under:

**1. Rohitaka:** The modern name of this destination is Rohtak, a district headquarter of Haryana. There is shrine of Yaksa which having mentioned in the Upanga text, the Nirayavalika. This pious destination is also mentioned in the Brahat-katha kosa. The holy shrine is dedicated to the 23rd Tirthankars i.e. Parsvanath. This destination was also existence during the time period of Emperor Babur in Vikrami Samvat 1584 and 1586 under the supervision of the Digambara monks of the Kasuha Sangha.

**2. Shri 1008 Bhagwan Parshwanath Digambar Jain, Hansi:** This temple is basically dedicated to the 23rd Tirthankars of Parsvanath. The temple is located in Hansi (in Hissar district), till 1153, this destination was ruled by the Tomar descendants of Pandavas. The sculpture of this temple was made from Ashtadhatu means eight metals. All the idols were belonged to the 8th and 10th century. The temple is associated to the Digambar sects of Jainism.

**Table 2: List of Jain pilgrimage places in Haryana**

Jain pilgrimage places Located at
Jain Pillar Hissar
Ancient Jain temple Panipat
Parshwanath temple Hansi
Shwetambar Jain Sthanak mandir Gurgaon
Sri Mahavir Jain temple Kasangaon, Gurgaon
Adinath temple Ranila, Bhiwani
Sri Digambar Jain temple Rohtak

**3. Shri 1008 Mahavira Swami Digambar Jain Atishay Kshetra Kasangaon (Gurgaon):**

This temple is dedicated to 24th Tirthankara as well as last Tirthankara of Jainism. During excavation,

many sculptures were found at this destination. All sculptures were made from ashtadhatu (eight metals). This sanctum is built in the village of Kasangaon in the district of Gurgaon.

4. **Shri 1008 Bhagwan Adinath Digambar Jain Temple, Ranila, Adinathpuram (Bhiwani):** this temple is dedicated to the Sri Adinath Bhagwan. On 18 October 1991, during excavation, a very old sculpture of Adinath was found. The uniqueness of this sculpture Adinath carved in the centre and the rest 23rd Tirthankar on three sides.

5. **Sri Digambar Jain Temple, Rohtak:** This temple is dedicated to Lord Mahavira, the 24th Tirthankar of Jainism. Lord Mahavira played a significant role in the reformed, organised and for the propagation of Jainism. The temple has nine platforms, where sculptures were installed. This temple is associated with sect of Digambar of Jainism. ❑❑❑

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

# Ahimsa Yatra of Chitrabhanuji

**Dilip V. Shah**

We have all loved hymn (સ્તવન) – "Maitri Bhavnu Pavitra Zarnu". As if it is a Jain Anthem. We enjoy it for its melodious tune and deep religious meaning. Composed by musical duo Kalyanji Anandji and sung for the very first time by Mukesh on the chowpati beach at Mahavir Jayanti celebration in presence of crowds exceeding 100,000 more than 50 years ago. But what do we know of Chitrabhanuji - the author of that immortal song?

Some remember Chitrabhanuji – Shri Chandraprabh Sagarji Maharaj- for his Mumbai discourses on "Gandharvad" during Paryushan in mid-sixties and others remember his enlightening columns in newspapers. Others remember him for being the first ever Jain sadhu to travel overseas and overseas Jains think of him as ambassador of Jainism to the West. Some have never forgiven him for leaving monkhood and starting a family. Here are some highlights of an extraordinary human being many consider as a man of the millennium. (This is his 97$^{th}$ Year)

Born in Rajasthan on July 22, 1922 to Chhogalalji and Chunibai, he was named Ruprajendra. He was handsome, intelligent and a free thinker. His troubled childhood – losing his mother at the age of 4, his sister at the age of 11 and a dear friend at the age of 19 truly tortured his soul. He questioned the meaning of life from early on in his life. Latently he was becoming a *Vairagi*. He met and sought guidance from Shri Aurbindo in Pondechari, shri Raman Maharshi and Jain Acharyas in Palitana. He tried to join independence movement and met Subhash Chandra Bose and Gandhiji but in the end, his quest for spiritual advancement won. After graduation from college at the age of 20, he obtained permission of his father and took Diksha. His father, who never married after losing his wife and devotionally raised his only child both as a father and a mother also took Diksha few months thereafter.

As monks, the father and the son traveled together all over the state of Gujarat for 18 years as a guru and a disciple. During those years, our muni Maharaj studied Jain scriptures and world religions, read literature, observed silence for years and walked over 30,000 miles barefoot. In 1958, on his 37$^{th}$ birthday, his father died peacefully in his arms. Soon after that he started writing in Newspapers under the pen name of Chitrabhanu and moved to Mumbai – his second "Karmabhoomi".

The Mumbai years were a meteoric ascendance of Chitrabhanuji as a thinker and an orator. Politicians – local and national were attracted to him. He used his popularity to lead in humanitarian work in the aftermath of devastating floods in Bihar. Harijan community in Mumbai invited to speak and after listening to him, many gave up alcohol. He became a founder president of The Vegetarian Society which is still functioning in Mumbai. He persuaded mayor of Mumbai to close slaughter houses on Mahavir Jayanti and later expanded the ban to 7 other Hindu holidays. He established "Divine Knowledge Society" to publish books in English on Jainism. He was being visited by foreign students from all over the Europe and carried back his writings to their home countries.

The year 1964 was a hundredth birth anniversary of Shree Virchand R Gandhi. A Jain citizen scholar and an accomplished Barrister, who had accompanied Swami Vivekanand to the Parliament of world religions in Chicago in 1983. Although he was the first person to introduce Jainism to the west, the Jain community

in Mumbai was not happy about him for having traveled overseas. He was largely forgotten. But having read a lot about the life of VRG, Chitrabhanuji thought that the Jain Samaj owed him a debt of gratitude and he commemorated his centennial year in the presence of Jain leaders like Shri Lalchand Heerachand, C T Shah and Ratilal Nanavati. He reminded everyone of Veerchandji's other accomplishments - campaign that shutdown slaughterhouse at Samet Shikharji and abolishment of head tax for pilgrims to Palitana. Local newspapers and magazines took notice of first ever honoring of VRG but Muniji wanted more. He wanted to see VRG's overseas mission revived. But did not know how. He wanted to spread Mahavi's message of compassion, service to the poor and sick transcending sectarian divides but was slowly getting impatient with limits of what he could preach in Upashrayas.

In 1968, Chitrabhanuji was invited to the newly formed "Spiritual Summit Conference" promoted by Shri G D Birla in Calcutta. Many international faith leaders were going to participate but due to prior commitments and great distance from Mumbai, Chitrabhanuji could not accept the invitation and sent one of his disciples – Kumari Vatsala Amin in his place. Her presentation on Jainism so impressed the delegates that they wanted to know more about Jainism and Chitrabhanuji. They invited him to the second conference organized by them was going to be in Geneva in 1970.

The invitation stirred many thoughts in Chitrabhanuji's mind. Is it not a Jain sadhu's duty to minister Jains where ever they lived? But what about the ban on travel by vehicles or airplane? (for Jain sadhus). How could spiritual hunger of thousands of diaspora Jains in Africa, UK and the USA be satisfied? He remembered a tearful father talking about dilemmas of his son who was in the USA studying and not being able to receive any religious guidance and difficulty in remaining strict vegetarian.

Chitrabhanuji made a decision to attend the conference in Geneva. The night of his departure, there was going to be a public meeting in Birla Matushri Sabhagruh where his book "Mukti Ane Bandhan" (મુક્તિ અને બંધન) was going to be inaugurated. The book was compilation of a lecture he had delivered to prisoners at Sabarmati jail just before coming to Mumbai. It talked of mental shackles as far more devastating to human spirit than the prison walls. Ironically outside the hall, a furious crowd had gathered hell bent on preventing Munishri from boarding the plane by any means necessary including violent confrontation. There were several busloads of Jains at the airport intending to block Munishri from leaving. But the Mumbai police had undertaken assurance of safe passage to Chitrabhanuji and that was enough for Muniji to board the plane.

The organizers of the Geneva conference were aware of the troubles Chitrabhanuji had reaching Geneva. So, they honored him by giving him the privilege of opening the conference. The theme of the conference was "The Practical Requirements for World Peace". Chitrabhanuji addressed the gathering by speaking of Non-Violence and Anekantvad as guiding principles for a peaceful world. For the entire week, both inside the lecture hall and outside in the swiss countryside thousands came to listen to Chitrabhanuji as they wanted to learn more about Jainism.

After the conference, Chitrabhanuji traveled to France and the UK. He spoke at Oxford university and Cambridge university. His talks were covered by BBC, Voice of America radio and also Radio Canada. He proceeded to Amsterdam, Munich and Rome where he met with Pope Paul VI. It was time to return to India.

After the six weeks visit to Europe, Chitrabhanuji realized how timely and useful the Mahavir's message was for the world. He did not think it was essential to limit his universal message confined to one community and one nation. He was ready to be the citizen of the world and a Mahavir's messenger.

As it happened, a large community of Jains in Africa – Visha Oswals - had been urging Chitrabhanuji to visit them for years. Chitrabhanuji decided to accept their invitation and also accepted the invitation of World Vegetarian Congress in Hague.

Before going overseas again, Chitrabhanuji debated with himself the new direction he was taking and norms of being a Jain Sadhu. He realized that he had to choose. He became fully aware of certain vibrations he had been experiencing in the presence of one long time student, Pramoda Shah but was not allowing himself to express them. He felt that Usha - the girl whom he had considered his soul mate during his college days and who had died of malaria had come back in his life in the form of Pramoda. It was time to be honest with himself. in the privacy of his own mind and soul he renounced his high position and disengaged himself from monkhood.

They married in early 1971 in a private ceremony - Gandharv Vivah – no rituals or family participation just two witnesses. Out of consideration of feelings of many people who were incensed by his decision to

travel to Geneva, he decided to not make any public announcements of his marriage at that time. He reasoned that it would not be right to demonstrate his boldness or be provocative in any way and incur their ire and disapproval. He knew that one day, their emotions would subside, and they would be ready to receive the news. In July, he then proceeded to Africa, his first stop was Nairobi, Kenya.

A Jain sadhu in Africa? The Jain community's in Kenya, Tanzania and Uganda responded tremendously. During his 52 days in Africa, Chitrabhanuji emphasized message of *Maitry*- religion of friendship. Chitrabhanuji praised humanitarian initiatives of the community and encouraged them to do even more for their adopted homeland. He then flew to London. He spent a week addressing thousands of people – Asians as well as westerners. He talked about the possibilities of blending the Eastern wisdom with the technological advances of the west. By synthesizing two modes of living, modern man can attain the peak of evolution and perfection of his human qualities.

The World Vegetarian Congress in the Hague was his next destination. He shared his thoughts and perceptions on the vegetarian way of life from a variety of viewpoints including spiritual growth, morality, health, aesthetics and ecology. He added, "Human beings ask for mercy of their creator, but one who has lived mercilessly on the flesh of animals all through his life, how he can ask for mercy from God? Before returning to Mumbai, he flew couple of weeks in USA visiting Jains of various large cities like Philadelphia, New York, Chicago and Los Angeles.

As soon as he returned to India, an invitation to deliver a speech at the Third Spiritual Summit Conference at the Harvard Divinity school was waiting for him. He was chosen as a keynote speaker with an air ticket was awaiting his consent.

Chitrabhanuji landed at JFK airport on September 11, 1971 without even a penny in his pocket. In contrast to the hundreds who would greet him on his arrival, Chitrabhanuji, in all white Indian attire stood alone – searching for a person from New York Jain community who was to receive him and help him along to Boston. A kind American woman helped him when she realized that he was in America to speak at the Harvard Divinity school. She was so impressed with the calm and radiance he was projecting even in the adverse circumstances, she took down the details and attended Chitrabhanuji's speech hundreds of miles away at Harvard and again in New York few days later. You can say Chitrabhanuji had attracted a western follower within one hour of arriving in America.

Chitrabhanuji's presentation at the Spiritual Summit Conference at the Harvard Divinity College was dubbed by local newspapers as the "Hit Speaker of the Day". He was invited to a reception at the home of the Governor Sargent Shriver after the conference. The accolades and respect he received made him a speaker very much in demand at churches, universities and seminars all over the east coast. America became his third Karmabhoomi.

After the summit conference Chitrabhanuji went to Chicago where Pramodaji flew in from Mumbai. For a few months they lived with a former Chitrabhanuji's student. On January 26, 1972 Pramodaji gave birth to their first son Rajeev as Chitrabhanuji was busy giving lectures at various centers. He was committed to an interfaith forum in Mumbai, so he made that trip. He felt that this was the right opportunity to share with the students and the trustees of the Divine Knowledge Society the various decisions and path he had chosen for himself. Later he wrote a long open letter which was published in the newspapers through which public came to know that he had relinquished the responsibilities of the Divine Knowledge Society and moved into a new life as a free global citizen and a householder to share the message of non-violence around the world.

Meanwhile in America, Pramodaji flew to New York with her six-week-old son. One of Chitrabhanuji's American student Elizabeth Cattell had given them an open invitation to stay with her which they did for fifteen months. Their second son Darshan was born in that home. Chitrabhanuji returned from India in March 1972 with renewed energy to New York. He began teaching meditation at a college at night. On Friday nights he would give talk at a Yoga center. In 1973 Chitrabhanuji led the Mahavir Jayanti celebration at the United Nations Chapel.

Chitrabhanuji made his presence so well known that in December of 1973, The New York times did a long story on him calling him Pope John Paul of Jainism. The elaborate report said that "...He is no evangelist seeking to convert followers to Jainism. He encourages them to become strong in body, mind and soul to take charge of their own spiritual journey. And use their energies for the benefit of all through Ahimsa. But that is not surprising. Even before setting foot overseas, Chitrabhanuji's writings had helped a young

doctor Dhiraj Shah, a new immigrant to America avoid military draft stating to the US army court that as a follower of Non-Violence, he could not be forced to take up arms. The ruling of the court recognized Jainism and forever exempted all Jains from any combat duty. In New York he was a sought after speaker at Interfaith seminars, colleges and Universities were inviting him to speak on Non Violence and peace in support of Antiwar sentiments against Vietnam War.

Many of Chitrabhanuji's American followers urged him to establish a place where they can avail themselves opportunity to hear him regularly. Chitrabhanuji, from the savings of his teaching and speaking jobs spared some funds to rent a place in Manhattan and established "Jain Meditation International Center". Eventually Jains also started coming to the center. They brought with them a marble Murtie of Shri Mahavirswami, thus Chitrabhanuji established the first Jain place of worship in America.

Chitrabhanuji began for his American students annual pilgrimages to Shatrunjay and Mt. Abu. Students were required to adopt vegetarianism and meditation as condition for Joining him in Yatra. After completing the yatra, students were given new names like Vikas, Prema and Prachi etc. signifying their new spiritual life. In one of the annual yatras, in 1974 students got to meet with the Prime minister Indira Gandhi and attending "World Fellowship of Religions" in Delhi. Organizer of the conference – Muni Sushil Kumarji – disciple of Punjab Kesari Shri Vijay Vallabh Suriji - was impressed by hearing Navkar Mantra from the westerners that Chitrabhanuji had brought with him. Muni Sushil Kumarji expressed his desire to go to America and join hands with Chitrabhanuji to Spread Mahavir's message. Chitrabhanuji warmly agreed to help him get to America and pledged to work together.

Chitrabhanuji traveled all across America and helped establish 40 Jain centers. He and Muni Sushil Kumar inspired formation of JAINA – a federation of Jain Associations in North America – representing all the jains without distinction of sects or the region they came from. Today almost forty years later, JAINA is the largest Jain organization outside of India representing over 100,000 jains. In the seventies and eighties Chitrabhanuji made many trips to UK, Antwerp, Singapore and African nations. Chitrabhanuji also attracted attention of a group of Americans in Michigan – The Lighthouse Center -who adopted him as their spiritual leader. The members of this group are not only vegetarians but also Vegan. It is estimated that about 1500 Americans have turned Vegetarian because of Chitrabhanuji's message.

Chitrabhanuji learned of Veganism almost by accident. In one of the American groups he was addressing someone asked him how was it that as a messenger of Non-Violence he consumes milk. Chitrabhanuji was shocked. He admitted that it had never occurred to him that milk is product of so much violence. He promised to study the subject.

True to his word, Chitrabhanuji and Pramodaben started their research on Veganism once they were back in New York. It was a new awakening for them. Not only they both became lifelong devout vegan but Chitrabhanuji changed his message completely. He was no longer preaching about finer points of Jainism. He argued in Jain Center against use of Milk in Pooja or Ghee in Dipak. The campaign for veganism did not impress many adult Jains of America. In fact, there were many who opposed him for that message arguing that our Tirthankars used milk and never forbade us from using. but hundreds of Jain youngsters converted to Veganism.

The criticism did not deter Chitrabhanuji. He considered words of the immortal Song he had composed.

કરે ઉપકેશા એ મારગની તોયે સમતા ચીતત ધરૂ

He continued to speak at various venues spreading the message of Non-Violence. He was honored by many politicians, universities and churches etc. The pinnacle of the honors was the 2001 invitation from House of Representatives in Washington with opening prayer in recognition of 2600th anniversary of Mahavirswami.

Later in 2014 Claremont Lincoln University in California awarded "Ahimsa Award " to both Chitrabhanuji and Pramodaben. Thus the Ahimsa Yatra of Chitrabhanuji that began at Harvard University in 1971 reached another University on the west coast. As of that time Chitrabhanuji decided to stop all his public appearances bowing to his age.

But there is one more thing I must take note. In June of 2018, Jain Society of Chicago decided to honor Chitrabhanuji during 25th Anniversary of their Temple. Chitrabhanuji had officiated their Prathistha ceremony and made numerous visit to their Temple after that. The Chicago Jain center had installed a bust of Shri Virchand Raghavji in their center and recognizing the pioneer work of Chitrabhanuji in the footsteps of VRG, they installed a bust of Chittrabhanuji as a *Jivant Smarak.*

❑❑❑

dilipvshah@gmail.com | Philadelphia

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
9819372908

## શ્રાવકપદનો અધિકારી કોણ ?


શ્રાવકપદના અભિલાષીનો પ્રથમ ગુણ એ છે કે શ્રાવક પૈસો કમાય તે ન્યાયપૂર્વક કમાય; લુચ્ચાઇ કરીને,માલમાં ભેળ કરીને, ગ્રાહકને છેતરીને કેલાં ચખાઇને ન કમાય.

અનીતિ કરીને સાહુકાર બનવા કરતાં નિર્ધન રહેવું સારુ, પાતળું શરીર સારૂં પણ સોજા ચડીને શરીર હૃષ્ટ પુષ્ટ દેખાય તે સારૂ નહિ.

હાથ મે લાકરીને કરેલી કમાણીમાંથી ધર્મ કરે તો તેમાં તેની આડીવાડી વધે નહિ; જેમ ઝાડને ખારૂં પાણી પાયને એ વધે નહિ તેમ.

પહેલાં પ્રથમ માણસ નિત્ય ઉઠીને હાલતાં ને ચાલતાં આવા અને કપાપ કરે છે તેનાથી નિવૃત થાય; પછી સામાયિક-પ્રતિક્રમણ, ઉપવાસ, છઠ, અઠમ, અઠ્ઠાઇ કે માસખમણ કરે તથા ધર્મની ચર્ચા... જેણે દુ:ખમાત્રના કારણભૂત માયા (લુચ્ચાઈ), લોભ, ક્રોધ, માન આદિ કષાયનો ત્યાગ નથી કર્યો, તેવા જડ લોકો બાપડા નિરપરાધ શરીરને તપ કાયોત્સર્ગ, વનવાસ આદિ કષ્ટ ક્રિયાથી શું કામ પીડતા હશે? દેસાઈ વાલજી ગોવિંદજી

For detailed reading June 1960 & August 1960 visit www. Prabuddhjeevan.in



પ્રબુદ્ધ જીવન


શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

### શ્રાવકપદનો અધિકારી કોણ ગણાય ?

દેસાઈ વાલજી ગોવિંદજી

### સત્કારતો સર્જને



પ્રબુદ્ધ જીવન

### એનું નામ તે શ્રાવક

દેસાઈ વાલજી ગોવિંદજી

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

કીર્તિચંદ્ર શાહ

**સૌજનોને સવિનય અર્પણ,**

મેં નીચે જે કંઈ લખ્યું છે, એમાનું મારાથી વહેલું કે મોડું થઈ શક્યું, તેની મને ખુશી છે. મારાથી જે નથી થઈ શક્યુ એનો રંજ છે.

૧. નિર્ભય બનજો. ભીરુ નહિં. Survival માટે ક્યારેક શાહમૃગરિતિ, પલાયનવાદ અપનાવવો પડે તો એ રણનીતિ તરીકે જ. અંતરથી નીડર રહેજો.

૨. વિચાર, વાણી અને વ્યવહારમાં સાયુજ્યતા કેળવજો. મનુષ્યો માટે આ મહામૂલ્યવાન ઘરેણું છે. જોકે આપણી આસપાસ અને પૂરા દેશમાં આ ગુણની અતિકમી છે. Integrityનો ઘણો અભાવ છે.

૩. આત્મસન્માન ઊંચું રાખજો. Self-esteemના અર્થમાં. Prideના અર્થમાં નહીં. એવું બને કે પોતાના નિજન વિચાર વર્તાવથી, ગુનાહિત લાગણી અનુભવતા હોય, કે કોઈના આપણી પરત્વેના નિજવી કે દુર્વ્યવહાર વર્તાવથી આપણી લાગણીઓ દુભાયેલી રહેતી હોય, તો પણ સ્વપ્રયત્નથી કે વ્યવસાયિક માર્ગદર્શકની મદદથી આત્મસન્માન ઊંચું લાવશો.

આ પ્રત્યેકની આભા બની શકે. અને જો આ ત્રણેય traits સ્વસ્થ હોય તો એક મજબૂત કવચ અને શક્તિપુંજ બનશે.

૪. ચકાસણી વિના પ્રણાલિકાને અંતરથી સ્વીકારશો નહી. આત્મજનોની લાગણીને માન આપવા કોઈ પ્રણાલિકા અપનાવવાનો દેખાવ કરવો પડે તો પણ એવી પ્રણાલિકાની સાર્થકતા કબૂલ ન રાખશો. (દા.ત. યજ્ઞોપવિત, શુકન-અપશુકન વિ.)

૫. દૈનિક જીવનમાં આરામ, વ્યાયામ, પ્રાર્થના (gratefullness) અને સ્વનિરીક્ષણને સ્થાન આપશો. અને આહાર-પાનની યોગ્ય સમજ કેળવીને તેનું મહતમ્ પાલન કરશો.

૬. તમારો ઝોક, જો તત્વદર્શીનો હોય તો એટલું સમજી લેજો કે ગહન તત્વોની ખોજ તાણજનક પણ બનશે. પસંદગી તમારી છે.

૭. કલાસાધનામાં, જ્ઞાનવિજ્ઞાનની ઉપાસનામાં પ્રેમ કરવામાં, પ્રેમઆદર પામવામાં, આનંદ વહેવડાવવામાં (વગેરે)માં જીવનની સાર્થકતા જરૂર દેખાશે.

૮. Carefree - હળવા રહેજો.

૯. વાવશો એવું લણશો. ક્યારેક એ બધું, દશ્યમાન ન પણ હોય.

૧૦. તમારી ઊંચાઈ અને તમારા ચિત્ સૌંદર્યને તમારે જ જોવા-માણવાનું છે. આસપાસના લોકોનું એ જોવાનું ગજું ન પણ હોય.

❑❑❑

ykshah3839@gmail.com

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.